વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૨મું
ડિસેમ્બર - ૨૦૧૭
અંક : ૪૭૫

મંગલ મંદિર ● ડિસેમ્બર-૨૦૧૭ ● ૧
(કુલ પાના : ૯૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથીમવાલા)


**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060


Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# 'નવનીત'નાં શ્રેષ્ઠ સૌંદર્યલક્ષી પ્રકાશનો





આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.





## 'નવનીત'નાં 'નામાવલી'નાં મોહક પ્રકાશનો




આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.




## 'નવનીત'નાં 'વાનગી' ઉપર શ્રેષ્ઠ પ્રકાશનો

- અનેરી વાનગીઓ
- અનેરી શાકભાજીઓ
- અનેરી લો કૅલરી વાનગીઓ
- અનેરી ચાઈનીઝ એન્ડ મેક્સિકન
- અનેરી પનીર વાનગીઓ
- અનેરી ઈઝી ટુ કુક ફોર ટીનએજર્સ
- અનેરી જૈન વાનગીઓ
- વન્ડરફૂલ ડેઝર્ટ
- વન્ડરફૂલ માઈક્રોવેવ વાનગીઓ

આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

(આ બધાં પ્રકાશનો અંગ્રેજી, હિન્દી તથા મરાઠી ભાષાઓમાં પણ મળે છે.)

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED


**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com


Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT


AN ISO 9001 - 2000 COMPANY


IADC


# સંસ્કાર અને સંસ્કૃતિપ્રેરક જીવનચરિત્રો















| | | |
|---|---|---|
| વસ્તુપાળ અને તેજપાળ | સ્વામી સચ્ચિદાનંદ | 80 |
| સિકંદર અને નેપોલિયન | સ્વામી સચ્ચિદાનંદ | 90 |
| મહાન લિંકન | સ્વામી સચ્ચિદાનંદ | 90 |
| અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ (મહાદેવભાઈ દેસાઈ) | નારાયણ દેસાઈ | 400 |
| પંડિત સુખલાલજી | ડૉ. રમણલાલ ચી. શાહ | 90 |
| જીવતરની વાટે અક્ષરનો દીવો (જયભિખ્ખુનું જીવનચરિત્ર) | કુમારપાળ દેસાઈ | 500 |
| નગરશેઠ શાંતિદાસ ઝવેરી | માલતી શાહ | 250 |
| સોરઠી સંતો | ઝવેરચંદ મેઘાણી | 200 |
| પપાસ્વામી રામદાસ | રમણલાલ સોની | 600 |
| શહેનશાહ | ડૉ. કેશુભાઈ દેસાઈ | 90 |
| બાવજી | ડૉ. કેશુભાઈ દેસાઈ | 90 |
| હૈયે પગલાં તાજાં | મનસુખ સલ્લા | 170 |
| મેનેજમૅન્ટના મસીહા : મહાત્મા ગાંધી | ઉષા અરુણ ચતુર્વેદી | 125 |
| પરિચયપર્વ | દર્શના ધોળકિયા | 125 |
| ગાંધીયુગના કેટલાક નવલિકાકારો | ડૉ. જયંત અ. મહેતા | 65 |
| સમાજના શ્રેષ્ઠીઓ | દોલત ભટ્ટ | 180 |
| તુલસીક્યારાના દીવા | મનસુખ સલ્લા | 130 |
| સ્વામી વિવેકાનંદ | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 250 |
| યોગીરાજ લાહિડી મહાશય | હરેશ ધોળકિયા | 50 |
| વો જબ યાદ આયે | ડંકેશ ઓઝા | 140 |
| અમિતાભ બચ્ચન | અનુ. બકુલ દવે | 750 |
| જ્ઞાનવિજ્ઞાનના મહાન પાશ્ચાત્ય ચિંતકો | ભરત દવે | 400 |
| કોઈ ઝબકે, કોઈ ઝબકાવે | ધીરેન્દ્ર મહેતા | 120 |
| ગણિતજ્ઞ કાપરેકર : જીવન અને કાર્ય | દિલીપ ગોટખિંડીકર, અનુ. ભરત શાહ | 140 |
| ચરિત્રકીર્તન (અંતિમ વાચનયાત્રા) | સંપા. મહેન્દ્ર મેઘાણી | 300 |
| ઘેડિયા ના ભૂંસાતા | દુષ્યંત પંડ્યા | 200 |
| મને કેમ વિસરે રે | દોલતરાય દેસાઈ | 75 |
| મને સાંભરે રે | દોલતરાય દેસાઈ | 75 |
| સ્મરણવિથીકા | ભાનુપ્રસાદ પુરાણી | 80 |
| રોંઢાવેળા | બાબુભાઈ ડોલરિયા | 100 |
| શ્રી અરવિંદ અને માતાજી | કિરીટ જોશી | 150 |
| આદ્ય ગુજરાતના પથદર્શક ઉદ્યોગપતિ અંબાલાલ સારાભાઈ | મકરંદ મહેતા | 90 |
| કસ્તૂરભાઈ લાલભાઈ - આર્થિક વિકાસ અને સમાજપરિવર્તનના સર્જક | મકરંદ મહેતા | 75 |
| કિસકો લાગૂં પાય ? | હરેશ ધોળકિયા | 100 |
| સળગતી આગના ઊડતા પડછાયા | કાર્તિક ત્રિવેદી | 200 |
| સ્મૃતિવંદના | મહેબૂબ દેસાઈ | 50 |
| વડોદરાની તેજસ્વી મહિલાઓ | નીલમ કુલશ્રેષ્ઠી | 150 |
| બંસરી વાગે રે આ વનમાં | ખીમાભાઈ કરામદા | 150 |
| હે દીપ, તવ ચરણે | સુધા દિલીપ શાહ | 100 |
| આપણા કસબીઓ-1 | જોરાવરસિંહ જાદવ | 150 |
| આપણા કસબીઓ-2 | જોરાવરસિંહ જાદવ | 160 |
| લોકવિદ્યાવિદ્ શ્રી જોરાવરસિંહ જાદવ : અભિવાદન ગ્રંથ | સંપા. કિશોરસિંહ સોલંકી | 300 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

## ગૂર્જર સાહિત્યભવન

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

## ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૧ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- સેવા સર્વસુલભ બને તે જ લક્ષ્ય ........ ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૮

**લેખ વિભાગ**

**કચ્છની રસધાર**

- માડી ગામનો મંગીઓ પટેલ ........ દુલેરાય કારાણી ....... ૯

**કચ્છી કથા**

- સમા અને સુમરા ........ સ્વામી સચ્ચિદાનંદ ..... ૧૧

**કચ્છી પ્રતિભા વિશેષ**

- 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' કરાવનાર કચ્છનું માનવતીર્થ : રામસિંહજી રાઠોડ ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ..... ૧૩

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઈ – (૧૪) કલકત્તે જવાની ના લખી ........ હંસરાજ સાંખલા ..... ૧૫

**વાર્તા**

- મારી બહેન ગુલી ........ ગુલાબદાસ બ્રોકર ..... ૨૧
- વાત્રકને કાંઠે ........ પન્નાલાલ પટેલ ..... ૨૪
- મા ........ મોહનલાલ પટેલ ..... ૨૯
- હું જીવું છું ........ સરોજ પાઠક ..... ૩૨

**લલિત નિબંધ**

- બલિદાન ........ પ્રવીણા કુરજીભાઈ લાખાણી ..... ૩૪

**ઇતિહાસ**

- ૧૨૫ વર્ષનો અડીખમ પુલ ........ રજની વ્યાસ ..... ૩૭

**લોક સંસ્કૃતિ**

- સપ્ત નદીના સંગમસ્થાને ભરાતો વૌઠાનો સુપ્રસિદ્ધ લોકમેળો ........ સંકલિત ..... ૩૮

**શિક્ષણ**

- ગુજરાતના શિક્ષણ ક્ષેત્રની ગઈકાલ, આજ અને આવતીકાલ ........ ડૉ. જયેન્દ્રસિંહ જાદવ ..... ૪૦

**અર્થકારણ**

- ગુજરાતના આર્થિક વિકાસમાં એન.આર.આઈ. અને એન.આર.જી.નું પ્રદાન ........ રમેશ તન્ના ..... ૪૪

**મંથન**

- સર્વોદય એટલે શું? ........ કિશોરલાલ મશરૂવાળા ..... ૪૬
- ગાંધી ઝડપથી ભુલાઈ કેમ ગયા? ........ લૉર્ડ ભીખુ પારેખ ..... ૪૭
- રખડતી ગાયોની સમસ્યાનો ઉકેલ ........ ૪૮
- પારકા માટે જાતે ઘસાઈને ઉજળાં થઈએ ત્યારે ........ કુલીનકાંત લુઠિયા ..... ૪૯
- પહેરવેશ ........ રણધીરસિંહ ડી. ચૌહાણ ..... ૫૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

**વિમર્શ**
● ચાલો, સારા નાગરિક બનીએ, સારા માનવ બનીએ ..... રમેશ દોશી ..... ૫૧

**ચિંતન**
● કોણ ચોકીદારની ચોકી કરશે? ..... ફાધર વર્ગીસ પોલ ..... ૫૩
● સક્રિય સાધુસમાજ શું કરી શકે? ..... સંતબાલજી ..... ૫૫

**સમાજ ચિંતન**
● સંતાનોને સમજો ..... ઇલા કે. શાહ ..... ૫૬
● આપણા ઉચ્ચ શિક્ષણની દશા અને દિશા ..... ગુણવંત શાહ ..... ૫૮

**સ્વાસ્થ્ય**
● મારા દીકરાને ભણવાનું મન થતું નથી – (૩)
કિશોરાવસ્થામાં હતાશાની બીમારી - સારવાર ..... ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ ..... ૬૦
● એસિડિટી ..... ડૉ. તપન શાહ ..... ૬૨

**જીવન વિચાર**
● સંબંધો જીવી જવાના હોય! ..... કૃષ્ણકાંત ઉનડકટ ..... ૬૩

**સેવા - સુવાસ**
● સંવેદનાનું સ્મરણતીર્થ ..... જસુભાઈ કવિ ..... ૬૪

**યાદગાર પ્રવચન**
● ગાંધી આશ્રમની શતાબ્દી ટાણે ..... ઇલાબહેન ભટ્ટ ..... ૬૫

**અભ્યાસ**
● ગાંધીજીની આત્મકથાનો સાર ..... ભદ્રાયુ વછરાજાની ..... ૬૭

**પ્રસંગ પુષ્પ**
● ચરણધૂલીનો મહિમા ..... મનુ પંડિત ..... ૬૮
● ભજન મીમાંસા ..... ભાનુબેન એમ. સાવલા ..... ૬૯

**હાસ્ય**
● ફ્લુ. ..... જ્યોતીન્દ્ર હ. દવે ..... ૭૦

**નિયમિત વિભાગો**
● બાલુડેં જ્યું ગાલિયું ..... ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૭૪
● જાણવા જેવું ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૫
● *Nano Nine* શબ્દ રમત-૧૩૫ ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૯
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૯૨) ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૮૧
● અન્ય સંસ્થાના સમાચાર ..... ૮૨
● વલોવતન ..... સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ ..... ૮૩
● સમાજ દર્પણ ..... ૮૫
● સંસ્થા સમાચાર ..... ૮૬
● ઊડતી નજરે ..... ૯૨

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# સેવા સર્વસુલભ બને તે જ લક્ષ્ય

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચલાવાતાં વિવિધ પ્રતિષ્ઠાનો દ્વારા સેવાનો વ્યાપ સર્વજન સુલભ બની રહે અને સંસ્થા એ દિશામાં માર્ગસૂચક સ્તંભ સમાન બની રહે એવો પ્રયાસ શરૂથી જ કરાતો રહ્યો છે. આખરે માનવી સામાજિક પ્રાણી છે, એટલે તે પોતાના સ્વજનો - પરિજનોથી શરૂ કરી બહારની વ્યાપક દુનિયા પર્યંત વિસ્તરતો રહ્યો છે. સુખ વહેંચવાલાયક જણસ છે. એ માત્ર પોતે ભોગવી લેવાથી સાચો પરિતોષ સંભવિત નથી. આપણો ઋષિ કહી ગયો છે કે, 'સર્વદા સૌ સુખી થાઓ, સર્વત્ર શાન્તિ વિસ્તરો...'

*सर्वे अत्र सुखिनः सन्तु,*
*न कश्चिद् दुःखमाप्नुयात् ।*

જ્યાં સુધી દુનિયાનો સૌથી છેવાડાનો માનવી સુખ-સુવિધાઓથી વંચિત હશે ત્યાં સુધી માનવજાત એના સુખ-વૈભવનું સાચું ગૌરવ નહીં જ લઈ શકે. આપણે માત્ર પોતાનો જ વિચાર કરશું તો એથી મોટું કોઈ પાપ નથી. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે : જે ફક્ત પોતાના માટે રાંધે છે તે નર્યું પાપ જ ખાય છે. શાયર મરીઝ પણ પરવરદિગારને પ્રાર્થના કરે છે કે મને હરહંમેશ મારું નાનકડું સુખ પણ બીજાઓ વચ્ચે વહેંચવાની જ પ્રેરણા દેજે.

*દુનિયામાં કૈંકનો કરજદાર છું મરીઝ,*
*ચૂકવું બધાનું દેણ જો અલ્લા ઉધાર દે!*

કેટકેટલાં ઋણ લઈને માનવી અવતરે છે! માતૃઋણ, પિતૃઋણ, ભૂમિઋણ, ગુરુઋણ — એ પૈકી જેટલાં પણ ઋણ ફેડી શકાય તેટલાં ફેડવાનો પ્રામાણિક પુરુષાર્થ કરવો જોઈએ. આ મુદ્દો એટલા સારુ મહત્ત્વનો છે કે આપણે આખરે માનવી છીએ. પશુને એની ભૂખ, તરસ અને કામેચ્છા જેટલી જ બાબતો પજવતી હોય છે. માનવીને ઈશ્વરે વિચારશક્તિ આપી છે. સુંવાળું, સંવેદનશીલ હૈયું આપ્યું છે અને મેધાવી મસ્તિષ્ક આપ્યું છે. તેથી તે પોતાની અંગત સુખ સુવિધાઓની સરહદ બહાર પણ વિસ્તરી શક્યો છે. એટલે જ એ પશુઓ કરતાં ઊંચો છે. સેવા ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ અને પ્રતિભાઓ પોતપોતાની મર્યાદામાં રહી આ બાબતે સક્રિય રહેતી આવી છે. કુષ્ઠ કે એઈડ્સ જેવા ઘૃણાસ્પદ રોગોને નાથવા માટે પ્રયાસો થયા એટલી જ મહત્ત્વની બાબત એ રોગથી પીડાતા માનવબંધુઓને પ્રેમથી સ્વીકારવા અને માનપૂર્વક સમાજ સાથે ભેળવવા તે પણ છે. સરકાર એની રીતે આવા પ્રયાસો કરે જ છે, કારણકે લોકશાહીમાં તો કલ્યાણ રાજનો આદર્શ જ નજર સામે રહેતો હોય છે. એ રીતે 'મા' અમૃતમયી જેવી કલ્યાણકારી સરકારી યોજનાઓનો લાભ પણ અનેક લોકોને મળતો થયો છે. કૅન્સર, હૃદયરોગ કે કિડનીનાં દર્દોથી પીડાતા દરદીઓ આવી યોજનાઓનો લાભ લઈ રહ્યા છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર કે ડાયાલિસિસ સેન્ટરમાં પણ સર્વજન સુલભ સેવાનો જ આદર્શ સ્વીકારાયેલ છે. સસ્તા દરે શ્રેષ્ઠ તબીબી સેવાઓ અને સવિશેષ તો સાવ જ સસ્તા દરે અપાતી ડાયાલિસિસ જેવી સેવાઓ તે સમાજ માટે અને સંસ્થા માટે ગૌરવ અને સંતોષ આપનારી બાબતો છે. સરકારી સેવાઓ સંદર્ભે હરહંમેશ ભિન્ન મત પ્રવર્તતો રહ્યો છે. એશિયાની મોટામાં મોટી સિવિલ હૉસ્પિટલમાં દરદીઓનું કીડિયારું જરૂર ઊભરાય છે, પરંતુ ત્યાં માનવીય ગરિમાને સાચવી શકે એવાં તબીબો - નર્સોની સંખ્યા કદાચ આંગળીના વેઢે ગણી શકાય એટલી જ હશે. આ

જ સિવિલ હૉસ્પિટલના પરિસરમાં આવેલ કિડની હૉસ્પિટલ, કૅન્સર હૉસ્પિટલ અને યુ.ઍન. મહેતા હાર્ટ હૉસ્પિટલનો અનુભવ જુદો જ લાગે. એવું નથી કે સેવાભાવના સાવ જ સુકાઈ ગઈ છે. પરંતુ ક્યારેક એના પર પ્રમાદનું પડ ચડી જાય છે ત્યારે ઉત્તમ સંસ્થાઓ પણ અપેક્ષિત પરિણામ નથી આપી શકતી.

આવી સામાજિક સેવા ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓનો વહીવટ પણ પારદર્શક રહે તે જરૂરી છે. આર્થિક મદદ ન કરી શકે એવા સદ્‌ગૃહસ્થો સમયદાન અને શ્રમદાન કરીને આવી સંસ્થાઓને ધબકતી રાખી શકે. કોઈની પીડામાં સહભાગી થવાની તક મળે તો પણ ક્યાંથી! આપણા આદિ કવિ નરસિંહ મહેતાનું ગાંધીજીને ગમતું પદ ટાંકી વિરમીએ.

*વૈષ્ણવજન તો તેને રે કહીએ*
*જે પીડ પરાઈ જાણે રે,*
*પરદુઃખે ઉપકાર કરે તોયે*
*મન અભિમાન ન આણે રે!*

## પરીક્ષાની જિંદગી અને જિંદગીની પરીક્ષા

**ઉપરોક્ત બન્ને પરીક્ષામાં સફળ થવા માટે બે શબ્દો અનિવાર્ય છે 'ડિસીપ્લિન' અને 'ડેડીકેશન.' જો આ બે શબ્દો સાથે મળે તો 'ડેસ્ટિની' પણ પોતાનું 'ડાયરેક્શન' બદલી દે છે. પૂરપાટ ભાગતા બાઈકની સ્પીડ આનંદ ત્યારે જ આપે જ્યારે તેના ટાયર, ગિયર અને બ્રેક પૂરી શિસ્તમાં એકધારું 'પરફોર્મ' કરતા હોય. 'ડેડીકેશન' અને 'ડિસીપ્લિન' ધીરે ધીરે એક કાયમી 'કોન્ફિડન્સ' બિલ્ડઅપ કરે છે. 'કરેજ' એટલે કે 'ટેકિંગ રિસ્ક ઈનસાઈટ ઓફ ફીયર' પછી થોડા પરિણામ નો ડર સતાવે. ત્યારે જોખમ લેવાનું સાહસ થઈ શકે છે કારણ કે 'પ્રિપરેશન' નબળી નથી, પણ 'પ્રેક્ટિસ' અપૂરતી છે એવો 'પોઝીટિવ' અહેસાસ થાય છે. પણ ઉપરોક્ત પરીક્ષામાંથી સફળતાપૂર્વક પસાર થવા માટે 'ડેડીકેશન' 'ડીલિજન્સ' (સઘન મહેનત) અને 'પ્રિપરેશન' અને 'પ્રેક્ટિસ' અત્યંત જરૂરી છે. ગીતા ખાત્રી આપે છે, 'સારી ભાવના અને નિષ્ઠાથી કરેલ કોઈ સારું કાર્ય ક્યારેય નિષ્ફળ થતું નથી.'**

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • મંગળવાર, તા. ૧૯-૧૨-૨૦૧૭ બપોરે ૧.૩૦ વાગ્યાથી | ઇસરો – સેટેલાઇટ | વયસ્ક સમિતિ | ઇસરોની મુલાકાતનો કાર્યક્રમ |
| • રવિવાર, તા. ૩૧-૧૨-૨૦૧૭ રાતે ૯.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ૩૧મી ડિસેમ્બર તથા નવા વર્ષના આગમનની ઉજવણીનું આયોજન |
| • શુક્રવાર, તા. ૨૬-૧-૨૦૧૮ સવારે ૯.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ. |
| • રવિવાર, તા. ૨૮-૧-૨૦૧૮ બપોરે ૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | સરસ્વતી સન્માન સમિતિ | ધોરણ બાળવર્ગ અને તેનાથી ઉપરના વર્ગના બધા વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન |
| • જાન્યુઆરી-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ માટે 'એપ્ટીટ્યૂડ ટેસ્ટ' |
| • દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

કચ્છની રસધાર

# માડી ગામનો મંગીઓ પટેલ

દુલેરાય કારાણી

કચ્છની જનતામાં આજે પણ એક પિરોલી (સમસ્યા) પ્રચલિત છે :

*નાંગ નય કે વાંઈયેં ભરા, વિઠી બુકે વા*
*જુકો ગિને નાં, તેંજી થીએ મા.*

*ભાવાર્થ :* ભુજપુર કાંઠીની નાગમતી નદીની આથમણી તરફ એ આજે હવા ફાકી રહી છે. જે એનું નામ લે તેની એ માતા બની જાય છે.

'આ સમસ્યાનો ઉત્તર છે 'માડી ગામ.' એનું નામ જ 'માડી.' આ માડી ગામ ભુજપુરની પશ્ચિમે અને દેશલપુરથી ઉત્તરે એકાદ ગાઉના અંતર પર આવેલ છે. આજે તો એ ઉજ્જડ જેવું જ બની ગયું છે. માત્ર એનાં ખંડેરો જ આજે અસ્તિત્વ ધરાવે છે.

આજથી ચારસો વર્ષ પર માડી ગામ ખૂબ સમૃદ્ધિશાળી અને જાહોજલાલી ભોગવતું એક શહેર હતું. કચ્છનાં જૂનાં બંદરો જંગી, ભદ્રેસર અને નવી નાળની હારમાં એની પણ ગણતરી થાય છે. વેપારનું એ મોટું મથક હતું. દેશવિદેશથી મોટાં મોટાં વહાણો જાતજાતનો માલ ભરીને એનાથી થોડે દૂર આવેલ દરિયાકાંઠે નાંગરતાં. નવી નાળ અને ટુંડાની વચ્ચે આવેલ આજનું દાણદેરીનું મકાન એનું જકાતનાકું હતું.

કચ્છના રાજતંત્રને સુવ્યવસ્થિત કરનાર કચ્છના રાઓશ્રી પહેલા ખેંગારજી પછી એમના કુંવર ભારમલજી ગાદીએ આવ્યા. ખેંગારજીએ પ્રાપ્ત કરેલી રાજસંપત્તિ ભારમલજીએ ઉદાર હાથે વાપરેલી. એથી કચ્છમાં કહેવત ચાલી કે 'ખટ્યો ખેંગાર ને ભોગવ્યો ભાર.'

ભારમલજીનો કુંવર મેઘજી થયો. મેઘજીના દસ કુંવર હતા. પાટવી કુંવર બીજા ખેંગારજી અને બીજા કુંવર હતા અજાજી. આ અજાજીને ગ્રાસમાં માડી ગામ મળ્યું હતું. અજાજીએ ડહાપણથી માડી ગામને વિશેષ વિકસિત કરીને પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો હતો. અજાજીના અવસાન પછી માડી ગામ છિન્નભિન્ન અને બેહાલ બની ગયું. લોકોમાં કહેવત ચાલી કે 'અજો નાંય ઘરેં તડેં માડી તી મુલ કરે.'

માડી ગામ ઉજ્જડ થઈ ગયું તેની પાછળ એક દંતકથા ચાલે છે. એક હજામનું માડીમાં વધુ પડતું વર્ચસ્વ હતું. રાજકારણમાં પણ તે આગળ પડતો ભાગ ભજવતો. એણે પોતાની બુદ્ધિનો સદ્દુપયોગ કરવાને બદલે દુરુપયોગ કરવા માંડ્યો. એની કુટિલતાએ માડી ગામને નષ્ટભ્રષ્ટ અને વેરવિખેર કરી નાખ્યું. તેણે ગરાસિયા અને વેપારીઓને જુદી જુદી રીતે ભરમાવીને તેમનામાં કુસંપ અને વેરઝેરનાં બી વાવી દીધાં. આ વેરઝેર અને વિખવાદ દિવસે દિવસે વધતાં ગયાં અને એમાંથી આખરે અરાજકતાની ભયંકર આફત ઊભી થઈ. મારફાડ અને લૂંટફાટ વધવા લાગી. કોઈના જાનમાલની સલામતી રહી નહિ. આ ત્રાસથી આખરે માડીની પ્રજા ત્રાસી ગઈ - થાકી ગઈ. પરિણામે માડીની જનતા માડી ગામનો ત્યાગ કરી બીજાં ગામોમાં વસવાટ કરવા ભાગી છૂટી.

માડીને ઉજ્જડ કરનાર હજામનો પાળિયો આજે પણ માડી ગામમાં ખડો છે અને ત્યાં જનાર દરેક માણસ આ હજામના કુકર્મ પ્રત્યે પોતાનો તિરસ્કાર વ્યક્ત કરવા તેના પાળિયાને એકએક પથ્થર મારતો રહે છે. એ રીતે આ હજામના પાળિયા પાસે પાણાનો એક મોટો ઢગલો ખડકાઈ ગયો છે. ઇન્દ્રપુરી જેવા આ સુંદર શહેરને સ્મશાનની હાલતે પહોંચાડનાર આ માણસના પાળિયા તરફ પણ કચ્છી પ્રજા કેટલી ધૃણાની નજરે જુએ છે તે આ ઉપરથી સહજ સમજી શકાય છે.

માડી ગામ જ્યારે છિન્નભિન્ન થવા લાગ્યું ત્યારે પ્રજાજનો પોતપોતાનાં રાચરચીલાં અને ધનદોલત લઈને પોતપોતાને અનુકૂળ આવે એવી સલામતી ભરેલી જગાએ નાસભાગ કરવા લાગ્યાં. કેટલાંક મુંદ્રામાં અને એની આજુબાજુનાં ગામોમાં નીકળી ગયાં. કોઈ માંડવી તરફ ચાલ્યાં ગયાં. કહેવાય છે કે માડી ગામ ઉજ્જડ થતાં માંડવી બંદર સમૃદ્ધ થયું અને ત્યારથી વધવા લાગ્યું.

માડી ગામમાં મંગીઆ પટેલની ગણના એક ધર્માત્મા ગૃહસ્થ તરીકે થતી. કાંઠી પ્રદેશની ઓસવાળ કોમનો તે પટેલ હતો. વંશ પરંપરાથી ઊતરી આવેલી અઢળક સંપત્તિનો તે માલિક હતો. આ મંગીઆ પટેલના બીજા ત્રણ ભાઈ હતા. મંગીઓ સૌથી મોટો હતો. એના પિતાને મોટી ઉંમર સુધી કંઈ સંતતિ ન થતાં તેણે પાણા એટલા પીર કર્યા ત્યારે આ મંગીઆનો જન્મ થયો હતો. આ કારણથી જ એનું હલકું નામ મંગીઓ રાખવામાં આવેલ.

માડી ગામમાં રહેવું એ હવે જાનમાલને જોખમમાં રાખવા જેવું હોવાથી મંગીઆ પટેલનો એક ભાઈ દેશળપુર જઈ રહ્યો. બીજા ભાઈએ ભુજપુર વસાવ્યું. ત્રીજો હાલાર તરફ ચાલ્યો ગયો. અને મંગીઓ પટેલ લૂણી ગામના હાલા ગરાસિયાઓના આમંત્રણથી માડી ગામનો ત્યાગ કરી લૂણી જવા તૈયાર થઈ ગયો.

મંગીઓ પટેલ પોતાની સઘળી મિલકત અને રાચરચીલું ગાડાંઓમાં ખડકીને સહકુટુંબ માડી ગામ મૂકીને રડતા હૃદયે વિદાય થયો.

મંગીઓ પટેલ માલેતુજાર હોવાથી ચાર મિયાણાની એક ધાડપાડુ ટોળકી એના તરફ મીટ માંડી રહી હતી. તેમણે જ્યારે મંગીઆ પટેલને મોટી મિલકત સાથે માડી ગામની વિદાય લેતો જોયો ત્યારે આ લોકોના મનમાં એને લૂંટી લેવાનો સળવળાટ જાગ્યો. એમણે વિચાર્યું કે આજે આકડે રહેલી માખી ટપકાવી લઈએ તો જિંદગીભરનું દળદર ચૂર થઈ જાય. અને આ વિચારે એ પંજહથા મિયાણાની લૂંટારુ ટુકડીએ મંગીઆ પટેલનાં ગાડાંની પંઠ પકડી. આ પાકી બોરડીને ખંખેરી લેવાનો લાગ શોધતા તે મંગીઆનાં ગાડાંની પાછળ-પાછળ ચાલવા લાગ્યા. આગળ મંગીઓ પટેલ અને પાછળ મૂછે લીંબુ ઠરે એવી વંકડી મૂછોવાળા મિયાણા મૂછે તાવ દેતા ચાલ્યા આવે છે. પણ મનમાં ધારેલી મુરાદ પાર પાડવા માટે નિશ્ચિત કરેલાં સ્થાનો પર કંઈ ને કંઈ અડચણો આવી પડવાથી એમની મુરાદ બર આવતી ન હતી.

મંગીઓ પટેલ માડી ગામથી નીકળ્યો તે જ વખતે દૂરથી એના તરફ એકીટસે નિહાળી રહેલા આ મિયાણાની મનોભાવના તે કળી ગયો હતો. એણે તો પ્રથમથી જ બે બહાદુર વળાવિયાને પોતાની સાથે લઈ લેવાની વ્યવસ્થા કરી રાખી હતી. ગાડાં ચાલ્યાં જતાં હતાં. મંગીઓ પટેલ હાથમાં નૌકારસી લઈ પ્રભુસ્મરણમાં લીન હતો.

ગાડાં ચાલતાં લૂણીની લગોલગ આવી પહોંચ્યાં. મિયાણાઓએ વિચાર્યું કે હાથમાં આવેલ માલદાર શિકાર આમ છટકી જાય તો તો બધી મહેનત પર પાણી જ ફરી વળે.

લૂણીથી દોઢ બે ગાઉ પહેલાં 'જંગી' નામે ઘનઘોર ઝાડીવાળું ઘટ્ટ જંગલ આવતું હતું. આજે તો આ ઝાડી લગભગ નાબૂદ થઈ ગઈ છે, પણ જૂના વખતમાં આ ઝાડી વચ્ચેથી પસાર થવામાં પણ જોખમ હતું. છેલ્લે આ સ્થળ મિયાણાઓએ પોતાના મનમાં નક્કી કરી રાખ્યું હતું. ચોર-લૂંટારાની લૂંટ માટે આ સ્થાન દરેક રીતે અનુકૂળ હતું.

ગાડાની હેડ હાલી જાય છે, મંગીઓ પટેલ સૌથી આગળના ગાડામાં શાંતચિત્તે બેઠો છે. એટલામાં ચારે મિયાણા મારમાર કરતા આવી પહોંચ્યા. બે મિયાણાઓએ બંદૂકના બે ભડાકા કરીને બધાને સ્તબ્ધ બનાવી દીધા. ગાડાવાળા ગભરાઈ ગયા. બળદો થંભી ગયા. મિયાણાઓએ મંગીઆ પટેલનો હાથ પકડીને ગાડા પરથી નીચે ખેંચી લેતાં કહ્યું : 'પટેલ! ઘણાં ડીં માલ-મિલકતકે સાંચવે વિઠા, હાણે હિતે અસાંવટે હાજર કરે ડ્યો! (પટેલ! ઘણા દિવસ માલ-મિલકતને સાચવી બેઠા હતા. હવે અહીં અમારી આગળ હાજર કરી દો!)' આમ કહીને મિયાણાઓ મંગીઆ પટેલને બાંધી મૂકવાની તૈયારી કરતા હતા ત્યાં તો પાછળના ગાડામાં બેઠેલા બે શૂરવીર વળાવિયા એકાએક ગાડા બહાર કૂદી પડ્યા. બંને જણે પોતા પાસેની બે જોટાળી બંદૂકો મિયાણાઓ તરફ તાકી દીધી. માત્ર ઘોડો દબાવવાની જ વાર હતી ત્યાં તો મંગીઓ પટેલ વળાવિયાની બંદૂકો અને મિયાણાઓની વચ્ચે આવીને ઊભો અને વળાવિયાને બંદૂક ફોડતાં રોકી લીધા.

મંગીઆ પટેલની આ મોટાઈ જોઈને એને લૂંટવા આવેલા લૂંટારાનાં પથ્થર હૃદય પીગળી ગયાં. પટેલની ખાનદાનીએ એમને નરમ ઘેંશ જેવા બનાવી દીધા. ચારે મિયાણા પટેલના પગોમાં ઝૂકી પડ્યા. ચારે જણ પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યા - માફી માગવા લાગ્યા - આભાર માનવા લાગ્યા.

મંગીઆ પટેલે એ જ ઉદારતાથી એમની પીઠ થાબડીને કહ્યું : 'ભાઈ, મેં તો કશું-વધારે નથી કર્યું. એ તો અમારો જૈન ધર્મ છે કે કોઈની પણ હિંસા ન થવી જોઈએ.'

આમ કહીને મંગીઆ પટેલે આ ચારે જણને ગાડામાં બેસવાની વ્યવસ્થા કરી દીધી અને માન સાથે એમને લૂણી ગામે લઈ આવ્યો. અહીં એમને પંદર દિવસ સુધી રોકી રાખ્યા. વિદાય વખતે સારી ભેટો અને સોનારૂપાના દાગીના ઇનામમાં આપી એમને રજા આપી. અને આ સત્કારના બદલામાં એટલું માગી લીધું કે આજથી એમણે ચોરી અને લૂંટફાટનો ધંધો છોડી દેવો.

ચારે જણાએ મંગીઆ પટેલની માગણીનો સ્વીકાર કર્યો અને પોતાને શુભ માર્ગે ચડાવવા બદલ મંગીઆ પટેલનો ખૂબ ઉપકાર માની પંથે પડ્યા.

મંગીઆ પટેલે માડી ગામથી વિદાય થવા વખતે જ પોતાના મન સાથે સંકેત કરી લીધો હતો કે સહીસલામત લૂણી પહોંચી જવાય તો મિલકતનો અર્ધો ભાગ જનસેવામાં વાપરવો. આ સંકેત અનુસાર પટેલે લૂણી ગામને અગ્નિખૂણે બારમાસ પાણી ચાલે એવું એક વિશાળ તળાવ બંધાવ્યું. જે આજે મંગીઆસરને નામે પ્રસિદ્ધ છે. ઉપરાંત બીજાં પણ કેટલાંક નવાણો અને તળાવડીઓ બંધાવી તે આજે પણ લૂણીની સીમમાં મોજૂદ છે.

કહે છે કે મંગીઆ પટેલે લૂણીમાં પગ મૂક્યા પછી લૂણીનો વિકાસ થતો ગયો. લૂણી ગામ આજે કાંઠી પ્રદેશમાં ઠીક સમૃદ્ધ ગણાય છે. મંગીઆ પટેલની પંદરમી પેઢીના વંશજો મંગીઆ દાદાની કીર્તિગાથામાં ગૌરવ લે છે. ■

With Best Compliments From

**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**

**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**

**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**

**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

કચ્છી કથા

# સમા અને સુમરા

સ્વામી સચ્ચિદાનંદ

સામર્થ્યની પ્રાપ્તિ શક્તિ વિના થઈ ન શકે અને શક્તિની પ્રાપ્તિ સાધના વિના થઈ ન શકે. સાધના વિના પણ જે શક્તિની પ્રાપ્તિ થાય તેને ભાગ્ય કહેવાય. બધાં ભાગ્યશાળી નથી હોતાં. ઘણા લોકો મહેનત કરી-કરીને મરી જાય તોપણ શક્તિ પ્રાપ્ત ન થાય. આવા લોકો દુર્ભાગી કહેવાય. પણ શક્તિ પ્રાપ્ત કર્યા પછી જે શક્તિને પચાવી ન શકે તેને શક્તિનું અજીર્ણ થાય. શક્તિનું અજીર્ણ સ્વ-નાશકારી બની જાય. શક્તિના અજીર્ણથી કેવી રીતે વિનાશ સર્જાતો હોય છે તેની કથા અહીં કહેવાની છે.

કારી-કચ્છનો રાજા હાલો સમો. સવારના પહોરમાં તે પોતાની કચેરીએ જતો હતો. સંતાન ન હોવાથી તે વાંઝિયો હતો. વાંઝિયાપણું મહાદુઃખદાયી બની જતું હોય છે. આમાં સૌથી મોટું દુઃખ લોકોનાં કવેણનું હોય છે. લોકજીવનમાં લોકમાન્યતાની પ્રધાનતા રહેતી હોય છે. લોકમાન્યતાને તાર્કિક, બૌદ્ધિક કે શાસ્ત્રીય આધારની જરૂર રહેતી નથી, તે બંધાઈ જતી હોય છે. આવી જ એક લોકમાન્યતા છે કે સવારના પહોરમાં વાંઝિયાનું મોઢું ન જોવાય, જો જુઓ તો આખો દિવસ બગડી જાય. રાજાની કચેરીના આંગણાને બે ઝાડુ લગાવનારી બાઈઓ કચરો વાળતી હતી. રાજાને જોતાં જ તેઓ ધીમેથી બોલી : ‘‘અરે, બાઈ! સવારના પહોરમાં આ વાંઝિયાનું મોઢું ક્યાં જોવું?’’ એમ બોલીને તે ઊંધી ફરી ગઈ. તેમની ધીમી વાત પણ રાજાએ સાંભળી લીધી. તેને કારમો ઘા વાગ્યો. લોકમાન્યતા મોટા ભાગે દાઝ્યા ઉપર ડામ દેવા જેવી હોય છે. રાજાને પોતાની જાત પ્રત્યે ઉદ્વેગ થયો. તે કચેરીએ ન ગયો પણ સીધો જ હિંગળાજ માતાના રસ્તે વળી ગયો.

શ્રદ્ધાનાં સ્થળો દુખિયા લોકો માટે મોટું આશ્વાસન પૂરું પાડતાં હોય છે. રાજાને વાંઝિયાપણાનો એવો ઘા વાગ્યો હતો કે તે આહાર-પાણી છોડીને માતાજીની સામે બેસી ગયો. તીવ્ર અપેક્ષા વિના મોટાં કામો થતાં નથી. અપેક્ષા વિનાનો માણસ સાધુજીવન તો જીવી શકે છે, પણ તે કદી મહાન નિર્માતા થઈ શકતો નથી. તેનો કોઈ ઇતિહાસ નથી રહેતો. સાતમા દિવસે હતાશ થઈને તેણે કમળપૂજા કરવા તલવાર ઉપાડી અને જેવી પોતાની ગરદન ઉપર મારવા જાય છે ત્યાં હાથ અટકી ગયો - જાણે કોઈએ પકડી લીધો. હિંગળાજમાતા હાજર હતાં. માતાજી રાજાની તપસ્યાથી પ્રસન્ન હતાં તેથી માગવા કહ્યું. તપસ્યા વિના પ્રસન્નતાની કદર નથી હોતી. રાજાએ વાંઝિયામહેણું ટાળવા સંતાન માંગ્યું. માતાએ પ્રસન્ન થઈને તેને સાત પુત્રો અને એક પુત્રી થવાનું વરદાન આપ્યું અને કહ્યું કે પ્રથમ પુત્રનું નામ હિંગોળજી રાખજે. રાજા ધન્ય થઈ ગયો. કઠોર સાધના પછી થનારી ફળપ્રાપ્તિ પ્રસન્નતાની હેલી સર્જાવે છે.

પ્રસન્ન થયેલો રાજા સમા પાછો કારી-કચ્છ આવ્યો અને માતાજીનાં પગલાં પૂજવા લાગ્યો. યોગ્ય સમયે તેની રાણીને પુત્ર જન્મ્યો, જેનું નામ હિંગોળજી રાખવામાં આવ્યું. પછી તો એક પછી એક છ પુત્રો જન્મ્યા અને આઠમી પુત્રી જન્મી, જેમનાં નામ આ પ્રમાણે રખાયાં : (૧) જેહો, (૨) જૂણો, (૩) દેહરો, (૪) પલી, (૫) જખરો અને (૬) હોથી. પુત્રીનું નામ બાંધીકુમારી રાખવામાં આવ્યું. આખું ઘર બાળકોથી ઊભરાવા લાગ્યું. ઘર છ રીતે ઊભરાય : ધનથી, જ્ઞાનથી, પુણ્યથી, પાપથી, મહેમાનોથી અને બાળકોથી. આમાં પાપ સિવાય બાકીના પાંચ ઊભરા ગૃહસ્થજીવનને ધન્ય ધન્ય બનાવી દેતા હોય છે. હાલા સમાને ત્યાં આ પાંચે ઊભરા ઊભરાવા લાગ્યા. આથી વધુ જીવનની બીજી ધન્યતા શી હોઈ શકે? પણ આ વર્ષે એક સાતમી વસ્તુથી ઊભરાવા લાગ્યું. તેનું નામ હતું ‘દુષ્કાળ.’ કચ્છ દુકાળિયો દેશ, તેથી વારંવાર દુકાળ પડે. આ વર્ષે કારમો દુકાળ પડ્યો. દુકાળમાં માણસો તો કદાચ જીવે, પણ પશુઓને કેમ જિવાડવાં? પણ કચ્છને મોટો આશરો સિંધનો. સિંધ પણ કચ્છ જેવો જ દેશ, પણ ત્યાં સિંધુ નદી દરિયા જેવી વહે. છેક હિમાલયમાંથી પાંચ નદીઓનાં નીર વિપુલ માત્રામાં લઈને સિંધુ આવે અને અરબી સાગરમાં ભળે. સિંધુનદી સિંધને સમૃદ્ધ કરી નાખે. કચ્છ પાસે આવી કોઈ નદી નથી, તેથી કચ્છનો દુષ્કાળ ત્રાહિમામ્ પોકારાવે.

હાલો સમો પોતાના પૂરા પરિવારને તથા પશુઓની ઑથોને લઈને સિંધમાં ઊતરી પડ્યો. ત્યારે પશુપાલકો સ્થિર જીવન જીવી શકતા નહીં, સતત ભ્રમણ કરતા રહેતા, તેથી ક્યાં સારું ચરવાનું છે તેની તેમને ખબર રહેતી. સિંધમાં ત્યારે સુમરા લોકોનું રાજ્ય ચાલે. પોતાના ચરાણમાં કચ્છના હાલાઓ પોતાનાં ઢોરો ચરાવી રહ્યા છે તેવી જાણ થતાં જ સુમરાઓ ધિંગાણું કરવા ધસી આવ્યા. ત્યારે ધિંગાણું એ રોજની પ્રક્રિયા થઈ ગયું હતું. અનેક જાતિઓ પરસ્પર રોજ ધીંગાણાં મચાવતી, અનેક માર્યા જતા, કારણ કે માલિકીના કોઈ દસ્તાવેજ ન હતા. ‘બાળિયાના બે ભાગ’ નો નિયમ ચાલતો હતો. ખાસ કરીને માલધારીઓ તો રોજ સારી સારી ચરવાણની ભૂમિમાં દખલ કરતા અને પછી પરસ્પરનાં હિત જોખમમાં આવતાં લડી પડતા. સમા અને સુમરાઓ વચ્ચે મોટું

ધિંગાણું થયું, જેમાં ઘણા વીરો ખપી ગયા. પણ સમાઓ વધુ બળવાન હોવાથી સુમરાઓને ભગાડીને જમીન ઉપર સ્થાયી થઈ ગયા. મોટા ભાગે બહારથી આવેલા આક્રાંતાઓ વધુ બળવાન હોય છે. સ્થાયી લોકો રક્ષિત યુદ્ધ કરતા હોવાથી હારી જતા હોય છે.

સુમરાઓની હાર અને ખુવારીના સમાચાર 'મામતૂર' ના રાજા હમીર સુમરાએ જાણ્યા ત્યારે તેના ક્રોધનો પાર ન રહ્યો. સમાઓને હરાવવા અને તગડી મૂકવા તે મોટું લશ્કર લઈને ચાલ્યો. પણ તેના સાંભળવામાં આવ્યું કે સમા રાજાની સાથે તેની કુંવારી દીકરી પણ છે, જે બહુ રૂપાળી છે. હમીરનું મન આ બાંધીકુમારી સાથે લગ્ન કરવાનું થયું. ત્યારે જર-જમીન કરતાં પણ જોરુનું આકર્ષણ રાજાઓને ભારે રહેતું, તેથી જર-જમીન કરતાં પણ જોરુઓ માટે વધુ યુદ્ધો થતાં.

હમીર સુમરાએ હાલા સમા પાસે બાંધીકુમારીનું માગું મોકલ્યું. આ સંબંધ સમાના પુત્રો તથા સ્વયં બાંધીકુમારીને પસંદ ન હોવા છતાં પણ હાલા સમાએ કાંઈક ભયના કારણે સંબંધ સ્વીકારી લીધો. સંબંધો બગાડવા અને સુધારવામાં સ્ત્રીઓ મહત્ત્વનો ભાગ અને ભોગ બનતી હોય છે.

હમીર સુમરાનાં લગ્ન બાંધીકુમારી સાથે થઈ ગયાં. જોકે હિંગોળજી વગેરે ભાઈઓએ તેમાં ભાગ ન લીધો. લગ્નપ્રસંગ તથા મરણપ્રસંગને લોકો વિરોધ વ્યક્ત કરવાનું સારું નિમિત્ત બનાવતા હોય છે.

બાંધીકુમારીની વિદાય વખતે હાલા સમાએ મન મૂકીને દાયજો આપ્યો, બાપની મિલકતમા કન્યાનો હક્ક ન હોવા છતાં બાપ મન મૂકીને દાયજો આપતા. આ તેનો હક્ક જ થઈ જતો. હાલા સમાએ દાયજામાં પુષ્કળ પશુધન તો આપ્યું જ પણ સાથેસાથે દાસ-દાસીઓ પણ આપ્યાં. ત્યારે દાસ-દાસીઓ આપવાનો રિવાજ હતો. હાલા સમાએ પોતાના ત્રણ બુદ્ધિશાળી માણસોને દાયજામાં આપ્યા : એક માઓ જાતિનો બબ્બર બાનો, બીજો માંજોઠા જાતિનો છત્તો મેહાર અને ત્રીજો મારડો. ત્યારે કન્યાને ઘણા દૂરના દેશમાં જવાનું તથા અજાણ્યા માણસોમાં રહેવાનું થતું હોવાથી પોતાના પિયરથી આવેલાં દાસ-દાસીઓનો સાથ તેના માટે જરૂરી થઈ જતો. દાસ-દાસીઓ કન્યાનું રક્ષણ કરતાં તથા મનોરંજન પણ કરતાં.

હવે બન્યું એવું કે હમીર સુમરાને ઘણી રાણીઓ હોવા છતાં બાંધીકુમારી સૌથી વધુ રૂપ-ગુણ-સંપન્ન હોવાથી હમીર બાંધીનો પ્રિય થઈ ગયો. બંને એકબીજામાં ઓતપ્રોત થઈ ગયાં. આથી જૂની રાણીઓ દુઃખી થાય તે સ્વાભાવિક છે. પોતાનું સુખ હરી લેનાર અને દુઃખ દેનાર પ્રત્યે ઈર્ષા-દ્વેષ થાય તે પણ સ્વાભાવિક છે. સ્ત્રીઓ માટે સૌથી મોટું સુખ તે પતિસુખ હોય છે. તે બધાં સુખ ગુમાવી શકે પણ પતિસુખ ન ગુમાવી શકે. પતિસુખમાં ભાગ પડાવનારને તે સહી શકે નહીં. તેથી બધી જૂની રાણીઓ એકસંપ થઈને બાંધીકુમારી સાથે ઝઘડા કરવા મંડી. બહુપત્નીત્વ ઝઘડા વિનાનું ભાગ્યે જ હોય અને ઝઘડા અને શાંતિ એકસાથે રહી શકે નહીં. ઝઘડા વધતા ગયા, છેવટે મારામારી સુધી પહોંચ્યા.

બાંધીકુમારી જેટલી રૂપાળી હતી તેટલી જ બળવાન પણ હતી. તે એકલી બધી જૂની રાણીઓને પહોંચી વળતી. જૂની રાણીઓએ મળીને બાંધીકુમારી ઉપર ઝેરનો પ્રયોગ કર્યો - ઝેરના લાડુ મોકલ્યા, પણ બબ્બર બાનોએ યોજના વિફળ કરી દીધી. તેણે જાતે લાડુ ચાખીને પોતાનો જાન ગુમાવી દીધો પણ બાંધીકુમારીને બચાવી લીધી. વફાદારી પ્રાણાંતે પણ ડગતી નથી. પોતાના પિયરથી પોતાની રક્ષા કરવા આવેલા બબ્બર બાનોનું પોતાના નિમિત્તે મૃત્યુ થતાં બાંધીકુમારી રોક્કળ કરવા લાગી. તે વિલાપ કરતી વખતે પોતાના પિતા હાલા સમાનાં ગુણગાન ગાતી રહી. વહુઓને સાસરામાં દુઃખ પડે ત્યારે પોતાનું પિયર સાંભરે. સુખી સાસરું હોય તેને પિયર બહુ યાદ ન આવે. તેને વારંવાર પિયરનાં અને પિતાનાં વખાણ કરતી જોઈને કુંધઈ નામની રાણીથી રહેવાયું નહીં. તેણે મહેણું માર્યું : "હવે રહેવા દે ને, બાઈ! તારા પિતાને અને પિયરને હું સારી રીતે જાણું છું. તમે તો છાશ પીનારા વાંઢિયાર લોકો છો અમારાથી ઘણા નીચા છો."

કોઈની પાસે કોઈની નિંદા કરાવવી હોય તો કોઈ વ્યક્તિ પાસે તેના વિરોધીનાં વખાણ કરવાં. તેના માટે વખાણ અસહ્ય થઈ જશે અને પછી તે ભરપેટ નિંદા કરશે. કુંધઈ રાણીની નિંદા મારામારી સુધી પહોંચી ગઈ. સપત્નીઓ અંદર - અંદરના ઝઘડા આખા ઘર તથા પરિવારને અશાંત કરી દેતા હોય છે. ઝઘડાની વાત છેક હમીર સુમરા સુધી પહોંચી. તેણે હાલા સમાને દીકરીનું મોઢું જોવા તરત જ બોલાવ્યો. ત્યારે એક સંદેશો એવો રહેતો જે સામેની વ્યક્તિ હજાર કામ પડતાં મૂકીને તરત જ દોડ્યો આવતો : "મોઢું જોવું હોય તો તરત જ આવજો" હાલો સમો સાંઢણી ઉપર સવાર થઈને તરત જ મામતૂર પહોંચ્યો. પણ પછી જાણવા મળ્યું કે સંદેશો ખોટો હતો, પોતાની દીકરી હેમખેમ હતી. ખોટા સંદેશા પરસ્પરનો વિશ્વાસ ઉઠાવી દેતા હોય છે.

હમીર સુમરાએ હાલા સમાનું અપમાન કર્યું. પતિ-પત્નીના ઝઘડા કેટલીક વાર બંને પરિવાર સુધી વિસ્તરીને બંને પરિવારોને પાયમાલ કરી નાખતા હોય છે. હમીર અને હાલા વચ્ચે બોલાચાલી થઈ ગઈ અને અંતે હમીરે હાલાને બંદી બનાવી દીધો. આ સમાચાર કચ્છમાં હિંગોળજી સુધી પહોંચ્યા. પોતાના પિતાનું આવું હડહડતું અપમાન કરીને તેમને બંદી બનાવનાર હમીર સુમરા પ્રત્યે સાતે ભાઈઓ ઉશ્કેરાઈ ગયા. બધાએ સેના તૈયાર કરી સિંધના મામતૂર તરફ પ્રયાણ કર્યું. નાની-નાની બાબતો મોટાં મોટાં યુદ્ધો કેવી રીતે કરાવી મૂકતી તેનાં ઢગલાબંધ દૃષ્ટાંતો રાજપૂતી જીવનમાં મળે છે.

સમાઓ સુમરાના દેશ પહોંચી ગયા અને સુમરાઓની મોટીમોટી ઑથો વાળવા લાગ્યા. એક મોટી ઑથની રખવાળી દાયજામાં દીધેલો છત્તો મેહાર કરતો હતો. તેણે વફાદારીમાં પ્રાણ દઈ દીધા. તે સમાઓના ઘોડાઓના ડાબલા નીચે છૂંદાઈ મર્યો, પણ જીવ્યો ત્યાં સુધી ઑથ ન લેવા દીધી. મર્યા પછી તે ઓળખાયો : "અરે! આ તો આપણો છત્તો!!" બધા પોકેપોકે રડી પડ્યા.

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦ ઉપર)

કચ્છી પ્રતિભા વિશેષ

'કચ્છનું સંસ્કૃતિ દર્શન' કરાવનાર

# કચ્છનું માનવતીર્થ : રામસિંહજી રાઠોડ

ભરત'કુમાર' પ્રા. ઠાકર

**રામસિંહજી રાઠોડ (જન્મ શતાબ્દી અવસર)**
**જન્મ : ૮મી ડિસેમ્બર, ૧૯૧૭ ● નિધન : ૨૫મી જૂન, ૧૯૯૭**

કચ્છના સમૃદ્ધ લોકકલા-વારસાનું જેમાં મેઘધનુષી પ્રતિબિંબ ઝીલાયું છે અને કચ્છના સંસ્કૃતિ-દર્પણ સમું ભુજમાં આવેલું વિશિષ્ટ સંગ્રહાલય 'ભારતીય સંસ્કૃતિ દર્શન-કચ્છ' એ એક વ્યક્તિનું વિરાટ સર્જન છે. તેના દૃષ્ટા અને સૃષ્ટા છે રામસિંહજી કાનજીભાઈ રાઠોડ, જેમની આ મહિને (અર્થાત્ ૮/૧૨ ના) આવતી ૧૦૦મી જન્મજયંતીના અવસરે આછેરું જીવનકવન પ્રાસંગિક બની રહેશે.

આપણે એમની શતાબ્દી વંદના કરીએ એ સર્વથા ઉચિત છે. બાકી રામસિંહજી રાઠોડનો પરિચય આપવો જ ન પડે. કચ્છ અને રામસિંહજી - બંને એકબીજાના જાણે પર્યાય છે! કચ્છનો ઉલ્લેખ આવે કે તરત શ્રી રાઠોડ યાદ આવે. દુલેરાય કારાણી (૧૮૯૬-૧૯૮૯) પછી કચ્છની અસ્મિતાના પૂજારી રહ્યા હોય તો તે શ્રી રાઠોડ છે. કચ્છના તે 'જીવંત જ્ઞાનકોષ' સમા હતા. સાહિત્યસર્જક અને 'જન્મભૂમિ' ના તંત્રી હરીન્દ્રભાઈ દવે (૧૯૩૦-૯૫) એ યોગ્ય રીતે એમને 'કચ્છના માનવતીર્થ' તરીકે બિરદાવ્યા હતા!

## ● વન ખાતાથી કારકિર્દી શરૂ

ભારતીય વન સેવા (IFS) તળે તેઓ પૂર્વેના કચ્છ રાજ્યના જંગલ ખાતાના વડા અને ગુજરાત રાજ્યના વન અધિકારી હતા. રામસિંહજીભાઈ ભાતીગળ ભૂમિ કચ્છની લોકકળા, લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય, ભાષા, ઇતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ, ભૂસ્તર અને પર્યાવરણના પણ ઊંડા અભ્યાસી હતા. કચ્છ પ્રદેશની લોકસંસ્કૃતિ ઉપર સર્વગ્રાહી અધ્યયન કરી ગુજરાતને કચ્છનો સર્વતોમુખી પરિચય કરાવનાર રામસિંહજી હતા.

રામસિંહજીભાઈનો જન્મ આજથી બરાબર એક સદી પહેલાં ૮મી ડિસેમ્બર, ૧૯૧૭ ના ભુવડ (તા. અંજાર) મધ્યે ક્ષત્રિય પરિવારમાં થયો હતો. ભુજમાં માધ્યમિક શિક્ષણ સાથે ચિત્રકામની તાલીમ પણ મેળવી. એમ.બી.ટી. કૉલેજ (સુરત) માંથી તેઓ એમ.એસ.સી. થયેલા. શરૂથી જ એમને સાહિત્ય, કલા અને છબીકળા તરફ અભિરુચિ હતી.

૧૯૩૫માં કચ્છ રાજ્ય તરફથી એમને ઇમ્પિરિયલ ફોરેસ્ટ કૉલેજ (દહેરાદૂન) માં વનવિદ્યાના અભ્યાસાર્થે મોકલવામાં આવ્યા. ત્યાંથી ફોરેસ્ટ્રી ડિપ્લોમા મેળવી ૧૯૩૭માં કચ્છ રાજ્યના જંગલ ખાતામાં પરિક્ષેત્ર વન અધિકારી (RFO) તરીકે નિમણૂક પામ્યા. તેની કામગીરીમાં કરવી પડતી મુસાફરીમાં કચ્છની રૂક્ષ અને રમણિય ભૂમિનો પ્રવાસ ખેડી રણો, જંગલો, ડુંગરાઓ સમેત સમગ્ર લોકસંસ્કૃતિનો પરિચય અને ઊંડો અભ્યાસ કર્યો. કચ્છનું સંસ્કૃતિ દર્શન કરાવતી એમની કીર્તિદા લેખમાળા અને ગ્રંથની ભૂમિકા પણ રચાતી ગઈ.

## ● ગુજરાતમાં ખનિજ સંપત્તિનો નિર્દેશ

કચ્છના ભૂમિ પ્રવાસોએ રામસિંહજીને આ ધરતીના વિશિષ્ટ ભૂપૃષ્ઠનો પણ પરિચય કરાવ્યો. તે સમયે કચ્છના કેળવણી અધિકારી અને જાણીતા ભૂસ્તરવિદ જોહ્ન હ્યુબર્ટ સ્મિથ (૧૮૭૨-૧૯૪૬) સાથે સમાનધર્મી બની કચ્છનાં જમીન-જંગલો ખૂંદી વળ્યા અને ભૂસ્તરમાં પણ રસ વધાર્યો.

દરમ્યાન ૧૯૪૬માં બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય (વારાણસી) ના ભૂસ્તર વિભાગના બીજા અધ્યક્ષ ડૉ. રાજનાથ (૧૯૦૪-૭૨) કચ્છના પ્રવાસે આવેલા. ત્યારે રામસિંહજીની તદ્ વિષયમાં ઊંડી સૂઝ જોઈ તેમની ભલામણથી કચ્છ રાજ્યે એમને ભૂસ્તરવિજ્ઞાન (જિયોલોજી) ના બે વર્ષીય અભ્યાસ માટે બનારસ મોકલ્યા. ત્યાંથી પાછા આવીને તેઓ કચ્છ રાજ્યના વન અધીક્ષક (ફોરેસ્ટ સુપ્રિન્ટેન્ડન્ટ) તરીકે નિમાયા.

ભૂસ્તરવિદ્યાના સઘન અભ્યાસ પછી ગુજરાતમાં ખનિજસંપત્તિની સંભાવના દર્શાવી હતી. 'કુમાર' (એપ્રિલ, ૧૯૪૯) માં વિસ્તૃત લેખ લખી ભારતના પશ્ચિમ કિનારે ગુજરાતમાં ખંભાત અને કચ્છના અખાતો પેટ્રોલિયમ શોધ માટે આશાસ્પદ હોવાનું સૌપ્રથમ પ્રતિપાદિત કરેલું. ૧૯૫૧ માં માંડવી દરિયાકાંઠા સામે રેતીના આક્રમણને વિસ્તરતું અટકાવ્યું. ૧૯૫૬ માં કચ્છ મુંબઈ રાજ્યમાં ભળતાં તેઓ સૌરાષ્ટ્રના અમરેલી ઉપવિભાગમાં વન અધિકારી તરીકે નિમાયા હતા.

## ● અધ્યયનોનો અક્ષરદેહ

રામસિંહજીભાઈ કર્મે વન અધિકારી હતા પણ શોખ જંગલમાંથી મંગલ શોધવાનો હતો. કચ્છમાં ચતુર્દિશ પથરાયેલાં પૈરાણિક ખંડેરો, ભગ્ન બંદરો, જીર્ણ ધર્મસ્થાનો, ખંડિત મૂર્તિ-પાળિયા વગેરેનું ભ્રમણ અને સંશોધન કર્યું. તેને લગતી કથા,

દંતકથા, ઈતિહાસ, ભૂગોળ, સંબંધી સઘળી માહિતી એકઠી કરી. તેને લગતી તસવીરો, નકશા, ચિત્રોનો પણ સંગ્રહ કર્યો.

આવી ઐતિહાસિક અને પુરાતાત્ત્વિક સમૃદ્ધિથી સભર ગ્રંથ 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' (૧૯૫૯, પુનર્મુદ્રણ ૧૯૯૦) પ્રસિદ્ધ થયો, જે આજે પણ કચ્છ સંદર્ભે પ્રમાણભૂત પુસ્તક ગણાય છે. તેને દ્વિભાષી મુંબઈ રાજ્ય પારિતોષિક (૧૯૬૦), કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર (૧૯૬૧) અને ૩૫ મો રણજિતરામ (૧૮૮૨-૧૯૧૭) સ્મૃતિ સુવર્ણચંદ્રક (૧૯૬૨) પ્રાપ્ત થયા હતા.

ઉત્તરાર્ધે એમનો એવો જ બીજો અને અંગ્રેજી ગ્રંથ 'કચ્છ એન્ડ રામરાંધ' (૧૯૯૨) બહાર પડ્યો. તેમાં રામાયણ અને રામની કચ્છના લોકજીવન પર શું અસર પડી છે તેની અદ્‌ભુત વાત છે. સાથે કચ્છી કમાંગરીકલા, લોકનાટ્ય, લોકસાહિત્ય, લોકકળા વગેરે અંગે પણ પ્રચૂર માહિતી છે. આ ઉપરાંત પણ રામસિંહજીનું લેખન-સંશોધનકાર્ય સતત ચાલતું રહ્યું હતું. 'કુમાર' માં સમયાંતરે અભ્યાસલેખો પ્રકાશિત થતા રહેલા. 'કચ્છમિત્ર' ની સાપ્તાહિક પૂર્તિમાં 'કચ્છના તવારીખી તણખા' કટાર પણ ચલાવેલી.

## ● સંસ્કૃતિ દર્શન સંગ્રહાલય

જીવનના છ દાયકાનાં સંશોધનોની ઝલક ભુજ ખાતે એમણે સ્થાપેલા 'ભારતીય સંસ્કૃતિ દર્શન-કચ્છ' (૧૯૮૦) નામક સંગ્રહાલયમાં જોવા મળે છે. આ અભિનવ સંગ્રહાલય એક એથ્નોલોજિકલ પ્રકારનું મ્યુઝિયમ છે, જેનો સાહિત્યકાર ઉમાશંકર જોશીએ શુભારંભ કરાવેલો. કચ્છના સંસ્કાર-દર્પણ સમું આ ભાતીગળ સંગ્રહસ્થાન ૧૯૯૨ થી જાહેર પ્રદશનાર્થે ખુલ્લું મૂકાયું છે. તેના મુખ્ય ચાર વિભાગો છે : કચ્છીયત કમ્મઠાણ, કલા કારીગરી, આર્ટ ગેલેરી અને પુસ્તકાલય.

**રામસિંહજી રાઠોડ સુવર્ણચંદ્રક ધારકોની યાદી**

| વર્ષ | ક્રમ | નામ | તખલ્લુસ | જન્મ-મરણ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧૯૯૯ | ૧. | જીવરામ અજરામર ગોર | 'જટીલ' | ૧૮૬૬-૧૯૧૭ | મરણોત્તર |
| | ૨. | દુલેરાય લખાભાઈ કારાણી | - | ૧૮૯૬-૧૯૮૯ | મરણોત્તર |
| ૨૦૦૦ | ૩. | પ્રતાપરાય ગોપાલજી ત્રિવેદી | - | ૧૯૩૬-૨૦૦૮ | માંડવી |
| | ૪. | પ્રીતમલાલ લક્ષ્મીશંકર જોષી | - | ૧૯૩૦-૨૦૧૫ | નડિયાદ |
| ૨૦૦૧ | ૫. | તેજપાલ ધારશી નાગડા | 'તેજ' | જન્મ ૧૯૩૭ | નલિયા |
| | ૬. | ઉમિયાશંકર શિવજી અજાણી | - | જન્મ ૧૯૩૪ | ભુજ |
| ૨૦૦૨ | ૭. | નારાયણ જેઠમલ જોષી | 'કારાયલ' | જન્મ ૧૯૪૩ | નખત્રાણા |
| | ૮. | ડૉ. ગોવર્ધન ચુનીલાલ શર્મા | - | જન્મ ૧૯૨૭ | ગાંધીનગર |
| | ૯. | ડૉ. ભાવના માર્કંડરાય મહેતા | - | ૧૯૩૫-૨૦૦૮ | ગાંધીનગર |
| ૨૦૦૩ | ૧૦. | માવજી કેશવજી સાવલા | - | ૧૯૩૦-૨૦૧૫ | ગાંધીધામ |
| | ૧૧. | લાલજી વેલજી મેવાડા | 'સ્વપ્ન' | જન્મ ૧૯૫૩ | ભુજ |

ભારતના વિશિષ્ટ પ્રકાર અને અનોખા આકારના આ સંગ્રહ -સંદર્ભ-સંશોધન કેન્દ્રમાં સિંધુ સંસ્કૃતિથી આજ સુધી કચ્છ પ્રદેશના પ્રાચીન-અર્વાચીન નમૂના અને તેની અભ્યાસ-સામગ્રીનાં સાધનો પ્રદર્શિત થયાં છે. કચ્છનું ગ્રામજીવન, રહેણીકરણી, પહેરવેશ, પર્યાવરણ, હસ્તકલા, સામાજિક-ધાર્મિક પરંપરા, લોકસંસ્કૃતિ... વગેરેના કલાત્મક અને જીવંત દર્શન થતી આ સમગ્ર લોકકલા સંકુલ 'કચ્છીયત' થી મધમધે છે.

નિવૃત્તિ બાદ સંગ્રહાલયના સર્જન ઉપરાંત કચ્છના લોકસંગીત-લોકભરત પર સંશોધનકાર્ય, ભુજમાં 'રાગ-જી રોશનાઈ' કાર્યક્રમ, અમદાવાદમાં શ્રેયસ કચ્છ-મેળાનું આયોજન અને લોકસંગ્રહાલયની સ્થાપના, કચ્છી સાહિત્ય અકાદમી માટે પ્રયત્નો, કચ્છ મ્યુઝિયમ શતાબ્દી (૧૯૭૮) ઉજવણીના અધ્યક્ષ, આયના મહેલ-મદનસિંહજી મ્યુઝિયમ (૧૯૭૯) ના ટ્રસ્ટી, ભારતીય સંસ્કૃતિ દર્શન-કચ્છ (૧૯૮૦) ના સ્થાપક ટ્રસ્ટી, ગુજરાત હસ્તકળા વિકાસ નિગમના નિયામક...વગેરેમાં પોતાનું યોગદાન આપતા રહેલા.

## ● સન્માનો અને સ્મૃતિ-સંવેદના

સંસ્કૃતિ દર્શન ગ્રંથને ત્રણ મહત્ત્વના પુરસ્કારો ઉપરાંત સાઉથ એશિયા પબ્લિશિંગ કંપની (દિલ્હી) પ્રકાશિત 'બાયોગ્રાફી ઈન્ટરનેશનલ', ભાગ-૩ (૧૯૯૧) માં એમના પ્રદાનની નોંધ, ગુજરાત સંગીત-નાટક અકાદમીનો ગૌરવ પુરસ્કાર (૧૯૯૧-૯૨), કચ્છશક્તિ સાહિત્યરત્ન ઍવોર્ડ (૧૯૯૫), દુલેરાય કારાણી (૧૮૯૬-૧૯૮૯) શતાબ્દી સ્મૃતિચંદ્રક અને ગૌરવ ઍવોર્ડ (૧૯૯૬), ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ઝવેરચંદ મેઘાણી (૧૮૯૭-૧૯૪૭) શતાબ્દી પર સન્માનપત્ર (૧૯૯૭) વગેરેથી અલંકૃત થયા હતા.

કચ્છના આવા ધૂળધોયા સંશોધક રામસિંહજી રાઠોડનું ૨૫મી જૂન, ૧૯૯૭ના અવસાન થતાં કચ્છે સંસ્કૃતિ, અસ્મિતા અને સમગ્ર કચ્છીયતનો એક સંનિષ્ઠ પ્રહરી ગુમાવ્યો હતો. કદાચ ઓછાને જાણ હશે કે ગુજરાતના જાણીતા કવિ દેશળજી કાનજી પરમાર (૧૮૯૪-૧૯૬૬) નાં વચેટ પુત્રી ભારતીબહેન સાથે એમનાં લગ્ન થયેલાં.

સદ્‌ગતની સ્મૃતિમાં પ્રથમ ત્રણ પુણ્યતિથિ વર્ષોમાં અનુક્રમે લોકકળા કાર્યશાળા-એમનું તૈલચિત્ર અનાવરણ (૧૯૯૮), સ્મૃતિ સુવર્ણચંદ્રક આરંભ (૧૯૯૯) અને આર્ટગેલેરીનું ઉમેરણ (૨૦૦૦) થયું હતું. એમના વિશિષ્ટ સંગ્રહસ્થાનને કચ્છ યુનિવર્સિટીની કચ્છી ચેર દ્વારા 'સંસ્કૃતિ' માટેનો કચ્છરત્ન ઍવોર્ડ (૨૦૧૧-૧૨) પણ મળ્યો છે.

*'શિવમ્' ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર-૩૭૦ ૧૧૦ (કચ્છ)*
*ફોન : ૯૪૨૭૨ ૨૩૧૫૦*

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૧૪)

હંસરાજ સાંખલા

## કલકત્તે જવાની ના લખી

કલકત્તા ગયા પછી મણિલાલને રતન ખૂબ યાદ આવવા લાગી. રતનની પ્રેમાળ વાતો યાદ આવવા લાગી. એનો લંબગોળ હસમુખો ચહેરો, એનું સુડોળ ઘાટીલું શરીર, પાતળી કમર એની લચકાતી ચાલ અને એની મારકણી આંખો યાદ આવવા લાગી. એને રતન દિવસે પણ યાદ આવી જતી તો રાતની કેટલી યાદ આવતી હશે? દિવસ તો કામની વ્યસ્તતામાં વીતી જતો; પરંતુ રાતના તેને પેલા 'કામના' વિચારો ઊંઘવા ન દેતા ને તેની રાત વીતતી નહીં.

આ સ્થિતિમાં એ ક્યારેક બેબાકળો થઈ જતો અને કલકત્તા છોડી કચ્છમાં ભાગી જવાનું મન થઈ જતું.

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ એ બધું આગળ વખતની જેમ ધીમે ધીમે ભુલાવાને બદલે વધુ પ્રબળ રીતે યાદ આવવા લાગ્યું.

કારખાનામાં (સૉ મિલમાં) જલાઉ લાકડા લેવા આવતી દરેક સ્ત્રીમાં એને રતન દેખાવા લાગતી. એના અંગઉપાંગ તેને રતનનાં અંગ જેવાં લાગતાં. તેના એ અંગ સાથે રતનના અંગને મનોમન કલ્પના કરી સરખાવતો. આ સ્થિતિમાં એ ક્યારેક મનને કાબૂમાં ન રાખી શકતો. ક્યારેક આવા સંજોગોમાં તે અન્ય સ્ત્રીઓની કલ્પના કરી એના વિચારોમાં ચડી મન બહેલાવતો. એને થતું "આ ચડેલા કામનું ઝેર ઊતારવાની વ્યવસ્થા જલદી થૈ જાય તો ઠીક, નૈ તો હું આમ નીં રે હકું!"

આમ આવા વિચારો એને સતાવ્યા કરતા. એ પેલા કામના ધ્યાનમાં એને શેઠે સોંપેલા કામથી બેધ્યાન થઈ જતો.

ઘણી વાર એ લાકડાના વહેરાતા આર્ડરમાં ભૂલો કરી બેસતો એનું વહેરણકામ જે સફાઈદાર હતું તે પણ બગડતું ગયું. એના હાથથી વેરાતા માલનો ઉતારો ઘટવા લાગ્યો. એ ભૂલોને કાબૂ કરવા જતો તો પહેલાંની જેમ ધાર્યું કામ નીકળતું નહોતું. આ બાબતે સુપરવાઈઝર કંઈક કહે તો મણિલાલ તેના ઉપર ગરમ થઈ જતો. ને શેઠના વિશ્વાસુ અને ઉંમરલાયક વડીલ જેવા સુપરવાઈઝરને એ ન કહેવાનું કહી બેસતો.

વિનય, વિવેક અને મર્યાદા જાળવનાર સંસ્કારી મણિલાલનું આ સ્વરૂપ જોઈ સુપરવાઈઝરને પણ નવાઈ લાગતી.

રજાના દિવસે એક સાંજે કંટાળેલા મણિલાલને થયું, 'કલકત્તે નથી રહેવું શેઠ કનેથી રજા લઈ કચ્છમાં જતા રહેવું છે.'

"કચ્છમાં જઈને કરીશ શું?" "ખેતી કરીશ!" તારી પોતાની ક્યાં વાડી હેં? (પિયત જમીન છે?) ઇયે સાચું થોડી ઘણી પિયત જમીન હોય ને ભાગી જાઉ તો વાંધો નૈ. છેવટે માહણને ખાવા તો રોટલા જ ખપેને? એટલાં તા થોડી ઘણી પિયત જમીન હોત તો (વાડી = પિયત જમીનવાળી ખેતી) પણ પકાવી શકાત. પણ પાણીવાળી જમીન જ ક્યાં હૈ તારી કને? એની પાસેની પાણી વગરની જમીન અને પાણીવાળી રતનને લઈને મણિલાલને એના દિવસો હવે વિતાવવા વસમા થઈ પડતા હતા.

સુપરવાઈઝરને સામા થવાની બે-ત્રણ ઘટના બન્યા બાદ એ સુપરવાઈઝરે મણિલાલના વર્તન બાબતે શેઠને ફરિયાદ કરી. પણ શેઠે વિચાર્યું, મણિલાલ જેવો કર્તવ્યનિષ્ઠ કારીગર છૂટો કર્યા પછી આવો કારીગર મળવો મુશ્કેલ છે.

બંગાળી શાહાશેઠ માનતા આવા કામોઢા ને શેઠભક્ત (વફાદાર) માણસો જ કોઈ પણ પેઢીના વિકાસ રથનાં પૈડાં હોય છે. તેથી મણિલાલ જતો રહે એ એને કોઈ પણ હિસાબે પાલવે તેવું નતું. એને ગમે તે ભોગે, ગમે તે ઉપાયે ચાલુ રાખવો જ રહ્યો.

શેઠે બીજા માણસો દ્વારા જાણ્યું કે હમણાં હમણાં મણિલાલ એના દેશમાંથી આવ્યા પછી દારૂ બિલકુલ નથી પીતો. બહુ આગ્રહ કરવા છતાં એ હાથ પણ નથી લગાવતો.

શાહા શેઠ ખુદ વેપારી હતા. એને મણિલાલ જાય એ બિલકુલ પોષાય તેવું ન'તું. એણે એક દિવસે રિસેસમાં ઓફિસમાં બોલાવ્યો.

શાહા શેઠ એની સાથે કચ્છની, એના પરિવારની, એનાં બાળબચ્ચાંની અને અન્ય બધી વાતો નિરાંતે કરી. જે જગ્યાએ મણિલાલ બેઠો હતો ત્યાં ટેબલ ઉપર કેટલાંક જુદા જુદા વિષયનાં છાપાં, મેગેઝિનો મૂક્યાં હતાં. દરમિયાન મણિલાલ પાનાં ઉથલાવતો જોતો હતો. એની નજર ખાસ તો સ્ત્રીઓનાં ચિત્રો જોવામાં હતી. અને એમાંય પિક્ચરની હીરોઈનોની હીરો સાથે અમુક અદાઓવાળાં ચિત્રો પર એની નજર વારંવાર ઠરતી હતી.

ચતુર શાહા શેઠે આ બધું તિરછી નજરે જોઈ લીધું.

એ બાબતનો તાગ મેળવવા જ એમણે આ મેગેઝિનો મૂક્યાં હતાં.

ચા પી, થોડીવારે મણિલાલ બહાર નીકળી ગયો.

મણિલાલના ગયા પછી શાહા શેઠે વિચાર કર્યો. મણિલાલને અહીં ટકાવવા માટે બેમાંથી એક વસ્તુ એના હસ્તગત હોવી જરૂરી છે સ્ત્રી અથવા દારૂ. શાહા શેઠે બીજે જ દિવસે મણિલાલને બોલાવીને કહ્યું.

'મણિલાલ, તને અહીં કારખાનામાં રહેવાની વ્યવસ્થા કરી આપું છું. તને તારા છોકરાં લઈ આવવાં હોય તો લઈ આવ. ખર્ચ હું આપીશ.'

મણિલાલે શેઠને સ્પષ્ટ જવાબ ન આપ્યો. 'વિચારી લઉં' કહી ઊઠી ગયો. એણે વિચાર કર્યો. 'એને ઇંયા તેડી આવીશ તો આવા હલકા વિચાર, વાણી અને વર્તનવાળા માહણ વચ્ચે એને નીં ફાવે. દીકરીઓ પણ હવે મોટી થતી આવેરીં. એના પર આવા આડોસી-પાડોસીને લીધે કેવા કેવા સંસ્કાર પડે? વળી ઇંયાનું ભણતર જુદું ને ત્યાંનું જુદું. એટલે દીકરીયું ગુજરાતી ક્યાં ભણવા જાય? વળી ઇંયાં ગુજરાતી બોલવાવાળું કોય ન મળે તો એ કેની કને વાતચીત કરી ટેમ કાઢે? ઇ પોતાના કરતાં દીકરીયુંના ભવિષ્યનું બૌ વિચારવાળી હે એટલે હું કૈશ તોય હા નીં જ વાળે ને કહ્યું કરીને કદાચ આવે તદો એને ફાવશેય નીં એવું લાગેર્યું.''

તે જ દિવસે કચ્છમાં ટપાલ લખી, મણિલાલે ટપાલમાં બધી વિગત જણાવી અને તાત્કાલિક જવાબ લખવા જણાવ્યું. બધો ખર્ચો પણ શેઠ દેશે એવું લખ્યું. તમો ગાય બાપાવાળાને ત્યાં પોચાડી આવજો. ને ઘરનું બધું હાકડું કરી રાખી મને કાગળ લખજો. તો હું તેડવા આવું.

રતનને પત્ર મળતાં. જ્યોતિ પાસે વંચાવી સાંભળ્યો.

વિગત જાણી રતન વિચારમાં પડી ગઈ.

પ્રથમ તો એને કલકત્તા જવાની વાતથી રોમાંચ થયો. ફુઆએ એની ઇચ્છા અને આકાંક્ષાઓ પર પાણી ફેરવ્યું હતું, તે મૂર્છિત ઇચ્છા અને આકાંક્ષાઓ આજે ફરીથી મ્હોરતી દેખાઈ. પોતે રજાના દિવસે જયાબહેનની જેમ દક્ષિણી સાડી પહેરી દીકરીયું સાથે બજારમાં ફરવા જશે ને પિક્ચર પણ જોવા મલશે. કાગળમાં લખ્યા મુજબ ખર્ચો બધો શેઠ દેશે. તો તો મારા નવા દાગીના પણ ઝપાટે થઈ હકશે.

''પણ મૂર્ખી શેઠ ખર્ચો કાં દે? તું હમજતી નથી. આમા એનો કાંક છૂપો મતલબ હશે.''

આ બધા વિચારોમાં રતનને રાતની ઊંઘ ન આવી. રાત્રે નિરાંતે વિચાર કર્યો. એણે જલાબાપાને પ્રાર્થના કરી રહ્યું.

''બાપા મને શું કરવું. રસ્તો બતાવો.'' બીજી જ ક્ષણે એને એક નવો વિચાર આવ્યો, 'ભલે પેલાની જેમ હવે ઘોડિયામાં હગપણ નથી થતાં તોય દીકરીયુંના બાર ચૌદે વરહેં તો સંબંધ કરવા જ પડે ને? હા હા હવે બેચાર વરહે તાં સંબંધ જોવા જ પડશે.'

'કચ્છમાં હૈયેં તોજ ઈ બધું નિરાંતે જોવાય. કલકત્તે બેઠાં દીકરીયુંના સંબંધ થોડા થશે. તો ફરી પાછાં બે વરમાં ઘર ખુલવાં. ઈ બધી જફાવાળાં કામ કેવાય!

વળી, ત્યાં દીકરીયુંને ગુજરાતી ક્યાં ભણાવવી? બંગાળી ભણાવીએ તો આપુંને શું કામનું? આપુંને નકામું જ પડે. આવું વિચારી એ ''કલકત્તે નથી જવું'' એવા નિર્ણય પર આવી.

આ બાબતે નાનબાઈ અને મરઘામાં સાથે ચર્ચા કરી. એ જ ફાઈનલ કર્યું. એણે જ્યોતિને બાજુમાં બેસાડી કલકત્તા ટપાલ લખાવી. 'ત્યાં અમો આવશું નૈં તે જાણશો.' સાથે બધાં કારણો પણ લખી મોકલ્યાં.

મણિલાલને ટપાલ મલી. વાંચી એનું મગજ ચકરાવે ચડ્યું. એની આશાઓ ઉપર પાણી ફરી વળ્યાં. 'બધો ખર્ચો શેઠ દેતા'તા તો એને તાં ઇંયાં આવીને હુખ જ ભોગવવું હતું ને? પણ શું કરે? ઇ ભોરાડીના નસીબમાં સુખ જ ન હોય તો બીજાં શું કરે?

''હાચાહાચ ઇ ભોરાડી જ હે. એના નસીબમાં હુખ નથી તો એના ભેળું રે એને હુખ ક્યાંથી મળે?'' કાગળમાં કેટલું હમજાવી હમજાવી લખ્યું હતું. તોય મગજમાં ન બેહે તો પડી રે ઉંવા ને ઉંવા. ભલે કરે પડી મજૂરી. ઇંયાં ક્યાં એને કામ કરવુતું? એને તાં બેઠે જ રોટલા ખાવાતાં ને? ઇંયે એનાથી ન ખવાય તો અભાગ એનાં...!'

મણિલાલ ટપાલ વાંચી બિલકુલ નિરાશ થઈ ગયો. તે રાત્રે વિચારોમાં ને વિચારોમાં મણિલાલને આખી રાત ઊંઘ ન આવી. એ દુઃખી દુઃખી થઈ ગયો. ઊંઘ ન આવવાથી એને કામનો થાક પણ ન ઊતર્યો. સવારે એના ચહેરા ઉપર થાક સ્પષ્ટ વર્તાતો હતો.

એની સામે તાણવાનું (હેલ્પરનું) કામ કરનાર એક બંગાળીએ સાંજે કહ્યું. ''બાબુજી તબિયત અચ્છી નહીં હૈ ક્યા? દવા ચાહીએ તો બોલો મેરે પાસ હૈ!''

મણિલાલે ના પાડી. એને માતાજીનો દીવો ઉપાડી ખાધેલા સોગંદ યાદ રાત પડી. અગિયાર વાગ્યા.

બધા સૂઈ ગયા, પણ મણિલાલને ઊંઘ ન આવી. એ હારી ગયો. એને રાતના બાર વાગે પેલા બંગાળીને જગાડીને કહ્યું અને એ દવા લઈ આવ્યો.

એને આ વખતે ન દીકરીયુંના સોગંદ યાદ આવ્યા કે ન માતાજીના સોગંદ યાદ આવ્યા. એ આંખો મીંચી દવાનો આખે આખો ગ્લાસ તેક દઈ ગટગટાવી ગયો.

મણિલાલને હવે નિરાંતની ઊંઘ આવી ગઈ. સવારના જાગ્યો તો એનામાં થોડી તાજગી હતી. એના શરીરમાં ચેતનાનો સંચાર હતો.

તે દિવસે તેના કામથી સુપરવાઈઝરને પણ સંતોષ થયો. તે રાત્રે મણિલાલે દારૂ પીતાં તો પીધો પણ પીધા પછી બીજા દિવસે આખો દિવસ એના દિલમાં સખત ચરચરાટી થઈ. એને

પસ્તાવો થયો.

"મેં ભૂલ તો મોટી કરી જ નાખી. એને ખવરાવેલા હમ ખાલી પોતા હારું જ ખવરાવ્યા હતા શું? હું કેવો ભેકદરો (કદરહીન) માહણ હૌં? સાલા ગધેડા તને નવું જીવન દેનાર સતી સાવિત્રી જેવી તારી બાઈમણ (પત્ની) ના માથે હાથ મૂકીને ખાધેલા હમ પણ ન નડ્યા? તારા ચપ (હોઠ) ઉપર ગ્લાસ મૂકતાં તને તારી ફૂલ જેવી નિર્દોષ દીકરીયુંનોય વિચાર ન આવ્યો? હવે એવું લાગેર્યું તને ભગવાનનીયે બીક નથી!"

"એની બીક રાખવાની જરૂરે શું હે હવે! રોજ હવાર હાંજ ભૂલ્યા વગર યાદ કરતાં હૈયે તો શું આપણા પ્રત્યે એની કાંય જવાબદારી નીં? જિંદગી આખી કેનુંયે કાંય ખોટું નથી કર્યું. જ્યાં નોકરી કરી, ત્યાં ધણી થૈ ને ઢહેડો કર્યો. તોય બધા કદર વગરના જ શેઠ મલ્યાં."

"મણિલાલ જૂઠું ન બોલ. શાહા શેઠે તારા કામની કદર કરી. તને ઓફર નતી કરી? ખોટું ન કહેવાય એને ઓફર તો કરી જ હતી. કુટુંબ તેડી આવવાની ને એનો ખર્ચોય ઈ પેન્ઢ (પોતે) ભોગવતાતા પણ તારા નસીબમાં ન હોય ને તું ઇ તક ન ઝડપ એમાં ભગવાનનો શું વાંક? તો કેનો વાંક? માહણ કેર્યા તું નસીબવાળો હો તૈંયે તાં તને આવી હખ્ખરને હોશિયાર બાઈમણ મળી."

ઇ હોશિયાર હે ઈ હાચું. પણ આપડી કોય વાત ન હમજે, એવી હોશિયારી શું કરે? ઈ પોતાના હુખનોય વિચાર ન કરી હકે તો એને હોશિયાર કેમ કેવાય? તોય બધાં કે એની વૌ બૌ હોશિયાર હે. જો આમ જ કરે તો એની હોશિયારી શું કામની? એની (એવી) હોશિયારી જાય ભાડમાં. એના નસીબમાં હુખ ન હોય ને ઈ ન ભોગવે ઇતાં ઠીક હમજ્યા. પણ એને લીધે આપુંને હુખ ભોગવવા ન જડે એનું શું? આ મનખો વારેવારે થોડો આવનારો હૈ. લખ ચોરાસીમાં ભટકાઈ ભટકાઈને કોણ જાણે હવે કૈયે નંબર લાગશે ફરી મનખાવતારનો.

હમણાં જિંદગી આખી મજૂરી કરીને તૂટી જૈએ, તોય બાઈમણ છોરાં ભેળાય નૈ? બારે મૈને, મૈનોમાહ ભેળાં રૈયેં તૈયે, હગાંવાલામાં જવું, હગાવાલાં મળવા આવે. એને મો દેવાં ને એમાંય ઓછું હોય એટલે આવે હાતમની જાગ્યાની રાતું અને મજૂરે જવાની રોજની બબાલ તો ખરી જ. ઈ બધાં થાકોડામાંથી માહણ ઊંચું આવે તૈયે જીવે ને? ઇતાં એમને એમ ગેઢા થઈ જવાશે.

આડે દીયે ઘરે છોરાં છૈયાંને માવતરુંની મર્યાદામાં બધું વેન્જાયું. હમણાં જુવાનીમાં અલગ રેવાનું ને ગેઢા થઈને ભેળાં જોહાઈએ એમાં શું લકુંબો કાઢ્યો? (કાઢે.)'

એ જ્યારે જ્યારે નવરો પડતો ને ઘર યાદ આવતું ત્યારે ત્યારે આ રીતે અકળાઈને મનોમન વલોપાત કરતો.

એ શરૂઆતમાં રજાના દિવસે જ દારૂ પીતો એ જ્યારે જ્યારે દારૂ પીતો પછી ફરી એને પસ્તાવો પણ થતો. આવું ન કરવું ખપે એવી અનુભૂતિ પણ થતી. અને તે વખતે એ મનથી નકીયે કરતો. આ પીધો ઇ પીધો હવે ફરી નીં જ પીઉં. પણ ફરી ટેન્શન અને વિયોગની વેદના ભૂલવા એ પગલું ફરી ફરી ભરી બેસતો.

હવે દારૂ એના માટે સમય પસાર કરવાની અને આ બધું દુઃખ ભૂલવાની મજબૂરી બની ચૂક્યો હતો. સાથે સાથે એ કચ્છના ઘરની આર્થિક સ્થિતિ પણ એ ભૂલ્યો ન હતો. એ કરકસરથી રહી જેમ બને તેમ વધારેમાં વધારે રૂપિયા કચ્છમાં મૂકતો; પરંતુ પહેલાંની જેમ ટપાલ લખવાની નિયમિતતા નહોતી જળવાતી. પહેલાં મનીઓર્ડર સાથે કાગળ અવશ્ય લખતો.

એને પણ દીકરી જ્યોતિના હાથની મોતીના દાણા જેવા સુંદર અક્ષરોથી લખાયેલી ટપાલ વાંચી ખૂબ આનંદ થતો. એને જ્યારે જ્યારે ઘરની યાદ આવતી ત્યારે ત્યારે ઘરેથી આવેલ ટપાલ ફરી ફરી વાંચતો.

આ રીતે એક ટપાલ અનેક વખત વાંચતો.

ક્યારેક કાગળમાં રતને લખાવેલી લાગણીશીલ વિગતો વાંચી એની આંખમાં આંસુ પણ આવી જતાં. એને એમ થતું. 'પોતાનું ગામ, આવી જવાય એટલે પઘડે ઘા હોય તો ખપે શું? અઠવાડિયાંની રજા લઈ બધાનું મોંય જોઈ અવાય. આટલા સારા પગારમાં બે મહિને નવા જૂનાય થઈ અવાય. આ તો આઠ દસ દિવસનો તો રસ્તો જ થાય. આટલે દૂર સેંજે (સહેજ) તો ઠીક પણ કાંક સામાન્ય હાજામાંદાઈ યે પણ ગોળ્યું પળ્યું કરવું પડે.'

આ બધા ગમને ભૂલાવવા એ દર રવિવારે એના બંગાળી (હેલ્પર તાણવાવાળા) કારીગર સુભાષ સાથે દારૂ પીને પિક્ચર જોવા જતો. એ હેલ્પર ગરીબ હોઈ શરૂઆતમાં ના પાડતો પણ હવે એની ટિકિટ મણિલાલ જ કઢાવતો.

કંપની વગર એને ન તો પીવાની મજા આવતી કે ન તો પિક્ચર જોવાની.

નજીકમાં કોઈ વતનનું કામ કરતું ન હતું. તેથી એને રવિવારે કોઈ મળવા આવે કે એ કોઈને મળવા જઈ શકે એવું ન'તું તેથી તેનો આ પિક્ચર જોવા જવાનો કાર્યક્રમ દર રવિવારે ફિક્સ જેવો જ હતો.

આ રીતે પિક્ચર જોવાના કાર્યક્રમના સિલસિલા પછી એ અને સુભાષ બહુ નજીક આવી ગયા.

એક દિવસ મણિલાલે એને મિત્રભાવે કહ્યું : "શુભા! એમ થાયર્યું હું તને વેરતાં શીખડાવી દૌં. જેથી તારો પગાર વધી આવે."

મણિલાલની આ વાત સાંભળીને શુભો ખુશ થઈ ગયો.

ક્યાં હાલમાં પોતાનો સામાન્ય મજૂર જેવો પગાર? અને ક્યાં મણિલાલનો એના ડબલ જેટલો પગાર? શાહા શેઠ પણ કટર

તરીકે એનું કેટલું માન જાળવે છે? હું કારીગર થઈ જાઉં તો મારુંયે એવું જ માન વધે ને પગારે વધે! એમ થાય તો ગામડે ઘરડાં મા-બાપ અને ખેતી કરતા ગરીબ ભાઈઓને થોડા રૂપિયા તો મોકલી શકાય ને બહેનનાં લગનમાં પણ વટ પાડી હકાય.

અત્યારે હજી છોકરાં નથી તો ઘર ખર્ચ ઓછો છે પણ જ્યારે છોકરાં થશે ત્યારે ખર્ચ પણ વધશે. કહે છે એ પ્રમાણે બાબુજી (મણિલાલભાઈ) જો વેરતાં શીખડાવે તો હું જલદી શીખી જઈશ.

આજે રવિવાર હતો. "શુભા આજે કયું પિક્ચર જોશું?"

"બાબુજી હમ આજ બંગાળી પિક્ચર દેખેંગે. મેરી બીબી બોલતી હૈ બહોત અછા પીચર હૈ મુઝે ભી દેખના હૈ" સુભાષ બોલ્યો.

"અરે શુભા ઉસમેં ક્યા બડી બાત હૈ? ચિંતા મત કર ઉસકો ભી સાથ લે લે."

અને એ ત્રણે જણ સાથે બંગાળી પિક્ચર જોવા ગયાં.

પિક્ચર જોઈ આવ્યા પછી મણિલાલને રાત્રે ઊંઘ ન આવી. પિક્ચરની સ્ટોરીમાં એને બહુ રસ પડ્યો. એને થયું : 'સ્ટોરી તો સાલી મારા અને શુભાની ભાઈબંધીને બંધ બેસતી આવેરી.'

સુભાષના લગ્નનાં આઠ વર્ષ પછીયે એને ઘર સંતાન થયું ન હતું. એનાં વૃદ્ધ માતા-પિતા નાની બહેન સાથે ભાઈનો પરિવાર ગામડે ખેતી કરતો હતો. સુભાષ પત્ની સાથે કલકત્તા રહેતો હતો અને શાહા શેઠની સૉ મિલમાં હેલ્પર તરીકેની નોકરી કરતો હતો. એ મણિલાલની બાજુની ઓરડીમાં રહેતો હતો. સાથે રહેવાથી ભાઈબંધી જેવો ભાવ થઈ ગયો હતો.

"મણિલાલ! માત્ર સાથે કામ કરનાર ભાઈબંધ કહેવાય?"

"કાં ન કે'વાય? ભાઈબંધ એટલે હૈયાની વાત કરવાનો વિહામો. જેના કને હામહામે હૈયાની વાતની આદાન-પ્રદાન કરી હકો એ વ્યક્તિ એટલે ભાઈબંધ. ભાઈબંધ કાંય પેન્ઢની જ્ઞાતિનો, પેન્ઢ ભેળો ભણેલો, નેનકડેથી વગડામાં ભેળો ભટકેલો હોય એવું હરૂભરૂ જરૂરી નથી. એમતાં રામને હડમાન, સુગ્રીવ, જાંબુવાન ઈ બધા આવા જ ભાઈબંધ હતા ને?"

"તેં તારા જીવનની અને શુભાએ એના ઘરની ને એના જીવનની કી વાતું લકાડી હે એકબીજા કને ઈ પણ તારી કને. કેટલી લાગણીથી બધી વાતુ કરેયોં? તૈયેં તાં દર અઠવાડિયે પિક્ચર જોવા જઈયેર્યા ભેગા. અને એના ઘરમાં ભનતી બંગાળી વાનગી ને માછલી ખાતાંય એણે જ શીખાડી હે ને? પાછી ઈ ભનાવે એટલી વારને પાછી વગર પૈસે. આમ તાં ઇ ગરીબ જ હે તોય ઈ ક્યાં પૈસાનું ગણિત મૂકેર્યો. ઈ ભાઈબંધી જેવું હોય તૈયે જ નાં? તો ઈ ભાઈબંધ કાં ન કેવાય?"

એને થ્યું 'અમારી ભાઈબંધીમાં પિક્ચરના જેવો જ તાલ લાગેર્યો. ડાખોક વરનાં લગ્ન જીવનમાં હીરોને ઘરે છોરાં નતાં ને હીરોઈનને છોરાંની બહુ ભૂખ (ઝંખના) હોય રી. ઈ એની છોરાની ભૂખ સંતોષવા હીરોના ભાઈબંધથી પ્રેમ કરેરી. અને એને ભગવાન છોરૂ દેર્યો.'

મણિલાલે આ ઘટના મનમાં ખૂબ વાગોળી.

સુભાષ અને પોતાની ભાઈબંધીની એક જગ્યાએ અટકી ગયેલી સ્ટોરી આગળ વધે અને બંનેનું કામ થાય એવી ઝીણી ઝીણી ઇચ્છા મણિલાલના મનમાં થવા લાગી.

બીજા રવિવારે સુભાષ બજારમાં દૂધ લેવા ગયો હતો. મણિલાલે મોકો જોઈ પિક્ચરની સ્ટોરીની વાત કાઢી. ત્યાં સુભાષની પત્ની મંજુએ મણિલાલને પૂછ્યું, "બાબુજી આપકો પીક્ચર કૈસા લગા?"

"મને તો ગમ્યું. તમને કેવું લાગ્યું?" મણિલાલ બોલ્યા.

"મને તો બહુ જ ગમ્યું. થાય છે આવતા રવિવારે ફરી જોઈ આવું." મંજુ

"જો જો બે માણસ એકલાં ન જતાં રેજો; મનેય કેજો!" મણિલાલે ઉત્સાહથી કહ્યું.

"તમને તો લઈ જ જવા પડેને. પહેલા તમે જ બતાવ્યું હતું તે" મલકાતી મંજુ બોલી.

"મંજુ, તમને ઘણા સમય પછી જોવા મળ્યું એટલે ગમ્યું કે એની સ્ટોરી ગમી?" મણિલાલે એની ઇચ્છાનો તાગ મેળવવા દાણો ચાંપી જોયો.

"મને તો એની સ્ટોરી ગમી. મારા જેવી બિચારી એક દુખિયારી સ્ત્રીની વાત હતી. પેલો સમજદાર ભાઈબંધ એની મૂંગી વેદના સમજ્યો ત્યારે એને સંતાન મલ્યું ને એ સાસરે માનભેર જીવી શકી. નહીં તો મેણાં-ટોણાં સાંભળીને એ અધમુઈ થઈ જાય. એવી સ્ત્રીની વેદના તો જે સમજતું હોય એ જ સમજી શકે. તમને પુરુષોને એ ન સમજાય. વળી માતા બનવું એ જ સ્ત્રીનું પૂર્ણત્વ છે. મને માતાજીએ અધૂરી જ રાખી." મંજુ આગળ ન બોલી શકી. એની આંખના ખૂણા ભીના થયા, એના ગળામાં ડૂમો ભરાયો. એણે લાંબો નિસાસો નાખ્યો, ત્યાં સુભાષ દૂધ લઈને આવી ગયો.

તેણે મંજુને ચા બનાવવાની સૂચના આપી. બંને વાતે વળગ્યા. 'શુભા! હવે અછોલાં વેરવાનાં આવે ત્યારે તને મારી બાજુ આવી જ જવું. તું વેરજે હું હામે ઊભો રહીશ. વેરતાં શીખાશે એમ. જ્યાં સુધી તું વેરતાં નહીં શીખે ત્યાં સુધી તું મજૂર જ કહેવાય. શુભા! તને તારું માન વધારવું હોય તો જલ્દી કટર થઈ જા. હું તને ભાઈબંધીના નાતે હામેથી શીખડાવવાનું કહુર્યો. પછી શું હે તને? બીજો કોય કટર હામેથી ન જ શીખાડે. ઓલ્ટોય શીખતો હોય એને શીખવા ન દે ને આડોડાઈ કરે.

શીખવા દે તોય જૂનાની એને કેવી રીતે પટાવાળી કરવી પડે?

"હું તો તને મારો ભાઈ ગણુર્યો. જો જે હું તને કેટલા દિમાં કટર બનાવી દઉર્યો. તારા ગરીબ પરિવાર હારું તને જલદી કટર બનવું ખપેર્યું."

તે દિવસ પછી દરરોજ સાંજે અછોલાં વેરવાનાં આવતાં ત્યારે મણિલાલ યાદ કરીને શુભાને બોલાવતો. શુભો અછોલાં વહેરતો ને પોતે સામે એની જગ્યાએ તાણતો (સામે ઉભો રહેતો)

સુભાષ થોડું થોડું વહેરતાં શીખતો ગયો ને મણિલાલ પ્રત્યે એને લાગણી વધતી ચાલી. એ મણિલાલના અહેસાનમાં આવતો ગયો.

જલદી કટર થઈ જવાના ગણિતમાં સુભાષ મણિલાલનું માંકડું બનતો ગયો. એ કહે એમ કરતો થઈ ગયો.

એની મિત્રતા અને નિકટતા વધતી ચાલી.

રવિવારે મંજુ મચ્છી બનાવતી તો પહેલાંની જેમ મણિલાલની રૂમમાં ન પહોંચાડતાં, સુભાષ પોતાના રૂમમાં જ મણિલાલને જમવા બોલાવતો એ ત્રણે ભેળાં બેસીને જમતાં ને ઠઠ્ઠા મશ્કરી પણ કરતાં.

એક સાંજે સુભાષ વધુ દારૂ પીને આવ્યો હતો. તે સાંજે મણિલાલનું જમવાનું પણ એને ત્યાં જ બનાવ્યું હતું. સુભાષ ધરાઈને જમ્યો ને વાતો કરતાં કરતાં એને ઘેન ચડ્યું ને એ ત્યાં જ ઊંઘી ગયો.

મણિલાલ અને મંજુ વાતો કરતાં રહ્યાં.

આજે બંનેને વાતો કરવી ગમતી હતી. વાતવાતમાં મણિલાલે કહ્યું, મંજુ! તું જોજે તાં ખરી હું શુભાને જલદી જલદી કારીગર બનાવી દઈશ. શુભો કટર થૈ જશે તૈયે શેઠ કને એનું માન મારા જેટલું જ થૈ જશે. કામ કરવાવાળામાંય એનો વટ પડશે. પગાર પણ દોઢો થઈ જશે. મંજુ! શુભો એમ પણ કે તો કટર તરીકેના પગાર વધારામાંથી એ મંજુને નવુંનક્કોર બંગાળી શેલું લઈ દેશે ને પછી હાચા હોનાના દાગીનાય બનાવી દેવાની વાત કરતો તો.

મંજુને થયું "મણિલાલ એને જલદીમાં જલદી કટર બનાવી દે તો ખરેખર એના ભેળો મારોય વટ પડી જાય.' મંજુને યાદ આવ્યું. 'એકવાર એ એમ પણ કે'તા'તા થોડા પૈસા બચે તો બાળક થાય એની માટે ડૉ. ગોયલ સાહેબને બતાવશું. ઇ અમેરિકા ભણી આવેલા હે એની દવા કરતાં ભગવાન એકાદ દીકરો દઈ દે તો ઘરમાં જ સ્વર્ગ આવી જાય."

"પગાર વધે તો એ બધું થાય. હમણાં તો પગાર ખાવાપીવામાં જ પૂરો થઈ જાયર્યો. એ વિચારતી હતી ત્યાં "મંજુ તું કેવા વિચારે ચડી ગઈ? મને હવે પાણી પાઈ દે પછી ઊંઘવા જાઉં."

"કાં એવડી ઊંઘ આવેરી" આઠેક વર્ષના કચ્છી પટેલ પરિવારના સંસર્ગથી મંજુ પણ કચ્છી પટેલની બોલી થોડી થોડી શીખી ગઈ હતી.

"ના ઊંઘતાં નથી આવતી ને આજ જલદી આવશેય નહીં." મણિલાલે કહ્યું.

"કાં...?"

"ઈ પછી કૈયેંક કઈશ. લ્યો હવે પાણી પાઈ દો પછી જાઉં!" કહી મણિલાલ ખાટલામાંથી ઊભો થયો.

"તો થોડી વાર પછી જ પાણી પાઉંને? તો ઈ બહાને થોડી વાર બેહો તો ખરા." મંજુએ હસતાં હસતાં કહ્યું.

મણિલાલ એના મનની વાત સમજી ગયો. "પાણી તો લૈ આવો. મને ખરેખર તરર (તરસ) લાગી હે. નૈ જાઉં બસ." કહી મણિલાલ ફરી ખાટલા પર બેસી ગયો અને કહ્યું, "મારી તરસ મટાડી દો બસ?! આ બેઠો?"

મંજુ પાણી ભરવા ગઈ. મણિલાલે જોઈ લીધું. શુભો બરાબર નસકોરાં બોલાવતો હતો.

એ પાણીનો પ્યાલો લઈ આવી. મણિલાલને પ્યાલો આપવા હાથ લાંબો કર્યો. મણિલાલે પ્યાલા સાથે એનાં આંગળાં પણ પકડ્યાં. મંજુ! તને તરસ નથી લાગી પણ મને ખરેખર તરસ લાગી હે."

મંજુએ મણિલાલની આ હરકતનો કોઈ વિરોધ ન કર્યો. એણે આંખો ઢાળી દીધી. મણિલાલે બીજા હાથે પ્યાલો લઈ, નીચે મૂકી એને નજીક ખેંચી, એને મજબૂત રીતે આલિંગનમાં લઈ લીધી.

એ રાત્રે મંજુએ મા બનવાની ઝંખનામાં મણિલાલની તરસ છિપાવી અને મણિલાલે મંજુની તરસ...

પછીથી અનુકૂળતાએ બંને એકબીજાની તરસ છિપાવતાં રહ્યાં.

સુભાષને મંજુ કહેતી, બાબુજીને તમે પણ મીઠું મીઠું બોલી ખુશ રાખજો તો તમને જલદી વેરતાં શીખડાવે. તમે કટર થશો ત્યારે જ તમારો પગાર વધશે. મણિલાલને ખુશ કરવાને બહાને મંજુ અવારનવાર તેમને સાંજનું જમવાનું કહેતી.

જ્યારે જ્યારે મણિલાલનું સાંજનું જમવાનું સુભાષની રૂમ પર હોય ત્યારે કામેથી છૂટ્યા બાદ મણિલાલ સુભાષને દારૂ પીવા લઈ જતો પોતાના ખર્ચે. બંને દારૂ પીતા. મણિલાલ બહુ થોડો પીતો પણ સુભાષને બરાબરનો પાતો. જમ્યા પછી એ જલ્દી ઊંઘી જાય એ મતલબમાં.

મણિલાલને પહેલાં ઘર બહુ યાદ આવતું. હવે મંજુની માતૃત્વની ઝંખનાએ મણિલાલને ઘરની યાદ ભુલાવી દીધી.

રતન તો એક સંસ્કારી પત્ની હતી. એને મણિલાલ સાથે અનેક પ્રકારની મર્યાદાના બંધનમાં બંધાઈને જીવવું પડતું, રમવું પડતું. પોતાનું ગામડિયું જીવન અને ગામડાંના વાતાવરણને

લઈને એને અનેક પ્રકારની મર્યાદાઓ નડતી. અહીં તો એ મુક્ત હતો, સ્વતંત્ર હતો અને મંજુ પણ.

એને રતન સાથે સાથ માણવામાં જે મજા આવતી તેમાં અને મંજુ સાથે આવતી મજામાં ખૂબ અંતર લાગ્યું. ક્યારેક એને એમ પણ થતું, છેલ્લે છેલ્લે કચ્છમાં ગયો'તો તૈયે બેચાર મૈના વધુ રોકાયો. તૈયે પેલાં કરતાં એનું વર્તન જુદું લાગતું'તું. તૈયે મજૂરી કરતાં ઈ મારામાં કાંક ધજ ધ્યાન દેતી'તી. આમ તો બધી બાઈમણુયે એમ જ વર્ત્યું ખપે. ન કો તાં એવું હતું.' આયો માલ નાખો વખારમાં. ને એની હામે ઈયાં મંજુ ભેગી કેવી મજા આવેરી? થાયર્યુ જિંદગી ઈયાંજ કાઢી નાખું. ઉતાં કાંય બાઈમણ કેવાય? રતનની થોડી વધી ગયેલી કોથ (પેટ) લચી પડેલી છાતી. જ્યારે મંજુ તો નછોરી સ્ત્રી હતી. તેની પાતળી કમર, ચુસ્ત સ્તન. તેની આકર્ષક ફિગર. સાથે દારૂના સંગને લઈને મણિલાલ મંજુની પાછળ ગાંડો થવા લાગ્યો અને મંજુ મણિલાલ પાછળ. મંજુ જુદી જુદી ખર્ચાળ માંગ મૂકતી ને મણિલાલ પણ મંજુને નિરાશ કરવા ન'તો માગતો. એ હવે પૂરો એને પરવશ હતો. આમ તો મંજુ અને મણિલાલના સંબંધના પાયામાં બંને બાજુ સ્વાર્થ હતો. એક બાજુ માતૃત્વની ઝંખના તો બીજીબાજુ કામચલાઉ શારીરિક જરૂરિયાત; પરંતુ હવે બંને તરફથી મજા અને આનંદનો ઉમેરો થવાથી આ મર્યાદા બહાર વધતું ગયું.

પહેલાં મણિલાલને મહિનામાં એકાદ-બે વખત કામનું ઝેર ઉતારવાની જે અભિપ્સા હતી તે હવે દર રજાના દિવસે પહોંચી ને ધીમે ધીમે તેમાં બે મૂડનો ઉમેરો થતાં મણિલાલ લગ્ન વખતનો યુવાન બની ગયો. આને લઈને મંજુને રીઝવવા અને સુભાષ પાસે પાકો ભાઈબંધ સાબિત થવા તેનો અર્ધાથી વધારે પગાર વપરાઈ જતો.

આને લઈને હવે પહેલાં જેટલા પૈસા એ ઘેર ન'તો મોકલી શકતો.

શરૂઆતમાં રસપૂર્વક લખેલા કાગળ આવતા તેની જગ્યાએ હમણાં હમણાંથી ટૂંકું ટચ પોસ્ટકાર્ડ આવતું. ઝાઝી વિગત ન આવતી. પહેલાં દર મહિને આવતા સારા એવા પૈસામાં એકાએક ઘટાડો થતાં રતન મનમાં થોડા સવાલો તો પૂછતી જ. અને કલકત્તા બાજુથી કોઈ આવતું એની પાસેથી મૌખિક હાલહવાલ પણ જાણવા મથતી. પણ કોઈની પાસે વિશેષ સમાચાર જાણવા મલતા નહીં. માત્ર સાજાનરવાના સમાચાર મલતા. તો કોઈ કહેતું'તે ત્યાંના શાહા શેઠ કને કામ કરેર્યો ને આપણા ભાઈઓ બાજુ ક્યાંય વળકતોય નથી. આવા સંજોગોમાં રતન ચિંતામુક્ત કઈ રીતે રહી શકે?

એ પોતાની ચિંતા અને વિષાદ બીજે-ત્રીજે દિવસે રાત્રે મળતી નાનબાઈ પાસે ઠાલવતી. રડતી અને મન હળવું કરતી.

*(ક્રમશઃ)*

# સમા અને સુમરા

**(અનુસંધાન : પાના નં.-૧૨ ઉપરથી ચાલુ)**

પોતાની બહાદુરી બતાવવા ત્યારે રાજપૂતોમાં એવો રિવાજ હતો કે હરેલી ઑથોને નગરની ચારે તરફ નિશાનડંકા વગાડીને ફેરવીને પછી લઈ જવાની. હિંગોળજીએ તેવું જ કર્યું. બધી ઑથોને મામતૂરની ચારે તરફ ફેરવીને પછી કચ્છ તરફ વિદાય કરી દીધી. હિંગોળજી આટલું કરીને જ ન અટક્યો. બંદી બનાવેલા પોતાના પિતા હાલા સમાને મળવા માટે તે ગુપ્ત વેશ ધારણ કરીને મામતૂરમાં પ્રવેશી ગયો. આ જ વખતે હાલો સમો પોતાના સાત વિશ્વાસુ સરદારોને લઈને નજરબંદીમાંથી છટકીને દરવાજે પહોંચી ગયો અને ભીષણ યુદ્ધ કરવા લાગ્યો. એક પછી એક સાતે જણા વીરગતિ પામ્યા. હાલો સમો પણ છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો ત્યાં હિંગોળજી પહોંચી ગયો. બાપ-દીકરો બંને ભેટ્યા. અંતે હાલા સમાએ પણ પ્રાણ છોડી દીધા. બધી લાશો લઈને હિંગોળજીએ કચ્છ તરફ સાંઢો દોડાવી દીધી. પોતાનાથી આગળ નીકળી ગયેલા પોતાના સૈનિકોને મળવા તે તલપાપડ હતો.

બીજી બાજુ હિંગોળજીની સેના જ્યાં ઉતારો કરીને પડી હતી ત્યાં હમીર સુમરો સેના સાથે ચઢી આવ્યો. બંને વચ્ચે ભયંકર ધિંગાણું થયું. હમીર હિંગોળજીને શોધતો પડકાર ફેંકતો રણમાં ફરતો હતો : "ક્યાં છે હિંગોળજી સામે આવ!" એવું બોલતો-બોલતો તે રણમાં ઘોડો દોડાવી રહ્યો હતો. તેવામાં હાલા સમાનો સૌથી નાનો પુત્ર હોથી આવી ચઢ્યો. તેણે "હું પોતે જ હિંગોળજી છું" તેવું કહીને હમીર સુમરા સાથે યુદ્ધ શરૂ કર્યું. બંને ભારે લડ્યા, પણ અંતે હોથીએ હમીરને મારી નાખ્યો. એટલામાં તો હિંગોળજી પણ પિતાની તથા સાત સૈનિકોની લાશો લઈને આવી પહોંચ્યો. હમીરની સેનામાં નાસભાગ મચી ગઈ હતી. હિંગોળજી સમાઓના વિજયથી રાજી થયા.

હવે પ્રશ્ન ગાદીએ કોણ બેસે તેનો હતો. મોટા ભાઈ તરીકે હિંગોળજીનો હક્ક હતો, પણ હિંગોળજીએ કહ્યું કે હમીરને મારનાર હોથી છે તેથી ગાદી ઉપર તેને જ બેસાડવો જોઈએ. ઘણી રકઝક પછી અંતે હોથીને સિંધની ગાદીએ બેસાડ્યો અને કોરી-કચ્છની ગાદી પણ તેને જ આપવામાં આવી. હોથીજીએ કચ્છ અને સિંધની કાયાપલટ કરી નાખી. હાલા સમાના સાત પુત્રોનો વંશ આ રીતે પ્રસિદ્ધ થયો :

(૧) હિંગોળજીના હિંગોળા કહેવાયા, (૨) જેહાના જેહેજા કહેવાયા, (૩) જૂણાના જૂણેજા કહેવાયા, (૪) પલીના પાલેજા કહેવાયા, (૫) જખરાના વંશવાળા જખરા કહેવાયા, (૬) વેરાના વેરા કહેવાયા અને (૭) હોથી જામના વંશવાળા રાઉ કહેવાયા.

આ રીતે તદ્દન નાની બાબતને અતિ મહત્ત્વ આપીને સમા અને સુમરા લડ્યા. બંને વેવાઈ થતા હતા. બંનેએ એકબીજાની ખાનાખરાબી કરી નાખી. ડહાપણ વિનાનું શૂરાતન કેટલો મોટો અનર્થ કરે તેનું આથી મોટું બીજું પ્રમાણ શું હોઈ શકે? ■

વાર્તા

# મારી બહેન ગુલી

ગુલાબદાસ બ્રોકર

ગુલી બિચારી!

આ આટલાં વર્ષોમાં કદીયે ઊંડી તીવ્રતાથી એ યાદ આવ્યાનું યાદ નથી. નહીંતર, યાદ આવવા જેવું તો ઘણું બધું હતું એને વિશે. મારું બાળપણાનું, આઠ-નવ વર્ષનો થયો ત્યાં સુધીનું મારું જીવન તેની જોડે જ જોડાયેલું હતું. ને એ બધાયે સમય દરમિયાન તેનાથી એક દિવસ માટે પણ હું છૂટો રહ્યો હોઉં એવું બન્યું નહોતું.

ને એ છતાંય...હા, ભાઈ યાદ આવતા-ખૂબજ. એ મારા, મારી આઠ-નવ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધીના, પિતા તરીકે સહવાસી ખરા, પણ એ તો વર્ષના થોડા જ મહિનાઓના. બાકી તો એ દેશાવરમાં રહે, અને અમે દેશમાં - હું, મા અને ગુલી.

પણ ભાઈ યાદ આવે. ઘણીયે વાર. મને હસતાં હસતાં બોલાવે અને રમાડે. દેશમાં આવ્યા હોય ત્યારે. 'ગોઢી જુલમગાર' કહીને મને હાથમાં લઈને ઉછાળે પણ ખરા-હું ચાર-પાંચ વર્ષનો થઈ ગયો હોવા છતાં, કદીક અમે એમના દેશાવરમાં એમની સાથે હોઈએ. મારી આંગળી પકડીને એમની ઓફિસમાં અને એમની બજારમાં પણ લઈ જાય. હજીયે કોઈ કોઈ વાર, મારી તો હવે જરઠ બની ગયેલી આંગળીઓમાં એમની વહાલભરી આંગળીઓનો સ્પર્શ હું અનુભવું છું. ને એક વાર, કોઈક સભામાં એમણે મારી સાત-આઠ વરસની ઉંમરે મારી પાસે ગોખાવીને કંઈક ભાષણ કરાવ્યું હતું અને હું પણ છટાથી 'મારા જેવા ઠીંગુજી અને શરીરે પહેલવાન' ને એવું બધું બોલી ગયો હતો ત્યારે જ હર્ષથી એમણે મને ઉપાડી લીધો હતો. અને જે હર્ષ તેમની આંગળીઓમાંથી વહેતો વહેતો મારી બંને બગલોની આસપાસ ફેલાઈ ગયો હતો, તે હર્ષનું વહેણ હજીયે ઘણીવાર માણી શકું છું.

પણ ગુલી...

મારી મોટી બહેન હતી એ. મારાથી ત્રણેક વર્ષ મોટી. પણ હું તો તેને કદીયે મોટી તરીકે સ્વીકારતો જ નહીં. બહેન તરીકે પણ ભાગ્યે જ સ્વીકારી હશે મેં એને. માટે તો એ જ્યારે મારે રમવું હોય ત્યારે રમવાનું અને ઝઘડવું હોય ત્યારે ઝઘડવાનું સાધન જ, બહુધા બની રહેતી હતી. નહીંતર ઝઘડો કરવા જેવી નહોતી એ કાંઈ. મારી સાથે એ તો ભાગ્યે જ ઝઘડી હશે. હું મારું તો માર ખાઈ લે, નમાણી થઈ જાય. એક ખૂણામાં જઈને રડી પણ લે, પણ મા આગળ જઈને ફરિયાદ કદી ન કરે. હું એને ઉશ્કેરું, ને કહું : 'જા, તારાથી થાય ઈ કરી લે. માને કહી દે, કહેવું હોય તો.' તો, મા આઘાં હોય તો એ રડતી રડતી કહે : 'માને નહીં કહું હું, ભઈલા.'

'કાં, કહે ને, બહુ સાચુકલી છે તો.'

આંસુઓ વચ્ચેથી મને એટલું જ સંભળાય : 'નહીં કહું, એને નહીં કહું.'

'શું કરવા પણ?' વળી ઘુમ્મો ઉગામી હું ઘૂરકું. 'કહું તો ઈ તને મારે.' ને ડૂસકું.

'તી ભલે મારે. તારું શું જાય એમાં?'

'મારાથી ઈ ન જોવાય, ભાઈ.' ને એ મોટું ડૂસકું મૂકે. મા સાંભળી શકે એકલાં નજીક ન હોય તો કહે : 'તને ઈ મારે તો મારાથી જોવાય નઈ.'

'ચાગલી!' કહી હું જીભડો કાઢું ને એ હસી પડે, ને ફરીથી જાણે કશું જ ન બન્યું હોય તેમ રમવા લાગે. પાંચીકે રમવામાં એ ઉસ્તાદ. કદીય એમાં એને હું જીતું નહીં. એટલે ઉશ્કેરાઉં. એણે સરસ સરળ ગોતી કાઢેલાં પાંચીકાં હું ફેંકી દઉં કે સંતાડી દઉં ને તો ય એ તો કહે : 'આવું શું કરે છે, ભઈલા? ઈ તો હું છોકરી છું એટલે ઈ મને વધારે આવડે. પણ...' પછી હસી પડતાં ઉમેરે : 'તું તો ભાયડો છે, ભાયડો ભડ. તારા જેવું મોઈ દાંડિયે રમતાં મને આવડે છે કંઈ? ને આવડવાનુંય ય આ જન્મારામાં?' ને હું પણ હસી પડું. કહું : 'ઇ તો આ ભાયડાને જ આવડે. તારા જેવી મુડદાલને શું આવડતું'તું?'

'ભલે રહ્યાં અમે મુડદાલ.' એ ખોટો ગુસ્સો કરીને કહે, ને પછી મને વીનવે : 'હાલને ભાઈ, આપણે ઘર ઘર રમીએ. આજ તો ઓલી જયલી પણ મૂઈ નથી આવી.'

'ઈ જયલી આવશે કે તરત હું હાલ્યો જઈશ, હોં પછી મને રોકતી નહીં.'

'નહીં રોકું બસ' કહેતીક ને હસી પડે એવું મીઠું હસે કે આજે સાઠ-પાંસઠ વર્ષના પડદા ભેદીને પણ એનું એ હસતું મોં મારા હૃદયમાંથી ક્યાંકથી બહાર નીકળી મારી આંખો સામે ઊપસી આવે છે.

મીઠું હતું એનું મોં. ને ગોરું પણ હશે. એના ચાલ્યા ગયા પછી મા વારંવાર કહેતા : 'મારાં બધાં છોકરાંમાં મારી ગુલી જ સહુથી રૂપાળી હતી. પણ ઈ જ બચાડી ન રહી!'

ને માના ખોળામાં પડ્યો પડ્યો હું એ સાંભળતો ત્યારે

માનાં આંસુમાંથી ગુલીનું એ રૂપાળું, નમણું, હસતું અને છતાં પોતાની જાતને કશું ન ગણતું હોય એવું મોં મારી સામે ઝબકી રહેતું. પણ પછી તો માએ ચાલ્યાં ગયાં, ને ગુલી તો બિચારી પૂરેપૂરી અદૃશ્ય થઈ થઈ - મારા જીવમાંથી જ નહીં, મારા સ્મરણમાંથી પણ.

તદ્દન એવું તો નહીં, કોઈ કોઈવાર એ યાદ આવતી ખરી. પણ તેને પોતાને ખાતર નહીં. ભાઈ ચાલ્યા ગયા, ચાળીસની પણ અંદરની ઉંમરે, તે જ દિવસે એ પણ ભાઈથી ચારેક જ કલાક અગાઉ ચાલી નીકળી'તી, એટલે. ઈન્ફ્લુએન્ઝા જેમ લાખોને ઝડપી ગયો હતો તેમ આ બેને પણ ઝડપી ગયો હતો, એટલે.

પણ યાદ આવતી ત્યારે પણ રૂપાળી, શરમાળ, મારો માર ખાઈ લે ત્યારે પણ માને ઝાઝે ભાગે કશુંય ન કહેતી, ને કોઈક વાર વધારે પડતો માર ખવાઈ ગયો હોય ને સહેવાતું ન હોય ત્યારે મા પાસે જઈને રડતાં રડતાં કહેતીય ખરી, પણ કહેતાં પહેલાં પાકી શરત મૂકીને ને વચન મેળવીને કે 'તમે એને મારો નઈ તો કહું.' તે ગુલી, મારા કરતાં ભણવામાં જરીય ઊતરતી નહીં, ને છતાં મને જ હુંશિયાર ગણાવતી એ ગુલી, ગુલી તરીકે મને કોઈ દિવસ યાદ ન આવતી, એ યાદ આવતી માત્ર ભાઈની પહેલાં તે જ દિવસે ચાલી ગયેલી એક ઝાંખી ઝાંખી દેખાતી બહેન તરીકે, એના ચાલ્યા જવાથી, ને એની પાછળ ચાલ્યા જનાર ભાઈને એના ચાલ્યા જવાની ખબરનો આઘાત ન આપવાના ખ્યાલથી જેનું મરણ માએ, તે કહેતાં તેમ, છાતી ઉપર મણ એકનો પથરો મૂકીને સહી લીધું હતું. અને જે મરી ગઈ તો યે ભાઈને હસતે મુખે કહ્યા કર્યું હતું કે 'તમે એની ચિંતા ન કરતા હોં, એને તો હવે સારું છે' તે છોકરી તરીકે, ને જેને જરી પણ અવાજ કર્યા વિના, બાજુના ઓરડામાં મરણપથારીએ પડેલા ભાઈને ખબર પણ ન પડે કે ઘરમાં કશુંક અસાધારણ બન્યું છે તે રીતે ઘરમાંથી ડાઘુઓ લઈ ગયા ત્યારે મૂંગે મોંએ એ જોઈ રહેનાર મા પાછળથી કહેતાં કે 'ઘરમાંથી મૂએલા કૂતરાંને ઘસડી જાય તેમ મારી દીકરીને બધા ઘસડી ગયા.' તે ઘસડનાર શબ તરીકે એ યાદ આવતી પણ ગુલી તરીકે, મારી બહેન તરીકે-ના, એ રીતે યાદ આવી હોય તેવું મને યાદ નથી.

ભલેને, જ્યારે એ બંને જીવલેણ માંદગીમાં પટકાયાં હતાં અને તે દિવસે તેમને વધારે ખરાબ હોવાથી મને ફઈને ઘેર લઈ ગયા હતા, અને તે બંનેને લઈ ગયા પછી છેક રાતે મને ઘેર બોલાવ્યો ને એ વિશે મને ખબર આપી ત્યારે આઠ નવ વર્ષના, જેનું કશુંક હંમેશને માટે હરાઈ ગયું હોય તેવા છોકરા તરીકે હું પણ પછાડી પછાડીને રોયો હોઉં ને બૂમો પાડી હોય કે 'મારે ભાઈ જોઈએ છે, ને મારે ગુલી જોઈએ છે.' ને 'ગુલી ગુલી' કરતાં એક ઓરડામાંથી રોતો રોતો, દોડતો દોડતો બીજા ઓરડામાં આવજા કરતો રહ્યો હોઉં તો ય એ પછીનાં સાઠ પાંસઠ વર્ષમાં ગુલી, ગુલી તરીકે, સોહામણી, શરમાળ અને પ્રેમાળ ગુલાબબહેન તરીકે મારી રમતગમતની નિરંતરની સાથીદાર તરીકે મને એ કદીયે યાદ આવી નથી.

એટલે તો એ રીતે એ આજેય યાદ ન આવી - આજે, જ્યારે મારા મોટાભાઈની દીકરી શાંતિનો ટેલિફોન આવ્યો ને અમે ઉત્સાહપૂર્વક વાતો કરવા લાગ્યાં, ત્યારે પણ.

અમારી શાંતિ ભણવામાં ઠોઠ હતી, પણ ગણવામાં હોંશિયાર. એથી તો એ સરસ જગ્યાએ પરણી પણ શકી હતી અને તેની આસપાસના શ્રીમંત લોકોના સમાજમાં તેણે સન્માનનું સ્થાન પણ મેળવ્યું હતું. એ સન્માનની માત્રા વધારવાનું તેને મન થયું હતું એટલે હમણાં હમણાં સ્થપાયેલા વક્તૃત્વકળાના વર્ગમાં એ દાખલ થઈ હતી. તેમાં તેને બોલવાનું આવ્યું હતું, 'માનું હૃદય' એ વિશે.

જરા મૂંઝાઈ ગઈ હતી એથી શાંતિ, માનું હૃદય કેવું હોય એ તે જાણતી હતી કેમ કે એ પણ બે સંતાનોની માતા બની ગઈ હતી. પણ બોલવું? શું બોલવું અને કયા ક્રમમાં એ વિશે એને થોડી સૂચના જોઈતી હતી એટલે એણે મને ફોન કર્યો હતો. કહ્યું : 'કાકા, હું મૂંઝાઈ ગઈ છું. મને કંઈક સુઝાડો.'

'હું શું સુઝાડું? મેં કહ્યું : 'હું તો માના હૃદયને જોઈને કે તે વિશે વાંચીને થોડું ઘણું જાણું. પણ તું તો પોતે જ મા છે.'

'ને એમાં દાખલા પણ આપવા જોઈએ, માના હૃદયના. હું કંઈ મારો દાખલો આપું?' ને પાછું ખડખડાટ હાસ્ય.

'તારી માનો ન અપાય?' મેં પૂછ્યું.

'એ બિચારી ક્યાં હું એનું હૃદય જાણી શકું એટલું જીવી' તી?' ને એનો સાદ ગળગળો થઈ ગયો.

'હા, એ પણ સાચું.' હું પણ ગંભીર બની ગયો, પછી કંઈક સૂઝી ગયું હોય તેમ ઉત્સાહપૂર્વક બોલી ગયો : 'તો પછી શાંતિ, મારી માના દાખલા તું આપજેને.'

'એટલે તો મેં તમને ટેલિફોન કર્યો.' તેણે કહ્યું ને મેં એને, જે એણે અનેકવાર કહી હતી તે મારા પિતા અને મારી બહેનના એક જ દિવસે થયેલાં મૃત્યુની અને એને અંગે મારી મા ઉપર આવી પડેલા અસહ્ય આઘાતની, તેણે કરેલા તેના વીરતાપૂર્વકના સામનાની, તેણે બતાવેલી અદ્‌ભુત ધીરજની અને બાકી રહેલાં તેનાં સંતાનો પર તેણે ઢોળેલા અનર્ગત પ્રેમની વાત ફરી વાર કરી.

બોલતાં બોલતાં હું ગળગળો થઈ ગયો હતો અને સાંભળતાં સાંભળતાં શાંતિનો કંઠ આંસુભર્યો થઈ જતો હતો. એ તેના 'હં...હા...એમ?' એવા ઉદ્‌ગારો ઉપરથી હું સમજી શકતો હતો. વાત પૂરી થતાં તે પણ જાણે આ બધું ભૂલી ગઈ હોય ને તેવી લાગી. તેણે પૂછ્યું : 'દાદાની ઉંમર ત્યારે કેટલી હશે, કાકા?' ભાઈ બિચારા 'દાદા' પદવી પામે તે પહેલાં આ જગત પરથી વિદાય લઈ ગયા હતા એટલે એ કોને વિશે પૂછતી હતી એનો પ્રશ્ન એક ક્ષણ મારા મનમાં ઝબકી ગયો. પણ પછી હું તરત જ સમજી ગયો. કહ્યું : 'આડત્રીસ-ઓગણચાળીસની માંડ હશે, બહેન.'

'ને ફઈબાની?'

હું હસી પડ્યો. મારાં મોટાં બહેન ચંપાબહેનને અમે બધાં ફઈબા કહેતાં. પૂછ્યું : 'તને એ ખબર નથી? હમણાં જ બ્યાંસી-ત્યાંસીની ઉંમરે એ ગયાં તેની?'

'એવી હું કીકલી છું કે મને એની ખબર ન હોય?' એણે સામું પૂછ્યું. પછી કહ્યું : 'હું તો પેલાં બીજાં ફઈબાની ઉંમરનું પૂછું છું.'

'બીજાં ફઈબા કોણ?' પૂછ્યું તેવો જ સમજી ગયો, બોલ્યો : 'હાં હાં, શાંતિ, તું ગુલી, ગુલાબ વિશે પૂછે છે, કેમ?'

'નામ ભૂલી ગઈ છું. દાદાજી સાથે, તેમનાથી ચારેક કલાક પહેલાં જે ફઈબા ચાલી ગયાંને, તેમને વિશે પૂછું છું.'

પછી ફરિયાદ કરતી હોય તેમ બોલી : 'તમે કે ભાઈએ એમનું નામ પણ કોઈ દી સરખી રીતે અમને કહ્યું નથી.'

'સમજ્યો' મેં કહ્યું, 'એનું નામ ગુલાબ હતું. એ બારેક વર્ષની હતી, ને...' જરાક ગળગળા થઈ જતાં તેને બિચારીને ફઈબા કહી કોઈક ક્યારેક ઓળખશે તેનો મને ખ્યાલ નહોતો.'

'તેથી શું થયું? મારાં ફઈબા તો એ ખરાંજ ને વળી?' તેણે કહ્યું.

'ખરાં જ, ખરાં જ.' મેં કહ્યું : 'ને મોટાં બહેન પણ ખરાં.' હું હસવા ગયો, પણ હસી ન શક્યો. બોલ્યો ત્યારે મોંમાં જરા કડવાશ ઊભરાઈ આવી : 'જેને આ ભાઈએ કદીયે યાદ નથી કર્યા તેવાં બહેન.' ને ડાહી શાંતિ મા બની ગઈ. કહ્યું : 'ઢીલા ન પડશો, કાકા, કેટલાં બધાં વર્ષો થઈ ગયાં. એ વાતને?'

ફોન તો બંધ થયો શાંતિ સાથેનો, પણ મારા આખા હૃદયને ગુલાબફઈ, ગુલાબભાભી, ગુલાબકાકી, ગુલાબમામી, ગુલાબબા, ગુલાબમા, ગુલાબમાજી, ગુલીના નામ સાથે જોડવા સર્જાયેલા સંબંધોની આખીયે હારમાળા મારા મનમાં સરવળવા લાગી. મૂંગો મૂંગો બેસી રહ્યો - માથે હાથ દઈને. આખો વખત ગુલી જ, ગુલાબ જ એ મૌનને અંદર ને અંદર તોડી રહી હતી. યાદ આવ્યું એ માંદી થતી લાગી ત્યારે અમારી રમત ચાલતી હતી ને તેને અધૂરી મૂકવી પડેલી, એ મારી હંમેશની રીતે કહેલું 'બાઈ હારવા માંડી એટલે બહાનાં કાઢે છે! નહીં ઊઠવા દઉં તને.'

ગુલી ઢીલી પડી ગઈ. પણ મા નજીકમાં જ હતાં. મને ધમકાવી કાઢ્યો : 'જોતો નથી એને તાવ ભરાયો છે ઈ? એનો જીવ લેવો છે તારે?' ત્યારે એ બોલી ઊઠેલી : 'એવું એને કહો નહીં, મા. મારો તાવ એની જીત ચોરી જાય છે.' પછી મારા તરફ ફરી વહાલથી કહે : 'મારો તાવ ઊતરી જશે એટલે તરત જ તારો જીતવાનો દાવ તને દઈશ હોં ભાઈ. તું દુઃખી નહીં થતો.'

ને પછી એ સૂઈ ગઈ. ને મને મારો જીતવાનો દાવ દેવા પાછી કદી ઊઠી જ નહીં!

એ ઊઠી હોત તો? તો આજે ચંપાબહેનનાં બાળકો, ને તેમનાંય બાળકો 'મામા મામા' કરતાં મને જેમ પ્રેમથી વીંટળાઈ વળે છે તેમ તેનાં બાળકો પણ મને વીંટળાઈ વળતાં હોત ને આટલાં વર્ષો સુધી ચંપાબહેનની જેમ એ પણ મને એના હૈયાની હૂંફ આપતી હોત. હું જ્યારે કશું સમજતો નહોતો, ને એ પણ જ્યારે સમજવા જેવડી નહોતી ત્યારે જે આટલી હૂંફ આપતી, તે આજે હોત તો?

આંખે દાબી દીધેલા હાથ મેં છૂટા કર્યા ને આજુબાજુ જોયું તો દેખાયું કે ગુલી તો મારી આસપાસ બધે જ ઊભરાતી હતી. તેનાં બાળકો, તેનાં જેવાં જ સોહામણાં અને શરમાળ 'મામા, મામા' કરતાં મારી ઉપર વહાલ વરસાવી રહ્યાં હતાં.

એ વરસાદમાં નહાતાં નહાતાં મને ભાન થયું કે ગુલી તો હંમેશાં અહીં મારી પાસે જ બેઠેલી હતી. હું એને બોલાવતો નહોતો એટલે એ છુપાઈ રહી હતી, પણ જેવી એને યાદ કરી કે એ તો આ રહી, હાજરાહજૂર! જાણે મને કહેતી હતી : 'હવે તારે તારો દાવ લેવો છે ને જીતવાનો ભઈલા?' ને એનું હંમેશનું મધુર સ્મિત વેરી રહી હતી. ગુલી બિચારી! બિચારી ગુલી!

એ તો હંમેશાં અહીંજ હતી મારી અંદર જ, પણ એની હંમેશની આદત પ્રમાણેની જ શરમાળ અને શાંત, બોલાવો તો જ બહાર આવે એવી. ને હું ય તે કેવો!

એને બોલાવતો જ નહોતો કદીયે, ને માન્યા કરતો હતો કે એ હંમેશને માટે ક્યાંક દૂર ને દૂર ચાલી ગઈ છે! ■


**પંચગની હવાફેર**

**પ્રકૃતિના સાનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્ત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

વાર્તા

# વાત્રકને કાંઠે

પન્નાલાલ પટેલ

સંધ્યાએ આભલાંને આજ ગેરુઆ રંગથી આખાય રંગી નાખ્યાં હતાં. ઘરે પડીને વહેતાં વાત્રક નદીનાં આસમાની નીર લાવા સરખાં બની રહ્યાં. જમણા કાંઠા ઉપર આવેલી પેલી ટેકરી ઉપરના એકલા ઘરનાં નળિયાં ઉપર સોનેરી ઢોળ ચડ્યો. અરે, કારતક મહિનાની ટાઢને પણ આજની સંધ્યાએ જાણે ફુલગુલાબી બનાવી દીધી.

ટેકરી ઉપરના પેલા ઘર આગળ-ઢોર બકરાંના ભાંભરવાનો કલશોર મચી રહ્યો પણ એય ઘડીભર માટે. ઢોર કોઢમાં બંધાયાં ને બકરાંય અઠાવીસેકની એક યુવાન બાઈએ ચોપાડના કોઢિયામાં પૂરી દીધાં. કમાડિયું વાસીને એ પીઠ ફેરવે છે ત્યાં જ એની નજર ચણા વાવેલા ખેતરની પેલી પાર નદીકાંઠા ઉપર જઈ પડી : એક નાનકડી તાપણી પોતાનો પ્રકાશ પાથરવાનાં ફાંફાં મારતી હોય એમ બળવા લાગી હતી. કાળી ભમ્મર દાઢી-મૂછ, થોભિયાં કરતાં કંઈક લાંબી એવી જટા અને ગળે ગાંઠ પાડી અડધું પહેરેલું ને અડધું ઓઢેલું ગેરુઆ રંગનું ધોતિયું વગેરે સાધુની નિશાનીઓવાળા બે માણસોમાંથી એક ઘડા જેવડું તુંબડું ભરીને લંગડાતો કાંઠો ચડી રહ્યો હતો. બીજો તાપણીની બાજુમાં ચીપિયો ખોસવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. તો વળી પેલો તાપણીએ જાડાં લાકડાં અડાવતો હતો.

'શું તાકી રહી છે નવલ? આ પેલી ગાય બાંગડે (ભાંભરે) છે ને?' ચોપાડના ખૂણામાં ખાણ ઠારી રહેલી ડોશીએ કહ્યું. પણ પછી તો એ ય પેલા કાંઠા તરફ સાધુઓને તાકવા લાગી. 'બીજું તો કાંઈ નઈ માસી, પણ આ પીટ્યાને અહીં ક્યાં ધૂણી ધખાવવાનું સૂઝ્યું હશે?' નવલની વાણીમાં ભલે હળવાશ હતી - સહજ ભાવ હતો. બાકી કાંઠા તરફ મંડાઈ રહેલી એ આસમાની આંખોમાં ને ભીના વાન પર તો ભારોભાર ગંભીરતા પ્રતિક્ષણે વધતી જતી હતી.

'હશે, આપણે શું? ઘો મરવાની થાય એટલે વાઘરીવાળે જાય. પોર પેલો એક મદારી તો પકડાઈ ગયો છે અહીંથી. ત્યારે આ પીટ્યા જાણતા નઈ હોય? સરકારનો ડોળો તો આ ત્રણ વરસથી દિનરાત આ ઘર ઉપર મંડાયેલો જ છે...'

નવલનું ધ્યાન માસીના બોલવા તરફ હોત તો એને કદાચ હસવું આવત : 'આ બિચારા પરદેશી શું જાણે કે આ ઘરનો માણસ, મુખીના દીકરાનું ખૂન કરીને ત્રણ વરસ ઉપર ભાગેલો છે?'

પરંતુ નવલનું ધ્યાન ત્યારે પેલા બે જણની આસપાસ જ હતું. આંગણામાંથી પોદળા ભરતી હતી તે ય યંત્રવત્.

માસીનો બબડાટ ચાલુ જ હતો : 'એય મૂઓ છટક્યો એ તો છટક્યો પણ પકડાઈ જતો હોય તો આવા બાયડા કોક તો ફંદામાં ન પડે. સામાવાળું (નવલ) ક્યાં લગી વાટ જોઈને બેસી રે'શે, એટલુંય એ નંઈ જાણતો હોય?'

માસીની વાત ઘણીવાર અસંગત અથવા તો ઊલટી સુલટી થયા કરતી. ખાણ ભરેલું એક ટોપલું ઉપાડતાં એમણે નવલને કહ્યું : 'લે આ ટોપલું ચાંદરી (ભેંસ) ને મેલ હેંડ.' જતાં જતાં ઉમેર્યું : 'એવા તો પીટ્યા ઘણાય ભટક્યા કરે છે ધુતારા.'

નવલને કહેવું હતું : 'પણ આ લોક તો આપણા ઘરની વાત કરતા હોય એમ જ લાગે છે. માસી, જોને બીડી પીવા બેઠા છે એય આ પા મોઢાં કરીને!' પરંતુ માસી આગળ આવી વાત કરવા જેટલી આજ એની હિંમત ન લાગી. એટલું જ નહીં, એનો અર્થ પણ કંઈ જ ન હતો.

નવલ ખાણનું ટોપલું કોઢમાં મૂકી આવી. કંઈ સૂઝ ન પડતાં વળી પાછી ચોપાડની ધાર ઉપર જઈ બેઠી. અલબત્ત હાથમાં કામના બહાના તરીકે એક તૂટેલા દામણાનો સાંધો થઈ રહ્યો હતો. આંખો તો લગભગ નદી તરફ જ હતી.

એકવાર વળી એમ પણ થયું : 'માસા આવ્યા હોત તો ય ખબર કઢાવત. આટઆટલી ધરતી પડી છે, સામે કાંઠે જ માતાજીનું મંદિર છે ને આખું ગામ ક્યાં નથી? ત્યારે એ બધું મેલીને અહીં મારી છાતી સામે ધણી ધખાવવાનું કાંઈ કારણ? કે પછી પીટ્યા પેલા રજવાળામાંના (જાસૂસ) જ છે?'

એટલામાં તો ઢોર-બકરાંને સેર ચઢાવી - ઘર તરફ વાળી-બળદોને શેઢે ચરાવવા રહેલા પચાસેક વર્ષના માસા ય, ઘોડીઓ સરખા એ બળદ સાથે આવી લાગ્યાં. લાગલું જ નવલે એમનું ધ્યાન દોર્યું : 'જુઓ ને માસા, કોકે ધામા નાખ્યા છે એ?'

પરંતુ માસાએ ય કંઈ ધ્યાન ન આપ્યું. 'છો ને નાખે, આપણું શું ખાવા માગે છે?' કહી એ ય બળદોની પાછળ પાછળ ઘરમાં ચાલતા થયા.

નવલનેય પોતાને માટે આજ આ ક્ષણે નવાઈ લાગવા માંડી. શા માટે પોતે આજ પેલા અવિચારી-ખૂની માણસને ઝંખી રહી છે. ને તે ય ત્રણ વરસે જતી? ને એ તો ઠીક પણ આઠેક વરસ ઉપર રિસાઈને તજી ગયેલા પેલા પ્રથમ વારના અભાગી પતિને

ય ઉંડે ઉંડે યાદ કરી રહી હતી. કોઈ દિવસ નહીં ને આજે જ પેલા બે જણને જોતાં બેઉ પતિ એને સાથે યાદ આવી રહ્યા હતા. અરે અતલ ઉંડે તો, પેલો સાજો એ પ્રથમવારનો ને લંગડો એ ખૂની, એવું પણ એની જાણ બહાર ગોઠવાઈ ચૂક્યું હતું. એ જામતા અંધારામાં એણે પેલા બે જણને આ તરફ આવતા જોયા. એ ઊભી થઈ ગઈ. બારણા આગળ થંભી ન થંભી ઘરમાં જ ચાલી ગઈ.

કોણ જાણે કેમ પણ નવલને અઠ્ઠાવીસની ઉંમરમાં આજ પહેલી વાર ડર જેવું લાગ્યું. જ્યારે ક્ષોભનો તો પાર ન હતો. ઘરમાં જઈને એણે પેલા હઠીલા હૈયાને કહ્યું પણ ખરું : 'પેલા તો બે ય જણ સાજા સારા ને છોકરા જેવા હતા, જ્યારે આ તો - ભાળતી નથી એમાં એક તો લંગડો છે? ને પેલો પહેલો ય પાતળો હતો ત્યારે આ તો કોઢીના ફેરે (જાડો) તો છે?'

માસી-માસી એક તરફ નવલના વાલીપદે હતાં તો બીજી બાજુ એનાં આશ્રિત પણ હતાં. બાપ મરી જતાં એકલી પડેલી નવલને આવા કોઈની જરૂર ઊભી થઈ. જ્યારે પેલાને ચાર વહુઓમાંથી એકેય સંઘરતી ન હતી અને એટલે જ આ અનાથ થઈ પડેલાં ડોસા-ડોસી એની ઈચ્છાને સદાય માન આપતાં. કોઈ વાતની સલાહ આપતાં-દાખલા તરીકે નાતરું કરી લેવાની - તો ય એને રાજીમાં જોઈને જ. પરંતુ આજ ઘરની ધણિયાણી ખુદ નવલ જ એમનાથી ડરી રહી હતી, તેમાંય માસીથી તો ખાસ. સેડ કાઢી રહેલાં માસીએ વિના કારણ ઘરમાં આઘાપાછી કરી રહેલી નવલને ભાનમાં આણી : 'શું કરે છે તે અંધારામાં બુન તું? દીવો તો કર બાળ?' નવલે દીવો સળગાવી, કોઢ તથા મોવડ વચ્ચે આવેલી ઢીંચણભરની ઓટલી ઉપર મૂક્યો. અંદરથી ચોખા લાવીને ઝાટકવા વળી. બારણાની બાજુમાં આવેલા ચૂલા આગળ બેસી લાકડાંના અજવાળે વીણવા લાગી.

ગોરસામાં દૂધ પાડવા જતાં માસીને કહેવાનું મન તો થયું, 'લાકડાંના અજવાળે તે કોઈ વળી ચોખા વીણતું હશે બુન?' પરંતુ આવું કંઈ ન કહેતાં એમણે ચોખ્ખી જ વાત કરી : 'ઓરી દો ને બુન પાટુડામાં!' અને બહાર ભસી રહેલા કૂતરા તરફ ચીઢને વાળી રહ્યાં : 'આ મૂઆ કૂતરાને ય ભસભસનો જ વહેવાર છે!'

લાડકી નવલ એના અસલ મિજાજમાં હોત તો જરૂર કહેત : 'ત્યારે તુંય ક્યાં ઓછું બોલે છે માસી? ચોર-લફંગા દા'ડે તારાથી બીએ છે ને રાતે આ કૂતરાથી!'

પરંતુ નવલ અત્યારે ધ્યાનધારી જોગી જેટલી જ બેધ્યાન હતી. નદીના કાંઠા રણકાવતા કૂતરાનું ભસવું સુધ્ધાં એના ખ્યાલ બહાર હતું.

પાટુડામાં ચોખા ઓરતી નવલને કાને બલકે હૈયા ઉપર જ સીધા, આંગણાના પથ્થરો પર પડતા ડુંગરાના અવાજ ઊઠ્યા. એક જણના જોડા ખખડતાં પારખ્યા, તો વિના જોયે ય લંગડા સાધુને એણે જોડા વગરનો કળી કાઢ્યો. પહેલાનો અવાજ આવ્યો : 'જય સીતારામ કાકા.'

એકોક નવલનો અંતરાત્મા બોલી ઊઠ્યો : 'એક તો એ જ છે. એનો જ સાદ છે!'

બારણાથી બે ખાટલાવા છેટે આવેલા તાપણામાં દેવતા સળગાવતા માસાએ આવકાર આપ્યો : 'આવો મહારાજ! બેસો એ ખાટલા પર!'

પહેલા સાધુએ ખાટલાને ઉઠાવી પેલી બાજુએ મૂક્યો. તાપણા તથા બારણા તરફ મોં રહે એ રીતે. જવાબમાં બબડ્યો : 'અહીં એક પા જ ઠીક રે'શે!' લંગડાએ પણ પાંગેથ તરફ જમાવ્યું.

સીમા બાજુ બકરાના કોઢિયાની આડે બાંધેલા કૂતરાએ ભસવું છોડીને ઘુરઘુરાટ શરૂ કર્યો. માખીનો બડબડાટ પણ ઘરની અંદર ચાલુ થઈ ગયો હતો : 'હરીફરીને એક સીતારામ જ આવડ્યું છે. બસ પારકાના જીવતર પર જીવવું ને ફર્યા કરવું!'

પાટુડા નીચે હદ ઉપરાંતનાં લાકડાં ખોસી રહેલી નવલના કાન તો બહાર જ જડાઈ ગયા હતા. પેલા બેમાંથી એક (જેને નવલ પહેલીવારના પતિ તરીકે માની રહી હતી) માસાને સવાલ પૂછતો હતો : 'કેટલા દીકરા છે?' ચાર દીકરામાંથી એકેય અહીં નથી.' એકે વહુ નથી સંઘરતી?' 'ડોસા ડોસી બેયને?' આ ઘરની માલકણ તમારે ભાણી થાય?' બાઈ એકલી જ છે?' બારણામાં રહી બિલાડીની જેમ ડોળા ઘૂરકાવી રહેતાં માસીથી બોલ્યા વગર ન રહેવાયું. 'એ બધું તમારે પૂછવાનું કંઈ કારણ બાવાજી?' કહેતાં કેડે હાથ દઈ પેલા સાધુ સામે જઈ ખડાં થઈ ગયાં.

'કારણ તો માડી બીજું કંઈ નંઈ પ...ણ...પ...ણ..., સંસારી સાથે બીજી વાતેય શી કરવી?' બની શકે એટલી મીઠાશ વાપરતાં સાધુએ કહ્યું.

ગુસ્સાને દબાવી રહેલાં માસીનો ઇરાદો તો હતો આરોહ તરફ જવાનો. પરંતુ પા ઘડીની વાતમાં તો બાવાએ એમને અવરોહ તરફ વાળી દીધાં ને પછી તો એ પોતે જ તાપણા આગળ બેસીને વાત કરવા લાગ્યાં :

'બળ્યા અવતાર ને બળ્યો આ સંસારે ય બાવાજી! મારા પીટ્યા ભગવાને ઘેરેય સો મણ તેલે અંધારું છે કે શું તે -' અને બે કમાડ વચ્ચે અંધારાનો લાભ લઈ તરઘટ ઉપર આવી બેઠેલી નવલ તરફ હાથ કરતાં આગળ બોલ્યાં : 'આ અમારે નવલ! પાંચ ભાઈઓના મોત ઉપર એ એકલી જ જીવતી રહી છે. માય નાની મેલીને મરી ગઈ. અધૂરામાં પૂરો બાપે ય એવો મળ્યો કે આખી 'પચ્ચીસી' થી વેર બાંધ્યું. પછી તમે જ કો' બાવાજી! ગોળ બા'રનો જ વર ખોળવો પડે ને? ને ઘરજમાઈ રે'વા આવે ય કુણ? કાં તો આવે છટેલ - દંડેલ'કે કોક હલકા ઘરનો.' આંખો ફાડી ક્ષણભર તાકી રહ્યા પછી ઉમેર્યું : 'ને એમ જ થયું. બાઈના કપાળે પે'લો વર મળ્યો છટેલ.'

'કેમ છટેલ માડી?' પહેલા સાધુને પૂછવું જ પડ્યું.

'કેમ તે ન મળે બા પિતામાં મા કે બાપ. કે'છે, મામાને ઘેર રે'તો'તો. એમાંથી મારી દીકરી કે'તી તી એમ કોક મેળામાં આ નવલને એણે ભાળી...' એકાએક ડોશીનાં ભવાં તંગ થઈ ઊઠ્યાં. 'મારો પીટ્યો છોગાળો! એની આખી ય 'બેતાળી પડતી મેલી અહીં 'પચ્ચીસી' માં આવી ઘરજમાઈ રહી પડે આમ? એમાં વળી કામના કૂડા ને વાતોના રૂડા, તમે તો જાણો છો, અમારે ખેડૂતને તો દનનો દોઢ શેર પરસેવો પાડવો પડે! પછી ઠાકોરના જેટલી સાહેબી ફેરવનાર અમારા બનેવીથી દીઠુંય જાય? ને પરવડે ય ખરું? એમને રૂપિયાનું તો દન ઊગે અફીણ ખાવા જોઈતું! એટલે કે સસરા-જમાઈને ઘડીભર ઊભા રહે ય બને નઈ. ને એમ કરતાં એક દન બેયને જામી પડી. સસરાએ હાથ પકડ્યો ને જમાઈ ય તું - તુંકારે આવી ગયો. એમાંથી પીટ્યાને છડીછોટ લાગે તે રાતે પરભાર્યો જ ઝાકળિયેથી હેંડતો થયો મામાને ઘેર ય ભાળ કરાવી પણ હોય તો મળે ને? પીટ્યો જાણે ધરતી જ ઊતરી પડ્યો.'

પહેલા સાધુએ એક ભારે શ્વાસ લીધો; જ્યારે લંગડો કંઈક ખુન્નસભરી આંખે એની સામે તાકી રહ્યો. ભાન ભૂલ્યો હોય તેમ બબડી ઊઠ્યો : 'એણે જ તો આ બધા ખેલ કરાવ્યા!'

'બાવાજી...મારો!' મોકાસર ટાપસી પુરતાં ખુશ થઈ ઊઠેલી ડોસીએ એની સામે મીઠી એવી એક નજર પણ નાખી લીધી. જ્યારે પહેલા સાધુએ એને કોણી મારી અણગમો વ્યક્ત કર્યો - ભાનમાં આણ્યો.

ડોશી પોતાની ધૂનમાં હતાં, 'તો ય બાપ. મારી નવલે તો આજ આવે, કાલ આવશે એમ કરીને ચાર વરસ વાટ જોઈ!'

અને સ્વગત બોલતાં હોય તેમ ડોકું ધુણાવતાં આગળ બોલ્યાં : 'થાકીને છેવટ એક બીજો વો'ર્યો, પણ એ ય પીટ્યો રખડેલ ને ગોળ બા'રનો. પેલા મૂઆનો કાંક સગોય થતો'તો. કે'છે કોક વાત કરતું'તું કે સાત તો એને ભાઈ છે ને ડોસા-ડોસી ય હજી જીવે છે. પણ મિજાજનો એવો કે ઘરમાં ભાઈઓથી કાંક લડાઈ થઈને નીકળી ગયો ઘર બા'રો. ફરતા ફરતો ગરો (ગ્રહ) જ એને અહીં તાણી લાવ્યા હશે?

નકર ક્યાં અહીં ભાગિયો રે'વા ને ક્યાં પેલા ડોસાનું મન રંગવા (રીઝવા)! બીજે વરસે તો ભાગિયામાંથી ઘરજમાઈ થઈ બેઠો. ઉમેર્યું : 'એને તો બાપજી, મીંય એક ફેરા ભાળેલો!' ડોસીના ચહેરા પર થોડોક આનંદ પથરાયો. 'કામને તો દીઠું કે જાણે લીધું છે. રાખશની પેઠે ખાઈ જ જાય જાણે ને જીભ જુઓ તો ટૂંકી પાછી બે ફરા બોલાવો ત્યારે એક ફેરા બોલે. પછી તમે જ કો', ડોસાને ગમી જ જાય ને?'

'હાસ્તો.' પહેલા સાધુએ હુંકારો ભણ્યો પણ નિઃશ્વાસ સાથે. ડોસી એમની ધૂનમાં હતાં, 'ને બાપ, મારી નવલને તો કોઈ ટૂંટિયા સાથે પૈણાવો ને ભલે! એ ભલી, એનું કામ ભલું ને અફીણી બાપની ચાકરી ભલી. બે જમાઈ વો'ર્યા પણ એક્કેયની સાથે એક જરા સરખુંય કે'છે નથી ચડભડી.' ડોસીનો અવાજ ઢીલો પડવા માંડ્યો. 'પણ પીટ્યો ભગવાન જ હાથ ધોઈને એની પાછળ પડ્યો'તો. આટઆટલા શાણપણે ય એને સુખી થવા ન દીધી! નકર વળી...' ને પછી તો શબ્દોને બદલે નર્યું રૂદન જ વહી રહ્યું.

માસા પણ આંખો લૂછવા વળ્યા. જ્યારે કમાડ અઢેલીને બેઠેલી નવલની આંખો તો ક્યારનીય ટપકી રહી હતી. કોઈએ જોયું હોત તો લંગડા સાધુની આંખોય આંસુભરી માલૂમ પડત.

વાત કઢાવનાર સાધુ પણ બેચેન હતો. 'હા, પછી વાત તો પૂરી કરો મા!'

'પૂરી ને અધૂરી બાપા!' બબડી, ભારે શ્વાસ લઈ વળી શરૂ કર્યું : 'આ સામા ગામના મુખીને ને ડોસાને બાપ માણસ માર્યા વેર જતાં'તાં. એટલે જ તો વીસ વરસથી આ વગડો વેઠી રહ્યાં'તાં ને? પણ તો ય - એ પીટ્યા મુખીના દીકરાને ગરોએ ઘેર્યો હશે તે ત્રીજા ચોમાસા પર ભર્યા મેળામાં નવલની કાંક લખણી (છેડતી) કરી.' ડોસીએ એક જોરથી શ્વાસ લઈ જરીપુરાણી ધમણમાં હવા ભરી, ને કે' છે કે એ વાત જાણીને ડોસાએ છાતીએ ગડદા ઘાલ્યા ને પછી એ રાતના મરેલા દીકરા યાદ કરી કરીને ડોસાએ એવા તો વિલાપ કર્યા કે - આજે પણ એ સાંભળનારા કે' છે, 'કણકણ કરતો વરસાદ વરસતો' તો ને એ અંધારી રાતે ડોસાનું રોવું (રૂદન) એવું લાગતું જાણે સામા કાંઠાનો પેલો વગડો જ ન વલાપતો હોય! ને ભાઈઓના ઓરતા લાવતી નવલેય - કે'છે, નવલી નો'તી રોતી, અમને તો લાગતું'તું જાણે કાંઠા ભરીને વે'તી વાત્રક નદી વલાપતી'તી!'

ડોસી વળી પાછાં સ્વગતની જેમ ડોકું હલાવી રહ્યાં બોલ્યાં : 'એવું હશે ત્યારે જ તો પેલા જમાઈનો પારકા જણ્યાનો માંહ્યલો કોપ્યો હશે ને? કે' છે કે ખેતરે સુવા ગયો' તો એ માળેથી બારોબાર ઊપડ્યો ને અંધકોપ રાતમાં નદીનાં પાણીનેય એણે ન ગણકાર્યા ને કે'છે માળે સૂતેલા પેલા વેરવાઈને જગાડીને ઝટકાવી નાખ્યો. ઘેર આવી ડૂસકાં ખાતા સસરા આગળ વધામણી ખાવા માંડ્યો. પણ એટલામાં તો કે' છે નવલે એના મોઢા આડા હાથ દઈને પાછે પગલે વગડાની વાટે જ વાળી દીધો ને - કહ્યું જ હશે તો. 'જીવતો રહીશ તો ભદરા પામીશ.' એ વેળાથી ગયો છે તે આજની ઘડીને કાલનો દન!'

નિઃશ્વાસ નાખતાં ઉમેર્યું : 'આજકાલ કરતાં તો ત્રણ ત્રણ વરસનાં વાણાં વાયાં બાવાજી! નથી પેલા ભાગેડુનું કાંઈ થતું કે નથી નવલ ઘર માંડવાનું ગણકારતી ને -'

વચ્ચે જ નવલનો અકળાયેલો અવાજ આવ્યો : 'અડધી રાત તો થઈ, ત્યારે ખાશો ક્યારે માસી?' અને આછી ભડક સાથે ઊભાં થઈ ગયેલાં માસીને ઘરમાં આવવા દઈ કહ્યું : 'આલો એમને શેર ચોખા આલવા હોય તો ને કાઢી દો અહીંથી.'

પરંતુ સાધુ ઠંડા હતા. ચોખા મળવા છતાંય ઊઠવાની દાનત

નહોતા કરતા.

નવલે માસાનેય ખાવા માટે ઘરમાં બોલાવી લીધા. તો ય પેલા 'એદી' (આળસુ) લોક ન ઊઠ્યા.

ને નવલને બહાર નીકળી સામે આવી કહેવું પડ્યું : 'મોતના મુઢામાં બેસી રે'વાનું કાંઈ કારણ?'

'અમારે તને કાંક વાત કે'વી છે, પૂછવું છે થોડુંક...' ખુશ થઈ ઊઠેલા પહેલા સાધુએ કહ્યું. તાપણાને અજવાળે ધૂપછાંય થઈ રહેલી નવલની આંખ શું આંખ મેળવવા એ મથી રહ્યો હતો.

જ્યારે લંગડા સાધુની ચંચળ થઈ ઊઠેલી આંખો નવલની દેહલતાને જ માપી રહી હતી. કહેવા જતો હતો, 'પણ તું પેટ ભરીને ખાય છે કે નંઈ? જો તો ખરી કેટલી બધી ઓસમાઈ ગઈ છે! પણ એ પહેલાં એણે સવાલ કર્યો : 'એ પહેલાં તું એટલું કે' મને - તીં અમને ઓળખી લીધા છે કે -'

એ ભોળા, ભલા ને અબુધ અવાજ તરફ વળતી નવલની આંખોમાં સ્નેહનો એક ઊભરો ઊઠ્યો ન ઊઠ્યો ને શમી ગયો. કંઈક દયાભરી દુઃખભરી નજરે તાકતાં એણે એને સવાલ કર્યો : 'હા, પણ આ પગ ક્યાં ખોયો?'

'એ તો ખોયો-' એને ઉતાવળ હતી પોતાના સવાલ માટેની. અને કહી નાખ્યું : 'પેલી ગોઝારી રાતે નાસતાં નાસતાં, પણ તું તારી વાત' નવલ ક્રૂર બની - પોતાના ઉપર જ નહીં, સામાં બે હૈયાં ઉપરેય! ને દાતરડું ચલાવતી હોય એમ 'કરપ' કરતાકને સ્નેહીજનનાં સવાલને કાપી નાખ્યો : 'એ બધું રે'વા દઈને, એક ફેરા તમે ઊઠો અહીંથી. મારું કહ્યું માનો તો ધૂણી ઉપર ગયા વગર પરભાર્યા જ અહીંથી' અને લંગડા સાધુ તરફ તાકતાં ધીમેથી ઉમેર્યું : 'અહીં તો આ ઝાડવાંય રાજનાં ચાડિયાં છે માટે...' વાક્ય અધૂરુ મૂકી પહેલી શિખામણ એણે પોતે જ લીધી. બારણા તરફ પગ ઉપાડ્યો. જતાં જતાંય હાથને ઈશારે કહી રહી હતી : 'ઊઠો, ઊઠો, હેંડવા માંડો...'

પહેલો સાધુ ફાળ સાથે ઊભો થઈ ગયો. 'પણ પણ અમે તો મરવા માટે જ આવ્યા છીએ. એક થોડુંક અમારે તને પૂછવું...'

લંગડો સાધુ એની સામે ઘુરક્યો : 'અરે તુંય ભલો આદમી છે ને? એ શું એમાં કે'વાની છે તું તારે હું કહું છું એમ જ...'

અને એ તો લપ ટાળવા કે પછી શું હશે એ જાણવા કે ગમે તેમ પણ નવલ એકદમ પાછી ફરી, છેક ખાટલા પાસે આવી ખડી થઈ ગઈ : 'લો, પૂછી લો પૂછવું હોય એ.'

સાધુ તો સાચે જ ગભરાઈ પડ્યો. આ કંઈ રૂપિયા પાઈની વાત ન હતી કે પટ દેતોકને હિસાબ કરવા માંડે અને એટલે જ તો એ લોચા વાળવા લાગ્યો : 'પૂછવાનું તો એ કે...તું જરા થરથાએ (નિરાંતે) બેસે તો...'

લંગડા માટેય આ ગલ્લાંતલ્લાં અસહ્ય થઈ પડ્યાં. બોલી ઊઠ્યો : 'એમ લોચા વાળ્યા વગર' અને સામે જોતી નવલને પોતાની વાત જ પૂછી રહ્યો, 'મારું કે'વું એમ કે આ અહીં રે'ને હું.'

નવલ અકળાઈ ઊઠી, 'અરે રામ? તમે કે એ, ગમે તે રે'શે તો ય પોલીસવાળો એને પકડી લઈ જવાનો. રામાયણ તો એ થઈ છે તમને - સિપાઈ તો ઘણી વાત - પણ ગામનુંય કોઈ નથી ઓળખતું ને એટલે છીંડે ચઢ્યો એ જ ચોર. માટે હું તમને હાથ જોડું!' અને સાચે જ નવલે હાથ જોડ્યા. પેલા પહેલા સામે ઉમેર્યું : 'ઉઠીને હેંડવા જ...'

'અરે પણ હું કહું છું શું? પોલીસમાં જઈને પકડાઈ જવાની તો હું વાત કરું છું. પછી આને કુણ-'

પહેલાએ નવલ સામે જોઈ લાગલી જ લંગડાની વાત કાપી : 'એમ નંઈ આ લંગડો થઈ ગયો છે, એટલે એને કોઈ ઓળખવાનુંય નથી. ને પૂછવાનુંય નથી. માટે હું જ પોલીસમાં ગુનેગાર થઈને'

લંગડો એની ધૂનમાં હતો. બલકે અકળામણના વંટોળમાં હતો. ને પોતાની જ વાત ચાલી રહી હોય એ રીતે નવલને કરગરી રહ્યો : 'સાચી વાત છે! બબ્બે ઘણીએય આ વનવગડામાં તું એકલી?'

માટે - 'રહી જ જા તું.' કહેતાં પહેલો ખડો થઈ ગયો. 'અત્યારે જ હું થાણામાં...'

લંગડો તો આ સાંભળી ચિડાઈ જ ઊઠયો : 'એ તો તું વાત જ ભૂલી જા - ખૂન મેં કર્યું ને પકડાય તું? એ તો સમણેય નથી થવાનું.'

નવલનું મગજ અસ્તવ્યસ્ત તો હતું જ. એમાં આ લોકોએ વળી સાધુવાળી ચલાવી - જીદ આદરી. એ અત્યંત અકળાઈ ઊઠી. અને 'કૂટો ત્યારે માથા' આવું કંઈક બબડતી રડતી, જાણે ભાંગી પડી હોય એમ લથડતી ચાલે બારણા તરફ ચાલતી થઈ.

ત્યાં તો બારણામાં ઊભા રહી 'તાસ' (ખેલ) જોતાં માસી બબડાટ કરતાં બહાર ધસી આવ્યાં, 'મારા પીટ્યા હેંડ્યા જતા નથી ને!' પાસે આવી, 'તમારો ભા (પોલીસ) આવશે તો બેયને પકડી જશે. માટે હેંડતા થાઓ.' કહી એ ય પાછાં ફરી ગયાં.

પરંતુ કોણ જાણે શું સૂઝ્યું કે અડધી ચોપાડેથી વળી એમને ગુલાંટ લગાવી, પહેલા સાધુના કાનમાં જ લગભગ કહ્યું : 'કરવું ન કરવું એ મન સાથે છે, એમાં નવલને શું પૂછવું'તું ભલા'દમી' જતાં જતાં લંગડાનેય કહી નાખ્યું : 'જે કરવું હોય એ કરી નાખ્યું, એટલે છૂટકો મટે.'

અને ભડોભડ કરતાં કમાડ વસાતાં જોઈને એકલા પડેલા આ બે બબૂચકોનેય ઊઠવું જ પડ્યું.

ઢાળ ઊતરતાં જ વાત કાઢીને ધૂણીએ પહોંચતા પહેલાં જ બેય જણ નિર્ણય ઉપર આવી ગયા : 'પોલીસ જેને પકડી લઈ જાય એ સાચો.'

અલબત્ત લંગડા સાધુને ગળે આ ઘૂંટડો ઊતરે એમ ન હતો, પણ શું કરે? પેલાએ એને નવલના કસમ દઈને મૂંગો કરી દીધો હતો. વળી પોતાના કરતાંય એ (લંગડો) નવલને વધુ સુખી કરી શકશે એ પણ સમજાવ્યું. લંગડાને પણ એ વાત કબૂલ કરવી પડી. ત્યાં તો બન્યું એવું કે બીજી સાંજે ફોજદાર માટે મરઘીની તલાશમાં નીકળેલા સિપાઈની નજર આ બે મરઘાઓ પર સ્વાભાવિક રીતે જ જઈ પડી.

જવાબમાં એ લોકોને દેશી ભાષામાં વાત કરતા જોયા અને માસી કહેતાં હતાં એમ જ બન્યું. બન્નેયને આગળ કરી ગયો. ઓટલે બેસી જોઈ રહેલી નવલે મહામુસીબતે રુદનને ખાળી રાખ્યું. એ લોક ઉપર એને રોષ પણ એટલો જ ચઢ્યો હતો, માસી આગળ વ્યક્ત પણ કર્યો : 'છેવટે મારી છાતી ઉપર આવીને' આગળ એ બોલી જ ન શકી.

પરંતુ માસીને તો એક પ્રકારનો આનંદ રહ્યો હતો : 'જે થશે એ પણ એક પાનો ફાટકો (નિકાલ) તો આવશે!' અને કંઈ સમજતાં જ ન હોય, પેલાઓને ઓળખ્યા જ ન હોય એમ બોલ્યાં : 'ઠેકાણે પડ્યા! ચપટી ઉઘરાવવી મટી! ને જેલમાં બેઠા બેઠાય સીતારામ ભજવાનું કામ તો એમને રૂડુંરૂપાળું થયા કરશે.' અને પછી તો એ માસી બેમાંથી કયો કામનો ને કયો નકામો એની મનમાં મનમાં ગણતરી પણ ગણી રહ્યાં. પરંતુ નવલને-વાત્રકને એના ડાબા-જમણા કાંઠા માટે પક્ષપાત હોય તો આ બેમાંથી એકના ઉપર હોય! એને તો ડાબી ફૂટે તોય ને જમણી ફૂટે તો ય, આંખ તો પોતાની જ હતી ને!

અને એટલે જ તો પોલીસ થાણામાંય એણે નવગુણ ટાળનાર નન્નો જ પકડી રાખ્યો ને? 'અવતારમાંય આવા બાવા મીં નથી ભાળ્યા પછી ઓળખવાની વાત જ ક્યાં સાહેબ!'

પરંતુ છ માસ પછી લંગડો (ખૂની) છૂટીને આવ્યો ને પેલો (નિર્દોષ) જનમટીપમાં પડ્યો ત્યારે બહાર માસી આગળ થઈ રહેલી વાત સાંભળતાં જ નવલને લાગ્યું કે આના કરતા પેલો અભાગી માણસ એને વધારે વહાલો હતો. એની કુમાશ, એનું સુંવાળાપણ અને રિસાળવો સ્વભાવ વગેરે બધાં જ લક્ષણ એને ગમતાં હતાં.

એ સમજી ગઈ કે પોતે રૂદનને ઝાઝીવાર નહીં રોકી શકે. અને બેડા સાથે એ ઘર બહાર નીકળી પડી. ઓશિયાળી આંખે ચોપાડમાં બેસી રહેલા લંગડા પતિની ભાંગેલી સિકલ સામે એણે જોયું સુદ્ધાં નહીં. સડસડાટ કરતી ટેકરી ઊતરી પડી.

કાઠે પહોંચતાં પહેલાં જ આંસુની ધાર છૂટી...પાણી સુધી પહોંચી ત્યાં ભીડેલા હોઠ પણ ઊઘડી ગયા. અને પછી તો લગભગ વિલાપે ચઢેલી નવલ પોતાને જ ભાંડી રહી. 'અરેરે ભૂંડી, સંસારમાંય એ તો એકલો હતો! આટલે વરસે તારે આંગણે આવ્યો'તો. ખવરાવવું - પીવરાવવું તો ઠીક પણ ...ણ! સુખદુઃખની બે વાતો તો પૂછતી!'

અભાગી લંગડો! એને શી ખબર કે નદીકાંઠે આમ હશે? નહીં તો નવલ પાછળ એ આવત જ નહીં. એને તો એકાંતમાં નવલ આગળ, પોતાના ડંખી રહેલાં હૈયાના ડંખ કાઢવા હતા. કહેવું હતું. 'કોરટમાં મીં મારાવાળી તો ઘણીય કરી પણ પેલા બોલકાએ મને નઈ પોંચવા દીધો. રાજવાળાએય કાને કંઈ નઈ ધર્યું. અડધો તો આ ભાંગેલો ટાંટિયો નડ્યો, મને...સાચું કહું છું! જીવતરને મીં કોઈ દા'ડો વા'લું કર્યું નથી ને કરુંય નંઈ! પણ...!' કોણ જાણે આમાંનું એ કેટલું કહી શકત એ તો. પણ ધારો કે આમાંનું એ કંઈ જ કે'વા ન પામત-બોલી જ ન શકત તો ય, નવલ માટે એની પેલી ઓશિયાળી આંખો ને આતાતાયી શી સિકલ ઓછાં ન હતાં!

પણ હાય! ન નવલ આ બધું જોવા પામી કે ન પેલા ઓશિયાળા પુરુષે ધીરજ ધરી. અને કેમ કરીને ધરી શકે?

ભાઈઓના ઓરતા લાવતી નવલના તે દિવસના વિલાપે તો એનું મગજ એકલું જ ફેરવી નાખ્યું હતું, પરંતુ આ આજના વિલાપે તો એનું હૈયું જ ભાંગી નાખ્યું - ભુક્કો ઉડાડી દીધો!

જાણે બીજો પગ પણ 'કડાક' દઈને ભાંગી ગયો હોય એમ એ કાંઠા ઉપરથી પેલી ખાખરી આગળ જ અટકી પડ્યો. તરતના જન્મેલા, ફૂલ સરખા કોઈ કુમળા બાળક પર ભૂલ ભૂલથી જાણે ઘા કરી બેઠો હોય એમ એનું અંગપ્રત્યંગ અરે, આત્મા સુધ્ધાં થરથરી ઊઠ્યાં. 'અરરરર-ભૂલ્યો, ભૂલ કરી!' અને એ ભયંકર ભૂલને હળવી કરવા જ હોય એમ છેલ્લા ઉપાય તરીકે એણે પેલો ભાંગેલો પગ ઉપાડ્યો ને ચાલતી પકડી! એવું લાગતું જાણે ઊભે કાંઠે આવેલાં ઝાડથી છેલ્લી વિદાય લેતો - 'રામ રામ' કરતો ન જઈ રહ્યો હોય.

હજુય નદીમાં બેસી રહેલી આંસુ સારતી નવલને કોણ કહે કે હાથમાંનું હેવાતન તો આ ચાલ્યું...ને નદીનો વળાંક લાગ્યો...એ લંગડાતો લંગડાતો ડુંગરી ચઢ્યો...એ ઊતરે એ એ...એ...એ...ઊતરી પડ્યો!

એક જ આશા હતી : ઢોર ચરાવવા ગયેલા માસા સામા મળે ને એને સમજાવીને પાછો લાવે! ■

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

વાર્તા

# મા

મોહનલાલ પટેલ

ઓફિસના દરવાજા પરના ફ્લેપ આગળ એક સ્ત્રી ઊભી હતી. અંદર પ્રવેશવા બાબતમાં કશીક અવઢવમાં હશે. કદાચ ક્ષોભ પણ હોય. બાજુમાં એક કિશોર આઘોપાછો થયા કરતો હતો. એના પગના સ્નાયુઓ પરથી જણાતું હતું કે એ દસબાર વર્ષનો કિશોર હશે. થોડીવાર પછી પેલા કિશોરે જ બંને ફ્લેપ પોતાના તરફ ખેંચ્યાં. અને બહાર ઊભેલાં એ બંને જણની આકૃતિઓ સ્પષ્ટ થઈ. સ્ત્રી પાંત્રીસેક વર્ષની હતી. છોકરો ગોરો અને દેખાવડો હતો.

શિષ્ટાચારથી અજાણ એટલે આ બંને ડોકિયાં કરતાં ત્યાં થોભેલાં જ રહ્યાં. મે કહ્યું : 'આવો.'

બંને ટેબલ આગળ આવીને ઊભાં રહ્યાં.

સામેની ખુરશી તરફ આંગળી ચીંધીને સ્ત્રીને મેં કહ્યું : 'બેસો.'

છતાં એ ઊભી જ રહી.

'બેસો.' મેં ફરી કહ્યું.

થોડા સંકોચ સાથે એ સ્ત્રી ખુરશી પર બેઠી. છોકરો પણ તરવરાટ દાખવીને ખુરશી પર બેસી ગયો. સ્ત્રીએ એના તરફ નજરથી ઈશારો કર્યો એટલે એ ઊભો થઈ ગયો.

મેં કહ્યું : 'ભલે બેસતો બેસ. તારું નામ શું?'

'જગત.'

'વાહ! સમજપૂર્વક નામ પાડ્યું જણાય છે.'

છોકરો કુણું કુણું હસ્યો.

સ્ત્રીએ કહ્યું : 'ફળિયામાં એક ભગત હતા. એમણે આનું નામ પાડેલું. એ કહે, હું ભગત અને તું જગત. ત્યારથી એ જગત જ રહ્યો.'

સ્ત્રીનો ગમી જાય એવો મધુર અવાજ હતો.

'કેમ આવવું થયું?' મેં પૂછ્યું.

જવાબમાં સ્ત્રીએ કાપડની થેલીમાંથી શાળામાં દાખલ થવા માટેનું પ્રવેશપત્ર અને શાળા છોડ્યાનો દાખલો મારી સામે ધર્યા. પછી કહ્યું : 'આને સાતમા ધોરણમાં દાખલ કરવો છે અને બોર્ડિંગમાં પણ મૂકવાનો છે.'

ફોર્મ કે દાખલો હાથમાં લીધા સિવાય મેં કહ્યું : 'જગ્યા નથી, બહેન. કોઈ પણ ધોરણના કોઈપણ વર્ગમાં જગ્યા નથી.'

શું કહેવું તે ન સૂઝતું હોય એમ આ સ્ત્રી મારી સામે ટગર ટગર જોઈ રહી. છોકરો મુગ્ધ નજરે અમારા બંને તરફ જોયા કરતો હતો. ફણગાઈ રહેલી નિરાશા એ નજરમાં જણાતી હતી.

'ભણવામાં હોશિયાર છે. પહેલે નંબરે પાસ છે. છઠ્ઠાનું પરિણામ લાવી છું.' કહી થેલીમાંથી શાળાએ આપેલું પ્રગતિપત્રક કાઢીને એણે મારી સામે ધર્યું.

મેં પત્રક હાથમાં લીધું. બધા વિષયોમાં ગુણ સારા હતા.

હું કંઈ પૂછું એ પહેલાં જ એ સ્ત્રી બોલતી રહી : 'મારે એને ખૂબ ભણાવવો છે. એનાથી જેટલું ભણાય એટલું ભણાવવો છે. ગામમાંય મેટ્રિક સુધીની નિશાળ તો છે, પણ એ નિશાળનું કંઈ ઠેકાણું નથી. ગામમાં એની ઉંમરના બધા છોકરા રખડેલ થઈ ગયેલા છે. આખો દિવસ કૂતરાં અને ગધેડાં દોડાવ્યા કરતા હોય છે. જુઠ્ઠા, ચોર, લબાડ જે કહો તે બધાં અપલક્ષણ એ છોકરાઓમાં છે. મારે આને એવા છોકરાઓની સોબતમાં રાખવો નથી. આખા પંથકમાં તમારી બોર્ડિંગનું નામ છે એટલે જગ્યા હોય કે ન હોય મારે એને તમારી નિશાળમાં જ મૂકવો છે. વિધવા છું, આવકનું કોઈ સાધન નથી. આંતરડે ગાંઠો વાળીને પણ બોર્ડિંગનું વીશી ખર્ચ પૂરું કરીશ. પણ મારે એને તમારી નિશાળમાં જ ભણાવવો છે.

મેં એ સ્ત્રીની આંખોમાં જોયું. જે સ્ત્રી ઓફિસમાં પ્રવેશતાં પણ સંકોચ અનુભવતી હતી એની મક્કમ સૂરે વાગ્ધારા ચાલી રહી હતી.

આટલું બધું એકસામટું બોલ્યા પછી મારા તરફથી કશો પ્રતિભાવ ન મળતો જોઈ થોડીવાર એ મૂંગી બેસી રહી.

કોઈ આમ બેસી રહે એનો મને ભાર લાગે છે. થોડી વાર એ ભાર વેઠ્યા પછી અકળાઈને મેં કહ્યું : 'કહ્યું ને બહેન, જગ્યા નથી!'

'તમે એને દાખલ નહીં કરો ત્યાં સુધી હું અહીંથી ઊભી થવાની નથી!'

આવા ઉદ્ગાર વખતે મારે શું કરવું જોઈએ એ હું જાણતો હતો. પણ મેં એમ ન કર્યું. કોલબેલનું બટન દબાવી પટાવાળાને બોલાવ્યો અને સૂચના આપી : 'આ બહેનને સુંદરલાલ પાસે લઈ જા અને કહે, એમની પાસેથી પ્રવેશપત્ર લઈને પેન્ડિંગ ફાઈલમાં રાખે. છોકરાને દાખલ કરવાનો છે.'

'દાખલ કરી દેશે ને?' ઉત્કંઠ બનીને સ્ત્રીએ પૂછ્યું.

'આજે નહીં, જગ્યા પડશે એટલે લઈ લેવાશે.'

'એ તો એનું એ થયું, સાહેબ!'

'ભરોસો રાખો, એ દાખલ થઈ જશે.'

'નક્કી?'

મને હસવું આવી ગયું. આજકાલ ચાલી રહેલા 'પ્રોમિસ' ની લેવડદેવડના સંદર્ભમાં સ્તો! મારાથી બોલી જવાયું : 'પ્રોમિસ, પ્રોમિસ, નિશ્ચિત થઈને જાઓ. કારકુનને ફોર્મ આપી દો.'

સુંદરલાલ પાસેથી પણ હૈયાધારણ મેળવીને આ સ્ત્રી ફરી મારી ઓફિસમાં આવી. ગામઠી સંસ્કાર પ્રમાણે એણે આ શબ્દોમાં આભાર માન્યો : 'તમારું ભલું થજો સાહેબ.' અને ફરી એકવાર સામેની ખુરશી પર બેઠી જાણે નિરાંતે કંઈ કહેવા માગતી હોય.

છાત્રાલયને લગતા એણે અનેક પ્રશ્નો પૂછ્યા. મારા ઉત્તરોથી એને સંતોષ થયો હોય એમ જણાયું. હવે ઊઠતાં ઊઠતાં એક વાત કરી લેવા માગતી હોય એમ એ બોલી : 'જગત રોજ સવારે ઊઠ્યા પછી અને સૂતી વખતે દવાની એક એક ગોળી લે છે. થોડો રમતિયાળ છે. વખતે ભૂલી જાય. દવાની ગોળી એ ભૂલ્યા વગર લેતો રહે એ માટે બોર્ડિંગના ગૃહપતિને જરાક કહી રાખશો?'

આટલી ઉંમરના છોકરાને રોજ બે વખત દવાની ગોળી લેવી પડે છે એ જાણી મને વિસ્મય થયું અને થોડી અકળામણ પણ.

મેં પૂછ્યું : 'ગોળી શા માટે લેવી પડે છે?'

'રોગ બોગ તો કોઈ નથી પણ એને કોઈ કોઈ વાર વાઈ આવે છે. કોઈ એને વઢ્યું હોય, ક્યારેક એ ગુસ્સે થયો હોય, ક્યાંક ઝઘડો જુએ ત્યારે આ તકલીફ થાય છે.'

હું ચમક્યો. મેં કહ્યું : 'તમારે આ વાત મને પહેલાં કરવી જોઈતી હતી.'

મારા આ વાક્યનો અર્થ પામી ગઈ હોય એમ એ જરાક ઠપકાભરી નજરે મારા તરફ જોઈ રહી, પછી બોલી : 'વાઈ આવે એમાં છોકરાંનો શો વાંક?'

'આમાં વાંકનો સવાલ નથી.' મેં કહ્યું : 'છાત્રાલયમાં બાળકો રાત-દિવસ સાથે રહેતાં હોય, નાનીમોટી વાતમાં ચડભડે પણ ખરાં. રમતગમતમાં ન્યાયઅન્યાય કે અંચઈની વાતમાં ઝઘડી પણ પડે. વાંક ગુનામાં આવે ત્યારે ગૃહપતિ ધમકાવે પણ ખરા....બજારની ભીડમાં ક્યાંક ગયા હોય અને આવું થાય ત્યારે?'

'તમે ખોટા મૂંઝાઓ છો, સાહેબ. વાઈ આવે ત્યારે બે મિનિટ શરીર ખેંચાય, પછી કંઈ નહીં.'

'છોકરાઓ રોજ સાંજે જમ્યા પછી રેલવેના પાટે પાટે ફરવા જાય છે. એ વખતે ગાડીના આવવાનો સમય પણ છે. તમે આવ્યાં ત્યારે એ પાટા ઓળંગીને જ આવ્યાં હશો ને? ગાડીના આવવા ટાણે જ પાટા પર આવું કંઈ થાય ત્યારે પેલી બે મિનિટ ક્યાં રહે?'

'સાહેબ, તમે આ બધી ચિંતામાં શું કામ પડો છો?'

'ચિંતામાં ન પડું? આ કંઈ જેવી તેવી જવાબદારી છે? તમારો દીકરો અમારા માથા ઉપર ચિંતાની ગાંસડી બની રહે કે બીજું કંઈ?'

'હું ચિંતા નથી કરતી અને તમે શા માટે માથા ઉપર ભાર લો છો?'

'તમે ચિંતા નથી કરતાં એની જ મને તો નવાઈ લાગે છે.'

'ચિંતા કરીનેય આપણે શું કરવાનાં, સાહેબ. દીકરાનું ભવિષ્ય ઉજાળવું હોય તો હૈયા ઉપર પથરો મૂકવો પડે. મારે તો એકનો એક છે. એના બાપા તો એ પાંચ વર્ષનો હતો અને દેવ થઈ ગયા હતા.'

આટલું કહી હું કંઈ બોલું એ પહેલાં તો એ ઓફિસના દરવાજા બહાર નીકળી ગઈ.

મને આ સ્ત્રી ન સમજાઈ. એકનો એક કુમળી વયનો દીકરો, ગમે ત્યારે ગમે તે સ્થળે વાઈના હુમલાનો ભોગ બને. કોઈ મા આવી સ્થિતિમાં પોતાના એકના એક દીકરાને આમ અળગો કરે ખરી? કંઈ સમજાતું ન હતું. આ છોકરાને આ પ્રમાણે અળગો કરવા માટે આ સ્ત્રી પાસે બીજું કોઈ કારણ હોઈ શકે ખરું? એક અભદ્ર વિચાર મનમાં ડોકિયું કરી ગયો.

થોડે સુધી ગઈ હશે અને એ સ્ત્રી પાછી આવી. અને ઊભાં ઊભાં જ કહેવા લાગી : 'એક ભલામણ કરવાનું તો હું ભૂલી જ ગઈ સાહેબ.'

'શી ભલામણ કરવાની છે?'

'અમારા ગામનો કોઈ છોકરો આ બોર્ડિંગમાં નથી. જગતને થોડું એકલવાયું લાગશે. સારા છોકરાઓની સોબત મળે એવી ઓરડીમાં એને મૂકજો. અને એ છોકરાઓને કહી રાખજો કે વાઈ જેવું કંઈ થાય તો એને ડુંગળી સુંઘાડે, ડુંગળી તરત હાથમાં ન આવે તો ખાસડું સુંઘાડે. ખાસડાં તો સૌના પગમાં હોય. એના દાંત બંધાઈ જાય એ વખતે એની જીભ દાંત વચ્ચે ન આવી જાય એની ખાસ સંભાળ રાખે. વાઈ આવવાનાં એંધાણ દેખાવા લાગે ત્યારે આ વાતની સંભાળ રાખવી પડે. છોકરાઓને કહેજો કે એને સૂનો ન મૂકે. અને ગૃહપતિ સાહેબને પેલું તો કહી રાખજો જ કે જગત બે વખત ગોળી લેવાનું ચૂકી ન જાય. હું જગતને મૂકવા આવીશ ત્યારેય ગૃહપતિ સાહેબને કહીશ તો ખરી જ. પણ તમેય કહેજો. તમે કહેશો એનો ઘણો ફેર પડશે...'

આવું આવું ઘણું બોલીને એ સ્ત્રી ગઈ. સ્ત્રીના ગયા પછી થોડીવાર તો હું બેચેન બનીને બેસી રહ્યો. પછી મારું ધ્યાન મારા મન તરફ ગયું. એ મને દુન્યવી ડહાપણની વાત સમજાવી રહ્યું હતું. એની વાત મને ગમતી હતી એટલે હું એને વશ થયો અને સુંદરલાલને બોલાવીને કહ્યું : 'હમણાં જે ફોર્મ આપ્યું...'

'વિદ્યાર્થી જગતનું કે?'

'હા, એના સરનામે દિલગીરીનું કાર્ડ મોકલી દો.' શાળામાં જેને પ્રવેશ ન આપી શકાય એના વાલીને પીળા રંગનું છાપેલું કાર્ડ મોકલી આપવામાં આવતું હતું. આ કાર્ડમાં પ્રવેશ ન આપી શકવા બદલ દિલગીરી છાપવામાં આવી હતી.

સરનામું થયા પછી સહી માટે કાર્ડ મારી પાસે આવ્યું. મેં સહી કરી, પણ સહી કર્યા પછી મને લાગ્યું કે સહી મારી ન હતી.

ત્રણેક દિવસ પછી સાંજના પાંચેક વાગ્યે એ સ્ત્રી ફરી મારી ઑફિસમાં આવીને ઊભી રહી. ચઢેલા શ્વાસથી એની છાતી ધમણની જેમ શ્વસતી હતી. સીડી ચઢવાથી આટલી બધી હાંફ ન ચઢે. ઝડપથી આવી હશે, લગભગ દોડતી! એના હાથમાં દિલગીરીવાળું કાર્ડ હતું.

કશું જ બોલ્યા વગર એ ખુરશીમાં બેસી પડી. કેટલીક ક્ષણો પછી હાંફ હેઠી બેસતાં એ બોલી : 'તમારો આ કાગળ મળ્યો ને સાહેબ, ગાંડાની જેમ દોડતી આવી છું. પાણી પીવાય ઊભી રહી નથી.'

આટલું બોલ્યા પછી અવાક્ થઈ ગઈ હોય એમ હથેળીમાં મોં છુપાવીને એ બેસી રહી.

કશું જ બોલ્યા સિવાય આમ બેસી રહેલી આ સ્ત્રીનો મને ભાર લાગ્યો. હું બરાબર અકળાયો. પ્રવેશ માટે કાલાંવાલા કરતા વાલીને હું સાફ સાફ શબ્દોમાં પ્રવેશ માટેનો ઈન્કાર કરી શકતો હતો. પણ આ ક્ષણે આ સ્ત્રી આગળ બોલવાના કોઈ શબ્દો મને જડતા ન હતા.

ઓફિસખંડની હવા સીસા જેવી ભારેખમ બની રહી હતી. એક વખત પ્રવેશ આપવાનું વચન આપીને ઈન્કાર કર્યાનો અપરાધભાવ મને અકળાવી રહ્યો હતો.

આખરે મૌન તૂટ્યું હોય એમ એ સ્ત્રીની હથેળીમાંથી જ શબ્દો બહાર આવ્યા : 'કેમ આમ કર્યું, સાહેબ? મારા દીકરાને વાઈ આવે છે એટલે?'

અને વાક્ય પૂરું કર્યા વગર જ આ પ્રૌઢવયની સ્ત્રી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

મારી એક નિર્બળતા છે. આવી રીતે રડતા કોઈ માણસના રૂદનને હું સહી શકતો નથી.

આ સ્ત્રીને કેમ શાંત કરવી એ મને સમજાતું ન હતું. મેં એની આંગળીઓમાં ભરાયેલું પેલું કાર્ડ ખેંચ્યું. પછી મેં એ કાર્ડ ફાડી નાખ્યું અને એ સ્ત્રી સાંભળે એમ કહ્યું : 'આ કાર્ડ ફાડી નાખ્યું છે. હવે આમ જુઓ.'

થોડા ક્ષોભ સાથે સ્ત્રીએ મુખ ઊંચું કર્યું.

મેં કહ્યું : 'તમારા પુત્રપ્રેમથી હું રાજી થયો છું. જગતને પ્રવેશ મળશે. હવે તમે શાંતિથી ઘેર જાઓ. જગતની તમે ચિંતા કરશો નહીં. હું એને સાચવી લઈશ.' ■


**JETHABHAI DOONGARSHI TRANSPORT CO.**

**J. D. LOGISTICS**



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

| MUMBAI OFFICE | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

| PUNE & OTHER MAHARASHTRA OFFICE | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

| GUJARAT OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

| UTTAR PRADESH OFFICE | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

વાર્તા

# હું જીવું છું

સરોજ પાઠક

મનોરદાસની એકાએક ઊંઘ ઊડી ગઈ. આમ તો ઊંઘ ઊડે અને ચોકડીમાં જવું પડે કંઈ નવી વાત નહોતી. પણ એમને લાગ્યું કે ઉઠાતું નથી. ધીમે રહી એક હાથ, કયો હાથ?

કોણ જાણે - ઊંચો કરવાનો પ્રયાસ કર્યો, બે પગ હોય ત્યારે ઊઠી શકાય. આ તો પગ પણ એક જ ઊંચો થઈ શક્યો. ઠપકાર કર્યો તો શૂન્ય! શું થયું? ક્યાં થયું?

માંડ ફંફોળીને ગણતરી કરી, ડાબો પગ ને ડાબો હાથ હલાવી જોયો ને જમણા હાથે બધું દબાવી જોયું. કોઈ સ્પર્શ લાગતો નહોતો. ના, ગભરાવાનું કંઈ કારણ નથી. મનને સાબદું રહેવા દો.

તેમને લાગ્યું કે પથારીમાંથી ઢસડાતા ઢસડાતા ચોકડી સુધી જ નહીં, બહાર રસ્તા પર પણ તે આવી શકે - કૃષ્ણાને ખબર ન પડવી જોઈએ. પેલા રઘુનાથ અને મોહનને તો નહીં જ. ખિસ્સામાં પરચૂરણ હતું. જમણા હાથે જ એ બધું ફંફોસીને તૈયાર રાખવાનું. ઢસડાતે પગે રસ્તો પણ ક્રોસ કરી નાખી શકશે.

આખું શરીર અકડાઈ ગયું છે ભલે! કોઈને ખબર ન પડવી જોઈએ. નહીં તો બધા જ પોતાને ખાટલામાં તાણી બાંધશે, દયા ખાશે, ડોક્ટર, નર્સનાં ધાડાં, ઉપરથી ઈંજેક્શનો અને ભલું હશે તો હોસ્પિટલમાં 'સારી સારવાર' માટે ગોંધી દેશે!

સાલું મને જ મને જ કેમ આવું થાય? થાય એ તો! ઉંમર થઈને! ઉંમર શેની! હજી તો બાસઠ વર્ષ જ થયાં છે. અને ડાયાબિટીસની કોઈ તકલીફ નથી. સાંધા જરા દુઃખે, ડાબો હાથ ખેંચાતો લાગે - કોઈવાર જમીન પરથી ઊઠતી વખતે હાથનો ટેકો લેવો પડતો. 'બાપુ, તમે ટિપોય-ખુરશી પર જ જમવાનું રાખો. અરે જાહ રે જાહ! પલાંઠી વાળીને જમીન પર બેસી દાળભાતના સબડકા મારવાની મજા, તું મોટો સાયેબ શું સમજે? કૃષ્ણા, એ બધી લપ્પનછપ્પન રહેવા દે.

કૃષ્ણાની ચિંતા વધી ગઈ હતી.

દીકરાને તે જાતભાતની સૂચનાઓ કરતી. 'એકવાર ડૉક્ટર પાસે ઉંમર થાય એટલે કયો રોગ પોંધો પડે તે...એટલે એમની બેદરકારી પર ધ્યાન આપ્યા વગર...પણ એ તો ચીઢીંયા કરે, એવી ઉંમર છે. તમારે તો પટાવવા- મનાવવા જોઈએ. કોઈનું માનશે નહીં. એમના પેલા મિત્ર જગુભાઈ આખરે પથારી ઝાલી બેસી જ ગયા ને? ભાઈલા, આટલું માન! એ તો પોતે, 'કોઈની ચાકરી લેવા જેવા દિવસો આવે જ ક્યાંથી?' એમ કહ્યા કરે ને છાતી કાઢી ફર્યા કરે. એમના પગમાં પદમ છે, પથારી ઝાલી બેસવા-સૂવાનો વારો આવશે તો આપણે એ કડવી હકીકતને કેવી રીતે પહોંચી વળીશું?

આ બધી કુટુંબીજનોની ગુસપુસ મનોરદાસને યાદ આવી ગઈ. તો એમ વાત બની ખરી. આખરે ડાબું અંગ શૂન્ય થયું. ડાબો પગ ને ડાબો હાથ, પણ ઘરમાં કોઈને ખબર પડવા દેવી જ નથી. આપણે તો આ ચાલ્યા, જરા પ્રેક્ટિસ કરીએ, કસરત થાય તો ઢસડાતાય ઘરની બહાર નીકળી શકાય.

મનોરદાસે બીડી સળગાવીને સડકને કિનારે આવેલી એક બંધ દુકાનને ઓટલે બેસી ગયા. તેમને લાગ્યું કે ઢસડાતા પગે અહીં સુધી આવ્યા તેથી શ્વાસ ચડી ગયો છે. હમણાં ઠીક થઈ જશે. ચાલ, રિક્ષામાં બેસી જાઉં. દૂર દૂર ક્યાંક! પણ મારે તો કસરત કરવાની છે. ડાબા અંગને કામે લગાડવાનું છે.

મોડી રાત હશે.

પાછી પથારી થઈ હશે.

મનોરદાસ ઘેર આવ્યા હશે.

અડધી રાતે એમની ઊંઘ ઊડી ગઈ હશે. કદાચ એ જ સમયે કૃષ્ણા જાગી ગઈ હશે. હોહા થવા લાગી; તેને નકારવા મનોરદાસે ગળામાંથી અવાજ કાઢ્યો હશે.

નહોતી જરૂર તો ય બધાં ભેગાં થઈ ગયાં. મનોરદાસના ખાટલા પાસે, ઝપઝપ આંખ ઉઘાડી. મનોરદાસે બધે જોવા માંડ્યું. એ જ દૃશ્યો! રડતી કૃષ્ણા, પાંગથ પર નીચો વળેલો ડૉક્ટર, સ્ટેથોસ્કોપ, ઘરનો સ્ત્રીવર્ગ, નાનાં બાળકો, ચિંતાતુર રઘુનાથ અને મોહન બધા ભેળા મળી ઊભા છે.

દૂર હઠો, દૂર હઠો, મને કંઈ થયું નથી. મને ખાટલે ખોડી રાખવાનું આ કાવતરું છે. ઊંઘનું ઈંજેક્શન જ હોવું જોઈએ. બધું ધૂંધળું થવા આવ્યું. સડક દેખાય છે, આ કોણ? મોહન સડક પાસે આવી, મને રસ્તો ક્રોસ કરાવે છે કે? ચલ દૂર હઠ, આંખો પર ભાર લાગે છે. મારે તો પેલા પથારીવશ થઈ રહેલા પ્રભુદાસ-શું નામ એમનું? હા, પ્રભુદાસ જ હોવું જોઈએ. એમનું ઘર-ફ્લેટ ચોથે માળે છે, લિફ્ટ પણ છે. મારી મેળે હજી હું જઈ શકું છું. જા, તું ઘેર! હું આવ્યો. કૃષ્ણાને કહેજે...

મારું ચોકઠું!

મારાં ચશ્માં!

મારી લાકડી...એ તો અંધારું થાય એટલે કૂતરાં ભગાડવા રાખી છે. ખીંટી પર લટકે છે. હવે તો લાકડી વગર બહાર નીકળતો નથી. તમને કંઈ સમજ પડે નહીં ને?

મનોરદાસને લાગ્યું કે હવે અહીં પથારી આસપાસ કોઈ નથી. ઝટ દઈ ઊઠી શકાય. આ શું થયું? એકાએક હલકાફૂલ જેવા થઈ જવાયું. ડાબું ને જમણું, કોઈ વિસાતમાં નથી રહ્યું. આ આવી સડક! ઊંચું જવું હોય તો લિફ્ટનીય જરૂર ન પડે! અને અહીંથી જ દેખાય છે નિશાળે જતો પેલો રાજુ, ઓફિસે જતો રઘુનાથ, કપડાં ધોતી કૃષ્ણા! સોમેશ્વર પેલો પૂજારી.

કાનમાં ધાક પડી ગઈ. બધું સૂનકાર. શું થયું હશે? આટલી બધી ઠંડક છે ને ઓઢવાનું-પહેરવાનું ય નથી. આપણે ક્યાંક આવી ચડ્યાં કે શું? હવે અટકવું નથી. ચાલો, ભાઈ ચાલો! પેલા ઘરથી છૂટ્યા, પેલા પથારીવશ કરાવવા લોકો ભાગ્યા. આપણે કેવા ભગાડી દીધાં બધાંને!

ફરીથી પડખું ફરીને જમણા હાથે મનોરદાસે ડાબા હાથને પગને સ્પર્શી જોયું. લાગે છે બધું ઠંડું ઠંડું, પગ ઊંચો નથી થતો. કંઈ વાંધો નહીં. કોઈને ખબર પડી નથી હજી. બધાં અડધી ઊંઘમાં છે. લાકડી પેલી ખીંટી પર જ છે. ચશ્માં તો ઓશીકા નીચે રાખ્યાં છે અને દાંતનું ચોકઠું જમ્યા પછી ઉતારીને ડબ્બીમાં, પેલા ટેબલના ખાનામાં જ છે. ઝટઝટ આટલી મત્તા લઈને બધાંને ઊંઘતાં રાખી નીકળી જઈએ. ભલે બધું ઠંડું ઠંડું લાગે છે.

બાવડેથી પકડીને બે જણા મને ક્યાંક લઈ જાય છે, કશું પૂછતાય નથી! બસ બધું હળવુંફૂલ જેવું...સરેરાહ પવન, આખું શરીર ઠંડું, છતાં ટાઢે ધ્રુજાતું નથી.

બાઈઓ! સાહેબો! તમે મને ક્યાં લઈ જાઓ છો? આટલું મનોરદાસના ગળામાં અટકી ગયું કે બહાર નીકળ્યું તે તેમને સમજાયું નહીં. ડાબો હાથ ને પગ હું હલાવી તો શકું છું ને? પાણીમાં તરવાનું કે અધ્ધર ઊડવાનું છે? આ બધું મનોરદાસ પૂછવા હોઠ જ ફફડાવતા હતા.

જરાક આંખ ખૂલે કે તરત બધાંને પથારી પાસે ઝળુંબેલા મનોરદાસ જોઈ લે. કટાણું મોં કરી પડખું ફરવા જાય, તો ધસી આવે. હઠો હઠો-મને કંઈ નથી થયું. તમે બધાં તમારે કામે લાગી જાઓ. આ તો જરા શરીર અકડાઈ ગયું છે એટલે મોડે સુધી પડી રહ્યો છું. એમાં તમારું શું જાય છે? મનોરદાસ આવું બોલ્યા હોવા જ જોઈએ. રઘુનાથ અને મોહને તેમને પડખાભેર કરી, કહ્યું, તે આછું આછું સંભળાયું પણ ખરું :

'બાપુ, હા, તમને કંઈ નથી થયું હો! બધું સારું થઈ જશે. ડૉક્ટરે કહ્યું છે કે તમને જરાક લકવાની અસર ડાબા અંગે થઈ છે. જરાક કસરત, માલીશ, ટ્રીટમેન્ટ કરીશું એટલે સારું થઈ જશે.'

'પણ આ ટ્રીટમેન્ટનું સારું રિઝલ્ટ જોઈતું હોય તો હોસ્પિટલની નર્સો જ એ કરી શકે.'

'નહીં નહીં, એમ એમને હોસ્પિટલમાં ભરતી નહીં કરાવીએ. અહીં અમારી જ નજર નીચે અમે રાખીશું. તમારી બધી જ સૂચનાઓ અમલ કરીશું. માલીશ, દવા, કસરત બધું જ હું મારે માથે લઉં છું.'

'શું બા તું ય તે! હવે તો નવા જમાનાની નવી સગવડો છે. બાપુને સારી હોસ્પિટલમાં મોકલીએ. તેથી કંઈ આપણને લાગણી નથી એવું કંઈ ગણાવાનું નથી.'

હઠો, હઠો દૂર હઠો! આ બે માણસો સાથે મારે જવું છે. ભાઈઓ લઈ જાઓ આ લોકોથી દૂર...બસ મોકળાશથી ઊડવા મળે ત્યાં.

મનોરદાસે જાણે પેલા બે માણસો તરફ લાચાર નજરે જોયું. એમને લાગ્યું કે એ બે માણસોએ હળવું હાસ્ય કરીને 'ચાલો' એવું આંખથી સૂચવી દીધું હતું. ■

## આજનું શિક્ષણ

શિક્ષણમાં અંધેર વધતું જ જાય છે. સ્કૂલોની ફી મોંઘી થતી જાય છે. પુસ્તકો વધતાં જાય છે. દફ્તરનો ભાર બાળકના ગજા બહાર વધી ગયો છે. ટ્યુશનનો ભાર અને માર વધતો જાય છે. અંગ્રેજી માધ્યમની માયાજાળ વધતી જાય છે. બાળકો ઉપર ભણતરનો અને માબાપનો ત્રાસ વધતો જાય છે. કૉલેજો અને યુનિવર્સિટીઓના પ્રોફેસરોના પગાર અનહદ વધતા જાય છે. તેમના દ્વારા અપાતું શિક્ષણ વધુને વધુ બિનઉપયોગી અને નિરર્થક સાબિત થતું જાય છે. ભણેલા બેકારોની વણઝાર સતત વધતી જાય છે. કૉલેજના છોકરા-છોકરીઓ છાકટા અને બેજવાબદાર બનતા જાય છે. ચારિત્ર્ય અને નીતિ સદાચારનો લોપ ઝડપથી વધતો જાય છે. વિમલાતાઈનું વાક્ય "આપણી તમામ શિક્ષણ સંસ્થાઓ આપણી સંસ્કૃતિના કતલખાનાં છે" એ વધુને વધુ સાર્થક પૂરવાર થતું જાય છે. વિકાસનું આ શિક્ષણ આખા સમાજને ઝડપથી વિનાશ તરફ ધકેલી રહ્યું છે

*- વેલજીભાઈ દેસાઈ*

**JAYANT STEELS**

179-A, Kandori Building, Opp. Sarvoday Nagar, Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

**જયંત સ્ટીલ્સ**

૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે, મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦

સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

લલિત નિબંધ

# બલિદાન

પ્રવીણા કુરજીભાઇ લાખાણી

૧૨ વર્ષની નાદાન માલવિકા જ્યારે પરણીને આણુ વાળીને સાસરે આવી, ત્યારે ઘરમાં સસરા, પતિ, બે દિયર અને નાની નણંદ હતાં. સસરા રસોઈ કરતાં, મોટો દીકરો દિવ્ય અને દીકરી વિભૂતિ તેમને મદદ કરતાં. ઘરકામ વહેલું આટોપી, ચારે સંતાનોનું નહાવાનું, શાળાની તૈયારી કરવાની, વગેરે બધાં કામ આટોપી તેઓ દુકાને જતાં.

સવારે સાત વાગે રઘુ આવી, ચાવી લઈ, દુકાન સાફસુફ કરી, શેઠ આવે ત્યાં સુધી ઘરાક સંભાળી લેતો. તે પણ શેઠની પરિસ્થિતિથી પૂરો વાકેફ હતો. તેથી પોતાનાથી બનતી પૂરી જવાબદારી ખંતથી નિભાવતો.

માલવિકા આવતાં જ સૌને થોડી રાહત થઈ. માલવિકા હતી તો નાદાન જ, પણ તેની મા, વસુધાબહેને ઘરનાં સંજોગો પ્રમાણે તેને પૂરી કેળવીને જ સાસરે મોકલી હતી. ઘરકામ તથા રસોઈકામ તેને બરાબર શીખવ્યું હતું, જેથી સસરા તથા નણંદ-દિયરને મદદ રહે. ઘરની પરિસ્થિતિ પ્રમાણે સમજીને તેમણે આણું પણ નાની ઉંમરે જ વાળી દીધેલું. રમવાની ઉંમરમાં તો માલવિકાએ ઘરની જવાબદારી ઉપાડી લીધી. તેણે પ્રેમથી બધી જવાબદારી ઉપાડી, સૌને મુક્ત કરી દીધાં.

હવે નાના નણંદ દિયર પણ અભ્યાસ પર પૂરતું ધ્યાન આપી શકતાં. બે વર્ષ પછી વચેટ દિયર સુદીપને પણ પિતા હિંમતલાલે પરણાવ્યો. ત્યારે લગ્નની બધી જવાબદારી માલવિકાએ હોંશથી સંભાળી લીધી. નવી વહુ, પુનિતા માલવિકા જેટલી ઘરકામમાં પલોટાઈ ન હતી. પણ માલવિકાએ પ્રેમથી દેરાણીને કેળવી, તેના પર કોઈ જવાબદારી ન નાંખતી. તેને તેના પતિ સુદીપ સાથે હરવા-ફરવાની તથા સિનેમા જોવા પણ તે મોકલતી. ધીરે ધીરે પુનિતા જેઠાણીની ખૂબ હેવાઈ થઈ ગઈ. તેમની પ્રેમભરી માવજતે માલવિકાને મૃત માની યાદ પણ ભૂલાવી દીધી.

અને હિંમતલાલનો સંસાર સુપેરે ગોઠવાઈ ગયો. નાની સુચિ અને ધીર હજુ નાના હતાં. તેથી તેમને મન માલવિકા, માથી કમ ન હતી. માનો પ્રેમ માલવિકા પાસેથી મળતો, જ્યારે ભાભીનો પ્રેમ પુનિતા પાસેથી મળતો.

પરણીને બે વર્ષે પુનિતાને સારા દિવસો રહ્યાં. હવે માલવિકા તેને કોઈ કામ ન કરવા દેતી. તેને નીત-નવી વાનગી બનાવી ખવડાવતી. સવારે ઊઠતાં મોડું થાય તો પણ કંઈ ન કહેતી. છતાં મોડી ઊઠે ત્યારે પુનિતાને જ શરમ આવતી, તે કહેતી, “ભાભી, મને મોડે સુધી ઊંઘવા નહીં દેવાની, હું ન ઊઠું તો ઊઠાડી દેવાની.”

ત્યારે માલવિકા પ્રેમથી કહેતી, “પુનિતા, અત્યારે તારા દિવસો આરામ કરવાનાં છે. તો કરી લે. ઊંઘ આવે ઊંઘી લેવાનું, ભૂખ લાગે, ખાઈ લેવાનું. તારે તારી સાથે તારા બાળકની તંદુરસ્તીનો પણ ખ્યાલ રાખવાનો છે. પછી તારો લાડલો તને સુવાય નહીં દે.”

અને અચાનક પુનિતા વિચારી રહી, ભાભીને પણ પરણે પાંચ વર્ષ થઈ ગયાં, તો તે કેમ હજુ મા નહીં બન્યા હોય? એક વખત તેણે ભાભીને જ પૂછ્યું, “ભાભી, તમે કેમ હજુ મા નથી બન્યા?” અને માલવિકાની આંખો તરત ભીની થઈ ગઈ.

“ભાભી, તમે રડો નહીં. મને નથી ખબર એટલે પૂછ્યું. કંઈ ભૂલ થઈ હોય તો...”

“ના પુનિતા, એવું કંઈજ નથી. પણ ભગવાને મને હજુ બાળકની ભેટ નથી આપી...” ત્રીજે મહિને પુનિતાને તપાસવા સુયાણી પાસે માલવિકા લઈ ગઈ. એ સમયમાં લોકો ડોક્ટર કરતાં સુયાણી પર જ વધુ વિશ્વાસ કરતાં. પુનિતાએ સુયાણી જીવીમાને પણ એજ પ્રશ્ન પૂછ્યો. ત્યારે જીવીમાએ માલવિકાને બોલાવી તેની નાડ તપાસી અને કહ્યું, “બધું જ બરાબર છે, ધીરજ રાખ, કોઈને ભગવાન મોડું સંતાન આપે. પણ તારામાં કોઈ ખામી નથી.” પણ પુનિતાને તે જવાબથી સંતોષ ન થયો.

રાતે તેણે પતિ સુદીપને વાત કરી. “તમે કોકને પૂછી, ભાઈ-ભાભી માટે કોઈ સારા ડોક્ટરની સલાહ લોને.” અને સુદીપને પણ પુનિતાની વાતમાં કંઈક તથ્ય લાગ્યું. તેણે તેનાં મિત્રના ભાઈ જે શહેરમાં ડોક્ટર હતાં, તે ગામ આવ્યા, ત્યારે તેમની સલાહ લીધી. ડૉ. પ્રણવે તેમને બંનેને બે દિવસ શહેરમાં આવવા કહ્યું, જેથી પૂરી તપાસ કરી, કંઈક માર્ગદર્શન મળે.

જ્યારે સુદીપે મોટાભાઈ દિવ્યને વાત કરી, તો તેણે વાતને હસી કાઢી. પણ સુદીપે વાત ન મૂકી. ભાઈ-ભાભીને સમજાવી તે શહેર લઈજ ગયો. બધી તપાસ પૂરી થતાં ડૉક્ટરે દિવ્યને કહ્યું, “તારો ભાઈ પિતા બની શકે તેમ નથી.”

“ડૉક્ટર, કંઈક દવા તો હશેને?” સુદીપે ડૉક્ટરને પૂછ્યું.

"ના, હજુ એવી કોઈ દવા શોધાઈ નથી. મને માફ કર." ડૉક્ટરે પોતાની વાત જણાવી.

ગામ પાછા આવી સુદીપે બધી વાત પુનિતાને કહી. પુનિતા તો નાના બાળકની જેમ રડી જ પડી. સુદીપે માંડ તેને શાંત કરી. તેનો રડવાનો અવાજ સાંભળી માલવિકાભાભી દોડી આવ્યાં. તેમને પુનિતા અને તેનાં આવનાર બાળકની ચિંતા થઈ આવી.

પુનિતાને સ્વસ્થ થતાં થોડાં દિવસ લાગ્યાં. પણ સ્વસ્થ થતાં જ તેણે મનોમન કંઈક નિર્ણય કર્યો, અને રાતે તેણે પતિ સુદીપને જણાવી દીધો, "સુદીપ, આપણું પહેલું સંતાન, દીકરો કે દીકરી, જે હોય તે, આપણે ભાઈ-ભાભીને આપી દઈશું. આપણે તેના પર કોઈ હક્ક નહીં રાખીએ. આ વાત તમારે કબૂલ કરવી જ પડશે."

સુદીપ, પુનિતાનો ત્યાગ અને પ્રેમ નીરખી રહ્યો. આટલું મોટું બલિદાન!!! એક જ ઘરમાં રહીને પોતાનાં પહેલાં સંતાન પર વહાલ કે હક્ક નહીં જતાવવાનો? કેટલું કઠીન છે? ત્યાંજ, "કેમ કંઈ બોલતાં નથી? કહી દો કે તમને કબૂલ છે...કહોને..."

"પુનિતા, તે ખૂબ શાંતિથી વિચારી નિર્ણય લીધો છે? તારા મનને સંભાળી શકીશ? આ ખૂબ કઠીન પરીક્ષા છે." સુદીપે પુનિતાને સમજાવવા પ્રયત્ન કર્યો.

"સુદીપ, હું જાણું છું, કે ખૂબ કઠીન છે, પણ નબળી પડું તો તમે છો ને? મારાથી ભાભીનું દુખ નથી જોવાતું. બીજું બાળક આપણે રાખીશું." પુનિતા લાગણીસભર થઈ ગઈ.

"પુનિતા, મેં તો કેવા કેવા સ્વપ્નાં જોયેલા? એમ કર, બીજું બાળક આપણે ભાઈ ભાભીને આપી દેશું. ને પહેલું આપણે રાખીશું."

"ના સુદીપ, મને તે કબૂલ નથી. મારે પહેલાં ભાઈ-ભાભીને સુખી જોવા છે. માટે આજથી તમારું મન મક્કમ કરી લો..." સુદીપે પણ આખરે આંખથી જ પોતાની સંમતિ આપી. બંનેએ નક્કી કર્યું, ભાઈ-ભાભીને આ વાત અત્યારે જણાવવી નહીં. નહીંતર મનાવવા પટાવવામાં સમય નીકળી જશે.

સાતમે મહિને પુનિતાની ભાભીએ પુનિતાને સુવાવડ કરવા મોકલવા પત્ર લખ્યો. પત્ર વાંચતાં જ માલવિકા ઢીલી પડી ગઈ. પુનિતાને લાડપ્યાર કરવામાં તેને અનેરો આનંદ મળતો. છતાં તેણે પુનિતાને બોલાવી, "પુનિતા, તારી ભાભીનો પત્ર છે. તને સુવાવડ કરવા બોલાવે છે, તારે જવું છેને?"

"ભાભી, તમે મારી સુવાવડ કરશોને? તમને તકલીફ નહીં પડેને? મારે ક્યાંય નથી જવું. મને તમારા વગર ક્યાંય નહીં ગમે. ભાભી, હું તમારી પાસેજ સુવાવડ કરુંને? હું તમને જરાય હેરાન નહીં કરું."

માલવિકા તો પુનિતાની વાત સાંભળી ખુશ થઈ ગઈ. તે પણ ક્યાં ઇચ્છતી હતી કે પુનિતા પીયર જાય. તેણે કહ્યું, "પુનિતા, તારી મરજી ન હોય તો ન જઈશ. હું તને તારી માની ખોટ જરાય નહીં લાગવા દઉં. હા, ઉપર રંભામા રહે છે, તેમની સલાહ સુચના લેતી રહીશ." અને તેમણે તે પ્રમાણે પુનિતાની ભાભીને પત્ર લખ્યો.

તે સમયમાં સુવાવડ ઘરે સુયાણીજ કરતી, પણ માલવિકા નાં સસરાની ઇચ્છા સુવાવડ હોસ્પિટલમાં કરાવવાની હતી. પૂરા દિવસે પુનિતાએ હોસ્પિટલમાં પુત્રને જન્મ આપ્યો. માલવિકા અને તેના પતિ સુમંગલે આખા ગામમાં પેંડા વહેંચ્યા. સસરા હિંમતલાલ પણ પૌત્રનું મુખ નિહાળી રાજીનાં રેડ થઈ ગયાં.

રોજ માલવિકા વહેલી ઘરકામમાંથી પરવારી હોસ્પિટલમાં આવતી. જ્યારે બાળકનું નામ મ્યુનિસિપાલિટીવાળા નોંધવા આવ્યા, ત્યારે કુનેહથી પુનિતાએ જેઠાણીને, બાળકને લઈ બહાર મોકલી આપ્યા.

જન્મ યાદીમાં માનાં નામની જગ્યાએ તેણે માલવિકા અને પિતાનું નામ સુમંગલ લખાવ્યું. પણ હોસ્પિટલનાં રજિસ્ટરમાં નામ જૂદું હતું તેથી તે ભાઈ માન્યા નહીં. પણ પુનિતાએ પ્રેમથી તેમને સત્ય હકીકત કહી સમજાવી લીધા. પુનિતાની ત્યાગ ભાવના જોઈ તે પણ ગદ્ગદિત થઈ ગયાં.

દસમે દિવસે પુનિતા દીકરાને લઈ ઘરે આવી. માલવિકાએ ખૂબ સુંદર રીતે બાળક અને પુનિતાનું સ્વાગત કર્યું. જેવી પુનિતા અને બાળકને ઓવાળવા જતી હતી, પુનિતાએ તરત કહ્યું, "ભાભી, બાબાને તમે તેડો, અને હું ઓવારું છું." માલવિકા તેને ના ન કહી શકી. અને પુનિતાએ, માલવિકા અને બાળકને ઓવાર્યા. અને માલવિકાએ બાળક સાથે ગૃહપ્રવેશ કર્યો. માલવિકાએ પુનિતાને કેસર-બદામનો સીરો ખવડાવ્યો. પણ ખાતાં પહેલાં તેણે બાળક ભાભીનાં હાથમાં આપી કહ્યું, "ભાભી, લંગોટ બદલોને!..." આમ બાળકનાં બધાં જ કામ તે ભાભીને આપતી. માલવિકા પણ હસી ખુશી પ્રેમથી કરતી. બાળકને નવરાવવું, સુવડાવવું, બધું જ. ફક્ત તે ધવરાવવા જ બાળકને લેતી. રાતે પણ તે બાળકને ભાભી પાસેજ સુવરાવતી, કહેતી "ભાભી, મારી ઊંઘ બહુ ખરાબ છે, રાતે તે રડે અને મારી ઊંઘ ન ઊડે તો! આમે ડોક્ટરે નાનકાને રાતે ધવરાવવાની ના કહી છે. તો તમે જ તેને રાખજો..." માલવિકા વિચારતી, હજુ કાચા વાસા છે, તો ભલે નાનકો મારી પાસે સુતો. ધીમે ધીમે પુનિતાને ટેવ પડશે.

માલવિકાએ બાળક સાથે સમય વિતાવવા અગાઉથી જ બાઈ રાખી લીધેલ હતી. તેથી તે આખો દિવસ પુનિતા અને બાળક સાથે વિતાવી શકે. માલવિકા પણ ખુશીથી નાનકાને સાચવતી. પુનિતાએ માલવિકાને નાનકાનું નામ પસંદ કરવા કહ્યું. માલવિકાએ તેનું નામ વિશ્વાસ રાખ્યું.

પંદરમે દિવસે નાનકાનું Birth Certificate મોટાભાઈ દિવ્યનાં હાથમાં આવ્યું. તેમાં મા-બાપનાં નામ વાંચી તરત તેણે સુદીપને બોલાવ્યો, "સુદીપ, મ્યુનિસિપાલિટીની કંઈક ભૂલ થઈ

છે. જા જઈને તે સુધરાવી આવ.'

"ભાઈ, કોઈજ ભૂલ નથી. બધું જ બરાબર છે. વિશ્વાસ તમારો જ દીકરો છે."

"પણ..."

"ભાઈ, ઘરે જઈ નિરાંતે વાત કરીએ." બંને ઘરે આવ્યાં. ત્યારે માલવિકા વિશ્વાસને નવડાવતી હતી. સુદીપે માલવિકાને મ્યુનિસિપાલિટીનું Birth Certificate આપી કહ્યું, "ભાઈ, ભાભી, આ બાળક તમારું છે. તેનાં સંપૂર્ણ હક્ક તમારા જ છે. ફક્ત જરૂર છે ત્યાં સુધી પુનિતા તેને દૂધ આપશે. અને આ ઈચ્છા પુનિતાનીજ હતી, તેથી જ તેણે બધે તમારાં નામ મંડાવ્યાં છે. પુનિતાની આ તમને એક ભેટ છે. આજ પછી આ વાત ચર્ચાવી ન જોઈએ. વિશ્વાસનાં મા-બાપ તમે જ છો. મોટો થાય ત્યારે પણ નાનકાને ખરી વાત નહીં જણાવીએ તેટલી જ વિનંતી છે."

દિવ્ય અને માલવિકા આભાજ રહી ગયાં!! માલવિકાએ પુનિતાને કહ્યું, "પુનિતા, તેં ઠીક નથી કર્યું. આવો નિર્ણય કરતાં પહેલાં પૂછવું જોઈએ. મને તે કબૂલ નથી."

"ભાભી, આ પ્રેમ-ભરી ભેટ છે. આ નાનકો વિશ્વાસ તમારો જ છે. ભૂલથી મારે પેટ અવતર્યો છે. બાકી તેની ખરી મા તમેજ છો. તેને સંસ્કાર પણ તમારાજ મળશે. ફક્ત તમે ચીંધશો તેટલું કામ હું કરીશ."

દિવ્ય અને માલવિકાની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. ત્યાં પિતા હિંમતલાલ ઘરે આવ્યા. દુકાનેથી ઓચિંતા બંને ભાઈઓ કંઈ કહ્યા વગર ઘરે ગયાં, તેથી તેમને ચિંતા થઈ. કંઈક અજુગતું હોવાનું લાગતાં તે પણ વહેલાં આવી ગયાં. પણ ઘરે આવી, સુદીપની વાત સાંભળતાં જ બોલી ઊઠ્યાં, "પુનિતા, ભલે તું મા વગર ઊછરી, પણ તારા સંસ્કાર તેં દીપાવ્યાં. મને ડર હતો, મા વગરની છોકરી લઉં છું, પણ...ના, મારી તે ભૂલ હતી. બેટા, એવું વિચારવા બદલ મને માફ કરી દે. તારા વિશેષ વાંચને જ કદાચ તારામાં આવા ઉત્તમ સંસ્કાર નીરોપ્યાં છે. તું માલવિકાની દેરાણી નહીં પણ મા છે. ધન્ય છે તમને બંનેને!! માલવિકા, એકજ ઘરમાં ખૂબ પ્રેમથી નાનકાનું જતન કરજો. બંને માડીનાં પ્રેમ પામી નાનકો વધુ ભાગ્યશાળી છે...મારાં તમને આશીર્વાદ છે." વધારે તે પણ ન બોલી શક્યા....

પુનિતા ઊઠી અને સસરાને પગે લાગી પછી માલવિકાને વળગી પડી. બોલી, "ભાભીએ મને ક્યારેય હું નમાઈ છું, તેવો અહેસાસ નથી થવા દીધો. તેમનાં પ્રેમે જ મને આમ કરવા મક્કમ કરી છે. બાપુ, ભાભી જ મારી મા છે!

અને ઘર આનંદ કિલ્લોલથી મહેકી ઊઠ્યું. ક્યારેક ગામ લોકો વિચારતાં, નાનકો કોનો દીકરો છે? માલવિકાનો કે પુનિતાનો? ત્રીજે વર્ષે પુનિતાને સારા દિવસો રહ્યાં અને દીકરી શ્રદ્ધા વિશ્વાસનાં ઓછાયામાં ઉછરી.

ગામ લોકો પણ તેમના પ્રેમ અને વિશ્વાસથી મહેકી ઊઠતાં. ■

## શિક્ષણ મેળવો, તો તમને હું ક્ષમા આપું

મહાત્મા જ્યોતિબા ફુલેએ મહારાષ્ટ્રમાં સામાજિક અને વૈચારિક ક્રાંતિ કરી. ૧૩ વર્ષની વયે જ્યોતિબા ફુલેનાં લગ્ન સાવિત્રી સાથે થયા. પતિ-પત્ની બંનેએ ખભેખભા મિલાવીને પાંચ દાયકા સુધી સેવા, શિક્ષણ અને સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ કરી. જ્યોતિબા ફુલેએ તત્કાલીન સમાજ પર વર્ચસ્વ ધરાવતા બ્રાહ્મણવાદને દૂર કરવાનું બીડું ઝડપ્યું. એ સમયે બ્રાહ્મણોએ બહુજન સમાજ પર આર્થિક અને સામાજિક ગુલામી લાદી હતી તે દૂર કરવાનો હિંમતભેર પ્રયાસ કર્યો. એમણે દલિતોને માટે શાળાઓ ખોલી તેમજ ઉચ્ચ વર્ગનો વિરોધ સહન કરીને પણ અસ્પૃશ્યો પ્રત્યે અપાર કરુણા દાખવી.

જ્યોતિબા ફુલેની આવી પ્રવૃત્તિ પર કેટલાક બ્રાહ્મણો ક્રોધે ભરાયા. એમણે જ્યોતિબાનું કાસળ કાઢી નાખવાની યોજના કરી, જેથી આવો વિરોધ કરનારાઓને બરાબર પદાર્થપાઠ મળે. બે મજબૂત પહેલવાનોને એમની હત્યા કરવાનું સોંપ્યું. આ માટે એમને મોટી રકમ આપવાની લાલચ પણ આપી.

સામાજિક સુધારણાની ઝુંબેશ ચલાવતાં જ્યોતિબા અને સાવિત્રી નિઃસંતાન હતાં, પરંતુ અનૌરસ બાળકો માટે અનાથાશ્રમ ચલાવતાં હતાં. ગરીબ અનાથ બાળકોનું પેટે જણ્યાની પેઠે જતન કરતાં. રોજ રાત્રે એ બાળકોને વહાલથી પંપાળીને હાલરડાં ગાઈને સુવાડતાં હતાં.

જ્યોતિબાની હત્યા કરવાના ઈરાદે આવેલા બે શક્તિશાળી હત્યારાઓ ઘરમાં દાખલ થયા. એમણે જોયું તો અનાથ, ગરીબ અને શ્રમજીવીના બાળકોને આ પતિ પત્ની અખૂટ વહાલપૂર્વક સુવાડતાં હતાં. જ્યોતિબાએ બંને મારાઓને પ્રવેશતા જોયા. એમને થયું કે કોઈ નિરક્ષર મજૂરો પત્ર વંચાવવા આવ્યા લાગે છે. આવી રીતે ઘણા મજૂરો જ્યોતિબા પાસે પત્ર વંચાવવા આવતા હતા. બોલ્યા, "ભાઈ, થોડીવાર બેસો. આ મારાં છોકરાં સૂઈ જવાની તૈયારીમાં છે, એ પછી તમારો પત્ર હું વાંચી દઈશ."

મારાઓ જ્યોતિબા પાસે બેઠા, કિંતુ આ દશ્ય જોઈને એમનું હૃદય પીગળી ગયું. એમણે જ્યોતિબા ફુલેના ચરણ પકડી લીધા અને કહ્યું, "અમે તમારી હત્યા કરવા આવ્યા હતા. તમારી આવી દયાભાવના જોઈને અમને થાય છે કે તમારી હત્યા કરી હોત, તો કેટલાંય બાળકો અનાથ બની ગયાં હોત. ખોટે માર્ગે ચાલીને અમારા જેવા ખૂની અને હત્યારા બન્યા હોત. તમે અમને માફ કરો."

જ્યોતિબાએ કહ્યું, "તમને એક જ શરતે માફ કરું કે તમે શિક્ષણ મેળવો અને આગળ વધો."

આ બંને હત્યારાઓએ જ્યોતિબાના કહેવા પ્રમાણે ભણવાનું શરૂ કર્યું. એમાંનો એક ક્ષમાના સાગર જ્યોતિબા ફુલેનો જીવનભરનો સાથી બની રહ્યો અને બીજાને એમણે કાશીમાં પંડિત થવા માટે મોકલ્યો.

**– કુમારપાળ દેસાઈ**

ઇતિહાસ

# ૧૨૫ વર્ષનો અડીખમ પુલ

રજની વ્યાસ

તાજેતરમાં વિદેશોના મહેમાનો તથા ભારતના વડાપ્રધાનની અમદાવાદની મુલાકાત નિમિત્તે શહેરના રસ્તા રૂપાળા ને ચકાચક થઈ ગયા. ત્યારબાદની પહેલી જ વરસાદી સીઝનમાં મોટાભાગનાં રૂપાળાં આવરણો ધોવાઈ ગયાં. અંદરથી અપ્રામાણિકતાની કાંકરેટ પ્રજાના પગમાં વાગવા માંડી.

આજકાલ વિવિધ જાહેરક્ષેત્રે આવાં દશ્યોની નવાઈ રહી નથી. આવાં મૂલ્યોનાં ધોવાણથી પ્રજામાં હતાશા વ્યાપે છે. રોષ પણ આવે છે. આજકાલ તો આવા અસંખ્ય દાખલાઓ છે પણ તેમાંય ભૂતકાળની પ્રામાણિકતાની શિરટોચ સમી આ ઘટના યાદ કરવી ગમે તેવી છે.

હજી ગઈકાલ સુધી અમદાવાદીઓ જેને 'લક્કડિયા પુલ' તરીકે ઓળખતા હતા એ અસલ જૂનો એલિસબ્રિજ નથી. ૧૮૬૯માં અંગ્રેજોએ બાંધેલો એ લાકડાનો પુલ હતો. ૧૮૭૫ના ભયાનક પૂર-તાંડવમાં તૂટી પડ્યો ને તણાઈ ગયો. એ જગ્યાએ નવો પુલ બાંધવાનો હતો. આ વાત અમદાવાદ-ખાડિયામાં રહેતા હિંમતલાલને કાને પડી. સામે ચાલીને તેઓએ સરકારનો સંપર્ક સાધ્યો અને પોતે આ પુલ બાંધી આપવાની તૈયારી બતાવી.

અધિકારીએ કહ્યું : તમે કુશળ ઈજનેર છો એ વાત કબુલ છે પણ, આ તમારું કામ નથી. લાખોનો મામલો છે. લોકોના જાનમાલનો સવાલ છે. તે સમયે હિંમતલાલનું ઈજનેર તરીકે મોટું નામ હતું. મુંબઈના અધિકારીઓ પણ હિંમતલાલની ભલામણ કરતા હોઈ આખરે તેમની પસંદગી થઈ.

છતાં હિંમતલાલ 'દેશી' ઈજનેર હતા એટલે અંગ્રેજો એને વારંવાર ચેતવતા હતા. 'મિ. ભચેચ! તમે ખ્યાતનામ ઈજનેર છો એ વાત સાચી પણ આ પુલ આખા ગુજરાતમાં પહેલો મોટામાં મોટો છે. પ્રજાની સલામતી પ્રથમ જોઈએ.'

'સાડા ચાર લાખનો. કદાચ પાંચ-પચ્ચીસ હજાર ઓછાવત્તા પણ એથી આગળ એક પાઈ પણ નહીં.' પણ આખરે હિંમતલાલની નિમણૂંક થઈ. કારણ કે મુંબઈના બડા સાહેબે તેમની ભલામણ કરી હતી. હિંમતલાલ ઈજનેર અંગ્રેજ કચેરીએથી નીકળીને સાબરમતીના કિનારે આવીને ઊભા રહ્યા. 'મહાશય ગભરાયા લાગે છે.' હિંદીઓ તરફ તુચ્છતાનો ભાવ રાખતા બે-ચાર ગોરાઓએ ખિલ્લી ઉડાડી. 'આમાં દેશીઓનાં ગજાં નથી...! આવો આલીશાન પુલ બાંધવો રમત વાત નથી.' બાંધકામનો બાજંદો માણસ વળતા દિવસે છલકાતા આત્મવિશ્વાસે કામે ચડ્યો. ઈજનેર હિંમતલાલે નદીમાં જ તંબુ ઠોકી રાત-દિવસ નિવાસ કર્યો. દેશી ઈજનેર હાથે રસોઈ બનાવે અને વાસણ-કપડાં પણ હાથે ધુએ. હર પળે એની સતત હાજરી. રૂપિયો ખર્ચીને સવા રૂપિયાનું કામ થાય એ એની નિયત.

૧૮૮૯માં શરૂ થયેલું પુલનું બાંધકામ ૧૮૯૨માં પૂરું થયું. તે સમયના અંગ્રેજ કમિશનરે સર બરો હબૈટ 'એલિસ' ના નામ પરથી પુલને 'એલિસબ્રિજ' નામ આપ્યું. પુલના ખર્ચના આંકડા રજૂ થયા. હિંમતલાલ ઈજનેરે પાંચેક લાખના બજેટ સામે માત્ર ૪,૦૭,૦૦૦ રૂપિયામાં એલિસબ્રિજ બાંધી આપ્યો. પણ આટલી ઓછી રકમને કારણે સરકારને શંકા જાગી. 'પુલનું બાંધકામ બરાબર તો હશે ને? હલકો માલ તો વાપર્યો નહિ હોય ને...' હિંમતલાલે કહ્યું : 'સાહેબ, કરાવી લો ખાતરી...આ પુલમાંથી જો એક કાંકરી પણ ખરે તો હિંમતલાલ ખાડિયાનો નાગર બચ્ચો નહિ.' આ માટે ઈંગ્લેન્ડથી આવેલી એક ખાસ કમિટીએ ચકાસણી કરી. તેણે પુલનું બાંધકામ ઉત્તમ હોવાનો અભિપ્રાય આપ્યો. હિંમતલાલની કુશળતા અને પ્રામાણિકતાની ચારેકોર ઝાલરો વાગી ગઈ! મુંબઈ સરકારે હિંમતલાલને માનપાનથી રોકી લીધા. હિંમતલાલે મુંબઈ સરકારના બાંધકામ ખાતામાં વીસ વર્ષ કામ કર્યું. એમના બાંધકામની ચીવટ, નિષ્ઠાથી હકૂમત પ્રભાવિત થઈ અને ભારતના તે વખતના વાઈસરોય ગવર્નર જનરલે ૩જી જૂન, ૧૮૯૩ માં શ્રી ભચેચને 'રાવ બહાદુર' નો ઇલકાબ આપી દિલ્હી દરબારમાં બહુમાન કર્યું.

નિવૃત્ત થયા પછી હિંમતલાલને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ તરીકે નીમવામાં આવ્યા. તેમના સમય દરમિયાન અમદાવાદની સુપ્રસિદ્ધ ઇમારતોનું નિર્માણ થયું. ગુજરાત કૉલેજ, ગુજરાત ક્લબ, શાહીબાગની કેટલીક સુંદર ઇમારતો, કાલુપુર સ્ટેશન સામેની ભાઈશંકર ધર્મશાળા તેમની ઈજનેરી કુશળતાના ઉત્તમ નમૂના છે. રેલવે બોર્ડના ડિરેક્ટર બનીને અમદાવાદ-ધોળકા રેલવેમાર્ગ કંડાર્યો.

ખાડિયાના આ સપૂતે સંખ્યાબંધ માનસન્માનો, ચંદ્રકો અને યશકીર્તિના ઝળાહળા ઉજાસ વચ્ચે ૧૯૨૨ની ૩૦મી સપ્ટેમ્બરે આ ધરતી પરથી વિદાય લીધી. સમય જતાં એલિસબ્રિજની બંને બાજુ બે નવા પુલ નિર્માયા અને તેની લોકાર્પણની વિધિ અડવાણીજીના હસ્તે કરાયેલી. તેમણે હિંમતલાલને યાદ કરીને ૧૯૯૫માં 'રાવ બહાદુર હિંમતલાલ ભચેચ' ના નામની તકતી મુકાવી છે. ■

લોક સંસ્કૃતિ

# સપ્તનદીના સંગમસ્થાને ભરાતો વૌઠાનો સુપ્રસિદ્ધ લોકમેળો

સંકલિત

પોતાની મેળે મેળે લોકો આવે અને મેળે મેળે (પોતાની રીતે) વિખરાય તેને મલકના લોકમેળા કહે છે. ગુજરાત એટલે ભાતીગત લોકમેળાઓની ભોમકા. લોકમેળાઓએ આપણી લોકસંસ્કૃતિને તરોતાજા-જીવંત રાખી છે. વિજ્ઞાન ટેકનોલોજી, મનોરંજનના અત્યાધુનિક સાધનો દિવસે ને દિવસે વધતાં હોવા છતાં પણ આપણા 'મેળા' ની માસુમિયત જળવાઈ રહી છે. મેળાના રંગ જરૂરથી થોડા બદલાઈ રહ્યા છે, તેમ છતાં આજે પણ લોકો હોશેં હોશેં મેળાને માણવા દૂર દૂર ઊપડી પડે છે. તે એ દર્શાવે છે કે આપણી લોકસંસ્કૃતિના મૂળ ઘણાં ઊંડાં છે. તેમ જ તે માનવજીવન અને સ્વભાવ સાથે પણ પ્રગાઢ રીતે વણાયેલા છે. મેળાના પ્રદેશ ગુજરાતમાં બાર મહિનાના દરેક માસે ક્યાંય ને ક્યાંય નાના-મોટા મેળાઓ યોજાતા રહે છે. કારતક માસમાં લગભગ ૯૪ જેટલાં નાના-મોટા થઈને મેળાઓ યોજાય છે. 'મા શંખેશ્વર, સિદ્ધપુર, શામળાજી, લતીર્થ, અંબાજી, સોમનાથ, જૂનાગઢ તેમજ સાવ નોખો - અનોખો વૌઠાનો મેળો પણ યોજાય છે. અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં ભરાતો વૌઢાનો મેળો એ ગુજરાતના મોટા મેળાઓમાંનો એક છે. કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી યોજાતો આ અનોખો મેળો, તેમાં ભરાતી 'ગધેડાબજાર' માટે ખૂબ ખૂબ જાણીતો છે. વૌઠાના ભૌગોલિક સ્થાનમાં પણ ઘણી વિશેષતા સમાયેલી છે. ભારતમાં પાંચ નદીઓનો સંગમ થાય તેવા સ્થળો પણ બહુ ઓછાં છે. વૌઠામાં તો સાત-સાત નદીઓ એકબીજાને મળી પવિત્ર સંગમ રચે છે. સાબરમતી, હાથમતી, વાત્રક, ખારી, મેશ્વો, માજમ અને શેઢી નદીઓના સપ્તસંગમને કારણે પણ વૌઠા સ્થાન પવિત્ર મનાય છે. મેળાની વાત પર આવીએ તો રોજબરોજ આમ તો આપણે ગધેડા નામના પ્રાણીને વગોવતા હોઈએ છીએ પણ વૌઠાના મેળામાં આ ગધેડાઓ વખણાતા હોય છે. ગધેડાઓની બોલબાલા હોય છે. મેળામાં ગધેડા ઉપરાંત ઊંટનું પણ ખરીદ વેચાણ થાય છે. તે માટે ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ વિસ્તાર ઉપરાંત રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ રાજયોમાંથી પણ વેપારીઓ ગધેડા-ઊંટના સોદા કરવા આવે છે. મેળામાં પ્રવેશતાં જ હજારોની સંખ્યામાં ગધેડાઓથી ભરચક મેદાન દેખાય, આપણે જેમ શુભ પ્રસંગોમાં મેકઅપ કરી બનીઠનીએ છીએ તેમ આ દિવસોમાં ગધેડાઓને પણ સાજ શણગાર સજાવી તૈયાર કરવામાં આવે છે. તેમનાં કાન, પૂંછડાં, કેશવાળી, પેટ વગેરે અંગોમાં લાલ, લીલા કે ગુલાબી રંગના ટપકાં કરવામાં આવે છે જેથી ખરીદનારને ગધેડાં આકર્ષક લાગે અને વેચનારને તેના મોં માગ્યા દામ નીપજે. ખરેખર ગધેડાની શું કિંમત થાય? તે તમારે જાણવું હોય તો વૌઠાના મેળામાં જવું પડ. મેળામાં બે હજારથી લઈને પચીસ-ત્રીસ હજાર સુધીમાં ગધેડાં વેચાય છે. મેળામાં આવતા ખરીદદારો સામાન્ય રીતે ત્રણ કામ માટે ગધેડા ખરીદે છે : એક સવારી કરવા, બીજું, ઘોડાગાડીની જેમ ગાડી ચલાવવા અને ત્રીજું મજૂરી કરાવવા. મેળામાં ખાસ કરીને વણજારા, કુંભાર વગેરે જાતિના લોકો આવે છે. મેળામાં કાઠિયાવાડી, કચ્છી, રાજસ્થાની વગેરે પ્રદેશના જાતવાન ગધેડાઓ જોવા મળે. ગધેડું જાતવાન નીવડશે કે નહીં તેની પણ કસોટી ખરીદારો કરે છે. કસોટી કરવાની પણ ઘણી રીતો જોવા મળે. ગધેડાને દોડાવી તેના પગમાં કોઈ ખોડ-ખાંપણ છે કે નહીં તેની ચકાસણી ખરીદનાર કરી લેતા હોય છે. કાન ઉપરથી પણ ગધેડાની નસલ નક્કી કરી શકાય છે. કાન જેટલા નાના એટલું ગધેડું સારું. ઘોડાની જેમ કાન ઊંચા રહેતા હોય તો તેવા ગધેડાની કિંમત સારી ઉપજે. ગધેડાની ઊંચાઈ લંબાઈ પણ ભાવતાલમાં અગત્યનો ભાગ ભજવે. મેળામાં ગધેડા ઉપરાંત ઊંટની પણ ખરીદ, લે-વેચ થતી હોય છે. નખશીખ આ પશુમેળામાં તમને બીજી તરફ યાત્રાધામોમાં યોજાતા લોકમેળાની પણ અનુભૂતિ થયા વગર ન રહે. આસપાસનાં ગામોના લોકો ગાડાં, ટ્રેક્ટર તેમજ દૂરથી લોકો બસ દ્વારા પણ મેળાના દિવસોમાં વૌઠા પહોંચે છે. આ દિવસોમાં વૌઠા માનવ-મહેરામણથી ઉભરાતું રહે છે. કેટલાક લોકો રાવટી બાંધીને મેદાનમાં રાતવાસો પણ કરે છે. નદીકિનારો હોય, ચાંદની રાત હોય અને પછી ભજન દુહાની રંગત જોવા ન મળે તેવું થોડું બને? લોકો મંજીરા, ઢોલક, કરતાલ જેવાં વાદ્યોથી દુહા-ભજનમાં તલ્લીન થયેલાં પણ મેળાના મસ્તાની માહોલમાં જોવા મળે. કાર્તિક પૂનમ એટલે મેળાનો અંતિમ દિવસ. એ દિવસે સપ્તસંગમ પવિત્ર નદીમાં સ્નાન કરવાનો શ્રદ્ધાળુઓમાં અનેરો મહિમા છે. લોકો શ્રદ્ધાપૂર્વક ભાવભક્તિથી સ્નાન કરી જન્મોજન્મના પુણ્યોના ભાથાં બાંધી લીધાની અનુભૂતિ કરતા હોય છે. કારતક માસની ફુલગુલાબી ઠંડી પડતી હોય, મેળામાં જાતજાતના અને જાતવાન ગધેડાની ભરમારને જોવા માણસોનું હૈયે-હૈયું દળાતું હોય ત્યારે એ મેળાની રંગત તો માણનારને જ મળે. મેળાઓ તો ઘણા ભરાય અને ઘણા વિખરાય પણ 'વૈશાખ નંદનનો' વિશિષ્ટ વૌઠા મેળો જીવનમાં એકવાર રૂબરૂ

જઈ માણવા જેવો તો ખરો જ! ગુલાબી ઠંડી પડતી હોય, બાજુમાં તાપણું કર્યું હોય, સામે નદીકિનારો હોય અને પાંચ પાંચ દિવસ સુધી નદીના પટમાં દુનિયાભરનાં તમામ દુઃખો એક બાજુ મૂકી ટેન્ટ તંબુમાં રહેવાનું મળે તો કયા માણસને આ સુખ ન ગમે? આજની ભાગતી-હાંફતી જિંદગી જીવતા શહેરના માણસને તો આ બધું મધ જેવું મીઠું લાગે. વૌઠાના મેળામાં કુદરતના ખોળે અગિયારસથી પૂનમ સુધી તંબુમાં રહી અને મેળો માણવો એ મેળાની અનોખી વિશિષ્ટતા છે. મેળો શરૂ થતાં જ આસપાસનાં ગામના લોકો તંબુ અને ઘર-વપરાશની ચીજવસ્તુઓ લઈ વૌઠાના નદીના પટમાં પહોંચી જાય છે. મેળાના દિવસોમાં તંબુ તાણી રહેવાની મજા માણે છે. તંબુમાં રહેવા આવતા લોકો ખાસ કરીને આસપાસનાં ગામના જ હોય છે. તેઓ પોતાના કુટુંબ સાથે અહીં રોકાય છે. આમાંના કેટલાક લોકો તો પોતાનાં સગાં સંબંધીઓને પણ મેળા દરમિયાન બોલાવી અને મેળાની મજા માણે - મણાવે છે. આ લોકમેળામાં એકઠાં થતાં માનવીઓને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા ખૂબ જ જાગૃતિ સાથે લોકમેળાને લોકભોગ્ય બનાવવાના હેતુસર સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. વૌઠા ગ્રામપંચાયત, ધોળકા તાલુકા પંચાયત તથા સમગ્ર જિલ્લા વહીવટીતંત્ર ઉપરાંત અન્ય વિભાગો પણ આ મેળામાં અનેકવિધ આયોજનો કરે છે. સરકારના જુદા જુદા વિભાગોની કામગીરીની કલ્યાણકારી યોજનાઓની જાણકારી છેવાડાના માનવી સુધી પહોંચે તે હેતુસર અહીં પ્રદર્શન યોજવામાં આવે છે. ખેતીવાડી, માહિતી ખાતુ, સંકલિત બાળ વિકાસ યોજના, જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, નશાબંધી અને આબકારી વિભાગ જેવા ખાતાઓ મારફતે લોકોને ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવે છે. લોકોના આરોગ્ય, કાયદો અને વ્યવસ્થા, જાહેર સુખાકારી માટે પણ વહીવટીતંત્ર દ્વારા આયોજન કરવામાં આવે છે. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા એસ.ટી. બસોની સુવિધા ઉપલબ્ધ થાય છે. વૌઠાના મેળાનું મુખ્ય આકર્ષણ ગધેડાં, ઊંટ જેવા પશુઓનું વેચાણકેન્દ્ર છે. આ મેળામાં આવતા પશુધનના આરોગ્ય સારવાર માટે દવાઓ રસીકરણ વગેરેની વ્યવસ્થા પશુપાલન વિભાગ તથા વીજળીની વ્યવસ્થા માટે ગુજરાત વિદ્યુતબોર્ડ દ્વારા સતત કામગીરી કરવામાં આવે છે. તાલુકા પંચાયત - ધોળકાના સહયોગથી વૌઠા ગ્રામપંચાયત દ્વારા મેળાના સ્થળે જગ્યાને સમતળ કરાવીને ખાણી-પીણીના પ્લોટ ઊભા કરવામાં આવે છે. મેળા દરમિયાન ફરજ બજાવતા કર્મચારીઓ માટે પણ ટેન્ટની સુવિધા ઉપલબ્ધ રાખવામાં આવે છે. જોકે આ મેળા બાબત એક વાત મનમાં ખટકે તેવી છે અને આ મુદ્દો છે નદીઓના પ્રદૂષણનો. વૌઠાના નદીઓના સંગમસ્થળે સાબરમતી નદીના પ્રદૂષણના પ્રશ્નનો કાયમ માટે નિકાલ લાવવાની બૂમ ઊઠી છે. વૌઠામાં આવતા પ્રવાસીઓ અને મેળાના નિયમિત મુલાકાતીઓનું પ્રદૂષિત સાબરમતી નદી જોઈને શરમથી માથુ ઝૂકી જાય છે. પવિત્ર નદીના સ્નાનનું મહત્ત્વ માત્ર પુસ્તકોમાં રહી જાય છે. લોકો સાબરમતી પાર કરીને બીજી તરફ વાત્રકના ચોખ્ખા પાણીમાં સ્નાન કરવા જાય છે પરંતુ આ માટે સાબરમતીમાંથી પસાર થવું પડતું હોવાથી કેમિકલવાળા પાણીથી છુટકારો મળતો નથી. હાલની પરિસ્થિતિ જોતાં આ વર્ષે પણ સાબરમતીના પ્રદૂષણવાળા પાણીથી મેળાને છુટકારો મળે તેવી કોઈ શક્યતા દેખાતી નથી. ■

## અછત

લાજ ઢાંકવા વસ્ત્રો જોઈએ  
વસ્ત્રો થઈ ગયા ટૂંકા ટચ  
હાઈબ્રીડથી જ્યાં અનાજ પાકે  
એ અનાજમાં ક્યાં હોય સત્ત્વ?  
નેતા લોકને ખુરશી જોઈએ  
દેશદાઝની થઈ ગઈ અછત.  
પુષ્પો તમામ પ્લાસ્ટિકના થઈ ગયા  
મધુકર ભૂખે થઈ ગયો અશક્ત  
શિક્ષકો સૌ ટ્યુશનમાં રત છે  
સાચા શિક્ષણની થઈ ગઈ અછત.  
સાત્ત્વિક ખોરાક શોધ્યો મળે નહીં  
શૂરવીરોની થઈ ગઈ અછત.  
બકવાસ સરીખા ટેલિવિઝન ગાજે  
સંસ્કારોની થઈ ગઈ અછત.  
પૈસા આગળ - માનવી પાછળ  
માનવતાની થઈ ગઈ અછત.  
ધંધા વ્યાપારમાં બેઈમાની વધી ગઈ  
બરકતની થઈ ગઈ અછત.  
"અલ્પ" ભક્તિમાં સ્વાર્થ પેસી ગયો,  
સત્કર્મોની સાવ થઈ ગઈ અછત.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ.*  
*મો. ૯૯૦૯૭ ૨૩૪૮૩*

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

Prakash®

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.  
Tel. : 2242 7461 Telefax : 2242 6636  
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

શિક્ષણ

# ગુજરાતના શિક્ષણક્ષેત્રની ગઈકાલ, આજ અને આવતીકાલ

ડૉ. જયેન્દ્રસિંહ જાદવ

ભારતવર્ષનો શિક્ષણક્ષેત્રનો ઇતિહાસ ઊજળો છે. તક્ષશિલા, નાલંદા અને વલભી જેવી વિદ્યાપીઠોના ગૌરવાન્વિત ઇતિહાસને આજેય આપણે યાદ કરીએ છીએ. આપણે ત્યાં તક્ષશિલા માટે કહેવાયું છે કે 'શિલાં તક્ષતિ ઇતિ તક્ષશિલા' જે શિલામાંથી શિલ્પ બનાવે છે તે તક્ષશિલા છે. આમ શિલામાંથી શીલનું ઘડતર અને શિલ્પમાં રૂપાંતર તે શિક્ષણ પ્રક્રિયાનો મુખ્ય ધ્યેય છે. આપણે ત્યાં કેળવણી વિષે સમયે-સમયે અનેક વિચારો રજૂ થયા છે. ઉપનિષદ કહે છે કે 'સા વિદ્યા યા વિમુક્તયે' અર્થાત્ મુક્તિ અપાવે તે વિદ્યા છે. આ દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને કેળવણીકાર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણજી કહેતા કે, શિક્ષણ એ ચેતનાની ખેતી છે. સ્વામી વિવેકાનંદજીએ કહ્યું કે મનુષ્યમાં રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ એટલે કેળવણી. આ કેળવણી ક્ષેત્રે આઝાદી પછી અનેક અવનવા પ્રયોગો થયા છે. ગુજરાતની જ વાત કરીએ તો ગિજુભાઈ, નાનાભાઈ, હરભાઈ જેવા કેળવણીકારોથી ગુર્જર ભૂમિનું નામ રળિયાત છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતે શિક્ષણક્ષેત્રે અનેક નવા મુકામો હાંસલ કર્યા છે. કોઠારી કમિશને કહ્યું હતું કે ગુણાત્મક અને સંખ્યાત્મક પરિમાણોનો સંતુલિત વિકાસ કરીને જ શિક્ષણના ટકાઉ વિકાસનું લક્ષ્ય સાધી શકાશે. ગુજરાતના શૈક્ષણિક ક્ષેત્રના વિકાસને ધ્યાને લેતાં સામે આવે કે અનેક માપદંડોમાં ગુજરાતે પારમિતા (Excellence) હાંસલ કરી છે, જે માટે દરેક ગુજરાતીએ ગૌરવ લેવા જેવું રહ્યું અને હજુ પણ ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે અનેક સુધારાઓને અવકાશ છે તે હકીકત પણ એટલી જ સાચી છે. આ બંને વિધાનોને ધ્યાનમાં રાખીને ગુજરાતના શિક્ષણક્ષેત્રના ભૂતકાળ, વર્તમાન અને આવતીકાલનું વિહંગાવલોકન કરવાનો આ એક ઉપક્રમ છે.

- **પ્રાથમિક શિક્ષણ :**

પ્રાથમિક શિક્ષણ એટલે કે ધોરણ ૧ થી ૮ સુધીનું શિક્ષણ. આ પ્રાથમિક શિક્ષણ જ્યાં આપવામાં આવતું હોય તે શાળાને પ્રાથમિક શાળા કહેવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણને અગ્રતા આપવામાં આવેલ છે. પ્રાથમિક શિક્ષણ એ શિક્ષણના પિરામિડનો પાયો છે. ૬ થી ૧૪ વર્ષની વયજૂથના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની રાજ્ય સરકારની જવાબદારી છે. પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ તથા સ્થાયીકરણની યોજનાઓ પર વધુ ભાર મૂકવામાં આવેલ છે. રાજ્યની પ્રાથમિક શિક્ષણની સ્થિતિનો ક્યાસ મેળવવા છેલ્લાં પાંચ વર્ષમાં થયેલી શાળાઓની, શિક્ષકોની અને વિદ્યાર્થીઓની સંખ્યા નીચેના કોષ્ટકમાં મૂકી છે.

| વિગત | ૨૦૦૯-૧૦ | ૨૦૧૫-૧૬ | તફાવત (ટકાવારી) |
|---|---|---|---|
| શાળાઓની સંખ્યા | ૩૯૯૫૨ | ૪૪૦૧૮ | ૧૦.૧૭% |
| શિક્ષકોની સંખ્યા | ૨,૪૭,૯૦૧ | ૩,૨૪,૮૪૨ | ૩૧.૦૪% |
| વિદ્યાર્થીઓની સંખ્યા | ૭૮,૧૮૦૦૦ | ૯૦,૬૭૦૦૦ | ૧૫.૯૮% |
| વિદ્યાર્થી-શિક્ષક અનુપાત | ૩૨ | ૨૮ | – |

ઉપરના કોષ્ટક પરથી જોઈ શકાય છે કે વિદ્યાર્થી શિક્ષક અનુપાત કે જે શિક્ષણની ગુણવત્તા માટેનું ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે તે નીચો લાવીને સરકારે મહત્ત્વની સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાતના પ્રાથમિક શિક્ષણને મૂલવતા કેટલાક માપદંડોની ચર્ચા અત્રે કરી છે.

- **શાળા છોડીને જવાનો દર (Drop out Rate)**

ગુજરાતમાં વર્ષ ૧૯૯૯-૨૦૦૦ ધોરણ ૧ થી ૫ માં શાળા છોડવાનો દર ૨૨.૨૧% હતો અને ધોરણ ૧ થી ૭/૮ માં આ દર ૪૧.૪૮% હતો. રાજ્ય સરકારના અથાગ પ્રયત્નને કારણે આજે શાળા છોડીને જવાના દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. *(કોષ્ટક પાછળના પાના ઉપર આપેલ છે.)*

- **પ્રવેશ દર :**

ભારતના બંધારણમાં ૬ થી ૧૪ વર્ષના બાળકને સાર્વત્રિક મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવું તે સરકારની ફરજ લેખવામાં આવી છે. રાજ્યનું દરેક બાળક શાળાએ જઈ પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરે તે ખૂબ જ જરૂરી છે. ભૂતકાળમાં ગુજરાત રાજ્યમાં કન્યા પ્રવેશદરનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું. પરંતુ સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દ્વારા અનેક બાળકો શાળામાં ભણતા થયા છે. શાળા પ્રવેશોત્સવ ૨૦૧૭ દરમ્યાન ધો ૧ માં કુલ ૫,૫૨,૫૫૨ અને ધો. ૯ માં કુલ ૫,૪૪,૧૬૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. આ પ્રવેશોત્સવના પરિણામે ગુજરાતમાં બાળકોનું ૯૦૦% નામાંકન શક્ય થયું છે, જે ખૂબ

**શાળા છોડીને જવાનો દર (Drop out Rate)**

| ધોરણ | વર્ષ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૯૯૯-૨૦૦૦ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| ૧ થી ૫ | ૨૨.૩૦ | ૨.૨૦ | ૨.૦૯ | ૨.૦૭ | ૨.૦૪ | ૨.૦૦ | ૧.૯૭ | ૧.૭૪ |
| ૧ થી ૭/૮ | ૪૧.૪૮% | ૮.૬૬% | ૭.૪૫% | ૭.૫૬% | ૭.૦૮% | ૬.૯૧% | ૬.૬૧% | ૬.૩૪% |

જ મોટી સિદ્ધિ છે. ગુજરાત રાજ્યના આ પ્રવેશોત્સવની સફળતાને લઈ ભારતનાં અન્ય રાજ્યોએ પણ શાળા-પ્રવેશોત્સવ શરૂ કરાવ્યો છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ (ધો. ૧ થી ૮) માં કુલ પ્રવેશ દર અને ચોખ્ખો પ્રવેશ દર અનુક્રમે ૧૦૨.૬૩ અને ૯૯.૧૧ નોંધાયેલ છે, જે રાજ્યમાં પ્રવેશની સ્થિતિ અંગે ક્રાંતિકારી લક્ષ્યાંક હાંસલ થયાનું સૂચક કરે છે.

- **મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના :**

ગુજરાત સરકારે કન્યા કેળવણી નિધિ યોજના દ્વારા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળેલ ભેટ સોગાદોની જાહેર હરાજી કરાવી માતબર રકમનું ભંડોળ એકત્રિત કર્યું અને કન્યા કેળવણી માટે નવો આયામ ઊભો કર્યો.

આ યોજના અંતર્ગત વિદ્યાલક્ષ્મી બોન્ડ જેવી યોજનાનો લાભ આપી આજે કન્યા કેળવણીના પ્રથમ પગલારૂપે ગુજરાતમાં બાળકોનું ૧૦૦% નામાંકન શક્ય બન્યું છે. આ ઉપરાંત કન્યા કેળવણી નિધિમાં દાતાઓ અને સંસ્થાઓ તરફથી દાન કરવામાં આવે છે. આ રીતે વર્ષ ૨૦૧૫-૧૬ સુધીમાં રૂ. ૯૩.૦૨ કરોડ જેટલી માતબર રકમ એકત્ર થઈ છે, જે કન્યાઓના શિક્ષણ માટે રાજ્ય સરકાર વાપરી રહી છે. વર્ષ ૨૦૦૫-૦૬ થી અત્યાર સુધીમાં રાજ્યની ૫૯૦૦૦ લાભાર્થી કન્યાઓને ૩૧.૧૩ કરોડનો પુરસ્કાર/સહાય પેટે અર્પણ કરવામાં આવેલ છે.

- **ગુણોત્સવ :**

લોકશાહી દેશમાં બધા જ નાગરિકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરવાનો મૂળભૂત અધિકાર છે. સર્વસમાવેશી અને સમાનતામૂલક ગુણવત્તાયુક્ત કેળવણી અને આજીવન કેળવણી બધાને ઉપલબ્ધ કરાવવાની યોજના વિચારાતી રહેવી જોઈએ. રાજ્ય સરકારે ૨૦૨૬૭.૫૧ કરોડ જેટલી માતબર રકમ વર્ષ ૨૦૧૭-૧૮ માં શિક્ષણ રમત-ગમત, કલા સંસ્કૃતિ ક્ષેત્ર માટે ફાળવેલ છે જે ગત વર્ષ કરતાં સૂચક રીતે ઘણી વધારે છે. શિક્ષણ પેટે ફાળવવાના બજેટમાં રૂા. ૧૫૫૪ કરોડનો વધારો કરેલ છે. શિક્ષણમાં સંખ્યાત્મક પરિણામોની સાથે ગુણાત્મક રીતે પણ સુધારા થાય તે માટે રાજ્ય સરકારનો નિરંતર પ્રયોગ એટલે ગુણોત્સવ.

બાળકોનો પ્રવેશ થયા બાદ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અપાય છે કે કેમ તેની જાણકારી માટે રાજ્ય સરકાર ગુણોત્સવ કાર્યક્રમ યોજે છે, જેમાં મંત્રીશ્રીઓ અને બધા જ વિભાગોના સરકારી અધિકારીશ્રીઓની ટીમ શાળાઓના મૂલ્યાંકન માટે નીમવામાં આવે છે. જે ટીમ જે તે શાળાને તેની વિવિધ સુવિધાઓ, પ્રવૃત્તિઓ શૈક્ષણિક ગુણવત્તાના મૂલ્યાંકનને આધારે ગ્રેડ આપે છે.

વર્ષ ૨૦૦૯-૧૦ ના પ્રથમ ગુણોત્સવમાં અ+ કેટેગરીની શાળાઓ માત્ર પાંચ હતી, જે વર્ષ ૨૦૧૫-૧૬ના છઠ્ઠા ગુણોત્સવમાં વધીને ૧૯૬૦ થયેલ છે. 'અ' કેટેગરીમાં પ્રથમ ગુણોત્સવમાં ૨૬૫ શાળાઓ હતી, જે છઠ્ઠા ગુણોત્સવમાં વધીને ૧૬૯૦૮ થયેલ છે. 'ઈ' કેટેગરીમાં પ્રથમ ગુણોત્સવમાં ૩૮૨૩ શાળાઓમાંથી ૧૨૬૦૫ થયેલ છે. ઈ કેટેગરીની શાળાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ ગુણોત્સવને પરિણામે સરકાર સક્ષમ શાળાઓની ખરેખર સ્થિતિ સામે આવી અને તેને પરિણામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા છે.

- **વિદ્યા સહાયકો :**

છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક શિક્ષણમાં ૫૧૯૬ શિક્ષકોની વિદ્યા સહાયકરૂપે અને ૮૮૩ મુખ્ય શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. વળી કેન્દ્રીયકૃત ધોરણે ભરતી ઓનલાઈન છે, તેથી, પારદર્શિતા પણ વધી છે. હાલ રાજ્યમાં જિલ્લા પ્રા.શિક્ષણ ભરતીમાં સમિતિના કુલ ૩,૨૪,૮૪૨ શિક્ષકો કાર્યરત છે, જેમાં શિક્ષક, વિદ્યાર્થી અનુપાત ૨૮ ટકા થયો છે, જે અન્ય રાજ્યો કરતાં ઘણો સારો છે.

પ્રાથમિક શિક્ષકોની સેવાપોથીનું ડિજિટલાઈઝેશન કરવામાં આવેલ છે. જેનાથી વહીવટી પારદર્શિતા વધી છે, સમય, શક્તિ અને નાણાંની બચત પણ થાય છે. સમગ્ર પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીનું કાર્ય પણ ઓનલાઈન થયું છે.

કેટલાંક બાળકો ધીમી ગતિથી શીખનાર અધ્યેતા હોય છે, તેમના માટે ઉપચારાત્મક શિક્ષણ પદ્ધતિથી અલગ રીતે શિક્ષણ આપવાની વ્યવસ્થા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કરવામાં આવી છે. ગુણોત્સવની અભૂતપૂર્વ સફળતાને ધ્યાને લઈ દેશના રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવાં રાજ્યોએ પણ ગુણોત્સવ કાર્યક્રમ શરૂ કર્યો છે.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ૩૨,૦૦૦ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં 'વંદે ગુજરાત' શૈક્ષણિક ચેનલોના માધ્યમથી ધો. ૫ થી ૮ ના કુલ ૩૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ આપવામાં આવ્યો છે. પ્રજ્ઞા અભિગમ એટલે કે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાનો નવો અભિગમ રાજ્યની ૨૩,૦૨૯ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૫ માં હાથ ધરવામાં આવ્યો છે. Bala પ્રોજેક્ટ અંતર્ગત રાજયની કુલ ૨૫૦૮ પ્રાથમિક શાળાઓમાં શાળાના મકાનમાં વિવિધ ભાગો જેવા કે ફર્શ, દીવાલો, બારી-બારણાં, પગથિયાં, સીલીંગ, પંખા, ફર્નિચર અને વૃક્ષોમાંથી શૈક્ષણિક મૂલ્યો અને વિષયોનું જ્ઞાન વધે તે રીતે આ ભાગોના વિકાસનો નવો અભિગમ હાથ ધરવામાં આવ્યો હતો. ગુજરાતના બાળકોને વૈશ્વિક પ્રવાહો સાથે જોડવા માટે આઈ.સી.ટી. પ્લેટફોર્મ આધારિત શિક્ષણ અંગે શિક્ષકોને તાલીમની ગુણવત્તા માટે ૧૬,૭૧૯ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટ કનેક્શનની સુવિધા આપવામાં આવી હતી. ૧૯૦૨ જેટલા દિવ્યાંગ બાળકોને વ્હીલચેર, ટ્રાઈસિકલ, સી.પી. ચેર અને કૃત્રિમ પગ જેવાં ૨૫ પ્રકારનાં સાધનોની સાધન-સહાય તેમજ ૩૩૧૪ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને બ્રેઈલ પાઠ્યપુસ્તકોનો લાભ આપવામાં આવ્યો છે. રેઈન વોટર હાર્વેસ્ટીંગ, પ્લાન્ટેશન, સોલાર એનર્જી એન્ડ સોલાર કૂકિંગ, મેનેજમેન્ટ ઓફ વોટર અને રીડ્યુસિંગ વેસ્ટ દ્વારા શાળાની સુવિધામાં અભિવૃદ્ધિ માટે રાજ્યની ૪૭ હયાત શાળાઓને ગ્રીન અને સસ્ટેનેબલ શાળામાં રૂપાંતર કરવામાં આવી છે. નવી ૬ ગ્રીન શાળાઓનું બાંધકામ કરવાની સાથે ૬૫ જેટલી શાળાઓને અપગ્રેડ કરવામાં આવી છે. સ્વનિર્ભર શાળાઓમાં ફી અંકુશ થાય તે માટે રાજ્ય સરકારે સ્વનિર્ભર શાળા ફી નિયમન એક્ટ - ૨૦૧૭ પસાર કરી સમગ્ર દેશમાં એક નમૂનારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગુજરાત એ દેશમાં આ રીતે ફી નિયમન કાયદો પસાર કરનારું પ્રથમ રાજ્ય છે.

- **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ :**

ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૫-૧૬ના આંકડા મુજબ ૧૦,૯૪૦ સંસ્થાઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણક્ષેત્રે કાર્યરત છે, જેમાં ૮૩૬૬૨ શિક્ષકો ૨૬૭૯૦૦૦ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવી રહ્યા છે. વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માં માધ્યમિક અને ઉ.મા. શિક્ષકોની ખૂબ મોટા પાયે ઘટ છે તેમ જણાતાં સરકારે પ્રાથમિકની જેમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં પણ કેન્દ્રીયકૃત ધોરણે ભરતી કરવાનું નક્કી કર્યું. માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની છેલ્લાં બે વર્ષમાં મોટા પાયે ભરતી કરી સરકાર દ્વારા શિક્ષકોની ઘટ દૂર કરવા દઢતાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ છે. વધુમાં જે વિસ્તારમાં હજુ શિક્ષકોની ઘટ હોય તેવા વિસ્તારમાં પ્રવાસી શિક્ષકોની સેવા લેવાનો નવતર અભિગમ અપનાવીને ચાલુ વર્ષે કુલ ૫૦૫૩ પ્રવાસી શિક્ષકોની સેવા લેવાઈ રહી છે. તેનાથી મોટા ભાગના વિસ્તારોમાં મુખ્ય વિષયના શિક્ષકો વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારોમાં અંતરિયાળ ગામોથી માધ્યમિક શાળા દૂરના અંતરે આવેલી હતી. તાલુકા કક્ષાએ બે-ત્રણ શાળાઓ હોય પરંતુ તાલુકાનાં અંતરિયાળ ગામોમાં શાળાઓના અભાવને લીધે વિદ્યાર્થીઓએ અભ્યાસ છોડી દેવાની ઘટનાઓ સામાન્ય હતી. અંતરિયાળ અને પછાત વિસ્તારોના વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત ન રહે તે માટે બાયસેગ મેપિંગની મદદથી કુલ ૨૨ શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. RMSA (રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન) દ્વારા નવી ૩૦ માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. અંતરિયાળ ગામથી અપડાઉન માટે ૪૫,૦૦૦ કન્યાઓને સાઈકલનું વિતરણ પણ કરવામાં આવ્યું છે.

- **પાઠ્યક્રમ :**

સમય અનુસાર પાઠ્યક્રમોમાં પરિવર્તન આવે તે અનિવાર્ય છે. દસ વર્ષ જૂના પાઠ્યક્રમને બદલીને ધો. ૯ થી ૧૨ માં છેલ્લાં બે વર્ષમાં નવા આધુનિક જમાનાની માંગને પહોંચી વળવા સક્ષમ બની રહે તે મુજબના પાઠ્યક્રમો તૈયાર કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૬-૧૭ માં ધો. ૯ માં ૫૭ જેટલી શાળાઓમાં પ્રાયોગિક ધોરણે NCERT ાં પુસ્તકોનો અમલ કરવામાં આવ્યો છે. રાજ્યના વિદ્યાર્થીઓને પ્રાથમિક શાળામાં વર્ષોથી રાજ્ય સરકારની મફત પાઠ્યપુસ્તક યોજના હેઠળ નિઃશુલ્ક પુસ્તકો મળતાં હતાં, પરંતુ માધ્યમિક અને ઉ. માધ્યામિકમાં ગ્રાન્ટ ઈન એઈડ અને સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક સ્વખર્ચે લાવવાનાં રહેતાં હતાં. ચાલુ વર્ષે ધો. ૯ થી ૧૨ ના તમામ ૨૧,૦૨,૮૯૨ વિદ્યાર્થીઓને રૂ. ૮૦ કરોડના ખર્ચે નિઃશુલ્ક ધોરણે પાઠ્યપુસ્તકો આપવામાં આવ્યાં છે.

- **ઉચ્ચ શિક્ષણ :**

કોઈપણ પરિવર્તન અચાનક નથી થતું. તે માટે સમય, સાતત્યપૂર્ણ અને નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો પણ જોઈએ. સને ૨૦૦૧ માં ગુજરાતમાં ફક્ત ૧૧ યુનિવર્સિટી હતી, જ્યારે આજે ૨૦૧૭ સુધીમાં આ સંખ્યામાં વધારો થઈને કુલ ૫૦થી વધુ યુનિવર્સિટી

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

થઈ ગઈ છે. આ છે ઉચ્ચ શિક્ષણની દિશામાં રાજ્ય સરકારે ખાનગી સંસ્થાઓના સાથ સહકારથી સાધેલા વિકાસની એક નાનકડી ઝલક.

ગુજરાતમાં રાજ્ય સરકાર સંચાલિત ૮ મેડિકલ કૉલેજો ઉપરાંત ખાનગી ધોરણે ચાલતી એક ડઝન મેડિકલ કૉલેજો છે. સરકારે વધુને વધુ ખાનગી સંસ્થાઓને પણ ઉચ્ચ શિક્ષણ માટે અભિમુખ થવાની માત્ર પ્રેરણા જ નહિ, પ્રોત્સાહન અને સવલતો પણ આપી છે.

ગુજરાતની યુવાશક્તિને ધ્યાનમાં રાખીને દેશમાં સૌ પ્રથમ વાર વિશ્વકક્ષાની સવલતો ધરાવતી વિવિધ વિષયો આધારિત નવીન વિચારધારાઓવાળી યુનિવર્સિટીનું નિર્માણ કરાવ્યું છે, જેમાં (૧) ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, (૨) રક્ષાશક્તિ યુનિવર્સિટી, (૩) પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, (૪) સ્પોર્ટર્સ યુનિવર્સિટી, (૫) ચિલ્ડ્રન યુનિવર્સિટી, (૬) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, (૭) કામધેનુ યુનિવર્સિટી (હિંમતનગર), (૮) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાસ ઉલ્લેખનીય છે. દેશમાં આ પ્રકારની વિશિષ્ટ યુનિવર્સિટી સ્થાપનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

## ● ટેકનોક્રેટ શ્રી એન. નારાયણ મૂર્તિ :

રાજ્ય સરકારે યુવાશક્તિને રચનાત્મક માર્ગે કાર્યપ્રદાન કરાવવા માટે આઈ ક્રિએટ નામની વિશ્વસ્તરની સંસ્થાનું ગઠન પણ કરાવ્યું છે, જેમાં મુખ્ય સલાહકાર તરીકે દેશના મહાન ટેકનોક્રેટ શ્રી. એન. નારાયણમૂર્તિએ કામગીરી સંભાળી છે. રાજ્ય સરકારે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન નામની સંસ્થાનું પણ નિર્માણ કરેલું છે જેનો ધ્યેય ઉત્તમ, નિષ્ઠાવાન અને ચારિત્રવાન શિક્ષકો તૈયાર કરવાનો છે. વળી સરકારે ગુજરાત એજ્યુકેશન ઇનોવેશન કમિશનની પણ રચના કરેલી છે, જે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે સંશોધન અને તાલીમને વરેલી સંસ્થા છે.

રાજ્ય સરકારે યુવાનોના ઉત્કર્ષને ધ્યાનમાં રાખીને જ કમિશન ફોર એજ્યુકેશન ઇનોવેશન જેવી સંસ્થાનું નિર્માણ પણ કરાવ્યું છે, જેમાં યુવાશક્તિ પોતાની આંતરસૂઝ અને કલા-કૌશલ્યને એક ચોક્કસ આકાર અને ઓપ આપીને દુનિયાને પોતાની શક્તિનું પ્રદર્શન કરાવી શકે. એ જ પ્રમાણે રાજ્ય સરકારનું મહત્ત્વનું કદમ એટલે નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કે.સી.જી.) જેના દ્વારા શિક્ષણક્ષેત્રે જ્ઞાનસંગમ દ્વારા શિક્ષણ અને જ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં રાજ્ય સરકારે ઉચ્ચ શિક્ષણક્ષેત્રોમાં સામૂહિક જનસમાજના વિકાસની પહેલ આદરી છે.

રાજ્ય સરકારે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે યુવાનો-યુવતીઓને યોગ્ય માર્ગદર્શન આપીને રોજગારીની દિશામાં તૈયાર કરવા માટે ગુજરાત નોલેજ સોસાયટીની પણ રચના કરેલી છે, જેમાં યુવાધનને તેમની શૈક્ષણિક યોગ્યતા અનુસાર તાલીમ આપીને તેમને નોકરી વ્યવસાયનાં નવીન દ્વાર ખોલી આપવાની કામગીરી કરવામાં આવે છે. જમાનો અંગ્રેજી ભાષાનો છે. અંગ્રેજી વિના હવે પાલવે એમ નથી. આ વાતને ધ્યાનમાં રાખીને જ રાજ્ય સરકારે યુવા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીની તાલીમ નિઃશુલ્ક ધોરણે મળી રહે એ માટે સ્કોપ નામનો પ્રોજેક્ટ પણ હાથ ધર્યો છે.

## ● સમીક્ષા :

ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૭-૧૮ માટે શિક્ષણ, રમત-ગમત અને સંસ્કૃતિના ક્ષેત્રે કુલ બજેટના ૨૧.૧૭% રકમ ફાળવી છે, જે શિક્ષણક્ષેત્ર માટે અત્યંત પ્રોત્સાહન આપનારું પરિબળ છે.

શ્રી નાનાભાઈ ભટ્ટ કહેતા કે, કેળવણીમાં ઊંડાણ અને વિસ્તાર બંને જોઈએ. ઊંડાણ ન હોય અને વિસ્તાર થાય તો ઝાડ ઊથલી પડે. એકલું ઊંડાણ હોય અને વિસ્તાર ન થાય તો ફળ ન બેસે. આ રીતે ગુજરાતમાં શૈક્ષણિક તંત્રના વિસ્તાર અંગે ઘણું કાર્ય થયું છે, પરંતુ ઊંડાણ અંગે સરકારે માત્ર આંકડાઓની માયાજાળને બદલે ગુણાત્મક પાસાને મહત્ત્વ આપી કાર્ય કરવું જ રહ્યું.

શિક્ષકોની પસંદગી, શિક્ષકોની સજ્જતા, પાઠ્યક્રમમાં નાવીન્ય જેવી બાબતોમાં હજુ ઘણું થઈ શકે તેમ છે. જેટલી કાળજી ઍરહોસ્ટેસની પસંદગીમાં રાખવામાં આવે છે, તેનાથી વધુ કાળજી શિક્ષકની પસંદગી કરતી વખતે રાખવી જોઈએ.

રાજ્યમાં ગુજરાતીને બદલે અંગ્રેજી માધ્યમની શાળાઓનું પ્રમાણ કૂદકે ભૂસકે વધી રહ્યું છે, ત્યારે ગુજરાતી માધ્યમની અંગ્રેજી વિષય અસરકારક રીતે ભણાવતી શ્રેષ્ઠ શાળાઓ શરૂ કરવી જોઈએ. જેમ નર્મદે દેશાભિમાનની વાત કરેલી, તેમ આ શાળામાં ભણેલ પ્રત્યેક બાળક ભાષાભિમાન સાથે ઉત્કૃષ્ટ કારકિર્દી ઘડી શકે તેવા વાતાવરણના નિર્માણની જરૂર છે. અંતમાં ભર્તૃહરિએ કહ્યું છે કે, 'વિદ્યા ભોગ કરી યશઃ સુખકરી', તેમ ગુજરાતનું શિક્ષણક્ષેત્ર કેળવણીના ઉત્કૃષ્ટ સ્તર સુધી પહોંચી, ગુજરાતને એક નવી ઊંચાઈ અપાવશે અને ગુજરાતમાં શિક્ષણનું અરુણું પ્રભાત ઊગશે તેવી શ્રદ્ધા સેવવી રહી.

*પી.એચ.ડી. (એકાઉન્ટન્સી)*
*પ્રાધ્યાપક, ગુજરાત કોમર્સ કૉલેજ*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

અર્થકારણ

# ગુજરાતના આર્થિક વિકાસમાં એનઆરઆઈ અને એનઆરજીનું પ્રદાન

રમેશ તન્ના

ગુજરાતને ભારતના વિકાસનું એન્જિન કહેવામાં આવે છે. ભારતનાં તમામ રાજ્યોમાં ગુજરાત આર્થિક રીતે સતત આગળ રહેનારું રાજ્ય છે. મોટાભાગે ગુજરાત આર્થિક વિકાસમાં ભારતમાં પ્રથમ નંબર જાળવી રાખે છે. ગુજરાતી પ્રજા વેપારી પ્રજા છે. વેપાર અને ઉદ્યોગ તેના લોહીમાં છે. પૈસા કમાતાં તેને આવડે છે.

ગુજરાતના આર્થિક વિકાસનાં અનેક પરિબળો અને કારણો છે. તેમાંનું એક કારણ છે, ગુજરાત છોડીને બહાર વસેલા એનઆરજી અને એનઆરઆઈનું ગુજરાતના આર્થિક વિકાસ સાથેનું જોડાણ અને રોકાણ.

સમગ્ર વિશ્વમાં ભારત બહાર એનઆરઆઈ વસે છે. તેની સંખ્યા આશરે બે કરોડની છે. જો તેમાં ગુજરાતીઓના પ્રમાણ વિશે વિચાર કરીએ તો લગભગ ૩૫ ટકા ગુજરાતીઓ છે. બે કરોડ એનઆરઆઈમાં આશરે ૭૦ લાખ ગુજરાતીઓ હોવાનો અંદાજ છે. બીજી વાત, ગુજરાત બહાર વસતા કુલ ગુજરાતીઓની સંખ્યા વિશે વિચાર કરીએ તો આ આંકડો એક કરોડથી વધી જાય છે. ગુજરાત બહાર ભારતનાં જુદા જુદા રાજ્યોમાં ઘણી મોટી સંખ્યામાં ગુજરાતીઓ વસે છે. એનો અર્થ એ થયો કે એનઆરજીની સંખ્યા એક કરોડથી પણ વધારે છે.

એનઆરઆઈ અને એનઆરજી બંને ગુજરાતમાં આર્થિક રોકાણ કરવામાં સતત સક્રિય રહ્યા છે.

ગુજરાત એ વેપાર ઉદ્યોગ કરવા માટે ફળદ્રુપ જગ્યા છે. જેમ ઘણી જમીન ફળદ્રુપ હોય છે, તેમાં મબલખ પાક ઊગે. વેપાર ઉદ્યોગની બાબતમાં ગુજરાત ફળદ્રુપ પ્રદેશ છે. અહીં તમે કોઈ પણ વેપાર કે ઉદ્યોગમાં નાણાં રોકો તો નુકસાનની શક્યતા ઘણી ઓછી હોય છે. એટલે જ તો રતન ટાટાએ એક વખત કહ્યું હતું કે ઉદ્યોગપતિઓ ક્યારેય મૂર્ખ હોતા નથી. જેમ તમામ પ્રાણીઓમાં શિયાળ સૌથી ચતુર પ્રાણી ગણાય છે તેમ વ્યવસાય કે ધંધાની રીતે વિચાર કરીએ તો વેપારી અથવા ઉદ્યોગપતિ સૌથી ચતુર હોય છે.

## ● ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ

ગુજરાતમાં ખેતી, પશુપાલન અને ઉદ્યોગો ત્રણેયનો સમાન રીતે ખૂબ જ સરસ વિકાસ થયો છે. ગુજરાતના ખેડૂતો પરિશ્રમી છે. ગુજરાતમાં પ્રગતિશીલ અને આધુનિક માનસવાળું વાતાવરણ હોવાથી કૃષિક્ષેત્રે પણ ખૂબ વિકાસ થયો છે. કૃષિક્ષેત્રે સતત સંશોધનો થતાં રહે છે. ગુજરાતના આર્થિક વિકાસમાં કૃષિક્ષેત્રનું મોટું પ્રદાન છે. કૃષિક્ષેત્રની સફળતાનો લાભ ઉદ્યોગોને પણ મળે છે. જેમ ગુજરાત કૃષિક્ષેત્રે આગળ છે તે રીતે જ પશુપાલન ક્ષેત્રે પણ ઘણું આગળ છે. સમગ્ર વિશ્વની પ્રતિષ્ઠિત ગણાતી અમૂલ ડેરી ગુજરાતમાં છે. અમૂલ મોડલ માત્ર ભારતમાં નહીં, વિદેશમાં પણ અમલમાં મુકાયું છે.

કૃષિ અને પશુપાલનની સફળતા ગુજરાતના ઉદ્યોગોને આગળ વધવામાં ખૂબ જ મદદરૂપ થાય છે.

ગુજરાતમાં કાપડ, કેમિકલ, મેન્યુફેક્ચરિંગ, હીરા, ફાર્માસ્યુટિકલ, પ્લાસ્ટિક સહિત અનેક ઉદ્યોગો વિકસ્યા છે. ગુજરાત પાસે ભારતનું સૌથી મોટું કંડલા મહાબંદર છે અને બીજા પણ ઘણા બંદરો છે. ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતા ગુજરાત પાસે વેપારની અઢળક તકો છે.

ગુજરાતના આર્થિક વિકાસમાં એનઆરઆઈનું મોટું પ્રદાન છે. આ પ્રદાન પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે છે.

## ● ગુજરાતમાં NRIનું રોકાણ

વાત કરીએ ગુજરાતના ઉદ્યોગોમાં એનઆરઆઈના રોકાણની.

ગુજરાતની બહાર રહેતા એનઆરજી ગુજરાતમાં રોકાણ કરે છે તેની પાછળ બે મજબૂત કારણો જવાબદાર છે. પહેલું કારણ એ છે કે ગુજરાતમાં જે પૈસા રોકવામાં આવે છે તે પૈસા ડૂબી જતા નથી. કોઈ પણ વેપારી નફો થતો હોય તો જ પૈસા રોકે. ગુજરાતમાં જે પૈસા રોકવામાં આવે છે એ પૈસા ઊગી નીકળે છે. જેને વતન માટે પ્રેમ ના હોય તેવા લોકો પણ ગુજરાતમાં પૈસા રોકવા માટે તત્પર હોય છે. એનઆરઆઈ અથવા એનઆરજી ગુજરાતમાં રોકાણ કરે છે તેની પાછળ બીજું કારણ છે વતનપ્રેમનું. અહીં જન્મીને દરિયાપાર જઈને સમૃદ્ધ થયેલા લોકો એવો વિચાર કરે છે કે વતનનું આપણા પર મોટું ઋણ છે. એ ઋણ એક યા બીજી રીતે આપણે ઉતારવું જોઈએ.

ગુજરાતના આર્થિક વિકાસમાં એનઆરઆઈની સક્રિયતા વધી તેનું એક કારણ વાઈબ્રન્ટ ઈન્વેસ્ટમેન્ટ સમિટનું આયોજન કર્યું. આ એક મૌલિક અને નવી વાત હતી. તેમણે ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિ જેવા તહેવારને વિકાસ સાથે જોડ્યો.

અમદાવાદના ટાગોર હોલમાં જાન્યુઆરી ૨૦૦૩ માં પ્રથમ વાઈબ્રન્ટ ઇન્વેસ્ટમેન્ટ સમિટ મળી. પછી તો આ ઇન્વેસ્ટમેન્ટ સમિટે ઇતિહાસ રચ્યો. દર બે વર્ષે તેનું ગુજરાત સરકાર દ્વારા આયોજન થતું રહ્યું. ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૫ અને ૨૦૧૭ આમ કુલ આઠ વાઇબ્રન્ટ સમિટનું આયોજન થયું. કોઈ રાજ્યના વિકાસમાં આવા કોઈ નવા પ્રયોગનું માતબર પ્રદાન હોય તે ગુજરાતમાં જ જોવા મળે છે. આ સફળતા ઐતિહાસિક બની રહી. તેની ટીકા પણ થઈ. એવા આક્ષેપો પણ મૂકવામાં આવ્યા કે વાઇબ્રન્ટ ઇન્વેસ્ટમેન્ટ સમિટમાં જે એમ.ઓ.યુ. થાય છે તે માત્ર કાગળ પર હોય છે. એ બધી વાતને બાજુ પર મૂકીને વિચાર કરીએ તો વિરોધીઓએ પણ એ ચોક્કસ સ્વીકારવું પડે કે વાઇબ્રન્ટ ઇન્વેસ્ટમેન્ટ સમિટે માત્ર એનઆરજી, એનઆરઆઈને જ નહીં, વિદેશીઓને પણ ગુજરાતમાં રોકાણ કરવા માટે પ્રેર્યા.

ગુજરાત સરકારના ઇન્ડેક્ષ્ટ-બીના પૂર્વ સ્પેશિયલ ડ્યુટી ઓફિસર જે.જી. હિંગરાજીયા સાહેબ કહે છે કે ગુજરાતમાં એનઆરઆઈ રોકાણ નિયમિત રીતે વિવિધ ક્ષેત્રોમાં આવતું રહ્યું છે. અહીં સફળતાનો દર ઘણો ઊંચો છે. બીજું એક કારણ એ પણ છે કે ગુજરાત સરકારનો રોકાણકારો માટેનો દૃષ્ટિકોણ અત્યંત પોઝિટિવ અને મદદરૂપકર્તા છે. અહીં સિંગલ વિન્ડોમાં બધા દસ્તાવેજો મળી જાય તેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. અન્ય એક ઉચ્ચ અધિકારી કહે છે કે ગુજરાત સરકારની એનઆરઆઈ રોકાણકારો માટેની પ્રોત્સાહક નીતિને કારણે પણ ઘણો ફરક પડ્યો છે.

અમેરિકામાં વસતા અગ્રણી સુરેશ જાની કહે છે કે ગુજરાત સરકારને એનઆરઆઈ સમુદાય સાથે એકરૂપ કરવાનું મહત્ત્વનું કામ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. તેમણે અંગત રસ લઈને મહત્ત્વના પ્રોજેક્ટો અને ઉદ્યોગપતિઓ સાથે અંગત રીતે કોમ્યુનિકેશન કર્યું. આ બહુ જ મહત્ત્વની વાત છે. ઉદ્યોગપતિઓને એવું પ્રતીત થયું કે અમને ગંભીરતાથી લેવામાં આવી રહ્યા છે.

વિશ્વના અનેક ઉદ્યોગપતિઓ આ વાતને સ્વીકારે છે. અમેરિકાનાં ટોચનાં ભારતીય સંગઠનોમાં ચેરમેન અને પ્રમુખપદના ચાવીરૂપ હોદ્દા ધરાવનાર અગ્રણી ઉદ્યોગપતિ અને વતનપ્રેમી સી. કે. પટેલ પણ આ જ પ્રકારની વાત કરે છે. તેઓ કહે છે કે ગુજરાતમાં એનઆરઆઈનું રોકાણ અગાઉ પણ આવતું હતું, પરંતુ શ્રી નરેન્દ્ર મોદીના મૌલિક, નવા, ક્રિયાશીલ અને સતત પોતાની સામેલગીરી સાથેના પ્રયાસોને કારણે આખી વાત બદલાઈ ગઈ.

નડિયાદમાં ઇપ્કો ગ્રુપના મોવડી દેવાંગભાઈ પટેલ પોતે એનઆરઆઈ છે. વિશ્વના ઘણા દેશોમાં તેઓ વ્યવસાય-ધંધા સાથે સંકળાયેલા છે. તેમનું જૂથ સામાજિક પ્રવૃત્તિઓમાં માતબર અનુદાન આપવા માટે પણ જાણીતું છે. તેઓ કહે છે કે ગુજરાતના આર્થિક વિકાસમાં એનઆરઆઈનું પ્રદાન ચોક્કસપણે છે. ગુજરાતના ઘણા ઉદ્યોગોમાં તેમણે રોકાણ કર્યું છે.

ઇન્ડો અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વપ્રમુખ અને આઈઆઈએમ અમદાવાદના એન્યુમી અમલ ધ્રૂ કહે છે કે ગુજરાતમાં એનઆરઆઈનું આર્થિક વિકાસમાં વિવિધ સ્તરનું પ્રદાન છે. દરિયાપાર રહેતા ગુજરાતીઓ અહીં રહેતા પોતાના સગાં-સંબંધીઓને ધંધો કરવા માટે પૈસા આપે છે. કેટલાક કેસમાં તેમની ભાગીદારી પણ રાખે. આવા તો તમને ગુજરાતમાં અનેક નાનાં- મધ્યમ કારખાનાં અને ધંધા જોવા મળે જેમાં એનઆરઆઈનો આર્થિક સહયોગ હોય. મોટાં રોકાણોની સાથે આવાં નાનાં રોકાણોની પણ આર્થિક વિકાસમાં મોટી અસર હોય. ગુજરાતની રાષ્ટ્રીયકૃત બેન્કોમાં એનઆરઆઈ ડિપોઝિટનો આંકડો ૨૦,૦૦૦ કરોડને પાર કરી ગયો છે. આ મોટી વાત છે. ગુજરાતના માધાપર, કેરા, બળદિયા જેવાં કચ્છનાં ગામોમાં તો તમને ઘણી મોટી સંખ્યામાં એનઆરઆઈ ડિપોઝિટ જોવા મળે. ભારતનાં રોકાણોમાં સૌથી વધુ ટોચનાં ગામોમાં કચ્છનાં આ ગામોનો સમાવેશ થાય છે. દરિયાપાર રહેતા ગુજરાતીઓ પોતાના પૈસા વતનની બેન્કોમાં રાખવાનું પસંદ કરે છે અને તેઓ આ રીતે ગુજરાતના આર્થિક વિકાસમાં મદદ કરે છે.

### ● શૈક્ષણિક સંસ્થાઓમાં NRGનું યોગદાન

ગુજરાતના વિકાસમાં શૈક્ષણિક સંસ્થાઓનું મોટું પ્રદાન છે. ગુજરાતની ટોચની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં એનઆરઆઈ અને એનઆરજીનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. ગુજરાતને છેલ્લાં થોડાં વર્ષોમાં જે નવી યુનિવર્સિટીઓ સ્થપાઈ છે જેવી કે, ચારુસેટ, ગણપત, કડી સર્વ વિદ્યાલય સહિતની મોટાભાગની યુનિવર્સિટીઓના વિકાસમાં એનઆરઆઈનો આર્થિક સહયોગ મળ્યો છે. એમએસ યુનિવર્સિટી હોય કે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી હોય કે પછી ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓ હોય. આ યુનિવર્સિટીઓનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાની માતૃસંસ્થાને ખોબલે ને ખોબલે મદદ કરી છે. ■

**Corporate Office :**
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

**HD FIRE PROTECT PVT. LTD.**
Protecting What Matters Most to You

મંથન

# સર્વોદય એટલે શું?

કિશોરલાલ મશરુવાળા

સર્વોદય શબ્દ મૂળ ગાંધીજીનો બનાવેલો છે. એ શબ્દ કેવી રીતે સૂઝ્યો તેની એક મજાની વાત છે. ઈસુ ખ્રિસ્તે પોતાના અનુયાયીઓને નીચેની વારતા કહી સંભળાવી હતી :

એક જમીનદાર હતો. તેનાં ખેતરોમાં લણણીનો વખત થઈ ગયો હતો. એટલે તે વહેલી સવારે મજૂરોની શોધમાં બજારમાં જઈને ઊભો રહ્યો અને કામની શોધ કરતો જે કોઈ મજૂર મળ્યો તેને તેણે ખેતરમાં રવાના કર્યા. આમ સવારના છ-સાત વાગ્યાથી માંડીને સાંજ સુધી જેટલા મજૂરોએ કામની માગણી કરી તે બધાને તેણે કામે મોકલ્યા. કેટલાક મજૂરો સવારના છ વાગ્યે કામે ચઢ્યા હતા, કેટલાક સાત વાગ્યે, કેટલાક આઠ વાગ્યે અને કેટલાક તો છેક સાંજે પાંચ વાગ્યે જ ખેતરે પહોંચ્યા હતા. દિવસ પૂરો થતાં બધાને મજૂરી ચૂકવવાનો વખત આવ્યો ત્યારે જમીનદારે સૌને સરખી મજૂરી ચૂકવી. એટલે કે સવારે છ વાગ્યે આવનારને ચાર આના આપ્યા, તો સાંજે પાંચ વાગ્યે આવનારને પણ પૂરા ચાર આના આપ્યા. આ જોઈને જેઓ સવારથી કામે ચડ્યા હતા તેમને ખોટું લાગ્યું. તેમણે કહ્યું, ‘આ આપનો ન્યાય કેવો?’ આ પાછળથી આવેલાઓને અમારા જેટલી મજૂરી કેમ આપી શકાય? જમીનદારે જવાબ આપ્યો, ‘ભાઈ, તમને તો પૂરી મજૂરી મળી છે ને? તમારા પૈસા ઘટાડ્યા તો નથી ને? મોડા આવનારને તમારા જેટલા જ પૈસા આપ્યા, તો તે તમારા પડાવી લઈને તો નથી આપ્યા ને? હું તો સૌથી પાછળ આવનારને પણ જેટલા પૈસા જીવવા માટે તદ્દન જરૂરી છે એટલા પૂરેપૂરા આપીશ.’

આ વારતામાં જમીનદારે ન્યાયના જે સિદ્ધાંતનો ઉપયોગ કર્યો તેને ‘છેલ્લા નંબર સાથે સમાનતા’નો સિદ્ધાંત કહે છે. એટલે કે દુનિયામાં જે સૌથી નીચલા વર્ગનો, અશક્ત અને ગરીબમાં ગરીબ માણસ છે, છેલ્લા નંબરનો માણસ છે તેને પણ ખોરાક, પાણી, કપડાં વગેરેની જરૂરિયાતો પૂરી પડે એટલું મળવું જોઈએ.

ઈસુ ખ્રિસ્તે કહેલી આ વારતા લોકોએ સેંકડો વરસ સુધી વાંચીને સાંભળી. ઇંગ્લેન્ડમાં જોન રસ્કિન નામના એક પ્રખ્યાત લેખક થયા, તેણે આ વારતા પર ખૂબ ચિંતન કર્યું અને એ વિશે ‘અન્ટુ ધિસ લાસ્ટ’ નામનું એક પુસ્તક લખ્યું. ‘અન્ટુ ધિસ લાસ્ટ’ એટલે ‘છેલ્લા નંબર સુધી.’

મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકામાં રહેતા હતા ત્યારે એક મિત્રે તેમને આ પુસ્તક વાંચવા આપ્યું. તેમને એ એટલું ગમી ગયું કે આખી રાત જાગીને તે વાંચી કાઢ્યું. એ પુસ્તકે એમને એવા પકડી લીધા કે એક અઠવાડિયાની અંદર તેમણે એમાં જણાવેલા સિદ્ધાંતો પ્રમાણે વર્તવાનો નિર્ણય કરી લીધો. રસ્કિનના આ પુસ્તકનો ગાંધીજીએ ગુજરાતી તરજુમો (અનુવાદ) બહાર પાડ્યો અને તેનું નામ ‘સર્વોદય’ રાખ્યું.

ગાંધીજીના મનમાં આ વિચારોએ ઘર કર્યું હતું. હિંદુસ્તાન આવીને તેમણે જે રચનાત્મક કામો એક પછી એક શરૂ કર્યા અને જે સંસ્થાઓની સ્થાપના કરી તે બધી જ આ સિદ્ધાંતો મુજબ જ રચાઈ. ■

## શાશ્વત સૂત્ર

*જે કાંઈ થાય તે થવા દેવું.*
*ન ઉદાસીન કે ન અનુદ્યમી થવું.*
*ન પરમાત્મા પ્રત્યે પણ ઈચ્છા કરવી, કે ન મૂંઝાવું.*
*શું થશે? એવો વિચાર કરવો નહીં,*
*અને જે થાય તે કર્યા કરવું.*
*મુશ્કેલીમાં અધિક ઝાવાં નાખવા પ્રયત્ન કરવો નહીં.*
*અલ્પ પણ ભય રાખવો નહીં. ‘સભાન’ જાગૃત રહેવું.*
*ઉપાધિ વખતે જેમ બને તેમ નિઃશંકપણે રહી ઉદ્યમ કરવો.*
*કેમ થશે? એવો વિચાર મૂકી દેવો.*
*યોગ્ય ઉપાયથી પ્રવર્તવું, પણ ઉદ્વેગવાળું ચિત્ત ન રાખવું.*
*જ્યાં ઉપાય નહીં, ત્યાં ખેદ કરવો યોગ્ય નથી જ.*

– *શ્રીમદ્ રાજચંદ્ર*

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

VIJAY LAXMI TRANSPORT CARRIERS
NAVIN ORIENT CARRIER
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

મંથન

# ગાંધી ઝડપથી ભુલાઈ કેમ ગયા?

લૉર્ડ ભીખુ પારેખ

એક વિચારમાં નાખી દે એવી વાત છે કે જો સ્વાતંત્ર્ય પહેલાંના હિંદમાં ગાંધી ભારે પ્રભાવક રહ્યા, તો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના થોડાક જ સમયમાં એ એક એકાંકી અને હાંસિયામાં મુકાયેલ વ્યક્તિ કેમ બની ગયા. એમના દેશવાસીઓ, જે એમને એક વાર ખૂબ સ્નેહાદર આપતા, એઓ હવે એમનાથી થાકવા લાગ્યા, અને કેટલાક તો એમનું મોત પણ ઇચ્છવા લાગ્યા. 'ભલે મરતો એ ગાંધી' ('Let Gandhi Die') એ ગાંધીના છેલ્લા ઉપવાસ દરમ્યાન દિલ્હીમાં એક લોક-પ્રચલિત નારો હતો. અને ન્યાયમૂર્તિ ખોસલાને એમાં કોઈ સંશય નહોતો કે જો ગોડસેનો ખટલો જ્યુરી દ્વારા ચલાવવામાં આવ્યો હોત તો એ છૂટી જાત! ૧૯૪૭ પછી તરત જ ભારત વિકાસના એક એવે રસ્તે ચડ્યું જે અંગે ગાંધીની કોઈ સહાનુભૂતિ હતી નહીં અને એમના જૂના સાથીઓએ એવી જીવનશૈલી અપનાવી લીધી જે ગાંધીએ દીર્ઘ સમય સુધી પ્રબોધેલી અને પ્રયોગમાં મૂકેલી જીવનશૈલીની પૂરેપૂરી વિરોધી હતી. ગાંધીનાં વિદ્યાલયો અને આશ્રમો પણ આઘા હડસેલાઈ દેવાયાં અને ગરીબો માટેની એમની ઉત્કટ ખેવના, ગ્રામવિકાસ માટેની એમની અપીલ અને સમાજ સેવાનાં કામોની એમણે ભારે જહેમતથી પોસેલી પરંપરા, આ બધું કાં તો ત્યજી દેવામાં આવ્યું કે પછી પાણી-પાતળું કરી મૂકાયું. ગાંધીવાદી વાણી-વળોટ સુદ્ધાં (Gandhian language of discourse) એક એવી બોલી બની ગયો જેને એક નાનકડી લઘુમતી બોલતી હોય, ને એથીયે વધારે નાની લઘુમતી સમજતી હોય.

આ સઘળું સમજાવવું સહેલું નથી. બેશક, ગાંધીના વિચારો અમલમાં મૂકવા મુશ્કેલ બને એવા હતા અને એમના જીવનકાળ દરમ્યાન પણ એમનો પ્રતિરોધ થતો રહ્યો અને સ્વતંત્ર ભારતની મસમોટી રાજકીય, આર્થિક અને સામાજિક સમસ્યાઓ અંગે કેવળ મર્યાદિત પ્રાસંગિકતા ધરાવતા હતા. પણ એટલું તો મનમાં લાગે કે ગાંધી-પ્રભાવ-વિઘટનની પ્રક્રિયા સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી થોડી લાજ ન આવે તેટલા લાંબા સમયગાળા પછી શરૂ થઈ શકી હોત અને એ પ્રક્રિયાએ એક ટકા વિરોધનો સામનો કમ સે કમ થોડાક વર્ષો સુધી તો કરવો પડ્યો હોત, તો સહેજ ઠીક થયું હોત. એની જગ્યાએ હિંદ સ્વતંત્ર થયું તે જ દિવસથી એ પ્રક્રિયાએ જોર પકડવા માંડ્યું. જાણે દેશ એક દીર્ઘ ગાંધીવાદી દુ:સ્વપ્નમાંથી સફાળો જાગ્યો હોય અને પોતાના એ ભૂતકાળ સાથેનો સંબંધ તોડી નાખવામાં વિપળની યે વાર સહી શકતો ન હોય.

*લૉર્ડ ભીખુ પારેખની 'અન્ડરસ્ટેન્ડિંગ ગાંધી' પુસ્તકની પ્રસ્તાવના.*
*અનુ. સિતાંશુ યશચંદ્ર.*

## કોકરોચની કથા

***ગુગલના CEO, સુંદર પીચાઈએ પોતાની એક મોટિવેશનલ સ્પીચમાં કહેલ કોકરોચ (વંદા) ની વાર્તા...!***

એક વખત એક રેસ્ટોરન્ટમાં એક કોકરોચ ક્યાંકથી ઉડીને એક મહિલા ઉપર પડ્યું. એ મહિલા ડરી ગઈ અને બૂમો પાડવા લાગી. તે એકદમ ગભરાઈ ગઈ અને કોકરોચને દૂર કરવા પ્રયાસ કરવા લાગી. ઘણી કૂદાકૂદ કર્યા પછી એ કોકરોચ દૂર થયું. પણ, એ કોકરોચ ત્યાંથી ઊડીને બીજી મહિલા ઉપર ગયું. હવે તે મહિલા પણ બચાવ માટે બૂમો પાડવા લાગી.

એક વેઈટર એ કોકરોચને દૂર કરવા માટે આગળ વધ્યો એટલામાં એ કોકરોચ વેઈટર ઉપર પડ્યું.

વેઈટરે ખૂબ જ શાંતિથી પોતાના શર્ટ ઉપર રહેલ કોકરોચનું અવલોકન કર્યું અને ખૂબ જ ધીરજથી હાથમાં પકડી રેસ્ટોરન્ટમાંથી બહાર ફેંકી દીધું.

હું કોફી પીતા-પીતા આ મનોરંજન જોઈ રહ્યો હતો. ત્યારે મારા મનમાં વિચારો આવવા લાગ્યા કે....શું ખરેખર, આ બન્ને મહિલાઓનો ભયભીત વ્યવહાર અને અશાંતિ માટે તે કોકરોચ જવાબદાર હતું? અને જો એમ જ હોય તો વેઈટર અશાંત કેમ ન થયો? એણે ખૂબ જ શાંતિથી કોકરોચને દૂર કર્યું.

મહિલાઓની અશાંતિનું કારણ... કોકરોચ નહીં, પણ કોકરોચથી બચવાની અક્ષમતા જ એમની અશાંતિનું સાચું કારણ હતુ....!

મેં અનુભવ્યું કે, મારા પિતાજી કે...મારા બોસે આપેલ ઠપકો, મારી અશાંતિનું કારણ ન હતું! પણ, એ ઠપકાને સમજવાની અને એ સમસ્યાનો રસ્તો કાઢવાનું... "સામર્થ્ય મારામાં નહીં હોવું" એ જ મારી અશાંતિનું કારણ હતું...!

મારી અશાંતિનું કારણ ટ્રાફિક જામ નહીં, પરંતુ તે ટ્રાફિક જામની સ્થિતિને હેન્ડલ કરવાની મારી અસમર્થતા જ મારી અશાંતિનું કારણ છે. ***(ઇન્ટરનેટ પરથી)***

મંથન

# રખડતી ગાયોની સમસ્યાનો ઉકેલ

સંકલિત

ગોવંશ હત્યા બંદીનો કાયદો થયા પછી રખડતી ગાયોનું કરવું શું? ખેડૂતો સામે આ એક મોટો પ્રશ્ન ઊભો થયો છે. નિતેશ ઓઝા નામના ઉચ્ચ શિક્ષણ લીધેલા તરૂણે એનો ઉપાય શોધ્યો છે. કોલ્હાપુર જિલ્લાના નીમશીર ગામની હદમાં રખડતી ગાયોનો વાડો બનાવી ત્યાં ગોમળ અને ગોમૂત્રમાંથી જુદા જુદા પદાર્થો બનાવી છેલ્લા વર્ષમાં નિતેશે સારી એવી કમાણી કરી લીધી છે.

આ દરમ્યાન નિતેશે ગાયોને આપવામાં આવતા ખાણદાણની વ્યવસ્થામાં સુધારો કર્યો જેનાથી કેટલીક ગાયો ગર્ભવતી થઈ. ખિલ્લાર જેવી દેશી વંશની આશરે ૧૨ જેટલી રખડતી ગાયોથી શરૂ કરેલો વ્યવસાય વધતો ગયો અને છ વર્ષમાં આજે તેની પાસે ૪૦ ગાયો છે.

૨૦૦૩ની સાલમાં બી.ઈ. કોમ્પ્યુટરનું ભણી નિતેશે ફ્લીપકાર્ટ કંપનીમાં કામ કર્યું. ત્યારબાદ પૂનામાં પોતાની કંપની સ્થાપી કારોબારની શરૂઆત કરી. આ સમય દરમ્યાન કામના લીધે જીવનશૈલીમાં બદલાવ આવ્યો. ખોરાક પણ ચોક્કસ સમયે લેવાતો નહોતો. પૈસા મળ્યા પણ સુખ શાંતિ અને સમાધાન ખોવાયા છે એવું નિતેશની સમજમાં આવ્યું. આ જ સમયે (૨૦૦૫માં) તેણે સ્વદેશીના પુરસ્કર્તા શ્રી રાજીવ દીક્ષીતના ભાષણો સાંભળ્યા અને તેમના વિચારોથી પ્રભાવિત થઈ પૂના છોડવાનો નિર્ણય લીધો.

નોકરી અને કારોબાર બંધ કરી ૨૦૦૯ની સાલમાં નિતેશે સાંગલી ગામમાં દેશી ગાયના દૂધનું વિતરણ કામ શરૂ કર્યું. ઘરમાંથી આનો વિરોધ થયો. છતાં પણ ન ડગમગતા, દૂધ વેચાણનું કામ નિતેશે ચાલુજ રાખ્યું. ૨૦૧૧ માં તેણે પ્રત્યક્ષમાં ગોપાલની શરૂઆત કરી અને કતલખાને જતી ગાયો, પોલીસે પકડેલી ગાયો અથવા કોર્ટ મારફતે મળેલી દેશી ગાયો (જે ગોરક્ષકોને આપવામાં આવે છે) એમાંથી ૧૨ ખિલ્લર જાતિની રખડતી ગાયો નિતેશે લીધી. હવે એને સંભાળવા જગાની આવશ્યકતા વર્તાઈ. નીમશીર ગામ નજીક ડુંગર પાસે ૪ એકર જમીન ૧૫ વર્ષની મુદત માટે ભાડેથી લીધી. મહિનાનું ભાડુ ૧૦૦૦૦ રૂા. હતું. આ સ્થળે ખિલ્લર જાતિની રખડતી ગાયો માટે એક વાડો તૈયાર કર્યો જ્યાં તેઓ છુટથી ખુલ્લામાં ચરી શકે અને રહેવા માટે પાકી ગૌશાળા બનાવી. દરરોજ સવારના ૧૦ વાગે ગાયો ડુંગર પ્રદેશમાં ચરવા જાય. સાંજે ૫.૦૦ વાગે ગાયો પાછી આવે ત્યારે તેમને પૌષ્ટિક લીલો ચારો આપવામાં આવે છે. આ માટે એમણે દોઢ એકરમાં મારવેલ નામનું ઘાસ વાવ્યું છે. યોગ્ય ખોરાકની વ્યવસ્થા તથા ઔષધોપચાર કરવાથી શરૂઆતમાં ૧૨ માંથી ૭ ગાયો ગર્ભિણી થઈ. છ વર્ષમાં ૯ ગાયો તૈયાર થઈ અને પોલીસ પાસેથી મળેલી અને તૈયાર થયેલી એમ કુલ ૪૦ ખિલ્લર જાતિની ગાયો આશ્રય લઈ રહી છે.

ગાયના છાણ અને ગોમૂત્રમાંથી જુદા જુદા પદાર્થોનું ઉત્પાદન નિતેશે શરૂ કર્યું. જેમ કે છાણમાંથી દંતમંજન, ધુપસળી, લેપ, મચ્છર ભગાડવાની કોઈલ. તેવી જ રીતે ગોમૂત્રમાંથી ગોમૂત્ર અર્ક, ઘનવટી અને શેમ્પુ જેવા પદાર્થ બનાવ્યા. આખા વર્ષનાં લગભગ ૪૦૦૦ લિ. ગોમૂત્ર પર પ્રોસેસ કરવામાં આવ્યું. વધારાનું છાણ પણ વેચવામાં આવ્યું. નિતેશ પાસે અત્યારે ફક્ત એકજ ખિલ્લર ગાય દૂધ આપે છે. માટીના વાસણમાં દહીં બનાવી પછી તેમાંથી પહેલાની પદ્ધતિથી રવૈયા વડે માખણ કાઢવામાં આવે છે અને એમાંથી ઘી બનાવવામાં આવે છે. આ ઘી જુદી જુદી ગંભીર બીમારીઓ પર કામ કરે છે. એના ઘીની કિંમત ૨૫૦૦ રૂા. પ્રતિ લિટર છે. આખા વર્ષમાં વિવિધ વસ્તુઓના વેચાણથી નિતેશને ૧૫ લાખ રૂપિયા મળે છે. ગૌશાળાની દેખરેખ માટે નિતેશે ત્યાં એક કુટુંબને નોકરીએ રાખેલ છે. તેનો પગાર, પદાર્થ બનાવવાનો ખર્ચો, ભાડે લીધેલી જગ્યાનું ભાડુ અને અન્ય ખર્ચ બાદ કરતા રૂા. ૧૦ થી ૧૨ લાખ તેને મળે છે. દેશી વંશના રખડતી ગાયોમાંથી આટલી કમાણી થાય છે એ અત્યારના ગોપાલકોએ ધ્યાનમાં લેવું જોઈએ.

***સંપર્ક :* નિતેશ ઓઝા, મો : ૯૩૭૩૭ ૭૩૩૭૧**

***(ઇન્ટરનેટ પરથી)***
***અનુવાદ : સંપ્રતિ ગડા***

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

મંથન

# પારકા માટે જાતે ઘસાઈને ઉજળાં થઈએ ત્યારે...

કુલીનકાંત લુઠિયા

કુમારી નિકેતા ઘીયા છેલ્લા ૧૫ વર્ષથી કિડની ફેઈલ્યોરને કારણે ડાયાલિસિસના સહારે જીવતી હતી. ગુજરાત રાજ્યના નાણાંમંત્રી રહી ચુકેલા કાંતિલાલ ઘીયા તેના દાદા થાય. નાનપણથી જ તેને નૃત્યનો ખૂબ જ શોખ હતો. સાત વર્ષની ઉંમરથી ભરતનાટ્યમના વર્ગો ભરી તાલીમ લીધી. નિકેતા ૧૦ વર્ષની ઉંમરે હતી ત્યારે તેના પર વજ્રઘાત થયો. તેની બન્ને કિડની ફેઈલ થઈ ગઈ. સંઘર્ષ કરીને જીવતી વિધવા માતાએ જાતે કુમારી નિકેતાને કિડની આપી, પણ નિકેતાના કમનસીબે કિડની ટ્રાન્સપ્લાન્ટ ફેઈલ ગયું. ફરી તેના માટે કિડની ડાયાલિસિસ અનિવાર્ય બની ગયું.

નડિયાદની વિખ્યાત મુલજીભાઈ પટેલ યુરોલોજિકલ હોસ્પિટલમાં તેને ડૉ. મોહન રાજાપુરકરે ઘણી સાંત્વના અને પ્રેરણા આપી. આઘાતને કારણે ડિપ્રેશનમાં ગયેલી નિકેતાને નવજીવનનો નવો સહારો મળ્યો. પૈસાના અભાવે કિડની ફેઈલ્યોર દર્દીની પીડા જાતે તો અનુભવેલી જ અને એ પારાવાર વેદનામાં આર્થિક અનુકૂળતા ના હોય એવા અન્ય દર્દીનું શું થશે તેની ચિંતા પણ તેના માનસને કોરી ખાવા લાગી.

દર માસે બે ત્રણ કે ચાર વાર કિડની ડાયાલિસિસ કરાવતા દર્દીઓનાં કુટુંબ આર્થિક ભીંસમાં કેવા સપડાઈ જતાં હશે? તેના પ્રત્યે સંપૂર્ણ હમદર્દી ધરાવતી નિકેતા ઘીયા સતત વિચારમાં વ્યસ્ત રહેતી કે આવા દર્દીને હું કઈ રીતે સહારારૂપ નીવડી શકું? વ્યક્તિગત દાતાઓ, દાતા ટ્રસ્ટો વગેરે તરફ આંગળી ચીંધવાનું કામ તો તેની નસેનસમાં હતું જ પણ તેનાથી વિશેષ જાતે ઘસાઈને આવા દર્દીને મદદરૂપ થવાનો તેણે દ્રઢ સંકલ્પ કર્યો. આજે તેના મનમાં ભગવાન રામ સોળે આને વસ્યા હતા.

કિડની સ્પેશિયાલિસ્ટ ડૉ. રાજાપુરકરને તેના મનની વેદના સંભળાવી. કિડની ફેઈલ દર્દીઓને તીનકે કા સહારા પૂરું પાડવા ચિંતિત એવી ઘીયાને ડોક્ટર સાહેબે મર્યાદિત માત્રામાં ભરતનાટ્યમના સ્ટેજ શો કરવાની અનુમતિ આપી.

નિકેતાના આકર્ષક નૃત્યો સ્ટેજ પર જોઈ પ્રેક્ષકો પ્રફુલ્લિત થઈ પૈસા વરસાવતા થયા. હવે પોતાની ગંભીર માંદગીને પડખે મૂકી તે સ્ટેજ શોમાં વ્યસ્ત રહેવા લાગી. હવે તેની પોતાની પીડા લગભગ વિસરાઈ જ ગઈ હતી. જરૂર પડે ત્યારે પેઈનકીલર ઈંજેક્શનો લઈને પણ ''ધ શો મસ્ટ ગો ઓન'' ને લક્ષ્યમાં રાખી નૃત્ય કરવા લાગી.

દસેક વર્ષ પછી તેની શારીરિક વ્યાધિએ માઝા મૂકી. તેનું શરીર જલ્દીથી થાકવા લાગ્યું. હાડકાં પાતળા થતા ગયા. ૨૦૦૭ માં બ્રેઈન ડેડ પેશન્ટની કિડની મળતાં નિકેતાએ બીજી વાર કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું. પરંતુ નિકેતાની ઘસાઈ ગયેલી બોડીએ તેને રીજેક્ટ કરી લીધી. ફરી વાર નિકેતા નિરાશાની ગર્તામાં ડૂબી ગઈ. તે ઊંડી હતાશામાં સરી પડી.

ડૉ. રાજાપુરકર તેને સતત સાંત્વના, પ્રેરણા તેમ જ હુંફનો સહારો આપતા હતાં. કુમારી નિકેતાએ પણ જ્યાં સુધી શરીરના અંગો, સ્નાયુઓ અને હાડકાં સાથ આપ્યા ત્યાં સુધી ભરત નાટ્યમના સ્ટેજ શો રાખી અધધ! રૂપિયા ૭૦ લાખ જેટલી ભવ્ય રકમ એકઠી કરી અને કિડનીની પારાવાર વેદનાથી પીડાતા દર્દીઓને સહારારૂપ બની નાની મોટી સહાય, મોંઘી દવા, ઈંજેક્શનો અને ડાયાલાઈઝર-ટ્યુબિંગ વગેરેના મોટા ખર્ચને પહોંચી વળવા આર્થિક સહકાર પૂરો પાડતી રહી.

કોઈની માટે ઘસાઈ છુટવાની પ્રબળ ભાવનાથી સમાજ કલ્યાણના કેટલા ભવ્ય, ઉમદા અને અનુકરણીય સેવાના કામો થઈ શકે તે નિકેતા ઘીયાએ પુરવાર કર્યું!

૩ ઓગસ્ટ ૨૦૧૪ ના માત્ર ૪૬ વર્ષની યુવાવયે તેણે આ વસમી દુનિયાની કાયમ માટે વિદાય લીધી! આજે તે કિડની ફેઈલ્યોરના જીવનમાં એક આદર્શરૂપ માનવસેવાની ભેખધારી તરીકે જીવંત છે. ■

## પરિવર્તનની પાવક જ્વાળા

પરિવર્તન એ જીવન અને કુદરતનો અતૂટ નિયમ છે. જૂનું જાય અને નવું આવે તે સૃષ્ટિનો ક્રમ છે. સ્ત્રી પુરુષના, માતા પિતા અને સંતાનોના, માલિક અને મજદૂરના, શિક્ષક અને વિદ્યાર્થીના આ બધા જ સંબંધોમાં આમૂલ પરિવર્તન થઈ ગયું છે. સામાજિક માળખુ ખૂબ જ બદલાઈ ગયું છે અને બદલાઈ રહ્યું છે. આ પરિવર્તનના વહેણમાં કેટલુંક શુભ, સુંદર અને ઈષ્ટ હોય છે તો એમાં કંઈક અયોગ્ય અને અનિચ્છનીય પણ હોય છે. એનો વિચાર કરવો જ ઘટે. આશ્ચર્ય અને દુઃખની વાત એ છે કે અબજો માઈલ દૂરના અવકાશી પિંડોનું જ્ઞાન મેળવવા મથતા આધુનિક માનવીને આ ધરતી પર મનુષ્ય તરીકે કેમ સારી રીતે જીવવું એ આવડ્યું નથી. જગત નાનું થતું જાય છે ત્યારે બીજી તરફ લોહીના અને પ્રેમના સંબંધોથી સંકળાયેલા કુટુંબ અને કૌટુંબિકતા તૂટતા જાય છે.

મંથન

# પહેરવેશ

રણધીરસિંહ ડી. ચૌહાણ

દિવ્યતાની નજર શોપિંગ મોલના કાઉન્ટર પાસે ઊભેલા અનુરાગ ઉપર પડી. અનુરાગનું જીન્સ પેન્ટ ઘુંટણ પાસે ફાટેલું જણાયું. તેણે અનુમાન લગાવ્યું કે અનુરાગે ઉતાવળમાં ફાટેલું જીન્સ પેન્ટ પહેરી દીધેલું લાગે છે. કામકાજના બોજ વચ્ચે ઓછી આવક મેળવતો સુલય સાદા પણ પૂરતા કપડાં પહેરીને નીકળે છે. અનુરાગનો પરિવાર સાધનસંપન્ન હોવા છતાં તે કેમ ફાટેલું જીન્સ પહેરતો હશે? આદિજાતિના લોકો અપૂરતા કપડાંનો પહેરવેશ એ સામાન્ય શૈલી અપનાવતા જોવા મળે છે. સાફ સુથરા કપડાંને બદલે કરચલીવાળા, ચોળાયેલા કપડાંની ફેશન આધુનિક જીવનનો ભાગ જણાવા લાગી છે. તેમાં તેની લાચારી હોતી જ નથી. અનુરાગ આલીશાન બંગલાની લોજમાં લક્ઝુરિયસ કાર રાખે છે, જે નીચી આવકવાળા પડોશીની મજાક સમાન છે. જ્યારે તે અમીર નબીરા માટે ગૌરવ છે!

અમિતાભ બચ્ચનના હોઠ ઉપરથી શરાબી ફિલ્મનો જાણીતો સંવાદ સરે છે 'મૂંછે હો તો નથ્થુલાલ જૈસી હો...' ક્યારેક નથ્થુલાલ જેવો વેશ બ્રાન્ડનેમ ફેશન પુરવાર થઈ શકે છે. સુલય ખોટા બણગા ફુંકવાને બદલે ખપ પૂરતી જ વાત કરતો હોય છે. વધુ પડતા બકવાસથી તે દૂર રહે છે. તેની ખામોશીમાં સુલયની સંવેદના અને સંમતિ છે તેમ માની લેવામાં આવે છે. સુલય સદ્‌ગુરુ પ્રત્યે આસ્થા, વિશ્વાસ ધરાવે છે. તે વિશાળ કાર્યશૈલી સાથે જોડાયેલા છે છતાં પોતે તેના પ્રચારક તરીકે બહાર પડતા નથી. લોકોને ભાગ્યે જ તેની કામગીરીની અને જીવનશૈલીની ખબર છે. સુલય ચુપચાપ જીવનલક્ષી કામ કરે છે. તેના ચાલ્યા ગયા પછી આસપાસના લોકો તેની હાજરીની નોંધ લે છે. માત્ર એટલું જ કહે છે, 'સુલય તો ખૂબ જ કામનો માણસ હતો. તેની માનવતાની કદર કરવાનું જ ભૂલાઈ ગયું! પણ હવે શું?' તે મધરાતે આવેલા સ્વપ્ન જેવો હતો. તેની સંવેદના રાત્રિના સમયે સુગંધીદાર પુષ્પો પર બાઝેલા ઝાકળબિંદુ જેવી જ હતી. તેને સુલય રાતભર ભીંજવતો હતો પણ સવારની વેળાએ હવામાં પીગળી જતો હતો. સુલયના અંતરની ચીસ કોઈને સંભળાય નહીં ત્યારે તે ખૂબ જ વ્યથિત થઈ જાય છે. ક્યારેક ઊંડી ખીણમાં પડઘાતી ચીસને આપ્તજન જરૂર સાંભળશે તેવો તેને વિશ્વાસ અને આશા છે જ. જે સાચા માર્ગે જવા જ નથી માંગતા તેવા લોકોને અફીણી બનાવાય છે. તેમની આંખોમાં છવાયેલા નશાની રતાશને, લાલિમાને આવકારાય છે. જ્યારે સુલયની સાર્થક સંવેદનાને ધુત્કાર મળે છે. નશાની, અફીણ પાયેલી લાલિમા તનને ખોખલું કરી નાખે છે. જે પ્રતિકાર કરવા સક્ષમ રહેતું નથી. કારણ અફીણીની આસપાસ મોઢે મીઠા બોલોની જમાત વિંટળાયેલી રહે છે. જે સરળ છે, અડગ - કૃતનિશ્ચયી છે તે લક્ષ્ય મેળવી જાણે છે. તેને વાચાળ મીઠા બોલાની જરૂર હોતી જ નથી.

અશરફ ડબ્બાવાલાનો શેર સુલયની જીભે રમવા લાગ્યો.

*ઉતરી ઉતરીને કેટલું ઉતરવું માણસમાં*
*સહેજ ઉતરીને જુઓ તો તળિયું આવે.*

સુલયને આજે ચોમેર તળિયા વગરના માણસ અને ઠગારા ગુરુ મળે છે. તેથી સમાજને સાચો રસ્તો, દિશા મળતા નથી. છીછરી કુંઠિત મનોવૃત્તિવાળા તમને શું પરિપક્વ જ્ઞાન પીરસી શકે ખરા? તેના આવા લાખ રૂપિયાના સવાલ સામે સુલય મૂક રહી મૌન ધારણ કરે છે. કદાચ આવતીકાલે પણ સત્ય બહાર આવશે. ઘેરા ઈતિહાસની બે લીટી વચ્ચે વાંચવાની કળા શીખવા સુલય પ્રયત્ન કરતો રહે છે. અણગમા ઢાંકવા માટે આંખોની, હૃદયની ઝલક બદલતા રહેવું પડે છે. મગનું નામ મરી પાડ્યા વગર પ્રગટ થવું એ જ સાચી સમજણ કહેવાય ખરી? આખી રાત તેની ગડમથલમાં સુલય પડખા ફેરવે છે. જાણે અજાણે પડેલ ડાઘા ઉપર વ્હાઈટવોશ કરવો પડતો હોય છે.

દિવ્યતાને ધીરે ધીરે સમજ પડવા લાગી કે સુલયની જીવન જીવવાની શૈલી સરળ છે. તે કોઈને નુકસાનકારક નથી. તેથી તે હળવે હળવે નજદીક જવાનો પ્રયાસ કરે છે. તે મહેનત કરી જાતે આગળ વધવાની કોશિષ કરતો હોય છે. તેથી જ દિવ્યતાને તેના સ્વાભિમાન અંગે લગાવ વધતો જાય છે. કાબૂ બહારની પરિસ્થિતિ વચ્ચે સફળતા મેળવવાની સુલયની કોશિષમાં અનોખો વિશ્વાસ રેડાયેલો હોય છે. જે તેના જીવનને મધુર સંગીતથી જરૂર ભરી દેશે તેવો દિવ્યતાને વિશ્વાસ જાગે છે. જે દિવ્યતા માટે વિપુલ સમૃદ્ધિ બનવા લાગી. ઊંચા શિખરે પહોંચ્યા પછી ફરકાવેલી ધ્વજામાં કઠોર પરિશ્રમ કર્યા પછી મેળવેલ સિદ્ધિનો રંગ પુરાયેલો હોય છે.

***સાથ સાથ ચાલે બિનતાલે ના નાચે ના ધ્યાન ધરે,***
***જીવે જાય સહસા વણગાથા, પીડ પરાઈ જાણે રે.***

***૧૪/સી, પાર્થ સોસાયટી-૧, વી.આર. નગર, સૃષ્ટિ પાર્ક પાછળ, ભુજ, કચ્છ. મો. ૯૪૦૮૨ ૪૨૯૮૪***

વિમર્શ

# ચાલો, સારા નાગરિક બનીએ, સારા માનવ બનીએ

રમેશ દોશી

ખેતી અને ગોપાલન પછી વધારેમાં વધારે રોજગારી જો કોઈ ક્ષેત્રમાં હોય તો તે ધાર્મિક સંસ્થાઓ-સામાજિક સંસ્થાઓમાં છે. લાખો પરિવાર આ સંસ્થાઓના માધ્યમે આજે નભી રહ્યા છે. અનેક યુવા સંગઠનો, દેરાસરો, ઉપાશ્રયો, મદરેસાઓ, વિદ્યાલયો, બોર્ડિંગો, સ્કૂલો, પાંજરાપોળો, ચર્ચો પોતપોતાની રીતે પોત પોતાના જાતભાઈઓને અનેક રીતે મદદ પહોંચાડે છે. ક્યાંક શૈક્ષણિક, વૈદ્યકીય, કૌટુંબિક એમ દરેક ક્ષેત્રમાં કોઈને કોઈ રીતે સહુ પોતપોતાની રીતે સેવા કરી રહ્યા છે. આની પાછી કોઈ જાહેરાત કે ડીમ ડીમ વગાડ્યા વગર સમાજ પાસેથી લીધેલ પૈસે પૈસાની મદદ અન્યના સ્વમાનને જાળવીને આ સહાય સેવા સમાજસેવકો કરી રહ્યા છે. હા, આ સંસ્થાઓમાં પગાર ધોરણ ઘણું નીચું હોય છે, પણ જ્યાં લોકોને કામ જ નથી મળતું ત્યાં લાખો પરિવારો આનાથી ટકી રહ્યા છે એ તો સ્વીકારવું જ રહ્યું.

અમારે કહેવું એ છે કે આપણે સદીઓથી આવી સેવા કરી રહ્યા છીએ, પણ સારો નાગરિક, સારો માનવ બનાવે એવી કોઈ પ્રવૃત્તિ કેમ નથી કરી શક્યા? એવો વિચાર કેમ નથી આવતો? એવી સહાય સાથે સારો નાગરિક બનવાની પણ શિબિરો કે કાર્યશાળા રાખી શક્યા હોત. પણ એવું ભાગ્યે જ થાય છે. અને એથી જ સ્વતંત્રતા મળી છતાં આપણે ગુલામી અનુભવી રહ્યા છીએ. સ્વતંત્રતાના હક સાથે કેટલીક સહજ ફરજો છે જેનો આજે અભાવ છે તેથી જ સ્વતંત્રતાનો અહેસાસ થવો જોઈએ તે નથી થતો.

આપણને એક શ્રેષ્ઠ રાષ્ટ્રપતિ મળેલા — APJ Abdul Kalam. એ કહેતા Please spare 10 minutes for your country. ખાસ બે વાત પર એઓ ખૂબ ભાર આપતા. એક સ્વચ્છતા અને બીજું શિક્ષણ પર. આપણે પરદેશની ખાસ તો સ્વચ્છતાની વાતો તો બહુ કરીએ છીએ. સ્વચ્છતા સહુને ગમે પણ છે, પણ આપણે એ કાર્ય સરકાર પર છોડીને ઊંઘી રહ્યા છીએ. જ્યાં સુધી આ ભ્રષ્ટાચાર જે આપણે સ્વયં કરી રહ્યા છીએ એ આપણે સ્વયં નહી સુધારીએ ત્યાં સુધી અન્ય જે ભ્રષ્ટાચાર ચાલે છે, લાંચરુશવત, ભેળસેળ, નકલી દૂધ, નકલી આટો, નકલી ઘી, નકલી ખાતર, નકલી બિયારણ, નકલી દવાઓ, નકલી દાક્તરો, ઝેરી ખાતરો, ઝેરી કેમિકલો, નકલી પાણી, અરે માના દૂધમાં પણ ઝેરના અંશો આવી ગયા છે. આ બધા ભ્રષ્ટાચારો આપણે જાગૃત નથી તેથી ખુલ્લેઆમ બેધડક ચાલી રહ્યા છે. વિકાસને નામે આને આપણે પ્રગતિ ગણીએ છીએ. ન આ વિષે સરકાર ચિંતિત છે, ન સમાજ ચિંતિત છે. આખો સમાજ ભયગ્રસ્ત છે. મોટા પગારદારોને પણ ભય છે કે ક્યાંક નોકરી છૂટી જશે તો! એ ભયને લીધે નથી આપણે પરિવાર તરફ ધ્યાન આપતા કે ન તો આપણા બાળકોના શિક્ષણ તરફ ધ્યાન આપી શકતા. આવી એક ગંભીર સ્થિતિમાં આપણે સહજ કોઈ કાર્ય કરી શકીએ તેમ હોઈએ તો તે એક માત્ર સ્વચ્છતાનું કાર્ય છે. આપણે ઉપર લખેલા અનેક દૂષણોમાંથી છૂટવાનો આ એક માત્ર માર્ગ આપણી પાસે બચ્યો છે. આ કાર્યનો ફાયદો જો આજના વિકાસની ભાષામાં કહીએ તો ૨% G.D.P. વધી જાય. કોઈ વર્લ્ડ બેંક કે સરકારી સહાય વિના આટલી પ્રચંડ તાકાત આ સ્વચ્છતા કાર્યમાં રહેલી છે.

હજાર ગાંધી આવે કે હજાર નરેન્દ્ર મોદી આવે આપણા દુઃખમાંથી કોઈ આપણને મુક્ત નહિ કરી શકે. આપણે દુઃખી છીએ આપણી ખોટી આદતને લીધે અને આપણે સુખી થઈ શકીએ આદત સુધારીને.

આપણી આવનારી અનેક પેઢીઓ વિનાશની ગર્તામાં જઈ રહી છે એવું શિક્ષણ ચાલી રહ્યું છે. હમણા એક Whatsup આવ્યો એ દિલ હલાવી દે તેવો એ બહુ ગંભીર-અતિ શોચનીય છે.

**An Appeal to Teachers**

From a school principal, who survived the Nazi Camp : “I am survived of a concentration camp. My eyes saw what no person should witness. Gas chambers built by learned engineers, children poisoned by educated physicians. Infants killed by trained nurses, women and babies shot and killed by high school and college graduates. So I’m suspicious of education. My request is help your students to be human. Your efforts must never produce learned monsters, skilled psychopaths or educated maniacs. Reading and writing and spelling and history and mathematics are only important if they serve to make our students more human.”

એક દોડ ચાલી છે, ભણાવો, ભણાવો. પણ કોણ ભણાવે છે? શું ભણે છે? કેવું ભણે છે? કેવું ભણાવે છે? નથી માતાપિતાને ખબર, નથી ભણાવનારને ખબર અને નથી ભણનારને ખબર. ભણાવનારને હવે માત્ર પગાર અને પેન્શનમાં રસ છે, ભણનારને માત્ર પેકેજમાં રસ છે. મૂલ્ય માટે ન તો માતાપિતાનો આગ્રહ છે, ન વિદ્યાર્થીનો ન શિક્ષકનો આગ્રહ છે. ચાર દિવારોમાં ચાલતું આ શિક્ષણ ખમીર અને ખુમારીના ભુક્કા બોલાવી દે છે. એ વિષે વિચારવાને પણ સમય નથી રહેતો આપણી પાસે એટલી બધી ગુંચોમાં આજનો સમાજ ગુંચવાઈ ગયો છે, કે આજના ધર્મવિહીન રાજકારણે ગુંચવી નાંખ્યો છે.

નકલી વિકાસમાં આપણે આંધળા બની ગયા છીએ. એક એવું શિક્ષણ ચાલી રહ્યું છે જેનાથી આતંકવાદ, સાયબર ક્રાઈમ, બેંકની N.P.A અને કૌભાંડો જ વધતા રહે. આજના શિક્ષણની આ ભેટ છે.

હજી સમય છે "રૂક જાવ", જાગીએ, સ્વતંત્રતા મળી છે એ બહુમૂલ્ય વસ્તુ છે અને બહુમૂલ્ય ચૂકાવીને મળી છે. જેવી છે તેવી પાંગળી પણ લોકશાહીમાં જ હજી કંઈક થઈ શકશે. હકની સાથે ફરજ બજાવશું તો જ હકની એ સ્વતંત્રતાનો અહેસાસ થશે.

'ગોરક્ષા પાત્ર'નો મૂળ આશય છે લોકોને પોતાની ફરજ પ્રત્યે જાગૃત કરવા. અમે પરમ સ્વતંત્રતા-મુક્તિનો આસ્વાદ માણી રહ્યા છીએ સહુને એ કેમ મળે એ ગુરૂકૃપાએ સુઝ્યું છે અને એટલે જ સહુને કહીએ છીએ આપણી સ્વચ્છતાની ફરજ અચૂક બજાવીએ. સાચી દિશાના વિકાસ તરફનું આ પ્રથમ પગલું છે. આપણી પાસે આ ફરજ બજાવી શકીએ એટલી જ શક્તિ આજના વિકાસે આપણી પાસે રહેવા દીધી છે. એ બચેલી શક્તિનો ઉપયોગ કરી આવનારી અનેક પેઢી બચાવી લેવાની આપણી ફરજ આપણે કરશું તો હક તો સહજ મળશે માંગવા નહીં પડે. અને સાચી સ્વતંત્રતાનો આનંદ ગરીબ અમીર સહુ ભોગવી શકે. સહુના સુખમાં આપણુ સુખ છે. સુખ વહેંચવાથી વધે છે. "ત્યાગીને ભોગવો" એ આપણી સંસ્કૃતિ છે. એ ભારતની મૂળ સંસ્કૃતિના ભોગે વિકાસ નહીં, વિનાશ જ થાય. આ સંસ્કૃતિને, આવતી અનેક પેઢીઓને માટે બચાવી લેવી એ આજનો પ્રાણ પ્રશ્ન છે.

પ્રશ્ન છે તો જવાબ પણ છે જ. અને એ જવાબ અમને ગુરુકૃપાએ મળ્યો છે અને જે સાવ રહેલો છે. આંતરબાહ્ય સ્વચ્છતા કરવી. બાહ્ય સ્વચ્છતા એ આંતર સ્વચ્છતાનો પાયો છે. જે હાથવગો આપણે કરી શકીએ એવો સાવ સહેલો ઉપાય છે.

સુખ આપણે દરવાજે દસ્તક મારીને ઊભું છે. બારણું ખોલશું? સર્વથા સહુ સુખી થાઓ એ જ પ્રાર્થના. ■

*માતૃભાષા આંખ છે જ્યારે અન્ય ભાષાઓ ચશ્માં છે. આંખ વગર ચશ્માંની કિંમત કઈ નથી.*

## લઘુ કથા : બંધ બારણા

*– જગદીશ પટેલ*

મહેમાનો સાથે જમવા બેઠેલો. જરાક વધારે ખવાઈ ગયેલું. એમાંયે બાસુંદી તો...

સમી સાંજથી જ ઉબકા શરૂ થઈ ગયેલા. ઘરમાં પુરાતાં પહેલાં છોકરા સામે જોતાં વહુ ચણભણી હતી : 'તમારા બાપાએ ડગરી ચૂમીનં બાસુંદી પીધી છે. રાતવરત ઊલટીબુલટી થાય તો કે 'જો, બા'ર જઈન કરઅ...ઓશરીમાં ગંદ કરી છ તો મુ નંઈ સાફ કરું. કરજો તમે'

રાત વધતી ચાલી એમ ઉબકા પણ અને મધરાત થતાં તો, ઓં...ઓં...એમાં

વહુના શબ્દો યાદ આવતાં હું ચોકડી ભણી ધસ્યો. પણ, અધવચ્ચે જ...બધું બહાર. પાણીનો કળશિયો હાથવગો હોત તો કોગળા કરી લેત. પણ કળશિયો લેવાનુ ભૂલી જવાયું હતું આજ. બંધ બારણાં સામે જોઈ બૂમ પાડવાનું મન થયું પણ વિફરેલી વાઘણ જેવી વહુના વિચારે ચૂપ રહ્યો. અચાનક બારણું ખૂલ્યું. છોકરાને બહાર આવતો જોઈ આશા બંધાણી. છોકરો કદાચ પાણીનો કળશિયો લઈને...

અને કેમ ન આવે? આખરે બાપનું તો દાઝે ને? વહુ પારકી છે, પણ છોકરો તો...

પળવાર આંખો મીંચાઈ ગઈ. બંધ આંખો સામે બીમાર છોકરો ઊપસી આવ્યો. છોકરાને કોલેરા થઈ ગયેલો. મધરાતે ઓં...ઓં...કરતો છોકરો ઘરમાં ઊલટી કરી ગયેલો.

'બહાર લઈ જાઓ આને ચોકડીમાં...' પત્ની બોલેલી.

'કરવા દે ને?'

'ઘરમાં ગંદકી કરવાની? ચોકડીમાં લઈ જતાં હું જોર આવે છે?' પત્ની મોઢું બગાડતાં બોલી : 'કોઈ સાફ નહિ કરે. તમારે કરવું પડશે.'

'કર, બેટા! અહીં જ કર.' પત્નીની અવગણના કરતાં છોકરાની પીઠે હાથ પસવાળતાં હું બોલેલો. પછી પાણીનો ગ્લાસ ભરી લાવીને છોકરાને આપતાં : 'આ લે, કોગળા કરી લ્યે.'

પત્ની પાણી આપવા તો શું, સફાઈ કરવા પણ નહોતી ઊઠી. મેં જ બધું સાફ કરેલું. છોકરાને કોગળા કરાવી દવા પાઈ હતી. મોમાં લવિંગ આપેલું. પેટ ખાલી થઈ જતાં છોકરો તો નિરાંતે સૂઈ ગયેલો, પણ મારી ઊંઘ ઊડી ગયેલી. રાતભર છોકરાની પીઠ પસવાળતો રહ્યો હતો.

'કશું હાંભળતા નથી તમે. એણે ઊંઘતાં પે'લા કીધેલું કે ઊલટી-બુલટી થાય તો બહાર જઈનં...કરી મૂચીનં ઓશરી ગંદ ગંદ...' ઊંઘરેટા અવાજે છોકરો વહુના શબ્દો દોહરાવી રહ્યો હતો : 'અવ તમે જ સાફ કરજો આ બધું' અને જોરથી બારણાં બંધ.

હેબતાયેલી નજરે હું બંધ બારણાં સામે જોઈ રહ્યો. ■

ચિંતન

# કોણ ચોકીદારની ચોકી કરશે?

ફાધર વર્ગીસ પૉલ

મેં મારી એક જૂની વાર્તા ફરી એક વાર વાંચી. કારણ, આજે મારી એ વાર્તાની હું કરું છું એના કરતાં વધારે કદર કરનાર એક વાચક મિત્ર મળ્યા. જૂનાગઢ જિલ્લાના તલાલા ગામથી નરેન્દ્રકુમાર બી. પુરોહિત મને મળવા આવ્યા! 'અખંડ આનંદ' ના ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૩ ના અંકમાં મારી વાર્તા 'લોહીનાં આંસુ' પ્રકાશિત થઈ હતી. એ વાર્તા વાંચીને વાર્તાને અંતે આપેલા મારા સરનામાની કાપલી સાથે નરેન્દ્રભાઈ મને શોધતા શોધતા મારા કાર્યાલયમાં આવી પહોંચ્યા.

"આપ જ ફાધર વર્ગીસ પૉલ છો ને? થોડા દિવસ પહેલાં મેં ફોન કર્યો હતો. પણ આપની 'ઘરવાળી' એ મને કહ્યું કે, આપ બહારગામ ગયા છો અને આપ માર્ચની ૨૯મી તારીખ પછી મળશો." (પોંડિચેરી સેન્ટ્રલ યુનિવર્સિટીએ યોજેલ 'ઇંગ્લિશ લિટરરી ફેસ્ટિવલ' - અંગ્રેજી સાહિત્યિક મહોત્સવના નેશનલ સેમિનારમાં એક શોધનિબંધ રજૂ કરવા માટે હું પોંડિચેરી ગયો હતો.)

"ફાધર વર્ગીસ, આપની વાર્તા 'લોહીનાં આંસુ' ના કરુણ પ્રસંગમાં પણ પ્રગટ થતાં આપનાં કરુણા અને પ્રેમથી પ્રભાવિત થઈને ફક્ત આપને મળવા માટે જ હું અમદાવાદ આવ્યો છું. ફાધર, આ રહ્યું મારું વિઝીટિંગ કાર્ડ" નરેન્દ્રભાઈએ કહ્યું અને મને એમનું નામ સરનામાવાળું કાર્ડ આપ્યું.

હું માની શકતો નહોતો કે કેવળ એક વાર્તા વાંચીને જૂનાગઢ જિલ્લાના તલાલાથી અમદાવાદ સુધીની લાંબી મજલ કાપીને કોઈ વાચક એના લેખકને મળવા આવે! પરંતુ મારી સામે જ એ મહાનુભાવ પુરાવારૂપે બેઠા હતા. એટલે મેં કહ્યું, "નરેન્દ્રભાઈ, આપે મારા આજના દિવસને ધન્ય કર્યો છે! આપની મુલાકાતથી આપે મને ધન્ય કર્યો છે! મને લાગે છે કે, એક ટૂંકી વાર્તા લખવાની મારી મહેનતનું મને સો ગણું નહિ પણ સહસ્રગણું ફળ મળી ગયું! આભાર!"

નરેન્દ્રભાઈ સાથે લાંબી વાતચીત થઈ. નરેન્દ્રભાઈની વાતમાં "આપની (મારી) ઘરવાળી" નો ઉલ્લેખ થયો. મેં નરેન્દ્રભાઈને કહ્યું કે, હું બ્રહ્મચારી છું. મારા રહેઠાણના રસોડામાં કામ કરતાં લલિતાબહેન જોડે તેઓએ વાત કરી હશે. નરેન્દ્રભાઈ ગયા પછી મને ખ્યાલ આવ્યો કે, તેમણે મારા કાર્યાલયમાં સેવા બજાવતાં સન્યાસિનીબહેન કલાવતી જોડે ફોન પર વાત કરી હતી. કારણ, "અખંડ આનંદ" માં આવેલી મારી વાર્તાને અંતે છાપેલા મારા સરનામા સાથે મારા કાર્યાલયનો ફોન નંબર હતો. અને હું કાર્યાલયમાં ના હોઉં ત્યારે સિસ્ટર કલાવતી જ ફોન ઉપાડે છે.

નરેન્દ્રભાઈ ગીર પાસે તલાલા ખાતે ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ છે, તેમણે પોતાની ઓળખ એક નીડર બ્રાહ્મણ તરીકે આપી. મોં જોઈને ચાંલ્લો ન કરનાર આખાબોલા માણસ તરીકે તેમણે મને કહ્યું કે, તેમણે નરેન્દ્ર મોદી સામે પણ ભારતીય જનતા પાર્ટીને પત્ર લખ્યો છે.

ગ્રાહક સુરક્ષા મંડળ - તલાલા (ગીર) ના 'લેટરહેડ' પર લખેલા પત્રની એક નકલ મને આપતાં નરેન્દ્રભાઈએ કહ્યું કે, "જુઓ ફાધર વર્ગીસ, મેં નરેન્દ્ર મોદીને 'ખબરદાર' કહીને ચેતવણી આપી છે."

નરેન્દ્રભાઈ પુરોહિતના લાંબા પત્રમાંથી બે ફકરા અહીં ઉતારું છું :

"ગુજરાત રાજ્યમાં નરેન્દ્ર મોદીની જ્યારથી સરકાર બની છે ત્યારથી મોટા પ્રમાણમાં સરકારી ઓફિસોમાં ભ્રષ્ટાચાર થાય જ છે. સાથોસાથ ભારતીય રાષ્ટ્રીયતાના સાચા ઉપાસકોને હડધૂત અને અવહેલના કરવામાં આવી છે. કોઈ પણ વ્યક્તિ નરેન્દ્ર મોદીને ન ગમે તેવી ક્યારેય ચર્ચા કરે અથવા નમો નમો ન કરે તો તેને પાર્ટીના હાંસિયામાં એક તરફ ધકેલી દેવામાં આવેલા છે.

"ભારત દેશમાં ભાજપની ઉન્નતિના સહભાગી મોટા પ્રમાણમાં બ્રાહ્મણો જ છે. બ્રાહ્મણો ક્યારેય સત્તા લાલચુ કે જ્ઞાતિવાદ કર્યો જ નથી. છતાં નરેન્દ્ર મોદીએ ભારતીય સંસ્કૃતિના અંગરૂપી બ્રાહ્મણોનો દ્રોહ જ કર્યો છે. બ્રાહ્મણ સમાજ નરેન્દ્ર મોદીની આવી બેવકૂફી ભર્યા વર્તનથી વાકેફ હોવા છતાં બ્રાહ્મણોએ ઉદાર હાથે નરેન્દ્ર મોદીને આશીર્વાદ જ આપ્યા કર્યા છે...હવે હદ થઈ ગઈ છે...નરેન્દ્ર મોદી તેની હલકાઈ બંધ કરે...નહીંતર ગુજરાત રાજ્યના બ્રાહ્મણોએ (કાશીના બ્રાહ્મણોને સાચી હકીકત બતાવવાની) નરેન્દ્ર મોદીની સામે આવવાની ફરજ પડશે."

લોકસભાની ૨૦૧૪ની ચૂંટણી પહેલાં લખેલા આ પત્રમાં નરેન્દ્રકુમાર બી. પુરોહિતે "બ્રાહ્મણોનો દ્રોહ એટલે ભારતીય સંસ્કૃતિનો દ્રોહ" કહીને નરેન્દ્ર મોદી પર આક્ષેપ પણ મૂક્યો છે કે, તેઓ "ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રીયતાને માન આપતા નથી."

નરેન્દ્રકુમાર પુરોહિતે પોતાના પત્રમાં કરેલી ઘણી બાબતોમાં અહીં હું ફક્ત ભ્રષ્ટાચારની વાત લઉં છું. આપણે જાણીએ છીએ કે, ભ્રષ્ટાચાર કેવળ ગુજરાતનો પ્રશ્ન નથી પણ આખા ભારતનો પ્રશ્ન છે, સમગ્ર દુનિયાનો પ્રશ્ન છે. પરંતુ દેશવિદેશોમાં ફરવાને કારણે હું કહી શકું છું કે, ભ્રષ્ટાચાર ગુજરાતમાં જેમ છડેચોક અને વ્યાપકપણે વકર્યો છે તેવો બીજે ક્યાંય થતો નથી.

થોડા દિવસ પહેલાં અશોક નામે એક યુવાન નોકરીની શોધમાં મને મળવા આવ્યા. અમદાવાદ ખાતે એમણે ટાટા કંપનીમાં મહિને રૂા. ૧૨,૦૦૦ ની બાંધેલા પગારમાં એક વર્ષની નોકરી કરી છે. એમની નોકરીથી ખુદ યુવાનને અને એમના કેટલાક ઉપરીઓને પણ સંતોષ હતો. તેમણે ખૂબ નિષ્ઠાથી કામ કરીને પોતાની કંપનીને તેમ જ ગ્રાહકોને પણ સંતોષકારક ફાયદો કરી આપ્યો હતો. પરંતુ બિલ પાસ કરવામાં બિલ મુજબ કરેલું કામ કે બિલ મુજબ ખરીદેલી ચીજવસ્તુઓ અને બિલને લગતી અન્ય બાબતોની ચકાસણી કર્યા પછી તેઓ બિલ પાસ કરતા કે બિલ સામે વાંધો ઉઠાવતા. એમાં બિલ સાથે લાંચ લેનાર રુશવતખોરોને તકલીફ પડવા માંડી. એમનાં નિષ્ઠાભર્યા કામથી ઉપરી અધિકારીઓને સંતોષ હતો. પરંતુ ભ્રષ્ટાચાર સાથે સંકળાયેલા કેટલાક ઉપરી અધિકારીઓ પણ હતા. પરિણામે એક વર્ષને અંતે એમને નોકરીમાંથી છૂટા કર્યા. કારણ, તેમણે સમયસર નોકરીમાં ચાલુ રહેવા માટે અરજી આપી નહોતી! "ફાધર, નિષ્ઠાભર્યું કામ કરીને મારી કંપનીને અને કંપનીના ગ્રાહકોને ફાયદો કરી આપવા બદલ હું રસ્તા પર આવી ગયો," યુવાને કહ્યું. ભ્રષ્ટાચારભરી દુનિયામાં પોતાની નિઃસહાયતા અને બેકારીની દારુણ પરિસ્થિતિનો આ પ્રસંગ ખ્યાલ આપે છે.

પછી એ યુવાને પોતાનાથી પણ વધારે ખરાબ પરિસ્થિતિમાં મુકાયેલા એક મિત્ર રમેશની (સાચું નામ નથી) વાત કરી. રમેશ પટાવાળા તરીકે એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. રમેશના એક સંબંધી એક જજને ત્યાં ડ્રાઈવર તરીકે કામ કરે છે. એ ડ્રાઈવરે રમેશને કહ્યું કે, સરકારી નોકરીઓમાં પટાવાળા લેવાના છે એમાં, એમના જજસાહેબ પટાવાળા માટે ઉમેદવારોના ઇન્ટરવ્યૂ કરી નિમણૂક પત્ર આપવાના છે. ડ્રાઈવરે વધુમાં કહ્યું કે, જજસાહેબ પટાવાળાની નોકરી માટે રૂપિયા બે લાખ લેશે.

રમેશને સરકારી નોકરીની લાલચ. એમાં પોતાના એક સંબંધી ડ્રાઈવર જ મદદ કરી શકે છે. પણ રૂપિયા બે લાખ ક્યાંથી મળે? ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આવેલું પોતાનું ઘર છે. બાપદાદાના વારસામાં મળેલા ઘરની માયા છે. પણ સરકારી નોકરી અને સરકારી નોકરી સાથે લોન લઈને 'ફ્લેટ' કે ઘરનું ઘર વસાવવાના સ્વપ્ન સાથે રમેશે પોતાનું ઘર વેચીને મેળવેલાં પૂરાં બે લાખ રૂપિયા ડ્રાઈવર સંબંધીને પહોંચાડ્યાં.

પછી રમેશે સરકારી નોકરીના 'ઇન્ટરવ્યૂ' માટે રાહ જોવા માંડી. અઠવાડિયાં, મહિનાઓ....વીતવા માંડ્યા. ડ્રાઈવર સંબંધી 'વહેલા મોડા થશે' નો રમેશને આશ્વાસન આપતો રહ્યો.

એક દિવસ અભણ રમેશે પોતાના શિક્ષિતમિત્ર અશોકને બધી વાતો કરી. અને મિત્ર અશોકને લઈને રમેશ પોતાના સંબંધી ડ્રાઈવરને ઘરે પહોંચ્યા. ડ્રાઈવરે બંનેને સીધી વાત કરી. પોતે રૂપિયા બે લાખ લઈને જજસાહેબ પાસે ગયો હતો. પરંતુ એમનું કશુંય ચાલ્યું નહિ. કારણ, જજ સાહેબને બીજા માણસે પટાવાળાની નોકરી માટે રૂપિયા ચાર લાખ આપ્યા અને એને જ સરકારી નોકરી મળી. મને મળવા આવેલા અશોકભાઈએ આ બધી વાતો કરતાં કહ્યું, 'રમેશના સંબંધી ડ્રાઈવરભાઈએ ઈમાનદારીથી રમેશને બે લાખ રૂપિયા પરત આપ્યા. પરંતુ મિત્ર રમેશની હાથ લગી પહોંચેલી સરકારી નોકરીના મળી તે ના જ મળી! એટલું જ નહિ રમેશ પોતાનું ઘર પણ ખોઈ બેઠો! ઘર વેચ્યાના દોઢેક વર્ષ પછી રૂપિયા બે લાખથી કે બમણી રકમથી પણ એમણે વેચેલું ઘર કે એના જેવું ઘર હવે ક્યાંય મળે નહિ!'

આ આખી વાતમાં દર મહિને મસમોટી રકમનો પગાર ખાતા જજ સાહેબ લાંચ લે અને લાંચની રકમ અગાઉથી જણાવે અને એનાથી બમણી રકમ રુશવત માટે ફરી જાય એવું બધું માનવામાં મને તકલીફ પડે છે. એકથી વધારે જાણકાર માણસો પાસેથી મેં સાંભળ્યું છે કે, ન્યાયાલયનો ભ્રષ્ટાચાર રાજ્યની નીચલી કોર્ટથી માંડી છેક સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) સુધી પહોંચ્યો છે. સર્વોચ્ચ અદાલતના માજી મુખ્ય ન્યાયાધીશ બાલકૃષ્ણન સામે ન્યાયધીશ વી. આર. કૃષ્ણા ઐયરે ભ્રષ્ટાચાર અંગે કરેલા આક્ષેપો 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા" અને "આઉટલૂક" જેવાં છાપાં-સામયિકોમાં તેમ જ અન્ય માધ્યમોમાં જાન્યુઆરી ૨૦૧૧માં આવ્યાની વાત સૌ જાણે છે.

પરંતુ ૧૯૯૮માં ગુજરાતના ખ્રિસ્તી લોકો પરનો કોમી હુમલો અને ત્યાર પછી સતત ચાલતી રહેતી સતામણીથી હું જાણું છું કે, સમગ્ર ગુજરાતમાં ભ્રષ્ટાચાર જ શિષ્ટાચાર બન્યો છે. આજે કોઈ સરકારી ઑફિસથી માંડી મંત્રી સુધી કોઈનું કામ હોય તો તમારે કામ પ્રમાણે માગ્યા મુજબ રકમ પાર્ટીના સ્થાનિક કાર્યાલયમાં આપીને એની પહોંચ સાથે તમારે કારકુન, સેક્રેટરી કે મંત્રીને મળવાનું હોય છે. છતાં આપણે ખાતા નથી અને ખાવા દેતા નથી એવા રાજ્યમાં જીવીએ છીએ.

પ્રથમ સદીમાં રોમના એક વ્યંગાત્મક સાહિત્યકાર જુવેનાલનો પ્રશ્ન આપણી સામે આવે છે : "ક્યૂઈસ કુસ્તોડિયેત ઈઆપસોસ કુસ્તોડેસ?" ("Who willl guard the guardians themselves?") સાદી ગુજરાતીમાં પ્રશ્ન છે કે, ચોકીદારોની કોણ કરશે ચોકીદારી?

*ગુર્જરવાણી,*
*સેન્ટ ઝેવિયર્સ કૉલેજ કૅમ્પસ,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૪૨૮૮ ૨૬૫૧૮*

ચિંતન

# સક્રિય સાધુસમાજ શું કરી શકે?

સંતબાલજી

"ત્રેવીસ ચોવીસ વરસના અંગત અને સામુદાયિક સાધનાના અનેક અનુભવો પછી સાધુ-સાધ્વી શિબિર અનિવાર્ય લાગ્યો કારણ કે ભારત પાસે જગતમાં અજોડ કહી શકાય એવી કોઈ પણ દોલત હોય તો એ તેની સમાજ રચના છે. જેનો કોઈ પણ મુખ્ય સ્તંભ હોય તો ભારતની સાધુ-સંસ્થા છે."

ઉપરછલ્લી ગણતરી પ્રમાણે ભારતમાં ૫૬,૦૦,૦૦૦ સાધુઓ છે. સંસારનો ત્યાગ કરીને નીકળનારા આવડી મોટી સંખ્યામાં ક્યાંયે મરજીવા માણસો મળે? કોઈ પણ દેશમાં નહીં મળે! આ સાધુઓની પોતાની અલગ વસતિ, મસ્તી અને હસ્તી છે. ભયંકર તડકામાં ધૂણી બાળીને, કેવળ લંગોટ પહેરીને, શિયાળામાં ઉઘાડા શરીરે રહીને, મસાણ, ગુફા કે ખંડેરોમાં પડ્યા રહેવું-એને એક વર્ગ સાધુતા માને છે; બીજો વર્ગ કેવળ ધર્મોપદેશમાં સાધુતા માને છે; ત્રીજો વર્ગ વૈભવ-વિલાસની છોળો વચ્ચે મહંતશાહીમાં સાધુતા માને છે. પરિણામે 'સાધુ' અંગેની સ્પષ્ટ છાપ કે વ્યાખ્યા ખુદ ભારતના લોકો પણ જાણતા નથી. આમાં કેટલાક ઢોંગી, ધૂતારા, પાખંડી, ગુનેગાર પણ હોય છે. પરિણામે 'સાધુ' એટલે આવા પ્રકારની વ્યક્તિ-તેણે આજ કરવું જોઈએ. તે અંગે કોઈ સ્પષ્ટ સાધુ-આચાર-સંહિતાના અભાવે-આવડી મોટી ત્યાગ-વૈરાગ્ય અને લોકજીવનનો ઉત્કર્ષ કરનારી શક્તિ લગભગ વેડફાઈ જાય છે.

આજે રાષ્ટ્રનું આઝાદી બાદ નવઘડતર થઈ રહ્યું છે. આ ઘડતરમાં સક્રિય સાધુ-સમાજ ચોક્કસ ધ્યેય-ઉદ્દેશ્ય સાથે કાર્ય કરે-માર્ગદર્શન આપે તો કેટલું બધું ભવ્ય કાર્ય થઈ શકે? તેનાથી કરોડો માનવ દીવા જ્યોતિર્મય બની શકે! પણ આ બધું થાય ક્યારે! જ્યારે ભેગા મળાય, વિચારોની આપલે થાય ત્યારે જ! નહીંતર આ મનાતા સાધુવર્ગના પરસ્પરના વિરોધી વિચારો અને મંતવ્યોના કારણે માનવ-માનવ વચ્ચે વાડાઓ બંધાઈ જવા; સંઘર્ષો થવા તેમજ પોતાની સર્વોપરિતા જાહેર કરવા બીજાને ઉતારી પાડવા - આ બધા માનવતા-વિરોધી પ્રવાહો વચ્ચે માનવતાના દીવડાઓનો પ્રકાશ રૂંધાઈ જવાનો.

એવું નથી કે બધા સંતો કે સાધુઓ મળવા માગતા નથી કે સંકલિત થવા ઈચ્છતા નથી. તેમને ઈચ્છા તો થાય છે પણ તેમ કરવા માટે કોઈ ખરું માર્ગદર્શન મળતું નથી. સર્વધર્મ પરિષદો અને વિશ્વધર્મ-સંમેલનોમાં પણ સર્વે સાધુઓ અંગેની સામાન્ય કે સર્વમાન્ય આચાર-વિચાર કે વહેવારની સંહિતા અંગે કદી વિચારવામાં આવ્યું નથી. ત્યાં સહુ પોતપોતાના ધર્મો સારા છે, ત્યાં સુધી કહીને અટકી જાય છે. પણ સાધુ સમન્વય કે ધર્મ-સમન્વયની કોઈ વહેવારિક ભૂમિકા હજુ સુધી રજૂ કરી શક્યું નથી. આ ભૂમિકા સાધુસંસ્થાને ટકાવી રાખવા માટે જેમ-જેમ સમય પસાર થતો જાય છે તેમ વધુને વધુ જરૂરી છે.

જગતમાં જો કોઈ પણ વાદ ઉદાર અને વિશ્વવાત્સલ્ય ફેલાવનાર છે તો તે સાધુવાદ છે. તે સિવાયના બધા વાદો કાંતો સંઘર્ષમાંથી કાં સ્વાર્થમાંથી પ્રેરાયાં હોઈને તેમાં માનવતાની ગુંગળામણ સિવાય કાંઈ નહીં નીકળે!

સંકુચિત રાષ્ટ્રવાદ કે પ્રાંતવાદનાં પરિણામો ઈતિહાસના પાને જાહેર જ છે. હમણાં તો પ્રાંતવાદનાં કડવાં પરિણામો ભારતને પણ જોવા મળ્યાં છે. ઘઉં, તેલ, ચોખા, કઠોળ વગેરે માટે, આજની અનાજની કટોકટીના સમયે દરેક પ્રાંતે જે સ્વાર્થી મનોવૃત્તિ દેખાડી છે; તે આપણા માટે લાલબત્તી રૂપે હોવી જોઈએ. વેપારી કે વ્યક્તિ સ્વાર્થી બની શકે પણ કટોકટીના સમયે પ્રાંતીય સરકારો આવું સંકુચિત માનસ જાહેર કરે તેનાથી વધારે દુઃખદ ઘટના કોઈ ન હોઈ શકે. એના જ વિસ્તરેલા નમૂના રૂપે રાષ્ટ્રવાદ છે. જર્મની અને જાપાને બીજું વિશ્વયુદ્ધ ઊભું કર્યું અને તેના પ્રત્યાઘાતો હજીયે પડી રહ્યા છે. યહુદી, આરબો વચ્ચે કે આફ્રિકાના પ્રાંતિય ઝઘડાઓમાં કેટલાયે નિર્દોષ રહેંસાઈ ગયા છે તે કોઈનાથી છૂપું નથી. સંકુચિતવાદનો એક નમૂનો સામ્યવાદ છે. સમાનતાના નામે તેણે જે ખૂનખરાબાના પાયા ઉપર પોતાનું ચણતર કર્યું છે તેમાં સત્તા વડે જ શાણપણના બુરાં પરિણામો જોઈ શકાય છે અને સામ્યવાદ પણ અંતે સત્તાની સાઠમારી કરવા બે દળોમાં વહેંચાઈ ગયો છે. પરિણામે વર્ગવિગ્રહ ચાલુ જ છે. પૂંજીવાદ પણ વ્યક્તિગત સ્વાર્થનો પરિપાક છે અને તેનાં માઠાં પરિણામોથી જગત અજાણ નથી.

તો વિશ્વને, રાષ્ટ્રને કે સમાજને જે બળ ખરે માર્ગે દોરી શકે તે સાધુવાદ છે. તેમાં સ્વાર્થ નથી; સત્તાની સાઠમારી નથી, કેવળ વિશ્વઆત્મ સેવા અને લોકકલ્યાણ માટેની ઉદાર ભાવના છે અને તે જ માનવતાના આંસુ લૂછી શકે છે. પણ, આ સાધુવાદને પડખે સંકુચિતવાદો ઘૂસી જતાં તેનું જે તેજ ચમકવું જોઈએ તે ચમકતું નથી.

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૭ ઉપર)

સમાજ ચિંતન

# સંતાનોને સમજો

ઈલા કે. શાહ

બોર્ડની પરીક્ષામાંથી હેમખેમ પસાર થવું એ જાણે લોઢાનાં ચણા ચાવવા જેવું છે એવું નથી લાગતું? હવે તો પરીક્ષાનો સમય ખૂબ જ નજદીક આવી રહ્યો છે. અને એટલે જ હતાશા, નિરાશા, ભય, આત્મઘાતી પગલાં, ઊંચી અપેક્ષાઓ, ટકાવારીનું લેવલ વગેરેની વાતો ચર્ચાઈ રહી છે.

નેહાને એસ.એસ.સી એટલે કે ધોરણ ૧૦ ની અને નીરલને ધોરણ ૧૨ ની પરીક્ષા આપવાની હતી. બંને ભાઈ-બહેન સાથે મળીને ખૂબ મહેનત કરતાં હતાં. છતાં આ બાળકો પર તેમના માતા-પિતાની બાજ નજર રહેતી. ચારે બાજુથી તેઓ પર ખૂબ જ દબાણ લાવવામાં આવતું. નેહા અને નીરલ સ્વતંત્રપણે, પોતાની રીતે માનસિક તનાવ વગર વાંચન કરી શકતાં જ નહિ.

તેઓને માતા માનસીબેન અને પિતા સુધીરભાઈ બંનેને વારંવાર ટોક ટોક કરતા હતા.

માનસીબેન નેહા પાસે આવી બોલ્યાં, "નેહા બેટા, હવે પ્રિલિમીનરી પરીક્ષાનું રિઝલ્ટ આવશે. માર્કસ સરસ હોવા જોઈએ હોં....તારે આગળ જતાં ડૉક્ટરની જ લાઈન લેવાની છે. એટલે અન્ય કશું વિચાર્યા વગર તનતોડ મહેનત કરવાની છે."

નેહાએ કહ્યું : "મમ્મી, મને ડૉક્ટરી લાઈનમાં જરા પણ રૂચિ નથી. ફેશન ડિઝાઈનર્સ માટેનો કોર્સ વધુ ઉપયોગી બને તેવો છે." પણ બેટા, આપણે ટ્યુશન પાછળ કેટલો ખર્ચ કરી રહ્યાં છીએ એ તને ખબર છે ને? આપણાં ફેમિલી (કુટુંબ) માં કોઈ જ લેડી ડૉક્ટર નથી. તેથી તું બને તો મને ઘણો ગર્વ થાય. આપણી જ્ઞાતિમાં, કુટુંબમાં, વટ પડી જાય. જ્ઞાતિમાં ભણતરની મોટી માંગ છે. મૂરતિયો શોધવામાં અને પછી મળવામાં વિલંબ ન થાય."

"મમ્મી, તારો પરિવારમાં વટ પડે એટલા માટે મને ડૉક્ટર બનવાનું કહે છે? પરંતુ તેં કે પપ્પાએ મને કદી એમ પૂછ્યું છે કે મને શેમાં રસ છે? મને શું ગમે છે? અત્યારે બિલકુલ ચિંતા વગર વાંચો તેમ કહી સહાનુભૂતિ દર્શાવી છે? તમારી ઊંચી અપેક્ષાઓ જ અમને તમારા પ્રત્યે ઉપેક્ષા જાગૃત કરે છે. પ્રિલિમીનરી પરીક્ષાનું રિઝલ્ટ ઓછું આવશે તો જાણે અમારા પર આભ તૂટી પડશે ખરું ને?" નેહાએ ઘણું કહી દીધું.

"બસ, હવે બહુ બોલીશ નહિ. તારા સારા ભવિષ્ય માટે કહીએ છીએ. આટલી મોંઘવારીમાં તમને ક્યાં ખબર છે કે કેટલા વીસે સો થાય છે?" મમ્મીએ આક્રોશ ઠાલવ્યો.

આવાં તો ઘણાં મહેણાં - ટોણાં, માનસિક દબાણ વચ્ચે નેહાને વાંચવાનું હોય તો તેનું ચિત્ત કઈ રીતે ભણવામાં એકાગ્ર બને?

આ બાજુ તેઓનાં પપ્પા સુધીરભાઈ નીરલની ઝાટકણી કાઢતાં હતા.

"કેમ નીરલ, વાંચવામાં તૈયારી બરોબર કરે છે ને? તારે એન્જિનિયરિંગમાં એડમિશન મેળવવાનું છે. મારા મિત્રનો પરાગ કોમ્પ્યુટર એન્જિનિયર થયો તે અત્યારે સારી નોકરી મેળવીને તેના પપ્પાને મદદરૂપ પણ થાય છે. મારામાં ડોનેશન આપવાની ત્રેવડ નથી, અત્યારે જ દેવું કરીને તમારાં બંનેની ટ્યુશન ફી કાઢી રહ્યો છું. બાકી ભણતર ઘણું મોંઘુ છે. માટે જ મહેનત કરવાની."

"પપ્પા, વાંચતા વાંચતા મને તમારા આવાં સંવાદો વાંચવાની એકાગ્રતા ખંડિત કરી નાંખે છે. તમે લાડ લડાવવાના ટોનમાં જ જે મહેણાં મારવાના હોય તે સંભળાવી દો છો. મારી તુલના તમારા મિત્રનાં પરાગ સાથેના કરશો? તે પોતાની રસ-રૂચિથી ભણ્યો તેથી આગળ આવ્યો. તેના મમ્મી-પપ્પાએ કોઈપણ જાતનું પ્રેશર આપ્યું નહોતું. તમે તો મને કદી મારી શું ઈચ્છા છે કે મને કઈ લાઈનમાં રસ છે તે પૂછ્યું જ નથી. તમારા જમાનાનાં શિક્ષણની સરખામણી અત્યારનાં શિક્ષણ સાથે જરા પણ ન કરી શકાય. હજી હમણાં તો ધોરણ ૧૨ ની પરીક્ષામાં અમને મોકળાશથી ભણવા દો." નીરલે પોતાનો ઉભરો ઠાલવ્યો.

"આનાથી કેવી મોકળાશ જોઈએ છે? તમારા માટે સમયસર ઉઠીને તમને વાંચવા ઉઠાડવાના, ચા-નાસ્તો, જમવાનો ટાઈમ મમ્મી સાચવે છે. ટી.વી. બંધ કરાવ્યું છે. તમારા માટે જ સ્તો. ટ્યુશન ફી અને ટ્યુશન ટાઈમ સચવાય છે. વાંચવા માટે રૂમની સગવડ છે, પછી શું?" પપ્પાનો રોષ ભભૂક્યો.

"આનાથી વિશેષ અમને તમારા તરફથી હૂંફાળી હૂંફ જોઈએ છે. હતાશામાં ન ડૂબીએ તેવાં પ્રેમાળ વચનો સાંભળવા ઈચ્છીએ છીએ. અમારા રસ વગરની કોઈ પણ ઊંચી અપેક્ષાઓ અમને ગેરમાર્ગે દોરવા પ્રેરિત કરે છે. મારો મિત્ર અપૂર્વ તો અત્યારથી જ ડિપ્રેશનમાં આવી ગયો છે. તેના પપ્પાએ ખૂબ કડક નિયમન હેઠળ એને ભણવા બેસાડ્યો છે. પપ્પા, અત્યારે

જમાનો બદલાયો છે. સમય સાથે તાલ મિલાવી અમને સંતાનોને સમજો. નહીં તો વધુ ટેન્શનયુક્ત થઈ જઈશું તો હમણાં રોજ પેપરમાં એકાદ-બેની આત્મહત્યાના સમાચાર ઝળકે છે તેમ અમારી બુદ્ધિ પણ ક્યારે બગડી જશે તેની ખબર નહીં પડે...''

નીરલ ઘણું બોલ્યો.

આગળ બોલતો અટકાવીને જ પપ્પા જાણે કે ઘૂરક્યા, ''બસ, ચૂપ કર, ધમકી આપો છો? તમને મા-બાપની પરિસ્થિતિની ક્યાં ખબર છે? નેહા પણ આવું જ બોલે છે. પૈસાની આવક ન હોય, સારું ભણતર ન હોય, જ્ઞાતિમાં મૂરતિયા ઊંચું શિક્ષણ માંગતા હોય તો એનું ઠેકાણું પણ કેવી રીતે પડશે? તું ય નહિ ભણું તો નોકરી કોણ તારો બાપ આપશે? મોંઘવારી માઝા મૂકી રહી છે તેનું તને ભાન છે?

પિતા સુધીરભાઈનો ગુસ્સાનો પારો આસમાને પહોંચ્યો. શાબ્દિક ટપાટપી થઈ. પપ્પાનો મોટો અવાજ સાંભળી નેહા અને તેનાં મમ્મી ત્યાં દોડી આવ્યા. સુધીરભાઈનો ઊંચો થયેલો હાથ દીકરાને તમાચો મારવા જતો હતો. પણ અટકી ગયો. નેહા, નીરલ સૂનમૂન થઈ ગયા. તેઓની કોઈ વાત મા-બાપ સમજવા માંગતા નહોતા. વાંચવામાં મન કઈ રીતે એકાગ્ર બને? બંને ભાઈ-બહેન એક રૂમમાં મળી ખૂબ રડ્યા. બંનેએ પરસ્પર-આશ્વાસન આપ્યું. ચારેક દિવસ પછી પ્રિલિમીનરી પરીક્ષાનું રિઝલ્ટ આવ્યું. ધાર્યા કરતાં ઓછું પરિણામ હતું. બીતાં બીતાં ને ધ્રૂજતાં ધ્રૂજતા બંનેએ પપ્પા-મમ્મીના હાથમાં પરિણામ મૂક્યુ.

''પપ્પા સુધીરભાઈએ તો સિંહ કરતાં પણ મોટી ત્રાડ પાડી. મમ્મીએ હકારાત્મક સાદ પુરાવ્યો. બંને બાળકો પારેવાંની જેમ ફફડી રહ્યાં. આ પેલો સરલાબેનનો સરજુ ૯૫% માર્કસ લાવ્યો છે, ને તું? પેલા રમાકાંતની રીયા તો હંમેશાં ફર્સ્ટ નંબર લાવે છે, જરા શરમાવો...''

''ઊંચી ટકાવારી એ જ સફળતાનો સાચો માપદંડ છે? માણસ ભણતર કે ડિગ્રી વગર ઘણી વખત પોતાની આત્મસૂઝ અને કૌશલ્યથી જાત અનુભવથી મોટાં ઈજનેરોને પણ પાછાં પાડે છે. હું તમને મારી હોંશિયારીથી મારા રસ રૂચિના વિષયને કેળવીને કંઈક કરી બતાવીશ, તમે શાંત રહો.'' હિંમતપૂર્વક નીરલે જવાબ આપ્યો.

પરંતુ બંને પ્રત્યે ક્રૂરતાભર્યા વાગ્બાણો છોડાયાં. ન પ્રેમ, ન સહાનુભૂતિ, ન હૂંફ કે ન સાંત્વના, મન મૂકીને હૈયું પણ ક્યાં ઠાલવે? નિર્દોષ ભાઈ-બહેન પોતાની રૂમમાં ધ્રૂસકે ધ્રૂસકે રડતાં બેસી રહ્યાં. જમવા માટે કાંઈ જ ન કહેવાયું. બાળકો પ્રેમથી ખુશ રહે કે ગુસ્સાથી? પપ્પાએ ખૂબ કડકાઈથી અત્યંત મહેનતથી ભણવા ને ધ્યાન આપવા મમ્મી માનસીબેનને આદેશ આપ્યો. રાત્રે બાળકોનું મન આડે પાટે ચડી ગયું.

બીજા દિવસની સવારે આ શું જોયું? નેહા-નીરલે બંને ભાઈ-બહેને, પ્રેમાળ જુગલજોડીએ ઝેર ખાઈ સાથે જ અગનપિછોડી ઓઢી લીધી હતી.

મા-બાપનું ક્રૂરતાભર્યું, સહાનુભૂતિ, પ્રેમ સમજણ વગરના વ્યવહારનું કેટલું દુઃખદ પરિણામ આવ્યું? હવે પસ્તાવાથી શું ફાયદો? ફૂલ જેવા કુમળાં બાળકો હંમેશને માટે વિખૂટા પડી ગયા.

સંતાનો જ કહી રહ્યાં છે કે અમને સંતાનોને સમજો. સંતાનોએ એક આવું ડગલું ભરતાં વિચારવું જોઈએ. માતા-પિતાનો ઠપકો તેમના સારા ભવિષ્ય માટે જ હોય છે, તેની ભલાઈ માટે જ હોય છે, પરંતુ ઊંચી અપેક્ષાઓ તથા દબાણથી બાળકોને દૂર રાખવા જોઈએ. તેમની રસ-રૂચિને સમજીને અભ્યાસમાં મન એકત્રિત કરે તેવું વાતાવરણ બનાવવું જોઈએ. સંતાનોએ પણ સમજૂતીભર્યું વલણ કેળવી આત્મહત્યાના માર્ગે ન જતાં પ્રભુમાં શ્રદ્ધા રાખી, મહેનત અને હિંમતથી આગળ વધવું જોઈએ.

*"શ્રદ્ધા", ધારિયાવાડ, ખંભાત-૩૮૮ ૬૨૦.*

## સક્રિય સાધુ સમાજ શું કરી શકે?

**(અનુસંધાન : પાના નં.-૫૫ ઉપરથી ચાલુ)**

એક વાત ચોક્કસ છે કે આજના યુગે કાં તો એ સાધુવાદને બહાર પાડવો જોઈએ, પ્રકાશમાં આણવો જોઈએ; નહીંતર એનો પ્રકાશ અંધકારના ઓળામાં દબાઈ જાય; એ પણ એક શક્યતા છે. વિજ્ઞાન, સામ્યવાદ, પૂંજીવાદ અને આ બધાના કારણે માનવ જીવનમાં ભોગ વિલાસની જે પ્રધાનતા આવી છે; તેની પછવાડે સાધુતા કે ધર્મ રહી જાય એ પણ શક્યતા છે. પરિણામે આ માનવ કલ્યાણકારી તત્ત્વ નકામું વેડફાઈ જાય એવું બની શકે એવો ઈતિહાસ આપણી સમક્ષ છે.

તે ઉપરાંત યુરોપનો સાધુસમાજ જે અતિ વ્યવસ્થિત હોવા છતાં - અડધાથી વધારે યુરોપમાં સામ્યવાદ આવતાં તેનો જે રીતે ત્યાં વિનાશ થયો અને વિશાળ બૌદ્ધ સાધુ સમુદાયની જે કરુણાજનક હાલત તિબેટ અને ચીનમાં થઈ તે પણ ઐતિહાસિક પાઠ સમજવા પ્રેરે છે.

ભારતમાં તેવું નહીં થઈ શકે એમ તો ન કહી શકાય પણ અહીં સાધુસંસ્થાનાં મૂળ ઘણાં ઊંડા છે અને તેનો પાયો ત્યાગ, વૈરાગ્ય અને સંયમ ઉપર હોવાથી-અહીંની ધરતીનું ખેડાણ જુદા જ પ્રકારે થયું છે. તે છતાં આજે નવીન ભારતના ઘડતરમાં એક તરફથી રાજ્યસંસ્થા કોંગ્રેસ સક્રિય ભાગ લેતી હોય અને તેની મદદે અમેરિકાનો પૂંજીવાદ અને રશિયાનો સામ્યવાદ આવતો હોય; તો તેનાં જતે દહાડે સંસ્કૃતિ-વિરોધી પરિણામો આવ્યા વગર ન રહે તે દેખીતું છે. તે વખતે છપ્પન લાખ સાધુઓનું મોટું બળ જો સાધુવાદનો પ્રચાર કરી જનતામાં સાદાઈ, સંતોષ અને વ્યાપક ધર્મને પ્રવેશવા દે અને રાજ્યની ભીડમાંથી વિશ્વજનતાને - બચાવી તેના પ્રભાવ તળે વિશ્વરાજ્યોને લાવી દે તો કેવું સારું! ■

સમાજ ચિંતન

# આપણા ઉચ્ચ શિક્ષણની દશા અને દિશા

ગુણવંત શાહ

આપણા દેશમાં ઉચ્ચ શિક્ષણનું કેવું પરિદૃશ્ય દેખાય છે? એ એવું નથી કે જે આપણને જોવું ગમે. આપણા માનવ-સંસાધન વિકાસ ખાતાના મંત્રી શ્રી કપિલ સિબ્બલ કહે છે કે 'ભારતમાં ૧૦૦માંથી ૧૬ જેટલા વિદ્યાર્થીઓ જ યુનિવર્સિટી કક્ષાનું શિક્ષણ મેળવી શકે છે. મારું ધ્યેય ૨૦૨૦ સુધીમાં આ ગુણાંકને બેવડાવવાનું છે.' આ બેશક એક ઉમદા લક્ષ્ય છે પણ વાસ્તવિકતા ચોંકાવી મૂકે એ હદે જુદી છે. નિરાશાવાદી લાગવાનું જોખમ હોવા છતાં હું એ કહીશ કે આઝાદીનાં ૬૫ વર્ષ પછી પણ દરેક ચાર ભારતીયોમાંથી એક ભારતીય હજુ નિરક્ષર રહે છે. સરકાર 'સર્વ શિક્ષણ અભિયાન' અને 'રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ' નામના બે કાર્યક્રમો ચલાવી રહી છે. આ કાર્યક્રમો આંતરમાળખાકીય સુવિધાઓ અને શિક્ષકોની તાલીમ પાછળ જંગી ખર્ચ માંગી લે છે. રૂપિયા એક લાખ કરોડ જેટલો વધારાનો ખર્ચ કર્યા પછી પણ પરિસ્થિતિમાં કશો જ ફેર પડ્યો નથી. 'પ્રોગ્રેમ ફોર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ એસેસમેન્ટ (પીસા)' અંતર્ગત ૭૩ દેશોમાં ભારતનો ક્રમાંક ૭૨મો આવ્યો છે! 'ધી એન્યુલ સ્ટેટસ ઓફ એજ્યુકેશનલ રિપોર્ટ' (એએઈઆર ૨૦૧૧) દર્શાવે છે કે પાંચમા ધોરણનો વિદ્યાર્થી બીજા ધોરણનું પુસ્તક વાંચી શકે તેનું પ્રમાણ ૫૩.૭ ટકાથી ઘટીને ૪૮.૨ ટકા થઈ ગયું છે. એવી જ રીતે ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓ સાદી બાદબાકી કરી શકે તેનો પ્રમાણઆંક પણ ૩૬.૩ ટકાથી ઘટીને ૨૯.૯ ટકા થઈ ગયો છે. આ કહેવું દુઃખભર્યું છે પણ સ્વામિનાથન અંકલેસરિયા કહે છે તેમ 'ભારત સુપર-પાવર બનવાને બદલે જાણે કે સુપર "ઢ" બનવાની હોડમાં પડ્યું છે.' (ટાઈમ્સ ઑફ ઇન્ડિયા, ૨૯-૧-૨૦૧૨) આપણાં શૈક્ષણિક પિરામિડનો પાયો એટલો નબળો છે કે એની ઉપર ગમે તેવી ઇમારત બાંધવામાં આવે, લાગે છે કે કશો અર્થ સરવાનો નથી. જોકે દરેક બાળક શાળાએ જતું થાય એ માટે સારી પ્રગતિ થઈ છે છતાં, પ્રાથમિક શાળામાં દાખલ થતાં બાળકો પૈકી ૪૦ ટકા બાળકો જ માધ્યમિક શાળામાં જઈ શકે છે. આ એક એવી કરુણ વાસ્તવિકતા છે કે જે કપિલ સિબ્બલના વિધાનને જરા ધ્યાનથી જોવા પ્રેરે છે.

હવે એક બીજું દૃશ્ય જોઈએ કે જે હજુ વાસ્તવિક નથી બન્યું. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચન કર્યું છે કે મહિલાઓ માટે જ અલાયદી ૨૦ યુનિવર્સિટી અને ૮૦૦ કોલેજો સ્થાપવી. મને લાગે છે કે આ આપણને પાછા પાડનારું પગલું હશે. મને એ ચેતવણી આપવી જરૂરી લાગે છે કે આવાં પગલાં નારી સશક્તિકરણની દિશામાં કશું જ પદાર્પણ કરી શકશે નહિ. હું તો એક ડગલું આગળ વધીને એમ કહીશ કે આવાં પગલાંને પરિણામે આપણું સામાજિક સંતુલન ખોરવાશે. સમાજના તંદુરસ્ત વિકાસ અને સ્ત્રી-પુરુષના મનો-સામાજિક સંબંધો માટે આવાં પગલાં વિઘાતક સાબિત થશે. સ્ત્રીઓ માટે શા માટે આપણે અલગ બસો, બેંકો, રેલગાડીઓ, થિયેટરો કે હોટેલો બનાવવી જોઈએ? ભારતની કોલેજોના આચાર્યોની આ સભાને હું તો કહીશ કે 'સુરત ડેક્લેરેશન' ના નામે એક ઠરાવ પસાર કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આવા પછાત નિર્ણયોમાંથી પાછા વળવાની સલાહ આપે.

મિત્રો, એવું કહેવાય છે કે યુનિવર્સિટી એ સારા વિચારો માટેની પ્રયોગશાળા છે. મૂર્ધન્ય ગુજરાતી કવિ ઉમાશંકર જોશીએ એકવાર કહ્યું હતું કે, 'બધાં મકાનો ધરાશાયી થાય પછી જે બચે તે યુનિવર્સિટી.' એ પણ સાચું જ કહેવાયું છે કે કોઈ પણ વિવાદરહિત હેતુ યુનિવર્સિટી માટે હોય તો તે માત્ર અને માત્ર શ્રેષ્ઠતાની શોધ અને એ તરફની ગતિનો હોવો જોઈએ. શ્રેષ્ઠતા એક્સેલન્સ માટે સંસ્કૃતમાં 'પારમિતા' શબ્દ છે મને એક્સેલન્સ- અથવા પારમિતાનાં બે ઉદાહરણો આપવાં ગમશે. એક આપણી પૌર્વાત્ય સંસ્કૃતિનું અને બીજું પશ્ચિમની સંસ્કૃતિનું.

છાંદોગ્ય ઉપનિષદમાં ઋષિ ઉદ્દાલકની એક સુંદર વાત આવે છે. એક વખત પાંચ તેજસ્વી યુવાનો ઋષિ પાસે બ્રહ્મવિદ્યાને માટે ગયા. ઋષિએ આ પાંચ યુવાનોને દૂરથી આવતા જોયા અને કોઈક રીતે પામી ગયા કે તેઓ બ્રહ્મવિદ્યાનું જ્ઞાન મેળવવા આવી રહ્યા છે. ઋષિને અંદરથી ખબર હતી કે તેઓ આ વિદ્યાનું જ્ઞાન આપવા માટે એટલા સજ્જ ન હતા. જ્યારે યુવાનોએ આ માટે તેમને વિનંતી કરી ત્યારે ઋષિએ પૂરી નમ્રતા સાથે પોતાની એ માટે લાયકાત ન હોવાનું જણાવી કહ્યું કે આ વિદ્યા શીખવવા માટે રાજા અશ્વપતિ જ સૌથી લાયક ગુરુ છે અને તેમને જો આ વિદ્યા શીખવી હોય તો તે રાજા પાસે લઈ જવા તેમની સાથે આવશે. મિત્રો, શ્રેષ્ઠતાની શોધ માટે ખુલ્લું મન અને ઋષિ જેવી નમ્રતા અત્યંત આવશ્યક છે. સૉક્રેટિસ કહેતા, 'એ જાણવું કે પોતે જાણતા નથી, એ જ્ઞાન મેળવવા માટેનું પ્રથમ પગથિયું છે.'

બીજું એક ઉદાહરણ, પ્રસિદ્ધ વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું છે. બ્રહ્માંડમાં ગુરુત્વાકર્ષણનાં મોજાં છે કે નહિ તે વાતનું એ સંશોધન કરી રહ્યા હતા. ઘણી તપશ્ચર્યાને અંતે, તે એ તારણ પર આવ્યા

કે ગુરુત્વાકર્ષણનાં મોજાં બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવતાં નથી. આઈન્સ્ટાઈનના એક સહકાર્યકર લીઓપોલ્ડ એન્ફીલ્ડ હતા. એક વખત એવું બન્યું કે આ લીઓપોલ્ડ એન્ફીલ્ડે આઈન્સ્ટાઈનની અતિ જટિલ થિયરી કરતાં સારી અને સરળ થિયરી શોધી કાઢી. એમણે આઈન્સ્ટાઈનને આ વિશે વાત કરી તો આઇન્સ્ટાઈન ખૂબ ખુશ થઈ ગયા. બીજા દિવસે લીઓપોલ્ડને પોતાની થિયરીમાં કોઈ ક્ષતિ જણાઈ. આ વાત કરવા તે આઇન્સ્ટાઈન પાસે ગયા અને પોતાની થિયરીમાં રહેલી ભૂલનો એકરાર કર્યો ત્યારે આઇન્સ્ટાઇને પોતાની માન્યતામાં રહેલી ભૂલ વિશે પણ એટલી જ નિખાલસતાથી વાત કરી. બીજા દિવસે, આઇન્સ્ટાઇન વૈજ્ઞાનિકોના એક ઊંચી કક્ષાના પરિસંવાદમાં પોતાની થિયરી રજૂ કરવાના હતા અને આ આખીય થિયરી વિશ્વભરમાં પ્રસિદ્ધિ પામવાની હતી. આઇન્સ્ટાઇને પોતાની પહેલી માન્યતાવાળી થિયરી લંબાણથી રજૂ કરી અને પછી કબૂલ્યું કે પોતાની થિયરીમાં કેવી ભૂલ હતી. મિત્રો, આજે વૈજ્ઞાનિકો માને છે કે બ્રહ્માંડમાં ગુરુત્વાકર્ષણનાં મોજાંનું અસ્તિત્વ છે. જે.વી. નારલીકરે લીઓપોલ્ડ એન્ફીલ્ડનું ચરિત્ર 'કવેસ્ટ' (શોધ) શિર્ષકે લખ્યું છે. એમાં એમણે આ પ્રસંગ ટાંક્યો છે. ઉપસંહારમાં એ લખે છે, 'જો આઇન્સ્ટાઇન સ્વર્ગમાંથી સાપેક્ષવાદને લગતા કોઈ પણ પરિસંવાદમાં ડોકિયું કરે તો તેમને તરત ભાન થશે કે એમણે જે થિયરી રજૂ કરી એનું જ્ઞાન આજે કેટલું તો આગળ વધી ગયું છે.'

મિત્રો, આપણે સૌ જ્ઞાનયજ્ઞમાં સાથે જોડાયેલા છીએ - જ્ઞાનનું ઉપાર્જન કરવું અને એને વહેંચવું. આ જ મિશન ડૉ. સામ પિત્રોડાની અધ્યક્ષતામાં વડાપ્રધાને નીમેલા 'નોલેજ કમિશન' ને સોંપવામાં આવ્યું છે. આપણે સૌ માહિતી, જ્ઞાન અને પ્રજ્ઞાના સાઈબર હાઈવેના સહપ્રવાસીઓ છીએ. ચાલો, આપણે સૌ એ યજ્ઞમાં જોડાઈને આપણા ધ્યેયને પામીએ. એ ધ્યેય જે દૂર છે પણ પામવું દુષ્કર નથી. ગુન્નાર મિરડાલ સાચો હતો જ્યારે એણે ગઈ સદીમાં સિત્તેરના દાયકાના આરંભે કહ્યું : 'શિક્ષણ એ માણસજાતમાં કરાયેલું મૂડી રોકાણ છે.'

ડૉ. યશપાલ કમિટીએ ઉચ્ચ શિક્ષણ પર જે અહેવાલ પ્રગટ કર્યો હતો તેમાં યુનિવર્સિટી કક્ષાએ જે શિક્ષણ વિદ્યાર્થીઓ પામે તેમાં ભારતીય મૂળિયાંની અને આપણા સાંસ્કૃતિક વારસાની બાદબાકી અંગે ચિંતા પ્રગટ કરવામાં આવી હતી. પંડિત નહેરુ નિરીશ્વરવાદી હતા તોય એમણે કહ્યું : 'જો ભારતમાંથી રામાયણ અને ઉપનિષદ તથા બુદ્ધની બાદબાકી થાય તો શું બચે? ભારત, ભારત મટી જાય.'


૧૯૬૭-૬૮માં હું યુનિવર્સિટી ઑફ મિશિગન (ઍન આર્બર) માં પ્રોફેસર હતો ત્યારે તે યુનિવર્સિટીમાં નવા કુલપતિ (પ્રેસિડેન્ટ) ની નિમણૂક થઈ તેની પ્રક્રિયામાં ભાગીદાર થવાનો લાભ મળેલો. માનશો? અમે સૌ પ્રાધ્યાપકોએ મળીને એક પ્રતિનિધિ ચૂંટણી દ્વારા પસંદ કર્યો. યુનિવર્સિટીના પ્રવર્તમાન કુલપતિ અને બીજા કોઈ તજજ્ઞની બનેલી સમિતિ દ્વારા આવનારા કુલપતિઓના ઇન્ટરવ્યૂ લેવાય તેમાં વિદ્યાર્થી પણ સામેલ હોય એ ઘટનાની ભારતમાં કલ્પના થઈ શકે?

હાર્વર્ડ યુનિવર્સિટીની વાત કહું. એ યુનિવર્સિટી ફેડરલ (કેન્દ્ર) સરકાર પાસે કે રાજ્યની સરકાર પાસે એક પણ ડૉલરની ગ્રાન્ટ લેતી નથી. હાર્વર્ડ યુનિવર્સિટીના કુલપતિ (પ્રેસિડેન્ટ) નું ખરું કામ એક જ અને તે દાન એકઠાં કરવાનું! અમેરિકાની મોટી મોટી પ્રાઈવેટ કંપનીઓ પાસેથી દાન મળે તે ઉપરાંત ઊંચી ફી દ્વારા થતી આવકને કારણે હાર્વર્ડ યુનિવર્સિટી તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં ખાસી ઉદાર છે. સરકારી હસ્તક્ષેપની કલ્પના પણ ત્યાં થઈ શકતી નથી.

ભારતમાં તક્ષશિલા (શિલાં તક્ષતિ ઇતિ) વિદ્યાપીઠમાં વિષ્ણુગુપ્ત ચાણક્ય વિદ્યાર્થી હતો. ભગવાન બુદ્ધ જ્યારે જ્યારે માંદા પડતા ત્યારે તક્ષશિલાની મેડિકલ ફેકલ્ટીના વૈદરાજો એમની સારવાર માટે પહોંચી જતા. આજે એ યુનિવર્સિટી પાકિસ્તાનમાં છે. પાકિસ્તાનની મુલાકાતે જવાની મારી ઇચ્છા ત્રણેક વાર પૂરી થતી થતી રહી ગઈ. એ ઇચ્છાના મૂળમાં તક્ષશિલા જોવાની તીવ્ર ઇચ્છા કારણભૂત છે.

ભારતની નાલંદા (ન + અલં + દા) વિદ્યાપીઠમાં દેશ-પરદેશના વિદ્યાર્થીઓ આવતા હતા. 'નાલંદા' શબ્દનો સૂચિતાર્થ છે : 'આટલું (જ્ઞાન) પૂરતું નથી, હજી વધારે આપો.' ભારતના ખૂણે ખૂણેથી આવેલા વિદ્વાન આચાર્યોને મારે છેવટે એટલું જ કહેવું છે કે જે જ્ઞાનયજ્ઞ આપણે યોજ્યો છે તેમાં આપણે સૌ અધ્વર્યુ છીએ. ઉદ્દાલક અને આઇન્સ્ટાઇન આપણા રોલ-મૉડલ ગણાય. શિક્ષણને સમાજ પરિવર્તનનું ઉપકરણ ગણાવવામાં આવે છે. આપણે શિક્ષણ દ્વારા સમાજને બદલવાનો છે. શિક્ષણ એકવીસમી સદીનો ધર્મ છે.

***[વીર નર્મદ (દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી) ના ઉપક્રમે ઍસોસિએશન ઑફ ઇન્ડિયન કોલેજ પ્રિન્સિપાલ્સ (AICP) તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ યોજાયેલા ૧૩મા રાષ્ટ્રીય અધિવેશન પ્રસંગે આપેલા ચાવીરૂપ વક્તવ્ય (મૂળ અંગ્રેજી) ઉપરથી. 'ઉદ્દેશ' સામયિકમાં પ્રગટ થયેલું પ્રવચન. અનુવાદક : સદ્‌ગત શ્રી પ્રબોધ રમણલાલ જોશી. (તંત્રી, 'ઉદ્દેશ', અંક : ૩૯૫)]***

"ROLEX" Brand

**Rushabh**
**STEEL CENTRE**
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

સ્વાસ્થ્ય

# મારા દીકરાને ભણવાનું મન થતું નથી – (૩)

## કિશોરાવસ્થામાં હતાશાની બીમારી - સારવાર

## (Adolescence Depressive Disorder)

ડૉ. મણિલાલ ગડા,
ડૉ. દિપ્તી શાહ (ગડા)

આગલા લેખમાં "કિશોરાવસ્થામાં હતાશાની બીમારી" વિશેના લક્ષણો વિશે ઉંડાણમાં જાણકારી મેળવી. કિશોરોમાં હતાશાની બીમારીના લક્ષણો મુખ્યત્વે : (૧) ભણતરને લગતા, (૨) શારીરિક લક્ષણો, (૩) ઊંઘમાં ખલેલ, (૪) વર્તણૂકને લગતા, (૫) મન તથા વ્યક્તિત્વને લગતા ક્ષેત્રોમાં જોવા મળે છે.

જો યોગ્ય સમયે નિદાન ન થાય તથા યોગ્ય સારવાર ન થાય તો કિશોરાવસ્થામાં હતાશાની બીમારીની નકારાત્મક અસરો કિશોરો / કિશોરીઓના ભણતર, વ્યક્તિત્વ, પરસ્પરના સંબંધો પર થાય છે. યોગ્ય નિદાન ન થાય તો કિશોર આત્મહત્યા તરફ ધકેલાય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડાઓ પ્રમાણે ઈ.સ. ૨૦૦૫થી ઈ.સ. ૨૦૧૫ના દાયકામાં કિશોરોમાં આત્મહત્યાનું પ્રમાણ ત્રણ ગણું વધી ગયું છે.

● **સારવાર :**

સતત થતા વૈજ્ઞાનિક અને તબીબી સંશોધનોને પરિણામ અનેક રોગોની સારવારમાં નવીનતા આવી છે જેમ કે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક વગેરેની સારવારમાં નવીન પદ્ધતિઓ તથા આધુનિક દવાઓ આવી છે. તદઅનુસાર કિશોરાવસ્થામાં હતાશાની બીમારીની સારવારમાં પણ પ્રગતિશીલ નોંધપાત્ર ફેરફારો નોંધાયા છે.

નીચેની પદ્ધતિઓ દ્વારા કિશોરાવસ્થામાં હતાશાની બીમારીની આધુનિક સારવાર કરવામાં આવે છે :

(અ) હતાશા પ્રતિરોધક દવાઓ
(Antidepressant Medication)

(બ) કાઉન્સેલિંગ / મનોવિશ્લેષણ
(Counselling / Psychotherapy)

(ક) પૂરક સારવાર તથા પ્રવૃત્તિઓ
(Supplement treatment and Activities)

(ડ) માતા-પિતા તથા પરિવારજનોનો સાથ સહકાર
(Family Therapy)

સારવારમાં જરૂરત પ્રમાણે એકથી વધારે પદ્ધતિઓનો ક્રમવાર કે એક સાથે ઉપયોગ કરાય છે.

**(અ) દવાઓ દ્વારા સારવાર :**

હતાશા પ્રતિરોધક દવાઓ (Antidepressant Medications) ગુણકારક દવાઓ છે. વિવિધ પ્રકારની હતાશા પ્રતિરોધક દવાઓ ઉપલબ્ધ છે જેવી કે (૧) એસ.એસ.આર.આઈ. (S.S.R.I.), (૨) એસ.એન.આર.આઈ. (S.N.R.I.), (૩) ટ્રાયસાઈક્લિક (Tricyclic), (૪) ટેટ્રાસાઈક્લિક (Tetracyclic), (૫) એમ.એ.ઓ.આઈ. (M.A.O.I.), (૬) એસ.પી.એ.આર.આઈ. (S.P.A.R.I.)

કિશોરાવસ્થામાં હતાશાની બીમારીમાં એસ.એસ.આર.આઈ. તથા એસ.એન.આર.આઈ. ગ્રુપની વિવિધ દવાઓ પ્રથમ વપરાય છે. જરૂરત પ્રમાણે બીજા ગ્રુપની દવાઓનો ઉપયોગ થાય છે. આ દવાઓ હતાશાની બીમારી દરમ્યાન મગજના જ્ઞાનતંતુઓમાં થયેલા રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સના) ફેરફારોને નોર્મલ કરે છે. આ રસાયણોની (સીરોટોનિન, નોરએપીનેફ્રીન) માત્રા ન્યુરોનમાં નોર્મલ થતાં બીમારીના લક્ષણો કાબૂમાં આવે છે. કિશોર પૂર્વવત્ નોર્મલ થાય છે.

બજારમાં મળતી ઊંઘની દવાઓ કરતાં આ હતાશા પ્રતિરોધક દવાઓ તદ્દન જુદી જ છે. હકીકતમાં ઘણી વખત ઊંઘની દવાઓ હતાશા વધારવાનું કામ કરે છે તથા માનસિક અસ્વસ્થતા વધારે છે. હતાશા પ્રતિરોધક દવાઓ ઊંઘની દવાઓની જેમ વ્યક્તિને બંધાણી બનાવતી નથી.

હતાશા પ્રતિરોધક દવાઓ ઉત્સાહપ્રેરક કે ઉત્સાહ ઉદ્દીપક (Mood elevator) નથી. ફક્ત જ્યારે વ્યક્તિ હતાશાની બીમારીથી પીડાતી હોય ત્યારે જ આ દવાઓની અસર થાય છે. વ્યક્તિ હતાશાની બીમારીથી મુક્ત થાય છે. સામાન્ય વ્યક્તિ જે હતાશાની બીમારીથી પીડાતી નથી, એને આ દવાઓ વધુ આનંદિત કરી શકતી નથી બલકે હતાશા પ્રતિરોધક દવાઓ નોર્મલ વ્યક્તિમાં અસર રહિત નીવડે છે.

હતાશા પ્રતિરોધક દવાઓ સલામત તથા સામાન્ય રીતે હાનિરહિત છે. સારવાર વધુ અસરકારક થાય એ માટે નીચેના સલાહ સૂચનો અમલમાં મૂકવા અગત્યનું છે.

૧. દવાઓ નિયમિત તથા યોગ્ય પ્રમાણમાં લેવી જરૂરી છે. મનોચિકિત્સકની સૂચનાઓ ધ્યાનપૂર્વક સાંભળો, સમજો તથા પાળો.

૨. દવાની અસર તરત જ થશે એવું નથી. દવાઓ લીધા પછી આશરે બે અઠવાડિયા પછી તેની અસરનો ખ્યાલ આવશે.

૩. પોતાની જાતે, પરિવારજનો કે સગાવહાલાંની સલાહથી દવાઓમાં ઘટાડો કે વધારો કરવો નહીં. દવાનું પ્રમાણ (ડોઝ) મનોચિકિત્સકને નક્કી કરવા દો.

૪. દવાની આડઅસર (જે નહિંવત છે તથા શરૂઆતમાં જ કોઈક દર્દીને થાય છે) તે દવા પર આધાર રાખે છે. તેમજ એક જ દવાની આડઅસર વ્યક્તિએ વ્યક્તિએ અલગ અલગ હોય છે. દર્દીને જણાતી દવાની આડઅસર હકીકતમાં બીમારીનું લક્ષણ છે કે દવાની આડઅસર છે, એ બાબત મનોચિકિત્સક જોડે નિખાલસ ચર્ચા કરો. જરૂરત પ્રમાણે મનોચિકિત્સક દવામાં યોગ્ય ફેરફારો જરૂરથી કરશે જેથી દવાની યોગ્ય અસર થઈ દર્દી જલ્દી નોર્મલ થાય.

૫. દર્દીને સારું લાગવા માંડે તો પણ મનોચિકિત્સકની સલાહ પ્રમાણે કોર્સ પૂરો કરવો જરૂરી છે. અધવચ્ચેથી પોતાની મરજીથી દવા છોડવી નહીં. આને લીધે બીમારીનો ઉથલો થવાના સંજોગો વધી જાય છે. ફરીથી નવેસરથી સારવાર કરવી પડે છે. દવાનું પ્રમાણ વધારવું પડે છે. પહેલાની સારવાર ભૂલી જવી પડે છે. સારવાર વધારે લાંબી ચાલે છે.

**(ક) પૂરક સારવાર તથા પ્રવૃત્તિઓ (Supplement treatment and Activities)**

**(૧) શારીરિક કસરત :** સંશોધન દ્વારા પુરવાર થયેલ છે કે નિયમિત શારીરિક કસરત કરવાથી શરીરમાં ફીલ ગુડ (Feel Good) હોરમોન્સ વધે છે. આથી એ વ્યક્તિનો મુડ હકારાત્મક બને છે. શરીરમાં માનસિક ઉર્જા વધે છે, ઉત્સાહ વધે છે, જે હતાશા પ્રતિરોધક છે.

નિયમિત સવારના ચાલવાનું (Morning walk), નિયમિત કસરત કરવાની (Exercises), નિયમિત રમવાનું (ટેબલ ટેનિસ, બેડમિન્ટન વગેરે), નિયમિત તરવા જવાનું (Swimming) વગેરેની મન પર હકારાત્મક અસર થાય છે.

**(૨) નિયમિત સપ્રમાણ ઊંઘ :** નિયમિત સપ્રમાણ ઊંઘ સારવારનો મહત્ત્વનો ભાગ છે. નિયમિત સમયે સૂઈ જવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ સમયે લાઈટ બંધ, ટી.વી. બંધ, ફોન, મોબાઈલ પણ બંધ. રાત્રે ગમે તેટલા વાગે ઊંઘ આવી હોય પરંતુ સવારનો ઉઠવાનો સમય ફિક્સ હોવો જરૂરી છે. આ શિસ્તથી શરીરનું ઘડિયાળ (Body Clock) ધીમે ધીમે નિયમિત થશે. ઊંઘ સપ્રમાણ સમયસર આવવાથી કિશોર (દર્દી) નોર્મલ થાય છે.

★ **પૌષ્ટિક આહાર :** આહારમાં જો ચરબીવાળો તથા સાકરવાળા ગળ્યા પદાર્થ વધારે હોયતો આળસ આવે છે, સુસ્તી આવે છે. કામ કરવાની ઈચ્છા ઓછી થાય છે. આથી આહારમાં ચરબીવાળા તથા સાકરવાળા પદાર્થ સપ્રમાણ હોવા જોઈએ.

★ **રમતગમત તથા અન્ય શોખ કેળવવા :** ભણતર સિવાયની અન્ય પ્રવૃત્તિઓમાં રસ કેળવવો જરૂરી છે. સમવયસ્ક મિત્રો જોડે રમવા જવું જરૂરી છે. આથી વ્યક્તિત્વનો વિકાસ થાય છે. હાર પચાવવાની માનસિક શક્તિ વધે છે. પરસ્પરના સંબંધો જળવાય છે. વ્યક્તિત્વમાં પરિપક્વતા આવે છે.

સંગીત, વાંચવાનો શોખ, કેરમ, ચેસ જેવી રમતોમાં શોખ કેળવવો જરૂરી છે. આવી અન્ય પ્રવૃત્તિઓ કરવાથી મનને સંતોષ મળે છે જે માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે. આવા શોખ સારવારમાં મદદ કરે છે.

***(ક્રમશઃ)***

## સંવેદનાનું સ્મરણતીર્થ

**(અનુસંધાન : પાના નં.-૬૪ ઉપરથી ચાલુ)**

પદ, પૈસો, પ્રતિષ્ઠા કે કોઈ સ્વીકૃતિની અપેક્ષા વગર સતત તેંત્રીસ વર્ષ સુધી પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના સાચા હમદર્દ બની રહેતા સ્વ. વિનુભાઈનો જોટો જડવો મુશ્કેલ છે. ૫મી ઓગસ્ટ, ૨૦૦૮ ના રોજ એમના અવસાન પછી નિરાધાર બની ગયા હોવાનો ભાવ અનુભવતા અંધઉદ્યોગ શાળાના બધા પૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના ખિસ્સામાંથી ફંડફાળો ભેગો કરીને એકત્રિત થયેલી રાશિમાંથી સ્વ. વિનુભાઈની પ્રતિમા મૂકવાની સંસ્થા પાસે પરવાનગી માગી, જેના હકારાત્મક જવાબ રૂપે વિનુભાઈ મૂર્તિ રૂપે સંસ્થાના સેવાયજ્ઞની શોભા બની રહ્યા. હજારો પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના હૃદયમાં વાત્સલ્યનો સ્મરણદીપ બનીને ઝળહળી રહ્યા છે. ■

## ભજન મીમાંસા : રાહ દિખા પ્રભુ

**(અનુસંધાન : પાના નં.-૬૯ ઉપરથી ચાલુ)**

પડતાં એણે ખૂબ ઉધામા કર્યા, પરંતુ એના સારા નસીબે તેને એક કુશળ શિક્ષિકા મળ્યા. તેમણે હેલનને ધીમે ધીમે બોલતી કરી. હેલને પણ પોતાની શક્તિઓને એટલી વિકસાવી કે તેને અમેરિકાનું ઉચ્ચ નાગરિક સન્માન મળ્યું. "મનની અગાધ શક્તિ" તેના લખેલા આ પુસ્તકનું ૨૬ ભાષાઓમાં ભાષાંતર થયું. તેને નોબલ પારિતોષક પણ મળ્યું.

ઉપરોક્ત ભજન પહાડી સાન્યાલ અને સ્વર કિન્નરી લતા મંગેશકરને કંઠે સાંભળવું તે એક લહાવો છે. ગુગલ પર બીજા ગાયકોનાં કંઠે પણ ઉપલબ્ધ છે. જૈન સ્તવનની "નિત્યપાઠ" આવૃત્તિમાં પણ આ ભજનનો સમાવેશ છે. ■

સ્વાસ્થ્ય

# એસિડિટી

ડૉ. તપન શાહ

## ● એસિડિટી શું છે? તેને અવગણો નહીં :

આપણા પાચનતંત્રમાં અન્નનળી પછીનો ભાગ જેને સ્ટમક અથવા જઠર કહેવામાં આવે છે, જેમાં ખોરાક આવતા જ એસિડ ઉત્પન્ન થાય છે અને ખોરાકના પાચનની શરૂઆત થાય છે, જે જરૂરી એસિડ છે.

૧. ખોરાકમાં અનિયમિતતા.
૨. વધારે પડતો તેલવાળો ખોરાક, વધારે મસાલાયુક્ત ખોરાક.
૩. માંસ-મચ્છી નોનવેજ ખોરાક.
૪. સ્થૂળ શરીર તથા બેઠાડું જીવન.
૫. અનિયમિત ઊંઘ તથા અનિયમિત અને વેસ્ટર્નાઈઝ લાઈફ સ્ટાઈલ, તણાવયુક્ત જીવન.
૬. પાન-મસાલા, ગુટખા અને સિગારેટ - બીડી, દારૂ, આલ્કોહોલનું સેવન.

વગેરે કારણો એસિડિટી - ગેસ્ટ્રાઈટીસ - અપચો - પેટનું ભારેપણું - અલ્સર ડિસીઝ માટે જવાબદાર છે.

આ સિવાય પિત્તાશયમાં પથરી, કિડનીમાં પથરી, પેન્ક્રીઆસ - સ્વાદુપિંડના રોગોમાં પણ અપચો - પેટ ભારે રહેવું જેવા લક્ષણો જોવા મળે છે.

## ● ક્યા લક્ષણો જોવા મળશે?

૧. પેટમાં બળતરા થવી.
૨. પેટમાં ઉપરના ભાગમાં દુઃખાવો થવો.
૩. ગળામાં તથા છાતીમાં બળતરા થવી તથા દુઃખાવો.
૪. ખાધા પછી પેટ ભારે થઈ જવું.
૫. ખાધા પછી તરત ટોઈલેટમાં જવું પડે.
૬. ઉબકા આવવા - ઉલટી થવી.
૭. લોહી પડવું.
૮. ટોઈલેટ કાળું આવવું.
૯. ભૂખ ઓછી લાગવી.
૧૦. થાક લાગવો.

***એસિડિટી લાંબા સમય પછી કોમ્પ્લિકેશન્સ ઊભા કરે છે. જેમકે –***

૧. જઠરમાં ચાંદુ - અલ્સર થવું.
૨. ચાંદામાંથી લોહી પડવું.
૩. કેન્સર - જઠર અથવા અન્નનળીનું.
૪. જઠર અથવા આંતરડું સાંકડું થવું.
૫. જઠરમાં કાણું પડવું અને તેથી પેટમાં પરું ફેલાવું.

## ● શું કરશો?

★ ડોક્ટરની સલાહ.
★ હિમોગ્લોબીન - લોહીની તપાસ.
★ ટોઈલેટની તપાસ (ફોર ઓકલ્ટ બ્લડ)
★ પેટની સોનોગ્રાફી
★ દૂરબીન એન્ડોસ્કોપી (Upper GI Endoscopy)
★ જરૂર પડે સી.ટી. સ્કેન.
★ ડૉક્ટરની સલાહ મુજબ એસિડિટીની ટેબલેટ્સ અથવા ઈંજેક્શન સમયસર ચાલુ કરીને કોમ્પ્લિકેશન્સ રોકી શકાય છે.

## ● Prevention is better than Cure

૧. નિયમિત ખોરાક લેવો.
૨. જંક ફૂડ લેવું નહીં અથવા પ્રમાણસર લેવું.
૩. નિયમિત ઊંઘ લેવી.
૪. ચા-કોફીનું પ્રમાણસર સેવન કરવું.
૫. તમાકુ - ગુટખાનું સેવન કરવું નહીં.
૬. દારૂ આલ્કોહોલનું સેવન કરવું નહીં.
૭. દિવસમાં ઓછામાં ઓછી ૩૦ મિનિટ કસરત કરવી.
૮. જમ્યા પછી તુરત સૂવું / બેસી રહેવું નહીં.
૯. સ્ટ્રેસ / ચિંતાનો ઉપાય કરવો. ધ્યાન - મેડિટેશન કરવું.
૧૦. ડૉક્ટરનો સંપર્ક કરવો.

*મો. ૯૯૨૫૦ ૧૦૫૯૯*

॥ क्षमा वीरस्य भूषणम् ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

જીવન વિચાર

# સંબંધો જીવી જવાના હોય!

કૃષ્ણકાંત ઉનડકટ

સંબંધો જુદી જુદી ધરી પર જિવાતા હોય છે. ઘણા સંબંધોનાં કોઈ કારણો નથી હોતાં. સંબંધ એક એવું બંધન છે કે જેમાં જકડાઈ રહેવું માણસને ગમે છે. આ જ સંબંધોમાં જકડાયેલો માણસ ક્યારેક અકળાઈ પણ જાય છે. સાચા સંબંધો થોડીક ભરતી-ઓટ પછી પણ પાછા પોતાની ધરી પર આવી જતા હોય છે. જે સંબંધ પાછા પોતાની મૂળ જગ્યાએ ન આવે એ કદાચ સાચા હોતા નથી. દરેક સંબંધ સાચા જ હોય અને સારા જ રહે એવું જરૂરી નથી. કેટલાક સબંધો ઘટાટોપ વૃક્ષો જેવા હોય છે, જે કાયમ રહે છે. અમુક સંબંધો બિલાડીના ટોપ જેવા હોય છે. એવા સંબંધો જન્મે છે અને મરે છે, ખીલે છે અને ખતમ થાય છે. ભલે થોડાક સમય માટે હોય પણ એ સંબંધ હોય ત્યારે જીવાતા પણ હોય છે. સાથે કામ કરતા લોકો નોકરી બદલે એટલે દૂર થઈ જતા હોય છે. પડોશી સાથેના ઘણા સંબંધો ઘર બદલવાની સાથે બદલાઈ જતા હોય છે. અમુક ટ્રેન કે બસમાં અપડાઉન પૂરતા મર્યાદિત હોય છે. ચાની કિટલી, પાનની દુકાન કે આપણા હેર ડ્રેસર સાથેના સંબંધો થોડીક ક્ષણ માટે સજીવન થઈ જતા હોય છે.

ઘરના કામવાળા સાથે કામ પૂરતો સંબંધ હોય છે. સલામ ભરતા વોચમેન અને ગાડી ચલાવતા ડ્રાઈવર સાથેના સંબંધ પણ થોડાક સમય માટે જીવાતા હોય છે. માલિકનો પટાવાળા અને પટાવાળાનો માલિક સાથે ઓફિસના કલાકો પૂરતો જ સંબંધ હોય છે. અમુક સંબંધ દિલના હોય છે, જ્યારે અમુકને આપણે દિમાગથી આગળ વધવા દેતા નથી. દરેક સંબંધની એક 'વેવલેન્થ' હોય છે. આ લેન્થ કોઈની સાથે ટૂંકી તો કોઈની સાથે લાંબી હોય છે. આ લેન્થ સ્ટ્રેચ પણ થતી હોય છે. ક્યારેક વધુ લોંગ થઈ જાય છે, તો ક્યારેક શોર્ટ.

સંબંધો નિભાવવા એ એક કળા છે. બધાને આ કળા હસ્તગત નથી હોતી. સંબંધો નિભાવવામાં ઘણુંબધું જતું કરવું પડે છે. જતું કરવા માટે જીગર જોઈએ. અહંને ઓગાળવો પડે. સંબંધોને જીવતા રાખવા માટે માણસે ક્યારેક મનથી થોડુંક મરવું પણ પડતું હોય છે. ક્યારેક સમ ખાવા પડે છે અને ક્યારેક ગમ ખાઈ જવો પડતો હોય છે. સંબંધોમાં કંઈ સાબિત કરવાનું હોતું નથી. સંબંધોને બસ સિદ્ધ અને સાર્થક કરવાના હોય છે. સંબંધો માટે સાધના કરવી પડે છે.

આપણે આપણા સંબંધો માટે કેટલા સજાગ હોઈએ છીએ? સવાલ એ પણ થાય કે સંબંધો માટે સજાગ રહેવું પડે? સાચા સંબંધો તો એમ જ વહેતા રહેવા જોઈએ. વાત સાચી છે પણ ઘણી વખત સંબંધો સવાલ બનીને સામે આવે ત્યારે તેના જવાબ શોધવા પડે છે. સંબંધ સમસ્યા બનીને આવે ત્યારે સમાધાન શોધવું પડે છે. ક્યારેક હાજર થઈ જવું પડે છે અને ક્યારેક ગેરહાજર પણ થઈ જવું પડતું હોય છે. તેને તમારી હાજરી નથી ગમતી ને? કંઈ વાંધો નહીં, તારા ખાતર હું એની સામે નહીં આવું. દરેક સંબંધ સાથે રહીને જ નહીં, ઘણા સંબંધો દૂર રહીને પણ નિભાવવા પડતા હોય છે!

ઘણા સંબંધો લોહીના હોય છે. જે લોહીના નથી હોતા, એ પાણી કે બીજા કોઈ પ્રવાહીના નથી રહેતા. કયો સંબંધ ચડે એ કહેવું અઘરું છે. સંબંધો કેવા છે એના ઉપર બધો આધાર રહેતો હોય છે. તેના કરતાં પણ વધુ આધાર તો આપણે કેવા છીએ તેના પર રહેતો હોય છે. લોહીના સંબંધો ઘટ્ટ જ હોય એ જરૂરી નથી. લોહી પણ ક્યારેક પાતળું બની જતું હોય છે. મિત્ર માટે કરતા હોઈએ એટલું આપણે આપણા ભાઈ માટે કરતા હોઈએ છીએ? જરૂરી નથી કે ન જ કરતા હોઈએ. છેલ્લે તો એ જ જોવાનું છે કે આપણા એની સાથેના સંબંધ કેટલા આત્મિય છે!

સંબંધો જાળવવા માટે માણસે દિલની વાત સાંભળવી જોઈએ. દિમાગ વચ્ચે આવે ત્યારે ગણતરીઓ શરૂ થઈ જતી હોય છે. એક યુવાનની વાત છે. એના ભાઈને એક વખત તેની મદદની જરૂર પડી. ભાઈને વાત કરી. એણે તરત જ હા કે ના ન પાડી. યુવાને તેના મિત્રની સલાહ લીધી કે મારે મારા ભાઈને મદદ કરવી જોઈએ કે નહીં? એ મિત્રએ કહ્યું કે મને તો મારા ભાઈ સાથે બહુ બનતું નથી. એ એના રસ્તે છે અને હું મારા રસ્તે. હું તો તેને મદદ કરીને ઘણી વખત પસ્તાયો પણ છું. કોઈ કોઈનું નથી. સગો ભાઈ હોય તો પણ શું? એ યુવાને બીજા મિત્રને પણ આ જ વાત વિશે પૂછ્યું. એ મિત્રએ કહ્યું કે ભાઈથી વિશેષ બીજું શું હોય? ભાઈને મદદની જરૂર હોય ત્યારે આપણે એની સાથે ઊભા ન રહીએ તો કોણ ઊભું રહેવાનું છે? તારા ભાઈ માટે તો તારે જે કંઈ થાય એ બધું કરી છૂટવું જોઈએ.

બંને મિત્રોની સલાહ પછી યુવાન વિમાસણમાં પડી ગયો. કોની વાત માનવી? આખરે તેણે આ બંનેની વાત પત્નીને કરી

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૬ ઉપર)

સેવા-સુવાસ

# સંવેદનાનું સ્મરણતીર્થ

જસુભાઈ કવિ

પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષણ, તાલીમ અને વિકાસ માટે કામ કરતી ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળાના મુખ્ય દરવાજામાંથી સંસ્થાના રળિયામણા કેમ્પસમાં પ્રવેશ કરીએ ત્યારે મુલાકાતીની નજર પ્રવેશદ્વારની સામે નાનકડા હરિયાળા બાગની વચ્ચોવચ્ચ ઘટાદાર વૃક્ષોની છાયામાં રહેલી પ્રતિમા પર પડે છે. સામાન્ય રીતે સેવાભાવી સામાજિક સંસ્થાઓના પ્રાંગણમાં આવી એકાદ પ્રતિમાનું હોવું આપણે માટે બહુ મોટું આશ્ચર્ય બનતું નથી. જે તે સંસ્થાને સ્થાપવાનું સ્વપ્ન સાકાર કરનારા દિવંગત વ્યક્તિના પુરુષાર્થને બિરદાવવા માટે અને તેમની યાદ તાજી રાખવા માટે તેના અનુગામીઓ આ રીતે એમના પ્રથમ પ્રેરણાસ્રોતની સ્મૃતિને તાજી રાખવા આમ કરતા હોય છે. ભાવનગરની અંધઉદ્યોગ શાળાના પ્રવેશદ્વારથી પ્રવેશ કર્યા પછી અને પુણ્ય પુરુષની પ્રતિમાની સાચી ઓળખ થયા પછી આપણી જિજ્ઞાસા અહોભાવમાં ફેરવાઈ જાય છે. એક જુદા જ પ્રકારના પુણ્ય-અનુભવથી આપણું મન ભીનું ભીનું બની જાય છે.

આપણે જે પ્રતિમાનો ઉલ્લેખ કર્યો, તેમાં ઇતિહાસ બનીને ઊભેલા સ્વ. વિનુભાઈ હરિભાઈ શાહની ભાવનગરની અંધઉદ્યોગ શાળાની સ્થાપનામાં, સંચાલનમાં કોઈ ભૂમિકા નહોતી કે ન તો તેઓ સંસ્થાના કોઈ અધિકારી કે કર્મચારી હતા. તેઓ તો હતા માત્ર શાળાનાં પ્રજ્ઞાચક્ષુ બાળકોના સહૃદયી સ્વજન બની રહેલા એક સ્વૈચ્છિક કાર્યકર.

ભાવનગરના બજારમાં વિમલ કટલરી સ્ટોરના નામે નાનકડો વેપાર કરનારા સ્વ. વિનોદભાઈ હીરાલાલા શાહનો જન્મ ૧૯-૨-૧૯૪૭ ના રોજ ધાર્મિક અને સંસ્કારી પરિવારમાં થયો હતો. સામાન્ય રીતે મધ્યમ વર્ગમાં જોવા મળે છે તેવી અછતો, અભાવો અને પડકારો વચ્ચે પણ માતા-પિતાએ બાળ વિનુમાં બીજાને માટે કશુંક કરી છૂટવાની માનવતાનાં બીજ વાવ્યાં હતાં જે આગળ જતાં ફૂલીફાલીને મૌનસેવાનો એક મધમધતો બાગ બની રહ્યાં.

યુવાનીના દિવસોમાં કટલરીની દુકાન પાસેથી પસાર થતાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ તરફ કોઈ અકળ સંવેદનાથી રચાયેલો અનુબંધ એક સવારે તેમને શહેરની કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળાના છાત્રાલય સુધી લઈ ગયો. દૂર દૂર અંતરિયાળ વિસ્તારમાંથી આવેલાં અને છાત્રાલયમાં રહેતાં પ્રજ્ઞાચક્ષુ ભૂલકાંઓ સાથેની એ પહેલી મુલાકાત તેમના માટે એક નિઃસ્વાર્થ સેવાયજ્ઞની લાંબી યાત્રાનો પ્રથમ ચરણ બની રહી. એ પછી તેંત્રીસ વર્ષ સુધી રજાના દિવસો ને બધા જ શનિ-રવિવારે કોઈ પણ ચૂક વગર સવારે વિનુભાઈ છાત્રાલયમાં પહોંચી જતા. અંધ બાળકોને વહાલથી વાર્તાઓ કહેતા, તેમના વાંચન અને લેખનમાં મદદ કરતા. બહુ નાનાં અંધ બાળકોને માતાની જેમ નવડાવતા, તેમનાં કપડાં ધોવામાં, માથુ ઓળવામાં કે બાળક બીમાર પડે ત્યારે તેની સેવા સુશ્રૂષા કરવામાં વિનુભાઈને કોઈ અનેરો આનંદ આવતો હતો. પ્રત્યેક રવિવાર કે રજાના દિવસે મોટાભાગનાં અંધ બાળકો છાત્રાલયના દરવાજે ભેગાં થઈને વિનુભાઈની રાહ જોતાં ને જેવા વિનુભાઈ પહોંચે કે તરત બાળકો તેમને વળગી પડતાં. ક્યારેક ક્યારેક તો વિનુભાઈ ગાંઠના ખર્ચે અંધ બાળકોને સિનેમા-નાટક જોવા કે બહાર પિકનિકમાં પણ લઈ જતા. વિનુભાઈની નિષ્ઠા અને જવાબદારીપૂર્વકની સેવાવૃત્તિનો સંસ્થાએ બિનસત્તાવાર સ્વીકાર કરીને તેમને પૂરતી મોકળાશ આપી હતી.

તેમનાં ધર્મપત્ની ઇંદિરાબહેને પણ પડદા પાછળ રહીને પતિની સેવાવૃત્તિને સંકોરી હતી. તેમની બે દીકરીઓ અમી અને ધારા તથા પુત્ર વિશાલે બાળપણથી જ પોતાના અલગારી તથા ઉચ્ચ આદર્શો સાથે જીવતા પોતાના પિતાજીના સંસ્કારોની કદર કરી. એટલું જ નહીં પણ પોતાના હિસ્સાનો પ્રેમ અને સમય અંધ બાળકોમાં વહેંચાતો હોવા છતાં કોઈ અજીબોગરીબ સૂઝથી પોતાના ભાગના વહાલ અને વાત્સલ્યને જતું કરીને નોખા પિતાના અનોખા સંતાન બની રહેવાનું સ્વીકાર્યું.

અંધ બાળકોને શિક્ષણ આપવાની કે તેમની સારસંભાળ લેવાની કોઈ પણ પ્રકારની શાસ્ત્રીય તાલીમ કે કેળવણી વગર માત્ર અંધ બાળકો તરફના પ્રેમ અને સંવેદનાથી વિનુભાઈએ પોતાની જાતે વિકસાવેલી જીવનશિક્ષણની આ પદ્ધતિ આજના ૨૧મી સદીના આ વિશિષ્ટ ક્ષેત્રના શિક્ષકો, શાળાઓ અને શિક્ષણતંત્ર માટે પ્રેરણાનો સ્રોત બની રહી છે.

એમની આવી નિઃસ્વાર્થ કામગીરી જોઈને ટ્રસ્ટીમંડળે તેમને કશુંક મહેનતાણું આપવાનો પ્રસ્તાવ કર્યો હતો, પણ તેનો વિનુભાઈએ મીઠા ગુસ્સા સાથે મક્કમ વિરોધ કર્યો. એ પછી ટ્રસ્ટી તરીકેનું નિમંત્રણ પણ અપાયું. બધો વખત વિનુભાઈનો એક જ જવાબ રહેતો, 'હું તો આ નિર્દોષ પ્રભુના પયગંબર જેવાં ભૂલકાંઓનો પાલક-પિતા છું. મહેરબાની કરીને મને મારા આ અઘોષિત સબંધમાં જીવવા દો.'

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)

યાદગાર પ્રવચન

# ગાંધી આશ્રમની શતાબ્દી ટાણે...

ઈલાબહેન ભટ્ટ

*(ગાંધી આશ્રમની વર્તમાનમાં શતાબ્દી ચાલી રહી છે. એનાં અધ્યક્ષ આપણા સદ્‌ભાગ્યે ગાંધીજીના આદર્શ પ્રમાણે જીવન જીવતાં ઈલાબહેન ભટ્ટ છે. આ શતાબ્દી પ્રસંગે એમણે કરેલ સંબોધનને વિચારી, ગાંધીને - એટલે કે એમના જીવનમૂલ્ય સિદ્ધાંતોને આચરી બાપુને અંજલિ આપીએ.)*

માનનીય સભાગણ, મુખ્ય મહેમાન માનનીય શ્રી ગોપાલકૃષ્ણ ગાંધી, આપણે આઠ સંસ્થાઓનાં અધ્યક્ષ ભાઈઓ, અહીં આશ્રમમાં રહેતા સર્વ રહેવાસીઓ જે સર્વને હું એક આશ્રમ તરીકે ઓળખું છું, અમદાવાદના નગરજનો, સાબરમતી આશ્રમ શતાબ્દી સમારોહમાં સૌનું સ્વાગત છે.

ગાંધીજી અને આશ્રમનાં ૧૦૦ વર્ષ ઉજવીએ છીએ તે જ પુરવાર કરે છે કે ગાંધીજી આપણી સાથે જ છે, હતા અને છે. અમદાવાદમાં તો છે જ. જુઓને સાબરમતી આશ્રમ (૧૯૧૫)! પાંચેય સંસ્થાઓ પાંચ આંગળીની મુઠ્ઠી સમાન તે જ જૂના આશ્રમમાં જ નામે સાબરમતી આશ્રમસુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ, સાબરમતી હરિજન આશ્રમ ટ્રસ્ટ, સાબરમતી આશ્રમ ગૌશાળા ટ્રસ્ટ, ગુજરાત હરિજન સેવક સંઘ, ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ મંડળ, ભેગાં મળી આશ્રમની શતાબ્દી ઉજવી રહી છે. ઉપરાંત નવજીવન પ્રેસ (૧૯૨૦), મજૂર મહાજન સંઘ (૧૯૧૭) અને ગુજરાત વિદ્યાપીઠ (૧૯૨૦). આપણે સાતેય સંસ્થાઓ આજે જીવંત અને કાર્યશીલ બેઠી છે. આપ સૌ પણ પધાર્યા છો.

ગાંધીજીએ અમદાવાદ પસંદ કર્યું, એટલું જ નહીં ૧૦૦ વરસ પહેલાં તેમણે, લડત ઉપરાંત વૈકલ્પિક સમાજ, ભવિષ્યનું ભારત કેવું હશે - રચનાત્મક, શાંતિમય એક સમાજ રચનાનો પણ વિચાર કર્યો અને તેનો જીવી-જીવવાનો જાતે પ્રયોગ કર્યો, એ ચારેય પ્રયોગો આપણા અમદાવાદમાં કર્યા. સૌ પ્રથમ, મિલોના ઔદ્યોગિક મજૂર સ્ત્રી બાળકોની અવદશા તથા અન્યાય જોઈને તેમની સુખાકારી તથા ન્યાય માટે તેમનું સંગઠન બાંધ્યું. જો કે મૂળ શરૂઆત તો પૂજ્ય અનસૂયાબેન કરી ચૂક્યાં હતાં. એ યુનિયન પ્રયોગમાંથી ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત જન્મ્યો, જે દુનિયાભરમાં આજે સ્વીકારાયો છે.

બ્રિટિશ શિક્ષણપ્રથા સ્વતંત્ર ભારતમાં તો ન જ ખપે તે માટે બુનિયાદી તાલીમનો શિક્ષણપ્રયોગ ગુજરાત વીદ્યાપીઠમાં કર્યો.

સ્વતંત્ર ભારતની પ્રજાની રોજિંદી જીવનશૈલી બ્રિટીશ સરીખી તો ન જ ખપે! તો આપણી જીવનશૈલી કેવી હોય તેના પ્રયોગ માટે આશ્રમ સ્થાપ્યો અને ગુજરાત વિદ્યાપીઠની પડખે જ નવજીવન પ્રકાશન સ્થાપ્યું કે જેથી પૂર્ણ સ્વરાજના વિચાર-પ્રયોગો અને અનુભવોનો પ્રજા સમક્ષ ઘરઘર પ્રસાર કરી શકાય તેવું, દેશ ગુલામ હોવા છતાં કરી બતાવ્યું.

પણ, સાચું કહું તો મારા મનમાં ઊજવણીનો કોઈ ઉત્સાહ થતો નથી. ગ્લાનિ અને પસ્તાવાની લાગણી જ મનમાં ઊભરી આવે છે. ગાંધીએ સ્વરાજ પ્રાપ્તિ માટે કેટકેટલા સંઘર્ષો જીવનભર કર્યા, કેટલાં બલિદાનો દેશ વાસ્તે હોમાયાં પછી જેમ સ્વરાજ નજીક આવતાં આપણને કોણ જાણે શું થઈ ગયું?! સ્વરાજના પાઠ જે ભણ્યા'તા તે આપણે જાણે ફેંકી જ દીધા. દેશભરમાં હિંસાત્મક વાતાવરણ સઘળે ફરી વળ્યું. ત્રીસ વરસના કર્યા કરાવ્યા પર પાણી લોહી ફરી વળ્યું. ગાંધીજીના દિલને પાર વગરની પીડા આપણે આપી. તેમની જિંદગીનાં છેલ્લાં બે વર્ષ તો તે કેટલાં બધાં વ્યથિત રહ્યાં. તે તેમના પાછલા જીવનની છેલ્લી પ્રાર્થના સભાઓના પ્રવચનો પરથી હવે વધુ સમજાય છે. સાચું જ નથી શું કે તેમની વ્યથાની ગાથા આખા દેશની ગાથા છે. કેવાં નગણા, બેજવાબદાર આપણે છીએ તેવી ટીસ મનમાં ઘર કરી બેઠી છે.

ગાંધી પોતે તો સાધુ પુરુષ હતા, મહાત્મા હતા પણ તોય મનુષ્ય હતાને? એ મહાત્માને જીવવું અકારું કરી મૂક્યું તેવા આપણે છીએ. તેની શી ઉજવણી કરીએ?! શતાબ્દીનો ઉમંગ નથી થતો અને ગર્વ પણ નથી થતો!

હા, આપણે સંસ્થાઓ સાચવી ખરી. આ આશ્રમ સાચવ્યો. મકાન સાચવ્યાં તેમની ચીજવસ્તુઓ સાચવી. પણ આશ્રમ ક્યાં? આશ્રમવાસી ક્યાં?! એ જીવનશૈલી ક્યાં? તો, શું કરીએ? જો ઊજવણી નહીં તો શું તે આપણી જાતને પૂછીએ.

મારી સમજ પ્રમાણે ગાંધી વિચારના ચાર મુખ્ય આધારસ્તંભ : સાદગી, અહિંસા, શ્રમનું ગૌરવ અને માનવતા. આ જીવનમૂલ્યો તરફ ગંભીરતાપૂર્વક ધ્યાન આપીએ. ગાંધીજીએ જીવનશૈલી બતાવી, હરિજન તથા ગરીબની સેવા બતાવી, મુસલમાન અને હિંદુ સર્વધર્મનો સમભાવ કેળવી નિર્ભયપણે સાથે જીવન જીવે, જે તેમણે જાતે જીવીને બતાવ્યું. બુનિયાદી શિક્ષણ બતાવ્યું. મજૂર-માલિકના સંબંધો સાચવવાનો માર્ગ બતાવ્યો. વિચાર પ્રસારની

રીત બતાવી. આ વિચારમૂલ્યો તથા જીવનમૂલ્યોને સમજીને પોતે જાતે આચરણ કરી બતાવ્યું અને લાખોને કરાવ્યું.

તરછોડાયેલા એ મૂલ્યોનું આચરણ કરવાનો નિર્ધાર કરવાનો આ પ્રસંગ છે. Gandhi returns નહિ, we return to Gandhi તે માટે અંગત તથા જાહેરજીવનમાં મૂલ્યોપૂર્વક આચરણ કરીએ તે જ મહત્ત્વનું છે તે જ ગાંધી છે

ગાંધી વિષે બહુ ભરપૂર લખાયું, લખાયે જ જાય છે. ભણાવે જાય છે. સારું છે. વિચારાતું જાય છે. પણ, આચરણ તો રડ્યું ખડ્યું ક્યાંક જ દેખાય છે! Archives, multimedia research આ બધું વધતું જાય છે, બરાબર છે. પણ મને લાગે છે, ગાંધીના એકાદશ મૂલ્યોને યથાશક્તિ આચરણમાં મૂકતા થઈએ - તેનો આ પ્રસંગ છે : જાહેર અંગત રીતે, સામૂહિક-વ્યક્તિગત રીતે, અને વિચારો-કાર્યોમાં. જીવનમૂલ્યોનું પુનસ્થાપનનો આ અવસર છે. વાંચીએ છીએ કે તેઓ વારંવાર કહેતા હતા કે મારા ગયા પછી પણ ભવિષ્યમાં પરિસ્થિતિઓમાં એમના કાર્ય અને કથનના નવા નવા અર્થ ખૂલતા રહેશે. હા પરિસ્થિતિઓ બદલાતી રહે છે પણ જીવનમૂલ્યો બદલાતા નથી કેમકે ગાંધી મૂલ્યો, એ જીવનમૂલ્યો જ છે. માનવતાના મૂલ્યો છે તે કદી નષ્ટ થાય? સત્ય, અહિંસા કદી વાસી થાય? વાસી તો આપણે છીએ જે જાણતા નથી.

ક્યારેક તો લાગે છે કે શિક્ષણ વધતું ગયું અને આર્થિક સમૃદ્ધિ વધતી ગઈ તેમ તેમ આપણે જીવનમૂલ્યોથી દૂર ગયા છીએ. જો આશા બચી હોય તો જે લોકોને આપણે હજુય ગરીબ રાખ્યા છે તેની પાસે મને આશા છે. જેને આપણે અભણ કહીએ છીએ તેઓ પાસે જીવનમૂલ્યો જાણ્યે-અજાણ્યે હજુ બચ્યા છે, ખાસ કરીને તેમની બહેનો પાસે. મારો અનુભવ કહે છે. ગરીબ, શ્રમિક બહેનો એ મારી ભાવિની આશા છે.

કંઈ નહિ ને હવે કરવા જેવું હોય તો તે આ ગાંધીમૂલ્યોનું પુનઃસ્થાપન. ભલે તેમ થતાં ૧૦૦ વર્ષ બીજા લાગે પણ ગરીબી નિવારણની મજલ કર્યે જ છૂટકો! ગરીબી સતત ચાલતી હિંસા છે અને જે હિંસા સમાજની સંમતિથી થતી હિંસા છે. દયા, દાન, સબસીડીથી નહિ પણ ઉત્પાદક કામ વડે, દરેક જણની રોટી, કપડાં, મકાનની પ્રાથમિક જરૂરિયાત સંતોષાય અને કુટુંબ સ્વનિર્ભર થઈ શકે, તેવો કોઈ માર્ગ અપનાવીએ અને કામે લાગી જઈએ. ભારતીય પરંપરા, સંસ્કાર, કૌશલ્યનો સાવ વિલોપ થઈ જાય તે પહેલાં આપણે ડગ ઉપાડીએ. મારું દૃઢ માનવું છે કે કોઈ પણ સરકાર ચાહે તો પણ મનુષ્યના જીવનમાં સ્વનિર્ભર થવામાં કશું નહિ કરી શકે. આપણે નાગરિકોએ જ કરવું રહ્યું.

બીજી એક વાત.

હાલમાં તો જાણે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે ગાંધી વિચાર તે રાષ્ટ્ર વિચારથી અલગ છે અને જાણે રાષ્ટ્ર ઘડતરનો એ માર્ગ નથી, જુદો અલગ છે. એવું પણ જોઈએ છીએ કે ગાંધીજન ભારતીય નાગરિકજનથી કંઈક અલગ છે, સ્પેશિયલ છે અને ગાંધી વિચારને જાળવવાનું સંવર્ધન કરવાનું કામ જાણે માત્ર 'ગાંધીજનો' નું માત્ર છે, બાકી દેશને જેમ ફાવે તેમ કરતો જાય! ગાંધીજનને અલગ જોવાની વિચારસરણી છોડવી જોઈશે. પહેલા તો ગાંધીજને પોતે છોડવી જોઈશે એવું મારું કહેવું છે.

અંતમાં, ફરીથી, જીવનમૂલ્યોને આચરીએ, એકાદશવ્રત સમજીએ, વૈષ્ણવ-જનનું ભજન ધ્યાનથી સમજીને આચરીએ, બેઉ વ્યક્તિગત અને જાહેરજીવનમાં, એમ થાય તો બાકીનું અધૂરું સ્વરાજ હાંસલ કરવાનો માર્ગ સહેલો છે. વાંચ્યું છે કે આઝાદીની લડત સમયે બહેનો ગરબો ગાતી, કૂંડાળામાં વચ્ચે રેંટિયો અને ફરતે ગરબો ગાતી કે એકડે એક, ગાંધીની રાખો ટેક, મારી બહેનો, સ્વરાજ લેવું સહેલ છે. ■

## સંબંધો જીવી જવાના હોય!

(અનુસંધાન : પાના નં.-૬૩ ઉપરથી ચાલુ)

અને કહ્યું કે હું નક્કી કરી શકતો નથી કે હું શું કરું? પત્નીએ માત્ર એટલું જ કહ્યું કે, પોતાના લોકોને મદદ કરવા માટે તું પારકાની સલાહ શા માટે લે છે? તું જ નક્કી કરને કે તારે શું કરવું છે? દરેક સંબંધ અલગ અલગ સ્તરે જીવતા હોય છે. એ બધાને એક જ નિયમ લાગુ કરી ન શકાય. ભાઈ તારો છે. તું નક્કી કર કે તારે શું કરવું છે!

તમારા લોકો માટે કંઈ કરવાનું હોય ત્યારે તમે તમારી રીતે નિર્ણય લો છો કે પછી બીજાના આધારે નક્કી કરો છો? કોઈ વ્યક્તિ એને જેવો અનુભવ થયો હશે એવી જ સલાહ આપશે. તમારે તમારા અનુભવ અને ઇચ્છા મુજબ વર્તવાનું હોય છે. કોઈ મિત્ર ભાઈથી વિશેષ હોઈ શકે પણ એ ભાઈ નથી હોતો, મિત્ર હોય છે. સંબંધોમાં સલાહ લઈને ચાલવું યોગ્ય નથી હોતું. એ તો આપણે જ નક્કી કરવું પડે.

આપણે ઘણી વખત તો નક્કી કરી શકતા નથી કે હું જે કહું છું એ સાચું છે કે ખોટું? એ ન સમજાય ત્યારે પણ છેલ્લે તો દિલ કહે એમ જ આપણે કરતા હોઈએ છીએ. આખરે તો દિલથી જીવાતા સંબંધો જ સાચા હોય છે. સંબંધોમાં સલાહ લેવાની ન હોય, એને તો બસ જીવી જવાના હોય છે. ■

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

અભ્યાસ

# ગાંધીજીની આત્મકથાનો સાર

ભદ્રાયુ વછરાજાની

*(ભાઈ ભદ્રાયુ વછરાજાની આપણા જાણીતા અને માનીતા કેળવણીકાર છે. તેમને જીભે અને હાથે સરસ્વતી પ્રસન્ન છે, વિષયને શ્રોતાઓ સમક્ષ રજૂ કરે છે ત્યારે બંને સમરસ થઈ જાય છે. ભાઈ ગુણવંત શાહ કહે છે તેમ તેમની વાણી ઓજસ્વી અને તેજસ્વી છે : લોકનિકેતન, રતનપુર ખાતે ગુજરાત નઈ તાલીમ સંઘનું વાર્ષિક અધિવેશન ભરાયેલ, તે પ્રસંગે તેમણે પોતાના ચિંતનશીલ વિચારો નીચે પ્રમાણે જણાવ્યા હતા. ગુજરાતમાં કેળવણીક્ષેત્રે પડેલ સૌને એ વિચારવા યોગ્ય છે.)*

## ગાંધીજીની આત્મકથાનો સાર

આપણે ઘણા ઓછા અભ્યાસુ રહ્યા છીએ. આપણે ત્યાં સ્ટાફ સાથેનું અને સંચાલક સાથેનું શેરિંગ ઘણું ઓછું જોવા મળે છે. આજે આખું જગત નવા સ્વરૂપનો સ્વીકાર કરી ધમધમે છે અને આપણે સૌ પથારામાં જ પડ્યા છીએ. સ્વામિનારાયણના સાધુ પોતાના કેમ્પસને ધમધમતું રાખી શકતા હોય અને તેમના હરિભક્તો એટલા ઉત્સાહથી કામ કરતા હોય, ત્યારે આપણામાં એવી કઈ વસ્તુ ખૂટે છે, તેના અંગે ચિંતન કરવાની જરૂર છે. આજે જ્યારે આપણું સમગ્ર અસ્તિત્વ જોખમમાં મુકાઈ ગયું હોય, ત્યારે ટ્રેડિશન (પરંપરા) માંથી સૌએ બહાર આવી જવાની જરૂર છે.

૯મી જાન્યુઆરી, ૧૯૧૫ ના રોજ મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફર્યાની તે દિવસની સરકાર બિનનિવાસી અને પ્રવાસી ભારતીય દિવસ તરીકે આટલા મોટા પાયે ઉજવણી કરે છે, ત્યારે ગુજરાતમાં વસતાં ગાંધીજનો માટે કોઈ કિંમત નથી. ગુજરાતમાં ૧૦૦૦ જેટલાં ગાંધીજનોને એમ ન થયું કે આપણે ઈન્કમટેક્ષ પાસે મોઢું ફેરવીને ઊભેલા ગાંધીજીથી સાબરમતી સુધી રેલી કરીએ. પોંડિચેરીમાં ૨૪મી એપ્રિલે જાઓ, તો ખબર પડે. તે દિવસે માતાજી કાયમને માટે ફ્રાન્સ છોડીને ભારત આવી ગયાં હતાં. તે દિવસે અનેક લોકો માતાજીની સમાધિએ દર્શન કરવા જતા તમને જોવા મળે. ગાંધી ભારત આવ્યા હતા, તે દિવસે સાબરમતી આશ્રમમાં દર્શનાર્થીઓની સંખ્યાને જોઈને કહેજો. આજે આપણે આપણી આજુબાજુના સમાજથી અલિપ્ત થઈ ગયા છીએ.

ગાંધીજી ભારત આવ્યા, ત્યારે તેમને ભારત ભ્રમણ કરવાનું કહેવામાં આવ્યું હતું. તેમણે પરિભ્રમણ કર્યા બાદ ભારતના લોકો માટે ત્રણ તારણો રજૂ કર્યા હતાં જે આ પ્રમાણે છે :

***પહેલું તારણ :*** સાચું હિંદુસ્તાન ગામડાંમાં વસે છે.

***બીજું તારણ :*** લોકો અભણ છે પણ અબૂધ નથી. સમૃદ્ધિ સંસ્કૃતિના વારસદાર છે.

***ત્રીજું તારણ :*** સુશિક્ષિત લોકો આઝાદ છે, પણ મનથી ગુલામ છે. તેમના મનને બદલવું પડશે. આ ત્રણ તારણો આપણી નઈ તાલીમના માટે માઈલસ્ટોન છે.

આજે દેશમાં અને વિદેશમાં ઓર્ગેનિક ખોરાક અને ઓર્ગેનિક વિચારની માંગ વધી રહી છે. અમારા રાજકોટમાં નીતુ પટેલ નામની છોકરીએ ૨૮૦૦ ખેડૂતો સાથે ટાઈ અપ કર્યું છે. તે ખેડૂતોને કહે છે તમે જેટલું ઓર્ગેનિક પકવશો તેટલું હું ખરીદી લઈશ. પરંતુ તે કહે છે કે કુલ માંગમાંથી ૩૦-૪૦ ટકા માંગ જ પૂરી કરી શકાય છે. માંગને પહોંચી વળી શકાતું નથી. આજે આ બાબત આપણે ક્યાં છીએ? કેમ આપણે આમાં પહેલ નથી કરતાં?

નઈ તાલીમના શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં પણ તાકાત તો હોય જ છે. હવે પછી આવા સંમેલનો મળે તેમાં પરાણે કોઈને ન મોકલો. જેનામાં ઉમળકો હોય તેવા લોકો જોડાઓ.

અંતે મારે એક શાળામાં ગાંધીજીની આત્મકથા વિશે વ્યાખ્યાન આપવાનું થયું હતું, તેમાંથી તારવેલા પાંચ મુદ્દાઓ આપની સમક્ષ રજૂ કરી મારી વાત પૂર્ણ કરીશ.

૧. મારા પ્રયોગોની મારફત મને મહાત્માનું પદ મળ્યું છે, તેની કિંમત જૂજ છે, કેટલીક વખતે તે વિશેષણે મને બહુ દુઃખ કરી દીધું છે પણ તેનાથી હું ફુલાઈ ગયો હોઉં, તેવી એક પણ ક્ષણ મને યાદ નથી.

૨. મારા પ્રયોગો જો ખરેખર આધ્યાત્મિક હોય, તો ફૂલણશીને કોઈ સ્થાન નથી. તેમાંથી તો કેવળ નમ્રતાથી વૃદ્ધિ થાય. જેમ જેમ હું વિચારતો હોઉં છું, તેમ તેમ હું મારું અલ્પપણું વિશુદ્ધ રીતે જોઈ શકું છું.

૩. મારા પ્રયોગમાંથી જેના પરિણામ સૌને માટે છેવટના અથવા તો તે જ ખરા છે, તેવો કોઈ દાવો કરવા હું માગતો નથી.

૪. જે પ્રકરણો હું લખવાનો છું, તેમાં જો વાંચનારને અભિમાનનો ભાસ થાય તો તેને અવશ્ય સમજવું કે મારી શોધમાં ખામી છે. અને મારી ઝાંખીઓ તે ઝાંઝવાના નીર જેવી છે. ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ પણ સત્યનો જ જય થાઓ.

૫. મારા લેખોને કોઈ પ્રમાણભૂત ન ગણે તેમ હું ઈચ્છું છું, તેવી મારી વિનંતી પણ છે. તેમાં બતાવેલ પ્રયોગોને દૃષ્ટાંતરૂપ ગણીને સૌ પોતપોતાના પ્રયોગો યથાશક્તિ અને યથામતિ પ્રયોગો કરે, તેવી મારી છેલ્લી ઈચ્છા છે.

મારી પણ છેલ્લી ઈચ્છા છે કે મેં જે કંઈ કહ્યું છે, તેને કોઈ ખાતરી ન ગણી પ્રયોગો કરતા રહો. ■

પ્રસંગ પુષ્પ

# ચરણધૂલીનો મહિમા

મનુ પંડિત

સાબરમતી આશ્રમના 'હૃદયકુંજ'માં નઈ તાલીમ સંઘની બેઠક મળી હતી. લગભગ અગિયાર વાગે તે પૂરી થઈ અને સૌ ઊઠ્યાં. બાપુના આ નિવાસ સામે મેં એક કુતૂહલ જોયું, એટલે હું ત્યાં જ રોકાઈ ગયો. શરીર ઉપર એકલી સાડી જ છે અને બગલમાં પોટલાં છે; આવું એક બહેનોનું ટોળું 'હૃદયકુંજ' ના આંગણાની ધૂળ ઊસરડી રહ્યું છે. મારું આશ્ચર્ય વધતું ગયું એટલે હું તેમની પાસે ગયો.

ઉત્તરપ્રદેશના અયોધ્યા નજીકના કોઈ એક ગામડાનાં આ યાત્રાળુઓ હતા. ગામનું નામ મેં પૂછેલું પણ અત્યારે તે યાદ નથી. તેઓ સૌરાષ્ટ્રમાં દ્વારકાએ ગયેલાં, ત્યાંથી પાછા ફરતાં અમદાવાદ ઊતરી બાપુના આશ્રમના દર્શનાર્થે આવ્યાં હતાં. ધૂળની પોટલીઓ બાંધતા ટોળાને મેં પૂછ્યું :

'આને શું કરશો?'

'અમારે ઘેર લઈ જઈશું.' જવાબ મળ્યો,

એ તો હું જાણતો જ હતો. પણ કોઈ ધૂળ લઈ જાય? વળી કાશી કે પ્રયાગરાજની યાત્રાએ ગયેલા આપણા દેશના અનેક લોકો ગંગાજળ લાવે છે, તે મેં સાંભળ્યું હતું અને જોયું પણ હતું. પણ ધૂળ લઈ જતાં તો આ બહેનોને મેં પહેલી વાર જોઈ. એટલે મેં ફરી આગળ પૂછ્યું :

'ઘેર લઈ જશો તે તો હું સમજ્યો, પણ તેને કરશો શું?'

તેમને બિચારાંને મનમાં થતું હશે કે આ શું કામ અમારી પાછળ પડ્યો છે? છતાં તેઓએ સુંદર મજાનો ઉત્તર આપ્યો : 'અમારે સૌના ઘેર તુલસીક્યારા છે, તેમાં અહીંની પવિત્ર ધૂળ પધરાવીશું.'

મેં કહ્યું : 'પણ બાપુજી આ ધૂળ ઉપર થોડા ચાલ્યા છે? છેલ્લાં કેટલાંયે વર્ષોથી તે અહીં રહેતા પણ નહોતા.'

'સૌ જનમેલું જીવતું થોડું રહે છે! અમે સૌરાષ્ટ્રમાં જોઈને આવ્યાં કે કૃષ્ણ ભગવાનને પણ પારધીના હાથે મરાવું પડ્યું છે, છતાં અમારા જેવાં હજારો યાત્રાળુઓ ત્યાં જાય છે જ ને! એ તો સ્થળનો મહિમા છે. મહાત્માજી જ્યારે અહીં રહેતા હશે ત્યારે તો ચાલ્યા હશે ને? તેમની આ તો પવિત્ર ભૂમિ છે.'

તેમની શ્રદ્ધાને વધુ ખંડિત કરવાનું મન ન થયું. તેમના ભક્તિપૂર્ણ જવાબો સાંભળી હૃદય અંતરથી નમી પડ્યું. ભારતમાં ભક્તિનો તંતુ ક્ષીણ થયેલો ભલે જણાય, પણ તે તૂટ્યો નથી. અને જ્યાં સુધી આવાં શ્રદ્ધાળુ લોકો વસે છે ત્યાં સુધી તે તૂટવાનો પણ નથી. ■

## સહી વગર

સહી વગરનો કાગળ ક્યાં હરેફરે છે?
ચિંતા નહીં કાગળ કોરો છે.
ઘાવ વગરનો વર્તારો ક્યાં સરસરે છે?
ચિંતા નહીં વર્તારો બેસૂરો છે.
રંગ વગરનો કાગડો ક્યાં ફરફરે છે?
ચિંતા નહીં કાગડો કાળો છે.
સૂર વગરની ખરજ ક્યાં તાલી પાડે છે?
ચિંતા નહીં ખરજ અતડો છે.
સાર વગરનો અરથ ક્યાં ખળખળે છે?
ચિંતા નહીં અરથ બોદો છે.
પાર વગરના તીરથ ક્યાં જડે છે?
ચિંતા નહીં તીરથ વગડો છે.

*રણધીરસિંહ ડી. ચૌહાણ - ભુજ, કચ્છ.*
*મો. ૯૪૦૮૨ ४२९८४*

## પારીસો

મીં વઠે ને કરે,
લીલપજો પારીસો મોફતમેં
સૂરજડાડો, ચંધરમામો ને લેખ લેખેંતા તારા
કઇએં ઉજારે જો પારીસો મોફત મેં.
વા કરે તો પારીસો ધોનિયાં મેં
જંધમેં આ મેલેતો મોફતમેં
કણ પોખીઉં ને મણ ડે મેટ્ટી,
કણ સવામણ જો,
તું પણ કર પારીસો મોફત મેં
મોફતજો ઘનેજી કાંજોસાઈ મ કર
રાં પોંધી વે જંધ મેં ત!
ડઈ નેર અટ્ટી અખર મોફત મેં.

*ભાનુબેન એન. સાવલા - વિલેપાર્લા*
*ફોન : (૦૨૨) ૨૬૨૮૩૬૧૧*

ભજન મીમાંસા

# રાહ દિખા પ્રભુ

ભાનુબેન એમ. સાવલા

## રાહ દિખા પ્રભુ

નૈન હીનકો રાહ દિખા પ્રભુ
પગ પગ ઠોકર ખાઉં મૈં...નૈન હીનકો
તુમ્હારી નગરિયાકી કઠિન ડગરિયા
ચલત ચલત ગીર જાઉં મૈ પ્રભુ...નૈન
ચહું ઔર મેરે ઘોર અંધેરા
ભૂલ ન જાઉં દ્વાર તેરા
એકબાર પ્રભુ હાથ પકડ લો
મનકા દીપ જલાઉં મૈં પ્રભુ...નૈન

*ફિલ્મ : ભક્ત સુરદાસ (૧૯૪૨)*
*ગાયક : સ્વ. કે. એલ. સાયગલ*
*સંગીત : જ્ઞાનદત્ત ● ગીતકાર : ડી. એમ. મધોક*

સ્વ. કે એલ સાયગલના સ્વરમાં રાગ દરબારી કાનડામાં ગવાયેલા આ ભજનમાં પ્રજ્ઞાચક્ષુ સુરદાસની નવધા ભક્તિમાં વંદન અને આત્મનિવેદનનો પોકાર છે. સુરદાસ સૌમ્ય પ્રકૃતિના. તેથી નિર્ગુણ પર સગુણનો સાક્ષાત્કાર પ્રગટ્યો.

આ ભજન સાંભળતાં જઈએ તેમ તેમ તેનો અર્થ સ્પષ્ટ થતો જાય. પરંતુ સરળ લગતા શબ્દોની પાછળ ગહન તત્ત્વજ્ઞાન છુપાયેલું છે.

પ્રથમ બે પંક્તિઓમાં કવિ કહે છે, "હું પ્રજ્ઞાચક્ષુ, ડગલે ને પગલે ઠોકર ખાઈ પડી જાઉં છું."

**તુમ્હરી નગરિયા કી... "પ્રભુ!** તમારા સુધી પહોંચવાનો રસ્તો વિકટ છે. ખાડા, ટેકરા, ખાઈઓ છે તેથી ચાલતાં ચાલતાં પડી જવાનો ડર છે. એ કઠિન મુશ્કેલીઓ ધનરૂપી પ્રલોભન, સંસારરૂપી ભ્રમણાઓ, મોહમાયા રૂપી વિટંબણાઓ રૂપે વિખરાયેલી છે. એવી ઊબડ-ખાબડ કેડી ખતરારૂપ છે.

**ચહું ઔર મેરે ઘોર...**મારી આસપાસ ઘોર અંધકાર છે. દરવાજો દેખાતો નથી તેથી હું થાપ ખાઈ જાઉં છું.

અહીં તો જેની પાસે આંખ છે તેઓ અણદેખ્યું કરી 'પળવાટ' કાઢે છે. એ દૃષ્ટિવાન લોકો માર્ગ ભૂલી વધુ ઉધામા કરતા હોય છે અને સ્વની આજુબાજુ અણદીઠપણાની દિવાલ રચતા હોય છે.

**એક બાર પ્રભુ હાથ :** આપણે ઈશ્વરને ચતુર્ભુજ કલ્પીએ છીએ. પરંતુ નભોમંડળમાં રહેતો સાહેબ તો અનંત ભૂજાળો છે અને સર્વવ્યાપી દૃષ્ટા છે. પ્રજ્ઞાચક્ષુ હાથ પસારીને 'હાથ પકડલો' નો પોકાર કરે છે.

આપણે બહુ જ્ઞાની છીએ એવા અજ્ઞાન સાથે અંદરથી છિન્ન ભિન્ન હોઈએ છીએ. આંતરિક સ્થિતિ તાર તાર થઈ ગઈ હોય ત્યારે "હાથ પકડ લો" નો પોકાર પહોંચે અને એ અદશ્ય શક્તિ હાથ ઝાલે ત્યારે ભીતર ઝળાંહળાં થઈ જાય.

ઈશ્વરે પ્રજ્ઞાચક્ષુઓને બીજી શક્તિઓનો અખૂટ ભંડાર આપ્યો હોય છે. તેઓ શ્રાવણેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, બુદ્ધિ, ટેરવાંને બોલકાં કરી આંખનું કામ લે છે. તે દ્વારા બધા વ્યવહાર કરે છે અને પરિસ્થિતિને અનુરૂપ થઈ જાય છે. દૃષ્ટિવાન લોકો કરતાં પણ તેમના કરતબ ગજબ આશ્ચર્ય કરાવે છે. તેવાં બે ત્રણ ઉદાહરણો જોઈએ.

(૧) ઈ.સ. ૧૯૮૦ની સાલમાં પ્રજ્ઞાચક્ષુ સંગીત શિક્ષક વાલજીભાઈ પાસે નાની કિન્નરી સંગીત શીખવા જતી. થોડાજ સમયમાં એણે સરસ પ્રગતિ કરી હતી. પરંતુ વાલજીભાઈને દિલ્હીમાં સારી નોકરી મળતાં, ક્લાસબંધ પડ્યા. એ વાતને ઘણો સમય વીતી ગયો. ઈ.સ. ૧૯૯૯ માં કિન્નરીના લગ્નપ્રસંગે જતા હતા ત્યારે રેલવેના એકજ કંપાર્ટમેન્ટમાં વાલજીભાઈ મળી ગયા. તેમના ખબર અંતર પૂછતાં તેઓ બોલ્યા, "શું તમે કિન્નરીના મમ્મી છો?" કેટલી તીવ્ર શ્રવણેન્દ્રિય.

(૨) ૧ વર્ષની દિવ્યચક્ષુ અદિતિ "સા રે ગ મ" ની સ્પર્ધામાં ભાગ લઈ રહી હતી. તેની પાસે વળી બીજી અલૌકિક શક્તિ હતી. નાણાની જુદી જુદી નોટો તેના કાન પાસે ખખડાવતાં, કેટલા રૂપિયાની નોટ હશે તે કહી શકતી હતી. અલગ અલગ કિંમતના સિક્કા તેની પાસે જમીન પર ફેંકતાં, તેના રણકાર પરથી તે કયો સિક્કો હશે તે ઓળખી બતાવતી. ઝી-ટી.વી. પર આ પ્રોગ્રામ કેટલા બધા લોકોએ જોયો હશે. મનની અગાધ શક્તિ વગર આ શક્ય જ નથી.

(૩) આપણી સમક્ષ હેલન કેલરનું ઉદ્દાત ઉદાહરણ છે. બે વર્ષની વયે તેને ઝેરી તાવ આવ્યો તેમાં એણે આંખો, વાચા અને શ્રવણ બધું જ ગુમાવ્યું. આ દુઃખદાયક પરિસ્થિતિ આવી

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)

હાસ્ય

# ફ્લુ

જ્યોતીન્દ્ર હ. દવે

કોઈ મિત્ર આપણને મળવા આવે ત્યારે આપણે તેને આવકાર આપીએ, ખુરસી પર બેસવાનું કહીએ. ઘણે વખતે આવ્યો હોય ને પુરાણો મિત્ર હોય તો એને આનંદથી ભેટીએ. રોકાઈ જવા માટે આગ્રહ કરીએ. આપણા આગ્રહને માન આપી એ રોકાઈ જાય તો એની સરભરા બધી રીતે સચવાય એ રીતે પ્રબંધ કરીએ. એને માટે અવનવાં ખાનપાનની વ્યવસ્થા કરીએ. આપણા સારામાં સારા ઓરડામાં સારામાં સારા પલંગ પર પથારી પાથરી એને સુખથી નિદ્રા આવે તેની તકેદારી રાખીએ.

પરંતુ લગભગ ચાર દાયકા પૂર્વે જેની સાથે મારો પરિચય થયેલો અને પછી ઉત્તરોત્તર મૈત્રીભાવ ગાઢ થતો ગયેલો અને તે પછી અચાનક વર્ષો સુધી બેપતા થઈ ગયેલો એવો એક મિત્ર થોડાંક વર્ષોથી પાછો અવારનવાર, કોઈ વાર વર્ષમાં બે વાર તો કોઈવાર બે વર્ષે એક વાર પરસ્પર સ્નેહભાવ તાજો કરવા મારી મુલાકાતે આવતો રહે છે. એ આવે છે ને તરત મને બહુ પ્રેમપૂર્વક ભેટી પડે છે. એ હસ્તધૂનન નથી કરતો, પણ મારા આખા શરીરનું ધૂનન કરે છે. હું એને ખુરશી પર બેસવાનું કહું તે પહેલાં એ જ મને ખુરશી પર બેસાડી દે છે. રોકાઈ જવા માટે મારે એને આગ્રહ કરવો નથી પડતો. એની મેળે એ રોકાઈ જાય છે. મારા ખાનપાનની વ્યવસ્થા એ કરી લે છે અને સારામાં સારા ઓરડામાં પૂરતો આરામ મળે એ રીતે 'હું સૂઈ રહું' એવી એ જ વ્યવસ્થા કરી નાખે છે. બે ત્રણ દિવસ મારો એ મહેમાન મારી મહેમાનગીરી કરીને પછી ચાલ્યો જાય છે. ફરી આવવાનો વાયદો કર્યા વગર અને છતાં અતિથિની માફક કોઈ પણ જાતની ખબર પહેલેથી આપ્યા સિવાય એ પાછો આવી પણ ચડે છે.

મારો એ મિત્ર ઈન્ફ્લુએન્ઝા તરીકે જગવિખ્યાત બન્યો છે. મારા જેવા એના પ્રિયજનો એને 'ફ્લુ' ના લાડકા નામે ઓળખે છે. દરેક મહાયુદ્ધને પ્રસંગે જગતને નવાં નવાં શસ્ત્રાસ્ત્રોની ભેટ મળે છે. એમાં રોગો પણ આવી જાય છે. શસ્ત્રાસ્ત્રોનો લાભ તો યુદ્ધમાં ઊતરેલા કે ઊતરવા માંગતા દેશો જ આર્થિક સ્થિતિ સધ્ધર હોય તો લઈ શકે છે પણ રોગોનો લાભ તો યુદ્ધમાં ન ઊતરેલા દેશોને પણ મળે છે. અત્યારની પહેલાંના વિશ્વયુદ્ધને અંતે ઈન્ફ્લુએન્ઝા ધામધૂમપૂર્વક આપણે ત્યાં આવી પહોંચ્યો હતો અને અતિથિ સત્કાર માટે જાણીતા એવા આપણા દેશનું એણે યથેચ્છ આતિથ્ય માણ્યું હતું.

પરંતુ તે પછી હમણાંના ને તે પહેલાંના વિશ્વયુદ્ધ વચ્ચેના શાંતિને નામે ઓળખાતા સમય દરમિયાન એ મહાશય લગભગ અદૃશ્ય થઈ ગયા હતા. લગભગ એટલા માટે કે કોઈક કોઈક વાર એ મને મળવાને આવી પહોંચતા અને એકાદ દિવસ કે કોઈકવાર બે ત્રણ દિવસ મુકામ કરીને ચાલ્યા જતા. 'હમણા તમારાં દર્શન બહુ ઠેકાણે થતાં નથી.' એમ હું પૂછતો ત્યારે એ કહેતા, 'હવે બહુ ઠેકાણે જવાનું માંડી વાળ્યું છે. આ તો ઠીક છે, તમારા જેવા જોડે અસલથી મૈત્રીની ગાંઠ પડી ગઈ છે, તે કોઈક કોઈક વાર મોં બતાવી જાઉં છું.' પરંતુ આ વખત પુનરપિ એણે ધામધૂમપૂર્વક 'નોટિસ' આપીને આપણે આંગણે આવવાનું 'મહેરબાનીની રાહે' સ્વીકાર્યું. 'આવે છે રે! આવે છે, સવરાજ સવારી આવે છે.' એમ સ્વરાજ્ય મળ્યા પહેલાં લોકો ગાતા તે રીતે આવે છે રે! આવે છે 'ફ્લુ' ની સવારી આવે છે.' એમ એના આવતા પહેલાં ઘોષણા કરવામાં આવી હતી અને એના આદરસત્કાર માટે સ્થળે સ્થળે તૈયારીઓ પણ કરી નાખવામાં આવી હતી.

સુરતમાં પહેલાં હોળીના દહાડામાં ઘીસ નીકળતી. લોકો ટોળે વળીને ઘીસ જોવા ભેગા થતા. વાટ જોઈ જોઈને કંટાળતા ત્યારે બે જણા આગળ જઈને ખબર લઈ આવતા.

'હવાડિયે ચકલે આવી ગઈ છે. હવે આપણે ત્યાં અંબાજીના ચકલા આગળ, કલાકેકમાં આવી પહોંચશે.' એ રીતે 'ફ્લુ' ને માટે આગાહી કરવામાં આવતી હતી કે જાપાનમાંથી બ્રહ્મદેશમાં આવી પહોંચ્યો છે. કલકત્તામાં કોઈ કોઈ કેસો થયા છે. હવે મુંબઈમાં આવી પહોંચશે.' અને આખરે એ મુંબઈ પણ આવી પહોંચ્યો. એના સત્કાર અર્થે ઘણાઓએ પહેલેથી જ તૈયારી રાખી હતી; છતાં આવતાંવારને એટલી ઝડપથી એણે એક પછી એક વ્યક્તિઓની મુલાકાત લેવા માંડી કે એની તૈયારી છતાં લોકો મુંઝાઈ ગયા.

'સવારના પક્ષની સભા, બપોરે જુદી જુદી સંસ્થાઓના વીસેક જેટલા પ્રતિનિધિઓને એક પછી એક મુલાકાત, સાંજે કોઈક મંડળનું ઉદ્‌ઘાટન, તે પછી એકાદ કલામંડળના પ્રયોગનું પ્રમુખસ્થાન, એ દરમિયાન સ્નેહીના પુત્રના લગ્નની મિજલસમાં હાજરી, રાતે જાહેર સભામાં વ્યાખ્યાન, પછી પત્રકારોને મુલાકાત, તે પછી સ્થાનિક નેતાઓ સાથે મંત્રણા અને ત્યાર બાદ સિનેમા ફિલ્મના પ્રથમ 'શો' માં જઈને નટ-નટીઓ તથા દિગ્દર્શક સાથે છબી પડાવવાનો કાર્યક્રમ : આ તમારા પ્રધાન આટલે બધે ઠેકાણે પહોંચી શી રીતે વળે છે એ જ મને સમજાતું નથી.' એક ભાઈએ બીજા ભાઈ આગળ આશ્ચર્ય દર્શાવતાં આ જાતનાં કે 'પહોંચી ન વળે તો પ્રધાન શાના?' એ જવાબ આપનાર ભાઈ 'ફ્લુ'

વિષે ફરિયાદ કરતાં કહ્યું : 'આટલામાં તો કેટલે ઠેકાણે પહોંચી ગયો! એક એક ઘરમાં ચાર ચાર ખાટલા છે.' મેં એમને કહ્યું : 'પહોંચી ન જાય તો 'ફલુ' શાનો!'

'આ ઈન્ફલુએન્ઝાને કારણે આખી પ્રજાના કેટલા કામના કલાક બગડ્યા!' એમ એક અર્થશાસ્ત્રજ્ઞે ફરિયાદ કરતાં કહ્યું હતું, પણ એને લીધે આરામના કેટલા કલાક મળ્યા એનો એમને વિચાર આવતો નથી. 'આરામ હરામ છે.' એમ માનતા હોઈએ તો પણ હરામનો પણ આરામ મળતો હોય તો તે ખોટો ન કહેવાય. 'ફલુ'નું જોર વિશેષ હતું તે વેળા મારા એક ઓળખીતાના પુત્રને સાંજના ચાર વાગ્યે બહુ મહત્ત્વના અંગત કામ માટે કોઈકને મળવા જવાનું હતું. 'ઓફિસમાંથી મને પાંચ પહેલાં છૂટો નહીં કરે.' એણે ગળગળા અવાજે કહ્યું, 'ફલુની રજા લઈ લે.' મેં એને કહ્યું, 'એ તો આઠ દહાડા પર લઈ લીધી.' એણે ઉદાસ ચહેરે જવાબ દીધો. એનામાં હિંમત નહોતી, બાકી એક બીજા ગૃહસ્થે ઈન્ફલુએન્ઝા નિમિત્તે ત્રણ વાર રજા લીધેલી. એક વાર એમની સ્ત્રીને ઈન્ફલુએન્ઝા થયેલો ત્યારે, બીજી વાર એક અઠવાડિયા પછી એમને બહારગામ જવાનું હતું તે વેળા એમના પુત્રને 'થયેલો' ત્યારે અને ત્રીજીવાર એમને પોતાને ખરેખર થયો ત્યારે. શહેરમાં આટલા બળપૂર્વક ઈન્ફલુએન્ઝા ચાલતો ન હોત તો એમને એક મહિનામાં આટલી રજા મળી શકત નહીં. આ 'ફલુ' એ જથાબંધ ટપાલીઓને અને ટપાલીઓ કરતાં પણ ટપાલને જે હેરાનગતિ પહોંચાડી છે તેને આપણા સૌને માટે અકસ્માત આવી પડેલા સૌભાગ્યરૂપ જ ગણાવી શકાય. હું ન જાઉં તો ખોટું લાગે એવા કેટલાયે મિત્રાદિકની એમના પુત્ર કે પુત્રીનાં લગ્નસમારંભ માટેની કંકોતરીઓ સમારંભ પતી ગયા પછી દસેક દિવસ બાદ મને અનેક ટપાલોને ટપાલીઓ વળી ગયા પછી, મને મળ્યા છે.

સામાજિક આપત્તિને કાળે મનુષ્યની ખરી માનવતાનાં દર્શન થાય છે એમ એક વિચારકે કહ્યું છે તે કેટલું સાચું છે તે આ ઉપદ્રવ દરમિયાન જણાઈ આવ્યું હતું. આમ તો કોઈ ઝેરની પડીકી પણ મફત આપતું નથી. એ માટે તો પૈસા ઉપરાંત ડોક્ટર કે વૈદ્યની ચિઠ્ઠી પણ માગે છે. પણ 'ફલુ' ના ઉપદ્રવ દરમિયાન ડૉક્ટરો, વૈદ્યો, હકીમો, હોમિયોપાથો, નેચરોપાથો ને તે ઉપરાંત ઘરગથ્થુ ઉપચારના જાણકારો સૌ સેવા, સલાહ ને સારવાર માટે આતુર બની દર્દી અને બિનદર્દી પાસે દોડી જતા. ઉકાળાઓ, એ.પી. ની ટીકડીઓ, હોમિયોપથીની ગોળીઓને પેનિસિલિન ને સ્ટ્રેપ્ટોમાઈસિનનાં ઈંજેક્શનો લોકોને મફત મળે એ માટે સ્થળે સ્થળે રાહતકેન્દ્રો ખોલવામાં આવ્યાં હતાં. દર્દીને ઈંજેક્શન આપવાના નહીં, પણ કયા ઈંજેક્શન લેવાં તેની સલાહ આપવાના પૈસા લેનાર મોટા ડૉક્ટરો પાઈ પણ લીધા વિના દર્દીઓને પોતે જાતે ઈંજેક્શન આપતા અને તે એક દિવસના દોઢસોને હિસાબે. મેડિકલ કૉલેજના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ પોતાનો હાથ બતાવીને મને કહ્યું હતું કે 'આ હાથે મેં એક જ દિવસમાં સાડીસાતસો માણસોને ઈંજેક્શન આપ્યાં છે અને એમાંના મોટા ભાગના તો દર્દી પણ નહોતા.' આશ્ચર્યમુગ્ધ બનીને હું એના હાથ સામે જોઈ રહ્યો. વિદ્યાર્થી અવસ્થામાં જ આણે આટલું ભારે કામ કર્યું છે, તો વખત જતાં ડૉક્ટર બનતાં એ શું નહીં કરે?

એ અરસામાં એક વાર મારે સવારના નવેક વાગ્યે એક પેઢીના માલિકોને, એમના કામ માટે મળવા જવાનું થયું. હું ગયો ત્યારે શેઠ છેક અંદરના ઓરડામાં કોઈક સાથે વાતચીત કરવાના કામમાં ગૂંથાયેલા હતા. દરવાજે મને બહારના ખંડમાં, એક ગુમાસ્તા જેવો બેઠો હતો તેની બાજુમાં બેસવાનું કહ્યું. એ ગુમાસ્તો હાથમાં ચાનો પ્યાલો રાખીને ધીમે ધીમે એમાંથી ઘૂંટડા ભરતો હતો. એને જોઈને મને થયું : ચા પીનારાનો ચહેરો આવો હોય-આવો ઉદાસ, જાણે ઝેર પીતો હોય તેવો! ચા પૂરી કરીને એણે પહેલાં રકાબીમાં ચાનો પ્યાલો અને પછી મુખમાંથી નિઃશ્વાસ મૂક્યો. એને જોઈને ઘણાં વર્ષો પર બનેલો એક પ્રસંગ મને અચાનક યાદ આવ્યો.

અમે પાંચ-છ મિત્રો સાઈકલ પર બેસીને દસ-બાર માઈલ બપોરને વખતે ફરી આવીને પાછા આવ્યા. ત્યારે તૃષાથી શુષ્ક બની ગયેલા કંઠે એક મિત્રે સૂચના કરી, 'આપણે કોઈ હોટલમાં જઈને ઠંડું પીણું પીએ.' પૈસો ખરચવાની વાત આવતાં એકદમ ઢીલા થઈ જનારા બીજા એક મિત્રે વાંધો કાઢ્યો, 'તાપમાં ફરી આવીને ઠંડું પીણું પીવાથી ન્યુમોનિયા થાય.' ત્રીજા મિત્રે કહ્યું, 'ભલે થાય.' ચોથો બોલ્યો, 'આપણે હોટલમાં જઈને દસેક મિનિટ આરામ લઈએ. પછી શું મંગાવવું, તેની ચર્ચા દસેક મિનિટ સુધી લઈએ. એ પછી 'બોય' ને ઓર્ડર આપીએ. 'બોય' ને લઈને આવતાં દસેક મિનિટ થશે. આમ અર્ધો કલાક નીકળી જશે એટલે પછી ઠંડું પીણું પીવામાં હરકત નહીં આવે.' પાકીટવાળું ખીસું હાથથી દબાવી વાંધો લેનાર મિત્રે કહ્યું, 'પણ મારો વિરોધ છે. નકામા પૈસા ને તબિયત બંને હું બરબાદ કરવા માંગતો નથી.' મેં કહ્યું, 'જેને જે પીવું હોય તે પીએ અને સૌ પોતપોતાના પૈસા આપે. પછી કંઈ વાંધો છે?' 'તો મારે વાંધો નથી.' એમણે જવાબ દીધો. અમે હોટલમાં ગયા. સૌએ પોતપોતાને પ્રિય એવું પીણું મંગાવ્યું. એક વારના પાનથી તૃષા ન છીપી એટલે બીજી વાર વળી બીજા પ્રકારનું પીણું મંગાવ્યું. ખીસા પર હાથ દબાવીને બેઠેલા પેલા મિત્રે પોતાને માટે બરફનું પાણી અને તે એક જ વાર મંગાવ્યું. હોટલનો છોકરો 'બિલ' લઈને આવ્યો અને સૌએ પોતપોતાના ભાગના પૈસા કાઢવા ગજવામાં હાથ નાખ્યો એટલે એક જણે મમરો મૂક્યો, 'દરેક જણ પોતપોતાના પૈસા આપે તે કોઈ રીતે સારું ન કહેવાય. મિત્રો વચ્ચે એવા વહેવાર હોઈ જ ન શકે. હું 'બિલ' ના પૈસા ભરી દઈશ.' એ સાંભળી બીજાએ કહ્યું, 'ના, હું આપું છું.' ત્રીજાએ કહ્યું, 'ના, હું.' એમ એક સિવાય સૌએ પૈસા પોતે આપે એવો આગ્રહ કરવા માંડ્યો. આખરે એક જણે તોડ કાઢ્યો કે 'એમ નહીં. આપણે દરેકના નામની ચિઠ્ઠી લખીએ અને 'બૉય' ની પાસે ચિઠ્ઠી ઉપડાવીએ. ચિઠ્ઠીમાં જેનું નામ નીકળે તે પૈસા આપે.' એક વિરુદ્ધ મતે ઠરાવ

પસાર થયો. ચિઠ્ઠીઓ લખાઈ. છોકરાને બોલાવી એની પાસે ચિઠ્ઠી ઉપડાવી. એણે ચિઠ્ઠી ઉપાડી કે તરત જ જેણે ચિઠ્ઠીઓ લખી હતી તેણે બાકીની બધી ચિઠ્ઠી લઈને ફાડીને કોઈની નજર ન પડે એમ દૂર ફેંકી દીધી. ચિઠ્ઠીમાં નામ નીકળ્યું પેલા માત્ર બરફપાણી મંગાવનારનું. 'હું શેનો પૈસા આપું?' મેં તો ફક્ત બરફપાણી જ પીધું છે, તેના બે પૈસા જોઈએ તો આપું.' એમ એણે પૈસા આપવાની ઘણી આનાકાની કરી, પણ અમારા સૌના આગ્રહ આગળ એનું કંઈ ચાલ્યું નહીં અને આખરે એને પૈસા આપવા પાડ્યા. એ પૈસા આપતી વેળ એમના મુખ પર જેવો ભાવ તરી આવ્યો હતો તેવો જ ભાવ મને પેલા ગુમાસ્તાના મોં પર ચા પૂરી કરીને એણે પ્યાલો પાછો મૂક્યો ત્યારે દેખાઈ આવ્યો. મને થયું કે કદાચ આજે આને ખર્ચે પેઢીમાંના સૌને ચા મળી હશે. ગરીબ ગુમાસ્તાને એ શી રીતે પોષાય? પણ કોઈ રીતે કોઈકે એને શીશામાં ઉતાર્યો હશે.

આંખમાં આવેલાં પાણી લૂછવા એણે ખીસામાંથી રૂમાલ કાઢ્યો ને એની નજર મારા પર પડી. 'આપ શેઠને મળવા આવ્યા છો?' એણે મને પૂછ્યું. 'હા'. મેં કહ્યું. 'આપ અંદરના ખંડમાં બેસો. શેઠ નવરા પડશે એટલે આપને બોલાવશે.' એણે કહ્યું.

હું અંદરના ખંડમાં ગયો. ત્યાં પાંચ છ કારકુનો બેઠા હતા. એ સૌ પણ ચા જ પીતા હોય એમ મને લાગ્યું. પણ એમનાં મોઢાં પણ પેલા ગુમાસ્તા જેવાં જ ઉદાસ ને ઊતરી ગયેલાં જણાયાં. મને થયું કે પેલા ગુમાસ્તાને શીશામાં ઉતારી એને ખર્ચે બધા ચાપાન કરે છે એવો મારો તર્ક ખોટો છે. નહીં તો આ લોકો પણ ચા પીતાં આમ ગમગીન કેમ બની જાય?

થોડી જ વારમાં શેઠે મને બોલાવ્યું. હું શેઠના ખંડમાં ગયો. શેઠ પણ ચા પીતા હતા. એમણે પૂછ્યું, 'કેમ લેશો?' 'હા, મને કંઈ-' 'વાંધો નથી' એમ હું કહેવા જતો હતો પણ અર્ધેથી જ અટક્યો. ચા પૂરી કરીને શેઠે ઓડકાર ખાધો, પહેલાં મને વાસ આવીને પછી શંકા આવી પણ આ કંઈ બીજું જ હશે તો? 'એ શું છે?' મેં પૂછ્યું, 'ઉકાળો પીવાથી મને નકામો જીવઉકાળો થાય છે.' 'અમારી પેઢીમાં એક જણ વૈદક જાણે છે. એણે આ ઉકાળો તૈયાર કરી આપ્યો છે. પેઢીના બધા જ માણસોને સવારમાં એક એક પ્યાલો ઉકાળો આપવાની મેં ગોઠવણ કરી છે. ઉકાળો બહુ અક્સીર છે. હજી સુધી કોઈ માંદું પડ્યું નથી.' શેઠે કહ્યું. 'રોજ સવારના પી શકાય એવી કોઈ વસ્તુ હોય તો તે ચા છે, ઉકાળો નહીં. આપણને એ ન ફાવે.' મેં કહ્યું. 'ભલે તમે ન પીતા, પણ ઘરમાં તો બીજાં બધાંને આપજો. હું તમારે ત્યાં થોડો મોકલી આપીશ.' એમણે કહ્યું અને બીજા દિવસે ઉકાળો મારે ત્યાં મોકલી પણ આપ્યો. એમની પેઢીના અગિયાર માણસોમાંથી આઠ જણા 'ફ્લુ' ના ઝપાટા હેઠળ આવી ગયા હતા. જે ત્રણ બચી ગયા હતા તેમણે ઉકાળો પીધો નહોતો એમ મને પાછળથી ખબર પડી.

ડૉક્ટર તરીકે નહીં, પણ દર્દી તરીકે હોમિયોપથીનો સારો અનુભવ લીધેલા એવા એક ભાઈએ વર્તમાનપત્રમાં જાહેરાત કરીને લોકોને જણાવ્યું હતું કે 'ફ્લુ' ને દૂર રાખવો હોય તો રોજ 'આરસેનિકમ આલ્બમ-૨૦૦' ની પાંચ ગોળીઓ દહાડામાં બે વાર લેવી. ઉકાળા કરતાં આ ઠીક પડશે એમ મારા મનમાં થયું. પણ પછી બીજા એક ભાઈએ 'આરસેનિકમ આલ્બમ' ને બદલે 'જેલ્સેમિયમ' ની ભલામણ એ જ વર્તમાનપત્રમાં કરી. ત્રીજા કોઈકે 'બ્રાયોનિયા' નામની દવાનું સૂચન કર્યું. હું વિચારમાં પડ્યો. હોમિયોપથીના નિષ્ણાત એવા એક ડૉક્ટરને મેં પૂછ્યું. એમણે કહ્યું, 'એ બધી દવાઓ ઠીક છે. પણ રોગ થયા પછી જે જે લક્ષણો જણાય, તે સૌનો વિચાર કરીને આમાંની લાગુ પડે તેવી દવા આપવી પડે છે. પણ ઇન્ફ્લુએન્ઝાને આવતો અટકાવવા માટે તો 'યુપેટોરિયમ' એ જ માત્ર અક્સીર ઔષધ છે.' એમની બાજુમાં બેઠેલા એક ભાઈએ જણાવ્યું, 'હોમિયોપથીની ખટપટમાં શું કામ પડો છો? એમાં તો તમે જમણી બાજુ દુઃખે છે કે ડાબી બાજુ? સૂઓ છો જમણે કે ડાબે પડખે કે ચત્તા? તરસ બહુ લાગે છે, થોડી લાગે છે કે લાગતી જ નથી, દુઃખ માથાના પાછલા ભાગથી શરૂ થઈને આગલા ભાગ તરફ આવે છે કે આગળથી શરૂ થઈ પાછલા ભાગ તરફ જાય છે, હલનચલનથી દુઃખ વધે છે કે ઘટે છે કે કંઈ જ ફેર પડતો નથી, પાણી ઘૂંટડે ઘૂંટડે પીઓ છો કે એકસામટું ઢીંચી જાઓ છો, એવા એવા અનેક સવાલો, જેના સાચા જવાબ ભાગ્યે જ કોઈ દઈ શકે, એ પ્રકારના ડૉક્ટરો પૂછે છે ને તે પ્રમાણે દવા બદલી બદલીને આપે છે. એના કરતાં 'બાયોકેમિક' ની 'ટશ્યુ રેમેડીઝ' લો. નેટ્રમસલ્ફ, કાલમ્યૂર ફેરમફોસ ને નેટ્રમમ્યૂર એ બધી ભેગી કરીને દિવસમાં ત્રણ વાર પાંચ પાંચ ગોળી લો. ઇન્ફ્લુએન્ઝા તમારી સામે પણ નહીં ફરકે.'

આ બધી સલાહથી મારી ગૂંચવણ ઊલટી વધી. ઘેર જઈને શાંત ચિત્તે મેં વિચાર કરી જોયો. બધા જ ધર્મોમાં જેમ સત્ય રહેલું છે, સર્વ ધર્મો પ્રત્યે સમભાવ રાખવો આવશ્યક છે. એટલું જ નહીં, બની શકે તો સૌ ધર્મોમાં રહેલાં ગૂઢ રહસ્યો ને સત્યોનો સમન્વય કરી વિશ્વધર્મની રચના કરવી એ સૌથી ઉત્તમ છે. એ જ રીતે મને પણ રોગનિવારણ માટેના આ બધા સંપ્રદાયો પરત્વે સમભાવ છે. સૌમાં કંઈ ને કંઈ ઉત્તમ તત્ત્વ રહેલું છે એવી મને શ્રદ્ધા છે. એટલે સર્વ ધર્મના સમન્વય પેઠે આ સર્વ પદ્ધતિઓનો ઇન્ફ્લુએન્ઝાની દવા પૂરતો - સમન્વય કરવાનો મેં નિર્ણય કર્યો. પેલા શેઠે મોકલાવેલા ઉકાળામાં પેનિસિલિન ને સ્ટ્રેપ્ટોમાઈસિન રેડીને પછી એમાં એ.પી. ની તથા બાયોકેમિક દવાઓની ટીકડીઓ તથા હોમિયોપેથીની ઉપર્યુક્ત ચારે દવાઓની ગોળીઓ બારીક વાટીને તેનું ચૂર્ણ બનાવી એમાં ઉમેરવું. એ પછી આઠગણા પાણીમાં એ બધી વસ્તુઓને ઉકાળીને બે ભાગ પાણી બાકી રહે ત્યારે ગાળી લેવું અને પછી કોઈક હકીમ જોડે ઓળખાણ હોય તો એની પાસેથી પાક લઈ આવી, એ પાક ખાઈને ઉપર પેલું ઉકાળાનું પાણી પી જવું. પરંતુ સર્વધર્મ સમન્વયના જેવી જ સ્થિતિ આ સર્વોષધિ સમન્વયની પણ થઈ. એનો અમલ જ ન થઈ શક્યો એટલી બધી ખટખટ કરે કોણ?

ઝાઝી ખટપટ વગર સહેલાઈથી થઈ શકે એવો કોઈક ઉપાય હોય તો તે વિષે વિચાર કરું એમ મને થયું.

એવો સહેલો ઉપાય બતાવનાર પણ એક જણ મળી આવ્યો. એણે કહ્યું, 'આ બધા લોકો નકામા ડૉક્ટરો ને વૈદ્ય ને હકીમને ત્યાં દોડ્યા જાય છે. અને છતાં એમને ફ્લુ થયા વિના રહેતો નથી. હું તમને સૌથી સહેલો, સોંઘો ને સાદો ઉપાય બતાવું.'

'બતાવો,' મેં કહ્યું.

'તમે ઘરનાં સૌ સવારના પહોરમાં નયણે કોઠે સાત સાત કાચા કાંદા ચાવી જાઓ. ઉપર પાણી ન પીવું.'

'ચા પીવાય?'

'ના.'

'કોફી?'

'નહીં.'

'તમારી વાત સાંભળી મને એક વાત યાદ આવે છે. વાત છે તો જૂના જમાનાની. પણ હમણાં જ મારા વાંચવામાં આવી.' મેં કહ્યું.

'કહો ત્યારે, મજા આવશે.' એમણે કહ્યું.

'એક હતો રાજા. એના દરબારમાં એક ચોરને ખડો કરવામાં આવ્યો. રાજાએ ચોરને સો ફટકા અથવા સો કાચા કાંદા એ બેમાંથી જે એને પસંદ પડે તે ખાવાની શિક્ષા ફરમાવી. ફટકા ખાવા કરતાં કાંદા ખાવા એ ઘણું સહેલું જ નહીં, પણ સ્વાદિષ્ટ પણ છે એમ માની એણે કાંદા ખાવાનો નિર્ણય કર્યો. પચીસેક કાંદા ખાતાં એની આંખમાં પાણી આવ્યાં ને જીવ ભમી ગયો. 'મારે કાંદા નથી ખાવા, ફટકા ખાઈશ.' એણે કહ્યું. પછી ફટકા શરૂ થયા. પંદરેક ફટકા ખાધા પછી પીડા અસહ્ય થઈ પડી એટલે એ બૂમ પાડી ઉઠ્યો : 'રહેવા દો, રહેવા દો. ફટકા નહીં, હું કાંદા જ ખાઈશ.' ફટકા બંધ થયા. એણે ફરી કાંદા ખાવાનું શરૂ કર્યું. પચીસ સુધી પહોંચ્યો ને પછી બેભાન થઈ જવા જેવું લાગ્યું એટલે બોલી ઊઠ્યો, 'જહન્નમમાં જાય કાંદા હું તો ફટકા જ ખાઈશ.' ફરી ફટકા શરૂ થયા. દસ જ ફટકે એ ગભરાઈ ગયો ને ફરી કાંદા ખાવાની માંગણી કરી. એમ કરીને એણે સો ફટકા ને સો કાંદા બંને ખાધા.'

'તમારો ટુચકો મજેનો છે. પણ તમારે ફટકા ખાવાના નથી. આ તો 'ફ્લુ' ને આવતો અટકાવવા માટેનો અક્સીર ઉપાય છે.'

'મને ભય છે કે કાંદાયે ખાવા પડશે ને 'ફ્લુ' ના ભોગ પણ થવું પડશે. અને આમેય કાંદા ખાવાના હોય તો ફ્લુ કંઈ ખોટો નહીં.' મેં કહ્યું.

મેં કોઈ ઔષધનો ઉપયોગ કર્યો નહીં. કાંદા પણ ખાધા નહીં. પરંતુ ઔષધના શ્રવણમાત્રથી અને કોઈક કોઈક દવા ઘેર લાવી કબાટમાં રાખી મૂકવાથી હું 'ફ્લુ' ના હુમલામાંથી અત્યાર સુધી મુક્ત રહી શક્યો છું.

અમુક દિવસ અચૂક મળવાનો વાયદો એક ભાઈને મેં કર્યો હતો. પણ કોણ જાણે કેમ હું એ વીસરી ગયો. એ પછી અચાનક એક દિવસ મને રસ્તામાં એ મળી ગયા. 'અરે! તે દિવસે અમે તમારી કેટલી વાટ જોઈ? તમે આવશો ધારી બે ચાર મિત્રોને પણ બોલાવ્યા હતા. નાસ્તાપાણીની પણ તૈયારી રાખી હતી. પણ તમે તો દેખાયા જ નહીં. અમે બહુ વાટ જોઈ. આખરે અમને થયું કે તમે ઇન્ફ્લુએન્ઝાથી પટકાઈ પડ્યા હશો. મોટા મોટા ધરખમ માણસો પટકાઈ પડ્યા તો તમારું શું ગજું? હવે કેમ છે?'


'સારું છે.' મેં મંદ અથવા માંદલું સ્મિત કરતાં કહ્યું.

'હજી બરાબર સાચવજો. ફ્લુ ગયા પછી પણ એની અસર લાંબો વખત રહે છે.'

'હું જાણું છું.' એમના ગયા પછી મને થયું, મેં મારી જોડે મૈત્રીભાવ રાખતા ફ્લુને આવતો અટકાવવાનો વિચાર પણ કર્યો એ ઠીક ન કહેવાય. એક વૃદ્ધ વૈષ્ણવ હંમેશ કહેતા કે 'સુરતની હવેલીવાળા મોટા મહારાજ સાથે મારે લગભગ ઘરવટ જેવું છે.' એકવાર મહારાજ સાથે મુંબઈ પધાર્યા અને ઠેકઠેકાણે મોટા મોટા માણસોને ત્યાં એમની પધરામણી થઈ, પણ પેલા વૃદ્ધ વૈષ્ણવને ઘેર એ ન ગયા. એ વૃદ્ધજનને બહુ ખોટું લાગ્યું. 'આટલે બધે ઘેર એ જાય અને મારી સાથે આટલો જૂનો સંબંધ છતાં મારે ત્યાં જ ન આવ્યા.' એમના જેવી કંઈક લાગણી મને ફ્લુ માટે થઈ. આમ બીજે સ્થળે ન જતાં વારંવાર આવનાર મારો એ મિત્ર આવી ધામધૂમથી આવ્યો. આવ્યો ને અસંખ્ય લોકોની મહેમાનગીરી ચાખી આવ્યો પણ મારે ત્યાં જ ન આવ્યો! સુદામાએ કૃષ્ણ માટે કહ્યું હતું તેમ એને માટે કહેવાનું મન થાય છે, 'એ જઈ બેઠો સિંહાસન ચડી, મારે તુંબડી ને લાકડી!' એ ફ્લુ મોટા મોટા માણસને ત્યાં જઈને બેઠો ને મારા નસીબમાં તુંબડી ને લાકડી જેવાં સામાન્ય શરદીને અપચો જ રહ્યાં.

પણ શોક કરવાનું કારણ નથી એમ વૈદ્યો તથા ડૉક્ટરોએ, ઇન્ફ્લુએન્ઝા અહીંથી લગભગ જતો રહ્યા પછી, જે નિવેદનો કર્યા છે તે પરથી મને લાગે છે. હજી ફરી પાછો એ આવશે. પેલા ઉર્દૂ કવિએ કહ્યું હતું તેમ એ પણ કહેતો ગયો છે કે 'હું કંઈ વીતી ગયેલો વખત નથી કે 'ફિર આ ભી ન શકું.' ક્યારે આવશે એ વિષે નિષ્ણાતોમાં મતભેદ છે. એક વૈદ્યરાજ કહે છે કે એ રોગ વાત ને કફપ્રધાન છે એટલે વરસાદ જામતાં એ ફરી પાછો આવશે. એક ડૉક્ટરે જાહેર કર્યું છે કે વરસાદ વીતી ગયા પછી ફરી ગરમી પડશે ત્યારે ઓક્ટોબરમાં એ આવશે. એ ગમે તે હોય, એ જુલાઈ-ઓગસ્ટમાં કે ઓક્ટોબરમાં ગમે ત્યારે પણ પાછો આવશે અને ફરી આવશે ત્યારે આવા માંદલા જેવા સ્વરૂપે નહીં આવે, પણ પૂર્ણ કલાથી પ્રકાશતો, પોતાના તેજથી તારા જેવા અન્ય સર્વ રોગોને ફીકા કરી નાખતો આવશે. અત્યારે 'ફ્લુ' આવ્યો હતો તે તો 'હવે પછી' આવનારી ફિલ્મના ટ્રેઈલર જેવો હતો. ખરેખરી ફિલ્મ હવે પછી રજૂ થવાની છે.

એટલે ફ્લુની મુલાકાતથી જે મારા જેવા કેટલાક એના મિત્રો વંચિત રહી ગયા હોય તેમને નિરાશ થવાનું કારણ નથી.



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : અજ આંઉ ફલેટ મેં મથે આવ્યોતે તેર નીચે મડે છોરા ઊભા વા ને ગાલ્યું ક્યાં તે ક મગનબાપાજો છોરો સ્ટેટ્સ મેં વ્યો... સ્ટેટ્સમેં વ્યો... ત હી ઓચિંતો કુરો નક્કી થ્યો ને કેંકેં મગનબાપા પાર્ટી પણ ન ડેના ને ચોરીછુપીસે અમેરિકા હલાય ડેંનાં... સે જરા તપાસ ત કર એડો કુરો થ્યો સે કેંકે જાણ પણ ન ક્યાં?

બચુડો : (તપાસ કે ને ચેં) મગનબાપાજો છોરો અમેરિકા નાય વ્યો પણ સ્ટેટ્સમેં વ્યો અતરે સ્ટેટેસ્ટીક્સમેં નાપાસ થે વ્યો.

## ખિલજા મ ભલા

પતિ : (પત્નીને) તું મારા જીવનનો ચાંદ બનીશ?

પત્ની : (ખુસ થઈને) હા જરૂર... એ જ તો મારી મનોકામના છે.

પતિ : તો પછી તું મારાથી ત્રણ લાખ ચોર્યાસી હજાર કિ.મી. દૂર જતી રહે.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : કેમ આમ અડધી રાતે દોઢ વાગે ઉઠીને બેઠા થઈ ગયા?

પતિ : આ તો તારો મોબાઈલ વાગ્યો એટલે જાગી ગયો અને જોયું તો તને કોઈએ સંદેશ મોકલ્યો છે ‘બ્યુટીફુલ.’ તો આ અડધી રાતે તને મેસેજ કોણે મોકલ્યો છે અને ૭૦ વર્ષે પણ તું કોને બ્યુટીફુલ લાગે છે?

પત્ની : વિચારમાં પડેલી પત્નીએ ફોન ખેંચી હાથમાં લીધો અને જોયું અને કહ્યું ચશ્મા પહેરીને વાંચો. આમાં બ્યુટીફુલ નથી લખ્યું પણ ‘બેટરી ફૂલ’ એવો મેસેજ આવ્યો છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : અલ્યા ચમન, સ્કૂલમાં દાખલ થવા માટેના ફોર્મમાં તે તારું નામ - પિતાનું નામ તો લખ્યું છે પણ મધર ટંગમાં કંઈ લખ્યું નથી. તો શું લખવાનું છે?

ચમન : સાહેબ, લખી લ્યો... વેરી વેરી લોંગ.

☺ ☺ ☺ ☺ ☺

રમીલા : (શાકભાજી વેચનારીને) હું અહીં દસ મિનિટથી ઊભી છું પણ તું જોતી જ નથી ને ડબ્બા ભરી ભરી શાકભાજી પર પાણી છાંટતી જ જાય છે... આમ કેમ?

શાકભાજીવાળી : આ તો બધી ભાજીઓ રાતના ઊંઘમાં સરી પડે છે. તેમની ઊંઘ ઉડાડવા માટે પાણી છાંટી તેમને ભાનમાં લાવું છું.

☺ ☺ ☺ ☺ ☺

જમના : આજે તમે મને એવી બે વાત કરો કે એકને સાંભળીને હું ખૂબ ખુશ થઈ જાઉં અને બીજી વાત સાંભળીને બહુ જ નારાજ થઈ જાઉં.

જમનાદાસ : પહેલી વાત એ કે તું જ મારી જિંદગી છે.

જમના : અને બીજી વાત?

જમનાદાસ : ધૂળ પડી આવી જિંદગીમાં.

☺ ☺ ☺ ☺ ☺

મણિબેન : તું આખી દુનિયા ફરી લે પણ તને મારા જેવી બીજી નહીં મળે.

મણિલાલ : તું તારો વહેમ કાઢી નાખજે કે હું બીજી પણ તારા જેવી જ શોધીશ.

☺ ☺ ☺ ☺ ☺

મનુ : તારા પપ્પાની દાઝ્યા પર ડામ દેવાની ટેવ હજુ પણ ગઈ નથી.

માનસી : કેમ તમને એવું લાગ્યું?

મનુ : મને આજે પણ આટલા વરસ પછી પૂછ્યું કે તું મારી પુત્રી સાથે ખુશ છે ને?

☺ ☺ ☺ ☺ ☺

પ્રિયંકા : તમે દગાબાજ નીકળ્યા. તમારે ગર્લફ્રેન્ડ હતી તે મને કેમ ન કહ્યું?

પ્રિયાંક : તું ખોટું ન બોલ. મેં તને કહ્યું હતું કે હું તને રાણીની જેમ રાખીશ.

પ્રિયંકા : એટલે? સમજ ન પડી.

પ્રિયાંક : એ જ કે એનું નામ રાણી છે.

☺ ☺ ☺ ☺ ☺

મનોરમા : આ વખતે વેકેશનમાં ક્યાં જવાનું છે?

મનોજ : જહાં ગમ ભી ન હો... બસ ખુશી જ હોય... માત્ર ખુશી..

મનોરમા : એવું તો કદાપી નહીં બને. કારણ તમે જ્યાં જવાના, ત્યાં હું તો આવવાની જ છું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

આ અંક આપના હાથમાં આવશે ત્યારે પાર્શ્વ કલ્યાણક જે પોષ દશમી પર્વ તરીકે આરાધવામાં આવે છે તે આરાધવામાં આવતું હશે.

જૈન ધર્મના ચોવીસ તીર્થંકરો છે. ભારતભરમાં ઘણાં દહેરાસરજી છે. આ દહેરાસરજીમાં જુદા જુદા તીર્થંકરો મૂળનાયક તરીકે બિરાજે છે પરંતુ તેમાંથી શ્રી આદિનાથ પ્રભુજી, શ્રી શાંતિનાથ પ્રભુજી, શ્રી પાર્શ્વનાથ પ્રભુજી અને શ્રી મહાવીર સ્વામી પ્રભુજી મૂળનાયક તરીકે બિરાજતા હોય તેવા દહેરાસરજીની સંખ્યા વધારે છે અને તેમાંય શ્રી પાર્શ્વનાથ પ્રભુજી બિરાજતા હોય તેવા દહેરાસરજીની સંખ્યા કદાચ સૌથી વધારે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનો મહિમા એવો છે કે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન વિશેષ રીતે ભણાવવામાં આવે છે.

## ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ દર્શન

આજે આપણે શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ નામ સાથે તે તીર્થ વંદના કરીએ...

**પાર્શ્વનાથ દાદા તારા ૧૦૮ નામ**
***એક એક નામ લેતા, મારા કર્મ ખપે તમામ...***
***તને અંતરથી વંદન મારા નાથ***
***પાર્શ્વનાથ મારા પ્રભુ પાર્શ્વનાથ...***

**૧. શ્રી નવસારી પાર્શ્વનાથ ભગવાન - નવસારી**
*નવસારીના છો નાથ પારસ નામ તુજ ચિંતામણિ,*
*વરતા જનો કામિત કૃપાથી આપની સોહામણી;*
*સારક તમે સેવક તણા વારક વિભાવોના સદા,*
*રીઝો પ્રભુ મુજ ઉપરે જેથી વરું શિવસંપદા..*

**૨. શ્રી ઉંમરવાડી પાર્શ્વનાથ ભગવાન - સુરત**
*હે ઉમ્રવાડી પાર્શ્વ! ખાસ પ્રભાતમાં પ્રાર્થું તને,*
*શુભ સત્ય ઉમ્રજનક વિભો મુજ આત્મજન્મ દીયો મને;*
*વાતો કરી હરખાઉં તારી સાથ બસ એ યાચના,*
*જેથી હું પામું સત્ત્વ છાંડું તત્ત્વથી સુખ કાચના...*

**૩. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાન - સુરત**
*હે પાર્શ્વ! સહસ્ત્રફણા સુશોભિત આપ ખડ્ગાસન ધણી,*
*મુરતિ અજાયબ વિશ્વમાં પરચાપ્રદા પારસમણિ;*
*જે ભક્ત નીરખે તારા જીવને સર્વદા નંદનવની,*
*જિન કમઠ પ્રતિ કરુણા કરી તિમ આપજો સંજીવની.*

**૪. શ્રી દુઃખભંજન પાર્શ્વનાથ ભગવાન - સુરત**
*હે પાર્શ્વ! દુઃખભંજન તમારું નામ સાર્થક જાણતો,*
*તુજ ભક્તિથી સહુ દુઃખરહિત પળને હું પુણ્યે માણતો;*
*તેથી પ્રભાતે દોડી દોડી આવતો તુજ દર્શને,*
*વાંદી વરું સુવિચાર સંધી આપના શુભ સ્પર્શને...*

**૫. શ્રી સૂરજમંડણ પાર્શ્વનાથ ભગવાન - સુરત**
*હે સૂરજમંડન પાર્શ્વનાથ સહું કરું તુજ સર્વને,*
*તુજ દર્શયોગે માણતાં સૌ ભક્ત જીવન પર્વને;*
*આનંદ ને કલ્યાણકારી સંપ્રદાપ્રદ આપની,*
*નિષ્ઠા ધરી મેં નાથ પીડા ટાળજે ભવતાપની...*

**૬. શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ ભગવાન - રાંદેર**
*હે સર્વ વિઘ્ન વિદારનારા વિઘ્નહર પારસ પ્રભો,*
*રાંદેર તીરથે રાજતા વરદાનના દાતા વિભો;*
*ઝંખી રહી મુજ ચેતના અબ હાથ મારો ઝાલજો,*
*ભવનાં ભયાનક વિઘ્ન ટાળી શિવસદનમાં પાળજો...*

**૭. શ્રી કલ્હારા પાર્શ્વનાથ ભગવાન - ભરૂચ**
*કલ્યાણકર કલ્હારનામા પાર્શ્વને પ્રણમી પ્રગે,*
*જે ભક્ત નિજ કારજ કરે તે હોય વિખ્યાતા જગે;*
*એવો પ્રચંડ પ્રભાવ તારો પામવા થનગને,*
*સદ્યોગ પુણ્ય પ્રયોગપ્રદ સિદ્ધિ પમાડોને મને...*

**૮. શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન - ગંધાર**
*અમૃત ભરેલી આપ અકીયા જોવતાં અખીયા કરી,*
*મીટ્યા બધાયે દોષ મારા આંખ ગુણદૃષ્ટિ વરી;*
*જન્મ ભયો મુજ સફળ આજે આપ દર્શ પ્રયોગથી,*
*રાત્રિ વીતી ઉગી ઉષા ગંધારભૂષણ યોગથી...*

**૯. શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ ભગવાન - ડભોઇ**
*દર્ભાવતીના નાથ હે પ્રગટ પ્રભાવી તુ જ્યો,*
*ભાવઠ બધી ભવની નિવારક તુમ થકી દિલ ઉમહ્યો;*
*વણજાર સર્વ વિકારની નાઠી પ્રભાવે તાહરા,*
*તીર્થાધિરાજ હું તુમ કને માંગુ દીયો સુખ માહરા...*

**૧૦. શ્રી લોઢણ પાર્શ્વનાથ ભગવાન - ડભોઇ**
*હે પાર્શ્વ લોઢણ પ્રભુ તમે છો સર્વ સમયે જાગતા,*
*વાંછિત સુખો મન ધારી ભવિ સૌ આપ ભક્તે લાગતા;*
*સાચા સનેહે આપ કેરા સર્વ સંપદ પાવતા,*
*તેથી પ્રભો! શિવ હેત સેવક ગુણ ગાવતા...*

**૧૧. શ્રી વિમલ પાર્શ્વનાથ ભગવાન - છાણી**
*છે પાર્શ્વ નિર્મલકાર સાચું વિમલ નામ તુમારડું,*
*છાયાપુરીના સ્વામ શુદ્ધિ હેત તુજ પાયે પડું;*
*ભૂલ્યો કદીયે ના ભૂલે જયું બાળ નિજ મા-બાપને,*
*યાદો સતાવે તુમ તણી તિમ ના ભૂલું કદીયે તને...*

**૧૨. શ્રી સ્તંભન પાર્શ્વનાથ ભગવાન - ખંભાત**
*હે પાર્શ્વ! તુજ દર્શન તણી ઈચ્છા થકી પણ ભક્તને,*
*માસક્ષમણનું ફળ મળે જિન! તુજ પ્રભાવે રક્તને;*
*છો પુણ્યગિરિ સ્તંભિતકરા સ્તંભન તમારું નામ છે,*
*મુજ આત્મગુણ વિકસાવવા બસ એક તારું કામ છે...*

**૧૩. શ્રી કંસારી પાર્શ્વનાથ ભગવાન - ખંભાત**
*આત્મરિપ અઘ કંસના વિઘ્નાપહારી આપથી,*
*હે પાર્શ્વ કંસારી પ્રભો! સાન્વર્થ અભિધોલ્લાપથી;*
*ઘાતિ અઘાતિ સર્વ મુજ પાપો અનાદિના ટળે,*
*હો ટેક તારી એક ઝટ જીવ આપને શિવમાં મળે...*

**૧૪. શ્રી રત્નચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન - ખંભાત**
*ત્રિરત્નદાતા રત્નચિંતામણિ અભિધા પાસનું,*
*છે બિંબ અનુપમરૂપ હેતુ આત્મઘટ ઉજાસનું;*
*મુજ નયનથી નિરખી તને હું નિર્વિકારી દશા ચહું,*
*ખંભાત સ્વામ તને જુહારી પુણ્ય પ્રગતિ હું લહું...*

**૧૫. શ્રી સોમચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન - ખંભાત**
*ખંભાતમાં ઉદિત થયો શુભ ચંદ્ર દોષ નિવારકો,*
*શ્રીકાર પારસ સોમ ચિંતામણ અભિધા સારકો;*
*પદ્માવતી પરચા પૂરે પ્રભુ આપ સેવક લોકને,*
*મેં પણ જુહાર્યો સ્નેહથી મહેરે મને અવલોકને...*

**૧૬. શ્રી ભુવન પાર્શ્વનાથ ભગવાન - ખંભાત**
*હે ભુવન પારસનાથ ત્રિભુવનમાં ગવાતા છો તમે,*
*સમરે સદા જે નામ તારું તાસ આપદ ઉપશમે;*
*નવ ખંડ ધારક આપ યોગ અખંડ સુખકારક સદા,*
*ત્રંબાવતીના નાથ રહેજો મુજ હૃદયમાં સર્વદા...*

**૧૭. શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાન - ખેડા**
*ખેટકપુરે વાત્રક કિનારે તીરથ તારું શોભતું,*
*હે પાર્શ્વ ભીડભંજન પ્રભો! ભક્ત તણું મન લોભતું;*
*ભાંગે સદાયે ભીડ સઘળી નામ સાર્થક આપનું,*
*ભવભીડહર મુજ હેત અબ ઝટ ખોલ શિવનું બારણું...*

**૧૮. શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાન - અમદાવાદ**
*શ્યામળ તમારું રૂપ પણ ઉજ્જવળ કરે સૌ દાસને,*
*શ્યામળ તમારું નામ પણ પૂરણ કરે સૌ આશને;*
*હે રાજનગરી પાર્શ્વ! અબ પાવન કરો મુજ શ્વાસને,*
*પૂજન કરું પૂરણ થવા હિયડે ધરી વિશ્વાસને...*

**૧૯. શ્રી મુલેવા પાર્શ્વનાથ ભગવાન - અમદાવાદ**
*પરગટ પ્રભાવધરા પ્રભો વિનવું તને હું વળી વળી,*
*મુજપે કરો કીરપા મુલેવા પાર્શ્વ જિનવર એટલી;*
*છો કરણપંચક ગુણરૂપા હો કરણપંચક ગુણકરા,*
*કર્ણાવતીના નાથ વંદન આપને કરું અઘહરા...*

**૨૦. શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ ભગવાન - અમદાવાદ**
*હ્રીંકારમાં ધરણેન્દ્ર પદ્માપૂજિત પાર્શ્વ મનોહર,*
*હ્રિંકારનામા નાથ બિંબ અનુપ તુજ વિશ્વંભરુ;*
*છે શ્યામ ક્રાંતિ આપનીમ મહા મોહ વિષહર તું મણિ,*
*જીવ જીવનકારક રાજનગરે સ્વામ તું સંજીવની...*

**૨૧. શ્રી સુખસાગર પાર્શ્વનાથ ભગવાન - અમદાવાદ**
*છો સુખતણા સાગર પ્રદાતા, નામ તુજ સુખસાગરૂ;*
*સઘળાય સુખ દેવા સહારો, બિંબ તુજ ઉજાગરૂ;*
*સાર્થક તમારું નામ પારસ, પલક પણ વિસરાય ના,*
*શોધ્યો જડે ના ખલકમાં, તો સમ સુખાકર છાય ના...*

**૨૨. શ્રી પદ્માવતી પાર્શ્વનાથ ભગવાન - નરોડા**
*પદ્માવતી પરચા પૂરે અહોનિશ તુજ ભક્તો પ્રતિ,*
*તેથી જ પદ્માવતી અભિધા પાર્શ્વ તુજને નતિ તતિ;*
*નગરી નરોડા ભૂષણ ભાવઠ ભાંગ મારી ભવ તણી,*
*મુજ રાગદ્વેષના દંદ હરણી, કર કૃપા ચિંતામણિ...*

**૨૩. શ્રી મુહરી પાર્શ્વનાથ ભગવાન - ટીંટોઇ**
*દુઃખદુરિય પાસ મુહરી, ઈમ કહી થુણતા ગણી,*
*હે પાર્શ્વ ગૌતમ સ્વામ ગુંથે નામ જગ ચિંતામણિ;*
*દર્શન તમારું દોહીલું, ના મહેર મહોર વિના મળે,*
*તુજ દર્શની લહેરે ભવિકની આપદા સઘળી ટળે...*

**૨૪. શ્રી પોસીના પાર્શ્વનાથ ભગવાન - નાના પોશીના**
*ફરકે ધ્વજા આગાહી કરતી, તુજ શિખર પર સર્વદા,*
*આવી રહ્યો યાત્રિક થઈને, સ્થિર તે કેહતી મુદા;*
*ચમકાર તુજ ચાતક નજરથી દેખાવા સ્ફુર આવતા,*
*પોસીન પારસનાથ જોતા નજર હર્ષ ના માવતા...*

**૨૫. શ્રી વિઘ્નાપહાર પાર્શ્વનાથ ભગવાન - મોટા પોશીના**
*પોસીન મોટા તીરથનાયક, નામ તુજ લલચામણું,*
*વિઘ્નાપહારી સર્વ વિઘ્ન, વિદારવા તુજ આંગણું;*
*હે પાર્શ્વ! એક જ વિઘ્ન અપહારી કરમનું આપજો,*
*મુજને સ્વભાવદશા સુખંકર, નામ સાર્થકતા ભજો...*

**૨૬. શ્રી સ્ફુલ્લિંગ પાર્શ્વનાથ ભગવાન - વિજાપુર**
*ગ્રહરોગ મારી દોષનાશક, સર્વ દુઃખહર તમે,*
*સ્ફુલિંગ પારસનાથ તારા, નામથી આપદા શમે;*
*વિદ્યાપુરે વિખ્યાત તીરથધામ સ્વામ કૃપા કરો,*
*આગ્રહ અને સંગ્રહ તણી, વૃત્તિ નિવારી ભવ હરો...*

**૨૭. શ્રી નાગફણા પાર્શ્વનાથ ભગવાન - વિહાર**
*નાગેન્દ્ર નિજ સગ ફેણધારી, શિર ઉપર સેવા કરે,*
*હે પાર્શ્વ નાગફણા કૃપાથી, આપ શિવમેવા વરે;*
*ભેટે ભવિક ભાવે, તુજ તીર્થધામ વિહારમાં,*
*પ્રણમી કહુ મુજ સમભય, નાશક દીયો મુક્તિ રમા...*

**૨૮. શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાન - વીસનગર**
*કલિકાળમાં પણ આણ તુજ, કલ્યાણપદ જાવા ભલી,*
*કલ્યાણ પારસનાથ મુરત, આપની પુણ્યે મળી;*
*હે વિસનગરના નાથ તુજ શ્વેતાંગ જોતા દિલ ઠરે,*
*દુર્ધ્યાન ટાળી હૃદય ધારા, ધર્મની નિશ્ચે વરે...*

**૨૯. શ્રી મનોરંજન પાર્શ્વનાથ ભગવાન - મહેસાણા**
*હે નાથ! મૂરત આપની, ભયભંજણી મનરંજણી,*
*અધ્યાતમ શિખર પામવા, આરોહણી ભવગંજણી;*
*શુભ સેતતિપામી પસાયે, આપ નૃપ આશા ફળી,*
*વંદુ મનોરંજન સુનામુ, આપ ચરણે લળી લળી...*

**૩૦. શ્રી સુલતાન પાર્શ્વનાથ ભગવાન - સિધ્ધપુર**
*હે નાથ! સિધ્ધદશા તણા, સૌ સુખ દેવા આપણી,*
*સુલતાન પારસનાથ મૂરત, આપણી સોહામણી;*
*સુરત્રાણ પણ સુલતાની તુજ, શ્રધ્ધા થકી નિશ્ચે વર્યો,*
*હે સિધ્ધપુર તીર્થેશ યોગે, આપના હું નિસ્તર્યો...*

**૩૧. શ્રી ડોસલા પાર્શ્વનાથ ભગવાન - ધોતા, સકલાણા**
*સૌ પાપ ધોતા નાથ સકલણા ભૂમિમાં શોભતા,*
*છો સંપ્રતિ નિર્મિત પ્રભો સૌ ભક્તમના મન લોભતા;*
*ઉજ્જવળ દશાકર મુખ તમારું સ્મિતભર્યું સુસ્તી હરે,*
*હે ડોસલાભિધ પાર્શ્વ યોગે, આપના દિલડું ઠરે...*

**૩૨. શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ ભગવાન - પાલનપુર**
*પાલ્હણપુરેશ જિનેશ છો જયકાર પ્રહલાદન પ્રભુ,*
*આલ્હાદ પામ્યો નાથ નિરખી, આપની શોભા વિભુ;*
*અક્ષત મુડા અહોનિશ ભાવથી ભક્તો ધરે,*
*અહો પાર્શ્વ પરચો આપનો, જાણી હૃદય વિસ્મય વરે...*

**૩૩. શ્રી ભીલડિયા પાર્શ્વનાથ ભગવાન - ભીલડિયાજી**
*શ્રી તીર્થભીલડી નાથ પારસ, નામ ભીલડિયા મળ્યા,*
*મહા પુણ્યનાં પરગટ પ્રભાવે, આંગણે સુરદ્રુમ ફળ્યા;*
*નાની છતા લ્હાણી કરે, મહા ભાગ્યની સહુ ભવ્યને,*
*મૂરત મહોધ્યકાર ભાળી, આજ હૈયું થનગને...*

**૩૪. શ્રી આનંદા પાર્શ્વનાથ ભગવાન - ઉંબરી**
*આનંદના દાતાર પામી, પાર્શ્વ આનંદા તને,*
*હે ઉંબરી ભૂષણ પ્રતિ તો, વાત કરવા થનગને;*
*ભક્તિ ભરેલું હિયડું મારું, નાથ જ્ઞાને નિહાળીને,*
*કીરપા કરી ભવથી ઉગારો, હાથ મારો ઝાલીને...*

**૩૫. શ્રી ચારૂપ પાર્શ્વનાથ ભગવાન - ચારૂપ**
*આષાઢી શ્રાવક ભાવથી, પડિમા ભરાવે આપની,*
*ને પ્રાણ પૂરતો ભક્તિ કરતો, પીડ હરે ભવતાપની;*
*તે નાથ ચિદ્રુપતા પ્રદાતા, પાર્શ્વ ચારૂપ વંદતા,*
*ચિત્તે વરી ચમકાર યોગે, ભક્ત સહુ આનંદતા...*

**૩૬. શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાન - પાટણ**
*પંચાસરા પારસ પ્રણમતા, પુણ્યથી ધરી નેહને,*
*ચાતક સમુ મુજ ચિત્ત ઝંખે આપ કીરપા મેહને;*
*સહજાત્મ સુખને પામવા, અહોનિશ રહું તુજ ધ્યાનમાં,*
*રાગે તમારા સંગ છોડ, ભવ તણો વરૂં શિવરમાં...*

**૩૭. શ્રી કોકા પાર્શ્વનાથ ભગવાન - પાટણ**
*કોકાભિધયક પાર્શ્વ પૂજા, આપની ઉદયંકરી,*
*પ્રહરે બીજે શંખેશ પારસ, યોગની સિદ્ધિ કરી;*
*સંતાપ ટાળ્યો નાથ કોકા, શેઠને સમણે કહી,*
*તિમહી નિવારો પાર્શ્વ મારા, પાપ સૌ દોષો સહી...*

**૩૮. શ્રી કંકણ પાર્શ્વનાથ ભગવાન - પાટણ**
*વીંછુ તણા વિષને વિદારી, વિશ્વનાં વાંછિતકરા,*
*હે વિચ્છુલાભિધ પાર્શ્વ છો, જીવના જીવન વિઘનો હરા;*
*વિષયતણા વિષને નિવારી, નાથ નિર્વિષયી કરો,*
*હે પાર્શ્વ કંકણ દાસના, વિશ્વાસને હૃદયે ધરો...*

**૩૯. શ્રી મહાદેવા પાર્શ્વનાથ ભગવાન - પાટણ**
*મમતા પ્રભો મહાદેવ પારસ, આપની મનમાં વસી,*
*જગમાં તું મોટો દેવ પામી, ચેતના મુજ ઉલ્લસી;*
*હે પાર્શ્વ! તારી ભક્તિ કરતાં, રંક પણ રાજા બને,*
*હું પણ ચહું શિવસંપદા, સેવા કરી તારી કને...*

**૪૦. શ્રી કંબોઇયા પાર્શ્વનાથ ભગવાન - પાટણ**
*કંખે હૃદય પ્રભુ માહરૂં, હે પાર્શ્વ! તવ ચરણે ઝૂકી,*
*બોધિ દિયો જેથી બને, ભવની સ્થિતિ મારી ટૂંકી;*
*ઈશ્વર ભજતા તજું, નશ્વર સુખો ભવત્રાસના,*
*યાહોમ કરી કંબોઈયા, યોગે હણુ ભવ ભાવના...*

**૪૧. શ્રી ધિંગડમલ્લ પાર્શ્વનાથ ભગવાન - પાટણ**
*ધિંગાણં કરતાં મોહને, માર્યો તમે ક્ષણવારમાં,*
*ગઢ તે જીત્યો શિવનો પ્રભો, પારસ તમારા પ્યારમાં;*
*હું પણ બનીને મલ્લ ટાળું, મોહને નિશ્ચય કરી,*
*હે પાર્શ્વ ધિંગડમલ્લ દ્યો, બળ એટલું સહેજે જરી...*

**૪૨. શ્રી વાડી પાર્શ્વનાથ ભગવાન - પાટણ**
*ચૌમુખ મંદિર ચિહં દિસે, શ્રી પાર્શ્વ વાડી શોભતા,*
*સૌ ગુણ કુસુમની વાટિકા, ગુણ હેત મનને લોભતા;*
*છો જન્મના વૈરી, ઝવેરીવાડ પાટણ મંડના,*
*વામેય વાડી! મુજ વિદારો, જનુમરણ વિડંબના...*

**૪૩. શ્રી નારંગા પાર્શ્વનાથ ભગવાન - પાટણ**
*હે નાથ! હસતું મુખ તમારું, નિરખતા મુજ પીડ હટે,*
*છો સાથ અક્ષયપદ પ્રદાતા, તુજ થકી મુજ ભવ કટે;*
*હે દેવ! રાજ્ય વિશાળ તારું, શિવનગરનું આપજે,*
*નારંગ પારસનાથ મુજને, નિજ હૃદયમાં સ્થાપજે...*

**૪૪. શ્રી ટાંકલા પાર્શ્વનાથ ભગવાન - પાટણ**

*ચારુ તમારું રૂપ પારસ, ટાંકલા મુજને ગમે,*
*રૂપી સ્વરૂપ તમારું જોતા, નિજ સ્વરૂપમાં મના રમે;*
*તો ચરણકમળે પલપલે, હું દુઃખ ને દોષો દળું,*
*જીવન બનાવી તુજ ચરણયોગે તને શિવમાં મળું...*

**૪૫. શ્રી ચંપા પાર્શ્વનાથ ભગવાન - પાટણ**

*વણકર પ્રતોલી મધ્યમાં શ્રીપત્તને સુરવૃક્ષશ્યા,*
*ચંપક તણા સુમને પૂજાતા, પાર્શ્વ ચંપા મન વસ્યા;*
*ચંપક શીતલ - પંચોપચારી, પૂજના પાતિક હરે,*
*શ્રી પાર્શ્વ ચંપા વંદના કરતા બધા કારજ સરે...*

**૪૬. શ્રી ગંભીરા પાર્શ્વનાથ ભગવાન - ગાંભુ**

*અરચા કરી રોજે રૂપૈયો, તવ પૂજારી પામતો,*
*તો હુંફથી વટ ધરતો, ગંભીર રહી સુખ ભાળતો;*
*નિજ ભક્તની ભીડ-ભંજના હે પાર્શ્વ ગંભીરા વિભો,*
*વાંદી વદુ ગાંભીર્ય દો, મુજને જરી ગાંગુ પ્રભો...*

**૪૭. શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન - ચાણસ્મા**

*ભાવે ભટેવો આજ ભેટ્યો, નગર ચાણસમાવનિ,*
*લ્હાવો લીધો જીવન તણો, પુણ્યાઈ મુજ વાધી ઘણી;*
*પદપદ્મ પ્રેમ - ભુવનભાનુ, દિક્ખ - શિક્ષાને વરી,*
*પાર્શ્વેશ પેખ્યો ભવકિનારો, સેવ તારી આદરી...*

**૪૮. શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાન - કંબોઇ**

*મનમોહન મૂરત તમારી, નામ મનમોહન ધરા,*
*કંબોઈ તીર્થપતિ પ્રભાવી, પાર્શ્વજિન! દેજો વરા;*
*ઉલટ ધરી વાંદ્યો તને, ઉલટું કરો મન માહરૂં,*
*નમતો રહુ અવિરત તને, નિજ આત્મહિતને આદરૂં...*

**૪૯. શ્રી જોટીંગડા પાર્શ્વનાથ ભગવાન - મુંજપુર**

*હે મુંજપુર માલિક કરોને દૃષ્ટિ મુજ ઉપર અમી,*
*ઝોટીંગ પારસનાથ! જેથી જાય મુજ પાપો શમી;*
*ધ્યાને ધરી તુજને પ્રભો! બનવું હવે ઈંદ્રિયમયી,*
*સૌ કર્મની કરૂં નિર્જરા, બસ આપના ચરણે રમી...*

**૫૦. શ્રી શંખલા પાર્શ્વનાથ ભગવાન - શંખલપુર**

*સૌ સૌખ્યની શુભ શૃંખલા, સરજાય જાસ પ્રભાવથી,*
*તે પાર્શ્વ શંખલપુરપતિ, પ્રણો પ્રગે સૌ ભાવથી;*
*દીપક તણી જ્યોતિ વિષે મુજ, સર્વ પાપ પ્રજાળતી,*
*પરમા પ્રતાપી આપ મૂરત, દિવ્ય દૃષ્ટિ આલતી...*

**૫૧. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન - શંખેશ્વર**

*પ્રણિધાનથી અઠ્ઠમ કરી, પ્રભુ નેમિવયણે શ્રી હરિ,*
*પદ્મા થકી પામી તને ટાળ્યા વિઘનને સૌ અરિ;*
*નિજ શંખ ફુંકીને સુહાયા, મહીતલે ઈશ્વરપદે,*
*તિમ પાર્શ્વ શંખેશ્વર મને પણ, સ્થાપજે ઝટ શિવપદે...*

**૫૨. શ્રી ગાડલીયા પાર્શ્વનાથ ભગવાન - માંડલ**

*માંજે અવિરત મોહને વળી, આંખને આંજી રહી,*
*ડગલું ભરે જે તો પ્રતિ, તારા ભાગ્યની સીમા નહીં;*
*લગની વરે સૌ મૂરત યોગે, આપની શિવની સહી,*
*માંડલપતિ હે પાર્શ્વ ગાડલીયા પધારો ઉર મહીં...*

**૫૩. શ્રી શેરીસા પાર્શ્વનાથ ભગવાન - શેરીસા**

*શેરી બની તવ ન્હવણ નીર પૂરે ભરાણી સાંકડી,*
*સબ તીર્થ ભોમ બની વિભાજી, શેરીષાભિધ ને કડી;*
*એવો અજબ ઈતિહાસ તારો, સાંભળી મન ઉમહ્યું,*
*શેરીષ પારસ ભેટી તુજને, આજ મેં સમકિત લહ્યું...*

**૫૪. શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાન - ધોળકા**

*કલિકાળમાં કલિમલ નિવારક, કુંડશ્યા કીરતાર હૈ,*
*કલિકુંડ પારસ! આપ દર્શન દૃષ્ટિ મુજ અહોનિશ ચહે;*
*તારા દરસથી દિવસ જાવે, નિજવશી પ્રભુ સર્વદા,*
*વિશ્વેશ! ભેટી, ભાવથી પાયો, હું સમકિત સંપદા...*

***(ક્રમશઃ)***

## NanoNine *Sudoku*

*ઓક્ટોબર-૨૦૧૭ના અંકમાં છપાયેલ*
*સુડોકુ-૧૦૯૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

| | | |
|---|---|---|
| ૧. | રીતલ ગાંધી | - અમદાવાદ |
| ૨. | મહેન્દ્ર મહેતા | - અમદાવાદ |
| ૩. | જયસુખ સંઘવી | - અમદાવાદ |
| ૪. | અવંતી દંડ | - અમદાવાદ |
| ૫. | શાંતિલાલ શાહ | - અમદાવાદ |
| ૬. | કશિશ શાહ | - અમદાવાદ |
| ૭. | નીના ગોરજી | - અમદાવાદ |
| ૮. | મીના પરીખ | - અમદાવાદ |
| ૯. | ઉષ્મા શાહ | - અમદાવાદ |
| ૧૦. | સ્મિતા શાહ | - અમદાવાદ |
| ૧૧. | સરોજ શાહ | - અમદાવાદ |
| ૧૨. | જયેશ મહેતા | - અમદાવાદ |
| ૧૩. | નિખિલ પરીખ | - અમદાવાદ |
| ૧૪. | રોનક શાહ | - અમદાવાદ |
| ૧૫. | ડૉ. અતુલ ધરોડ | - અમદાવાદ |
| ૧૬. | ઝરણા પારેખ | - અમદાવાદ |
| ૧૭. | ભાવના શાહ | - અમદાવાદ |
| ૧૮. | વર્ષા શાહ | - અમદાવાદ |
| ૧૯. | મીત મહેતા | - અમદાવાદ |
| ૨૦. | પ્રભા શેઠિયા | - વલસાડ |
| ૨૧. | ઉષા સંઘવી | - રાઉરકેલા |
| ૨૨. | ચંદનબેન શાહ | - અગાસ |
| ૨૩. | સોનલ પોલડિયા | - નાગપુર |
| ૨૪. | પલક ગડા | - સોલાપુર |
| ૨૫. | હેમલતા ગંગર | - અડાલજ |
| ૨૬. | હેમલતા દેઢિયા | - અડાલજ |
| ૨૭. | નીરલ કુબડિયા | - ગાંધીધામ |
| ૨૮. | એશવંતી પારેખ | - અંજાર |
| ૨૯. | પ્રતીક પારેખ | - સિકંદ્રાબાદ |
| ૩૦. | લતા મોમાયા | - પૂના |
| ૩૧. | સરોજબેન ચંદુરા | - સુરત |

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ** : ૧. પલક ગડા – સોલાપુર
૨. એશવંતી પારેખ – અંજાર
૩. ભાવના શાહ – અમદાવાદ

## NanoNine® શબ્દ રમત-૧૩૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | ૫ | | | ૬ | ૭ |
| | | ૮ | | | | ૯ | | | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | | | | ૧૩ | ૧૪ | ૧૫ | | | |
| ૧૬ | | | ૧૭ | | ૧૮ | | ૧૯ | | | ૨૦ | |
| | ૨૧ | ૨૨ | | | ૨૩ | ૨૪ | | | | | |
| ૨૫ | | | | ૨૬ | | | | | ૨૭ | | ૨૮ |
| ૨૯ | | | ૩૦ | | | ૩૧ | | ૩૨ | | ૩૩ | |
| | | ૩૪ | ૩૫ | | ૩૬ | | | | | ૩૭ | |
| ૩૮ | ૩૯ | | ૪૦ | ૪૧ | | | ૪૨ | | ૪૩ | | |
| | ૪૪ | ૪૫ | | | | ૪૬ | | | ૪૭ | ૪૭એ | |
| ૪૮ | | | ૪૯ | | ૫૦ | | ૫૧ | ૫૨ | | | |
| | | ૫૩ | | | ૫૪ | | ૫૫ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૧૨-૨૦૧૭)*

### આડી ચાવીઓ

૧. શરીરનો એકાદ અંગ રહી જવાનો રોગ, પક્ષાઘાત (૩)
૩. આવવું ને જવું તે (૫)
૬. કર્મ, કૃત્ય, ઈચ્છા, વાસના (૨)
૮. તોફાન, મસ્તી, કનડગત (૩)
૯. બજારનું વલણ, અટકળ (૨)
૧૦. છેડો, પાલવ (૩)
૧૧. કપાળ, ભાલ (૩)
૧૩. એક સુગંધીદાર વનસ્પતિ, મરવો (૩)
૧૬. અફવા, ઊડતી વાત (૨)
૧૯. બોલ બોલ કરનારું, ધાંધલિયું (૫)
૨૧. ખેદાન મેદાન, જમીનદોસ્ત, ફના (૩)
૨૩. ફાડ્યા વિનાનું લાંબુ એકસરખું લૂગડું (૨)
૨૬. હારબંધ, હારદોર (૪)
૨૭. આકૃતિ, ઘાટ (૩)
૨૯. નાયક, આગેવાન, લીડર, ______ પટેલ (૪)
૩૩. ઘટાડો, ખોટ, ઘડો, હૃદય (૨)
૩૪. રીસાવું તે (૨)
૩૬. દડો, શબ્દ વચન (૨)
૩૭. કચ્છનું સફેદ ______ જોવાલાયક છે (૨)
૩૮. કિનારો, કાંઠો, આરો (૨)
૪૦. જાનવરોનો ખેલ બતાવનાર (૩)
૪૨. દારૂ, શરાબ, મદ્ય, સુરા (૩)
૪૪. બાજઠ, મોટો પાટલો (૨)
૪૬. વચ્ચે, મધમાખીઓએ ભેગો કરેલો ફૂલનો રસ (૨)
૪૭. રાણી (૩)
૪૮. મંદ સ્મિત, હર્ષ (૪)
૫૦. રેખાની એક સુંદર ફિલ્મ : ______ જાન (૪)
૫૧. ફરિયાદ (૨)
૫૩. તાબે, શરણે, કાબૂ (૨)
૫૪. ______ તે ______ બીજા વગડાના વા (૧)
૫૫. પ્રવાહીથી ભરેલું, તરબોળ (૫)

### ઊભી ચાવીઓ

૧. છેક પાસે, અડીને (૪)
૨. ધરપકડ કરવાનો સરકારી પરવાનો (અં.)(૩)
૩. દલાલી, ના વતી કામ કરવું તે (૩)
૪. વિષ્ણુનું વાહન (૩)
૫. એક જાતનું રેશમી કાપડ (૪)
૬. કર્મ, કૃત્ય, વાસના (૨)
૭. અંતઃકરણ, દિલ, મરજી (૨)
૧૨. પત્તા વગરનું, ગુમ (૩)
૧૪. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૧૫. રજ્જુ માર્ગ, લોખંડના દોરડાનો પૂલ, પર્વત ઉપર જવા ______નો ઉપયોગ કરવામાં આવે છે (૩)
૧૭. પાણીનો કુંડ (૨)
૧૮. દશા, નસીબ (૩)
૨૦. મૈં તે ભૂલ ચલી બાબુલ કા દેશ, ______ પ્યારા લગે (૫)
૨૨. વટેમાર્ગુ, મુસાફર (૪)
૨૪. શોરબકોર, ઘોંઘાટ (૪)
૨૫. વ્યાયામ (૪)
૨૮. રટન (૩)
૩૦. રીત, રિવાજ, ઢોંસા સાથે ખાવાનું દાળ જેવું પીણું (૩)
૩૧. નિર્ણય, ઉકેલ, જમીન ખેડવાનું ઓજાર (૨)
૩૨. શરૂઆત વગરનો પદાર્થ, ઉત્પત્તિ રહિત, આદિ ______ (૩)
૩૫. સોગન, સમાન (૨)
૩૬. ગાંસડી, ગુણ (૨)
૩૯. ડાકુ, પોસ્ટ (૩)
૪૧. પૈસો, કિંમત, મૂલ્ય (૨)
૪૨. મધ્ય રાત્રિ (૪)
૪૩. રઘુપતિ રાઘવ રાજા ______ (૨)
૪૫. ટકાઉપણું, મજબૂતાઈ (૩)
૪૬. મારું, બાળભાષામાં ખાવાનું (૨)
૪૭એ. પાપડની એક પ્રખ્યાત બ્રાન્ડ (૩)
૪૮. આશ્રમ, મઢ, એક કઠોળ (૨)
૪૯. અનિમેષ નજર (૨)
૫૦. પાર્વતી (૨)
૫૧. રાત્રિ, રજની (૨)
૫૨. વરરાજા, પતિ, વરદાન (૨)

*એવી કોઈ રાત્રિ નથી જેના પછી કોઈ સૂર્યોદય ન થયો હોય.*

## NanoNine® શબ્દ રમત-૧૩૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રા | ત | પા | ળી | ■ | પા | રા | વા | ર | ■ | સ | ખા |
| ગ | ર | મ | ■ | મા | ત | બ | ર | ■ | સા | દા | ઇ |
| ડો | ■ | ર | તાં | ધ | ળું | ■ | સ | ત | ત | ■ | ■ |
| ■ | સ | ■ | દ | વ | ■ | સુ | દા | મા | ■ | સ | ન |
| મ | ગ | દ | ળ | ■ | શ | ■ | ર | મ | ત | વા | ત |
| ગ | ર | ■ | જો | હુ | ક | મ | ■ | ■ | ■ | શે | ■ |
| જ | ■ | સુ | ■ | જ્ઞ | ■ | ક | રિ | યા | વ | ર | ■ |
| ■ | આ | ર | પા | ર | ■ | સ | ■ | ■ | ખ | ■ | સા |
| ક | ળ | ત | ર | ■ | બા | દ | શા | હ | ■ | દે | હ |
| ■ | પં | ■ | કું | ■ | ગા | ■ | સ્થા | ■ | દિ | વ | સ |
| ■ | પા | ક | ■ | ■ | ચ | થા | ર્થ | ■ | ■ | દા | ■ |
| ન | ળ | દ | મ | યં | તી | ■ | ■ | ઉ | દા | સી | ન |

*માસ ઓક્ટોબર-૨૦૧૭ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૩૩ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. પીન્ટુ પટેલ - અમદાવાદ
૩. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૪. પ્રવીણ છેડા - અમદાવાદ
૫. જયસુખ સંઘવી - અમદાવાદ
૬. મહેન્દ્ર મહેતા - અમદાવાદ
૭. નરેન્દ્ર સંઘવી - અમદાવાદ
૮. દમયંતી દંડ - અમદાવાદ
૯. ચંદ્રા માંડલિયા - અમદાવાદ
૧૦. નવલ શાહ - અમદાવાદ
૧૧. જશવંત કોઠારી - અમદાવાદ
૧૨. કશિશ શાહ - અમદાવાદ
૧૩. મીના પરીખ - અમદાવાદ
૧૪. ચંદ્રકાંત શાહ - અમદાવાદ
૧૫. લક્ષ્મીબેન ખત્રી - અમદાવાદ
૧૬. નીના ગોરજી - અમદાવાદ
૧૭. સ્મિતા શાહ - અમદાવાદ
૧૮. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૯. મહેન્દ્ર પુજ - અમદાવાદ
૨૦. માધુરી ડાઘા - અમદાવાદ
૨૧. ભાનુ શાહ - અમદાવાદ
૨૨. સરોજ શાહ - અમદાવાદ
૨૩. ચેતના વોરા - અમદાવાદ
૨૪. જયેશ મહેતા - અમદાવાદ
૨૫. નિખિલ પરીખ - અમદાવાદ
૨૬. રોનક શાહ - અમદાવાદ
૨૭. રંજન શાહ - અમદાવાદ
૨૮. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૨૯. જિત શાહ - અમદાવાદ
૩૦. ભાવના શાહ - અમદાવાદ
૩૧. વર્ષા શાહ - અમદાવાદ
૩૨. મૂકેશ મૈશેરી - અમદાવાદ
૩૩. મીત મહેતા - અમદાવાદ
૩૪. શોભના દંડ - અંકલેશ્વર
૩૫. ધારા ગડા - અંકલેશ્વર
૩૬. હરખચંદ ગડા - અંકલેશ્વર
૩૭. પ્રભા શેઠિયા - વલસાડ
૩૮. જયાબેન ગડા - સોલાપુર
૩૯. હર્ષા મહેતા - ગાંધીધામ
૪૦. ઉષા સંઘવી - રુરકેલા
૪૧. નેમજી ગંગર - અડાલજ
૪૨. હસમુખ દેઢિયા - અડાલજ
૪૩. જતીન પારેખ - અંજાર
૪૪. સરોજ શાહ - અગાસ
૪૫. રૂપલ શાહ - નાગપુર
૪૬. જાગૃતિ પારેખ - સિકંદ્રાબાદ
૪૭. ડૉ. પ્રદીપ ખોના - ગદગ
૪૮. દિનેશ શાહ - પૂના
૪૯. રાજકુમારી શાહ - અમદાવાદ
૫૦. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૫૧. નલિની શેઠ - અમદાવાદ
૫૨. સરોજબેન ચંદુરા - સુરત
૫૩. જ્યોતિબેન ગડા - અમદાવાદ
૫૪. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૫૫. મૃદુલા ચોક્સી - અમદાવાદ
૫૬. સાવિત્રી જેસરાણી - મુંબઈ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. પીન્ટુ પટેલ – અમદાવાદ
૨. માધુરી ડાઘા – અમદાવાદ
૩. મૂકેશ મૈશેરી – અમદાવાદ

GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

## NanoNine® Sudoku

**ઓક્ટોબર-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૯૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**
**જુઓ : પાના નંબર-૭૮**

## ગાંધીજીની નઈ તાલીમ વ્યાખ્યા

*'જુઓ, આ નઈ તાલીમનું કામ મારા જીવનનું છેલ્લું કામ છે. ભગવાને એને પૂરું કરવા દીધું તો હિંદુસ્તાનનો નકશો જ બદલાઈ જશે. આજની કેળવણી તો નકામી છે. જે છોકરાઓ શાળા-કોલેજોમાં શિક્ષણ મેળવે છે તેમને અક્ષરજ્ઞાન ભલે મળતું હોય, પણ જીવનને માટે અક્ષરજ્ઞાન ઉપરાંત બીજું પણ કંઈક છે. એ અક્ષરજ્ઞાન આપણાં બીજાં અંગોને નકામાં બનાવી દે તો કહીશ કે, મારે તમારું જ્ઞાન નથી જોઈતું...*

*સારાંશ એ કે, હરેક પ્રકારના શરીરશ્રમ કરનારા જોઈએ અને તેની સાથે સાથે સૌને માટે અક્ષરજ્ઞાન પણ જોઈએ. જે જ્ઞાન મુઠ્ઠીભર લોકોની પાસે જ હોય તે મારે કામનું નથી. હવે સવાલ એ છે કે, સૌને એ જ્ઞાન કેવી રીતે મળે? એ વિચારમાંથી નઈ તાલીમનો જન્મ થયો છે.*

*હું તો કહું છું કે, નઈ તાલીમ સાત વરસના બાળકથી નહીં, માના ગર્ભથી શરૂ થવી જોઈએ. એનું રહસ્ય તમે સમજી લો. મા પરિશ્રમ કરનારી હશે, વિચારવાન હશે, વ્યવસ્થિત હશે, સંયમી હશે તો બાળક પર એના સંસ્કાર માના ગર્ભમાંથી જ પડશે.'*

*— મહાત્મા ગાંધી*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૯૨ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૨-૨૦૧૭સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ફેબ્રુઆરી-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૯૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 3 | | | 8 | | | 9 | 2 |
| | | | 3 | | 4 | 5 | 6 | |
| 5 | | 7 | | | 2 | | | 4 |
| | 2 | | | | | 9 | 8 | 1 |
| 4 | | 9 | | 3 | 1 | | | |
| | 6 | | | | 8 | | | |
| 1 | | 6 | 7 | 2 | | 3 | | 8 |
| | | 8 | | | 3 | | | |
| | 7 | | | 4 | | | 1 | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | | 8 | | 2 | 3 | |
| | 5 | | | | 6 | 7 | 9 | |
| | | 9 | 2 | 1 | | | | 4 |
| | 2 | | | | 1 | 8 | | |
| 1 | 8 | | 9 | | | | 7 | 6 |
| | 9 | | 6 | 3 | | | 2 | |
| 9 | | 8 | | | 2 | 4 | | |
| | | 7 | | 6 | 3 | | | 2 |
| 3 | | 2 | 4 | | | | | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | 9 | 1 | | | | 4 |
| | 6 | | | | | 2 | 3 | |
| 8 | 9 | | | 2 | | 1 | | 7 |
| 7 | | 3 | 6 | | | | | 5 |
| | 4 | 9 | 3 | 5 | | 7 | | |
| | | | | | 8 | 6 | 9 | |
| | 3 | 7 | | | 9 | | 1 | |
| 9 | | 6 | | | | | 4 | 2 |
| | | | 1 | 3 | 4 | 9 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | 9 | | | | | 4 | 3 |
| | | | 2 | 8 | | 9 | 5 | |
| 2 | | 3 | | 4 | 9 | | | |
| 7 | | 5 | | | 4 | | 9 | 2 |
| | | 8 | 6 | | 2 | 5 | | |
| | 9 | | 3 | | | | | 8 |
| 9 | 8 | | | 3 | | 1 | | 4 |
| | 3 | 7 | | 2 | 1 | | | |
| | 2 | | | | | 7 | | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૯૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 4 | 8 | 3 | 5 | 7 | 2 | 6 |
| 7 | 8 | 6 | 2 | 1 | 4 | 9 | 5 | 3 |
| 3 | 2 | 5 | 7 | 6 | 9 | 8 | 4 | 1 |
| 4 | 7 | 2 | 9 | 8 | 6 | 3 | 1 | 5 |
| 6 | 3 | 8 | 5 | 7 | 1 | 2 | 9 | 4 |
| 9 | 5 | 1 | 4 | 2 | 3 | 6 | 7 | 8 |
| 5 | 4 | 3 | 6 | 9 | 7 | 1 | 8 | 2 |
| 8 | 1 | 9 | 3 | 4 | 2 | 5 | 6 | 7 |
| 2 | 6 | 7 | 1 | 5 | 8 | 4 | 3 | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 3 | 4 | 5 | 8 | 7 | 1 | 9 | 2 |
| 8 | 1 | 2 | 3 | 9 | 4 | 5 | 6 | 7 |
| 5 | 9 | 7 | 6 | 1 | 2 | 8 | 3 | 4 |
| 3 | 2 | 5 | 4 | 7 | 6 | 9 | 8 | 1 |
| 4 | 8 | 9 | 2 | 3 | 1 | 7 | 5 | 6 |
| 7 | 6 | 1 | 9 | 5 | 8 | 4 | 2 | 3 |
| 1 | 5 | 6 | 7 | 2 | 9 | 3 | 4 | 8 |
| 9 | 4 | 8 | 1 | 6 | 3 | 2 | 7 | 5 |
| 2 | 7 | 3 | 8 | 4 | 5 | 6 | 1 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 6 | 5 | 8 | 9 | 2 | 3 | 1 |
| 2 | 5 | 1 | 3 | 4 | 6 | 7 | 9 | 8 |
| 8 | 3 | 9 | 2 | 1 | 7 | 5 | 6 | 4 |
| 6 | 2 | 3 | 7 | 5 | 1 | 8 | 4 | 9 |
| 1 | 8 | 5 | 9 | 2 | 4 | 3 | 7 | 6 |
| 7 | 9 | 4 | 6 | 3 | 8 | 1 | 2 | 5 |
| 9 | 6 | 8 | 1 | 7 | 2 | 4 | 5 | 3 |
| 5 | 4 | 7 | 8 | 6 | 3 | 9 | 1 | 2 |
| 3 | 1 | 2 | 4 | 9 | 5 | 6 | 8 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 2 | 9 | 1 | 6 | 8 | 5 | 4 |
| 5 | 6 | 1 | 8 | 4 | 7 | 2 | 3 | 9 |
| 8 | 9 | 4 | 5 | 2 | 3 | 1 | 6 | 7 |
| 7 | 8 | 3 | 6 | 9 | 1 | 4 | 2 | 5 |
| 6 | 4 | 9 | 3 | 5 | 2 | 7 | 8 | 1 |
| 1 | 2 | 5 | 4 | 7 | 8 | 6 | 9 | 3 |
| 4 | 3 | 7 | 2 | 6 | 9 | 5 | 1 | 8 |
| 9 | 1 | 6 | 7 | 8 | 5 | 3 | 4 | 2 |
| 2 | 5 | 8 | 1 | 3 | 4 | 9 | 7 | 6 |

# અન્ય સંસ્થાના સમાચાર

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ - હૈદ્રાબાદ

શ્રી કુલપાક તીર્થ યાત્રી સંઘના તત્ત્વાવધાનમાં સમસ્ત જૈનો માટે મહા મંગલકારી નવકાર મહામંત્ર જાપ હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. આ હરીફાઈમાં ભાગ લેનારે પેપરની એક બાજુ સુંદર અક્ષરમાં શુદ્ધ લેખન યુક્ત શ્રી નવકાર મહામંત્ર ૧૦૮ વાર લખી મોકલવાનું રહેશે.

નવકાર મંત્રનું જાપ લખતા લખતા તમારા મનમાં શ્રી કુલપાક તીર્થ યાત્રી સંઘ પ્રત્યે જે પ્રતિભાવ ઉત્પન્ન થાય તે લખીને સાથે મોકલવાનું છે. આ લેખન માટે અક્ષર મર્યાદા નથી. ગુજરાતી, હિંદી, અંગ્રેજી ભાષામાં લખી શકો છો. પ્રવેશ ફી રૂપે રૂા. ૧,૦૦૦/-નો "Shri Kulpakji Teerth Yatri Sangh" ના નામનો ડ્રાફ્ટ બનાવી મોકલવાનો રહેશે. તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ સુધી શ્રી સંઘના સરનામે (૩-૪-૨૧૫/એ, આર.કે. કોમ્પ્લેક્સ, બેંક ઓફ ઇન્ડિયાની ઉપર, કાચીગુડા, હૈદ્રાબાદ-૫૦૦ ૦૨૭. ફોન : (૦૪૦) ૬૬૩૬૨૫૪૫, ૨૭૫૬૨૫૪૫) મોકલવાનો રહેશે. તા. ૧ માર્ચ, ૨૦૧૮ સુધી આ હરીફાઈનો નિર્ણય બહાર પાડવામાં આવશે તથા સ્પર્ધકોને જણાવવામાં આવશે.

*પ્રથમ પારિતોષિક : રૂા. ૨૧,૦૦૦ રોકડા*
*દ્વિતીય પારિતોષિક : રૂા. ૧૧,૦૦૦/- રોકડા*
*તૃતીય પારિતોષિક : રૂા. ૫,૦૦૦/- રોકડા*
*પાંચ પ્રોત્સાહન પારિતોષિક : રૂા. ૨,૦૦૦/- રોકડા (પ્રત્યેકને)*

વિજેતાઓને તા. ૮ એપ્રિલ, ૨૦૧૮ના આયોજિત શ્રી કુલપાકજી તીર્થ યાત્રામાં હૈદ્રાબાદથી લઈ જવામાં આવશે તથા તીર્થ ક્ષેત્રે આયોજિત વિશેષ સમારંભમાં પારિતોષિકથી નવાજવામાં આવશે. પોતાના ગામથી હૈદ્રાબાદ સુધીના રેલવેની આવવા-જવાની સ્લીપર ક્લાસના ટિકિટના પૈસા આપવામાં આવશે.

***વિશેષ નોંધ :*** સમારંભમાં ઉપસ્થિત વિજેતાઓને જ પારિતોષિક આપવામાં આવશે. પારિતોષિક પાછળથી મોકલવામાં નહીં આવે.

પારિતોષિક આપવાનો લાભ લેવા ઇચ્છનાર, સંચાલક : શ્રી હંસકુમાર સાયલા (મો. ૯૨૪૬૫ ૩૨૫૪૫)નો સંપર્ક કરે.

## મુંબઇ વિશે અવનવું

★ મુંબઈમાં પહેલા કચ્છી ૧૮૪૧માં આવ્યા.
★ ૧૮૦૬ સુધી મુંબઈમાં વાઘ - વરુ - દીપડા ફરતા હતા.
★ ૧૮૩૦માં ૩ આને શેર દૂધ, આઠ આને શેર ઘી મળતું.
★ બોરી બંદરમાં ૧૫ રૂપિયા મણ મીઠાઈ મળતી.
★ પહેલું રેલવે સ્ટેશન કોલાબા હતું.
★ બાંદ્રા સ્ટેશન ૧૮૮૯માં, માટુંગા ૧૮૦૨માં અને વિલેપાર્લે ૧૮૦૬માં બંધાયું.
★ મુંબઇ સેન્ટ્રલ ટર્મિનસ ૧૮૩૦માં ખૂલ્યું. બાંધકામનો ખર્ચ રૂા. ૧૫૯ લાખ થયેલ.
★ ગીરગામમાં કેશવજી નાયકની ૧૬ ચાલીઓ હતી, જે રૂા. ૧૮ હજારમાં વેચાઇ.
★ ૧૮૭૪-૭૫માં હરિશ્ચંદ્ર નાટક ધોબી તળાવમાં ૧૧૦૦ વાર ભજવાયું હતું.
★ પહેલી ટ્રામ ૧૯૦૫માં શરૂ કરનાર વિઠ્ઠલદાસ હતા.
★ મુંબઇ યુનિવર્સિટીની સ્થાપના ૧૮૫૭માં થઈ.
★ પત્નીને પ્રતિક્રમણ માટે સમયની ખબર પડે તે માટે શેર બજારના ઉસ્તાદ પ્રેમચંદ રાયચંદે રાજાબાઈ ટાવર રૂપિયા બે લાખમાં બંધાવેલ.
★ ઈલેક્ટ્રિક ટ્રામની શરૂઆત ૧૯૦૭માં અને મોટર બસ ૧૯૨૬માં શરૂ થયેલ. ભાતબજાર ફુવારો કેશવજી નાયકે રૂપિયા ૨૩ હજારમાં બંધાવેલ.
★ પ્રથમ મુંબઈ બંધ સામ્યવાદી નેતા એસ.એ. ડાંગેએ કરાવેલ.
★ મહાનગર પાલિકા બિલ્ડિંગનો પાયો ૧૮૮૪માં નંખાયેલ હતો. ખર્ચ રૂપિયા ૧૩ લાખ થયેલ.
★ ૧૮૩૧માં એવરેજ જમીનની કિંમત રૂા. ૧/- પ્રતિ ચોરસ ફૂટ હતી.
★ ૧૮૨૬માં મુંબઈમાં ૨૪૨૯ કૂવા હતા તથા ૨૯૦ તળાવો હતા.
★ મુંબઈમાં પહેલીવાર કાર ચલાવનાર જે.આર.ડી. તાતાના માતાજી હતા.

***પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ.***
***મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮***

★ *માણસનો પોતાનો પડછાયો પણ અંધકારમાં સથવારો આપતો નથી.*
★ *'સન્માન' એ કંઈ 'ઈન્સ્ટન્ટ કોફી' જેવી ચીજ નથી. તેને મેળવવા માટે 'સમર્પણ' કરવું પડે છે.*
★ *સૃષ્ટિ નો સ્વભાવ સહજતાથી આપવાનો છે. સંઘર્ષ તો માનવી ઊભો કરે છે.*



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **પ્રવાસીઓના ધસારાથી કચ્છ છલકાયું :** ગરમીનો પારો ૪૨°સે. બતાવવા છતાં પણ કચ્છમાં માતાના મઢની, માંડવી દરિયા કિનારાની, સફેદ રણની તથા ભુજ ખાતે લાખો પ્રવાસીઓએ મુલાકાત લીધેલ હતી. આમ દીપોત્સવી પર્વ અને વેકેશનની મજા પ્રવાસીઓએ માણી હતી. તેવી જ રીતે કાળા ડુંગર ખાતે આવેલ દત્ત શિખરે ગુરુ દત્તાત્રેયને પણ માથું ટેકવ્યું હતું. કચ્છની હોટલો, ધાર્મિક સ્થળો પ્રવાસીઓથી ઉભરાઈ ગયા હતા. કચ્છનો પ્રવાસન સૂર્ય મધ્યાહને નિખરતો હતો.

★ **કચ્છી તબીબ યુવતીનું યુ.કે.માં સન્માન :** કચ્છના સાહિત્યકાર ધીરેન્દ્ર મહેતા અને નૂતન મહેતા - ભુજની પુત્રી ડૉ. વેણુ મેવચા (એફ.આર.સી.એ.) વર્ષ ૨૦૧૭ના ડૉ. વિલ્કિન્સ મેમોરિયલ પ્રાઇઝની વિજેતા બની છે. ડૉ. વેણુની 'ફર્સ્ટ રેઈટ એનેસ્થેટિસ્ટ'નું આ સન્માન તેની નિર્ણય શક્તિને આધારે આપવામાં આવ્યું છે. ડૉ. વેણુ બર્મિંગહામમાં પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કૂલની મેડિકલ વિભાગમાં સેવા આપે છે.

★ **કચ્છના લાકડિયામાં રેલવે વેગન ફેક્ટરી :** કેન્દ્રની અગાઉની યુપીએ સરકાર દ્વારા થયેલ જાહેરાત મુજબ રેલવે કોચ ફેક્ટરી નિર્માણ ન થતાં આખરે કચ્છના ચોપડવા અને લાકડિયા ખાતે કચ્છની પ્રથમ વેગનની ફેક્ટરી મુંબઈની ઓરિએન્ટલ ફાઉન્ડ્રી પ્રોડક્ટ્સ પ્રા.લિ. દ્વારા શરૂ થઈ ગયેલ છે. જેમાં વેગન બનાવવા અંગેની તમામ માળખાકીય સુવિધાઓ વિકસાવેલ છે. વેગનના છુટા ભાગો ચોપડવામાં બનાવવામાં આવે છે જ્યારે લાકડિયાના ૮૦ x ૮૦ના વિશાળ શેડમાં વેગન તૈયાર થાય છે. તે શેડમાં વેગનના બધા જ ટેસ્ટ કરવામાં આવે છે.

★ **શુધ્ધ પાણી યોજના :** રાપર ખાતે રાજ્યમાં પ્રથમ બનેલો પીવાનું પાણી ફિલ્ટર કરીને લોકોને પૂરું પાડવા અંગેનો ફિલ્ટર પ્લાન્ટની યોજનાનું લોકાર્પણ કરાયું હતું. રૂા. ૧૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ આ યોજનાથી રાપરની જનતાને પીવાનું ફિલ્ટર કરેલ શુધ્ધ પાણી મળશે. જેનું લોકાર્પણ ધારાસભ્ય પંકજ મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું.

★ **કરાટે સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક :** જયપુરમાં કરાટે એસોસિએશન ઑફ ઈન્ડિયા દ્વારા યોજાયેલી આઠમી આંતરરાષ્ટ્રીય કરાટે ચેમ્પિયનશિપમાં કચ્છ અંજારની પલ્લવી અશોકભાઈ રાજપુતે ૪૮થી ૫૩ કિ.ગ્રા. કેટેગરીમાં કચ્છી કૌવત બતાવતાં બે સુવર્ણચંદ્રક મેળવીને કચ્છને ગૌરવ અપાવ્યું છે.

★ **૧૫૦૦ લાખ વર્ષ જૂનું જીવાશ્મિ :** ફેબ્રુઆરી ૨૦૧૬માં કચ્છના લોડાઇ પાસેથી ૨૦૧૬માં કચ્છ યુનિવર્સિટી તથા જર્મન વૈજ્ઞાનિક દ્વારા શોધાયેલ જીવાશ્મિ જેને પહેલાં ડાયનાસોરના અશ્મિ તરીકે જણાવેલ, તેનું વધું સંશોધન કરતા દિલ્હી યુનિવર્સિટીના પ્રાધ્યાપક દ્વારા જણાવેલ કે આ જીવાશ્મિ ૨૫૦થી ૯૦૦ લાખ વર્ષ પહેલાં સુધીના હોઈ શકે તેવું અનુમાન કરેલ છે. લોડાઇ પાસેથી મળેલ આ અશ્મિની કચ્છ યુનિ.ના ભૂસ્તર વિભાગના ડૉ. મહેશ ઠક્કર તથા ગૌરવ ચૌહાણની શોધને આંતરરાષ્ટ્રીય જર્નલ 'ક્લોઝ-૧'માં સ્થાન મળેલ છે.

★ **કચ્છની 'શ્રુજન' સંસ્થાને આંતરરાષ્ટ્રીય એવોર્ડ :** કચ્છની જાણીતી સંસ્થા 'શ્રુજન'ને વર્ષ ૨૦૧૭થી શરૂ થયેલ ઈન્ટરનેશનલ ક્રાફ્ટ માટેનો 'ઓર્ગેનાઇઝેશન ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઑફ ક્રાફ્ટ સેક્ટર ફોર ધી યર - ૨૦૧૭'નો ઍવોર્ડ તેની વિવિધ કેટેગરી પૈકી હસ્તકલા ક્ષેત્રે ટકા અને વિકાસ માટેનો ઍવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો છે. પહેલી વખત શરૂ થયેલ આ સન્માન કચ્છની હસ્તકલા માટે 'શ્રુજન' તથા સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતી સંસ્થા 'ખમીર'ને પણ એનાયત કરવામાં આવ્યો છે.

★ **રેલવે : કચ્છની ટ્રેનોના સમયમાં થયેલ ફેરફાર :** રેલવે વિભાગ દ્વારા તા. ૧-૧૧થી ટ્રેનોના સમયમાં થયેલ ફેરફારની માહિતી આપતા જણાવેલ છે કે ભુજ - સયાજી એક્સપ્રેસ ભુજથી ૧૫ મિનિટ મોડી ઉપડી ૧૫ મિનિટ વહેલી મુંબઈ પહોંચશે. ભુજ - બાંદ્રા ટ્રેન નં. ૧૯૧૧૬ ભુજથી ૨૨.૪૫ વાગે ઉપડી ૧૩.૪૫ વાગે બાંદ્રા પહોંચશે. દાદર - ભુજ ટ્રેન નં. ૧૯૧૧૫ બપોરે ૩.૦૦ વાગે દાદરથી ઉપડી ૭.૦૦ વાગે ભુજ પહોંચશે. આ સાથે ગાંધીધામ - પુરી એક્સપ્રેસ (સાપ્તાહિક)ને સુપરફાસ્ટ ટ્રેનનો દરજ્જો આપવામાં આવેલ છે અને તેનો તા. ૨૨-૧૧થી ટ્રેન નં. ૨૨૯૭૩ તથા પૂરીથી ઉપડતી ટ્રેનનો નં. ૨૨૯૭૪ રહેશે. તદુપરાંત જોધપુર - ગાંધીધામ રૂટની ટ્રેનને ભાભર ખાતે પ્રાયોગિક ધોરણે સ્ટોપ આપવાનું એક યાદીમાં જણાવ્યું છે.

પશ્ચિમ રેલવે વિભાગની યાદી અનુસાર નાગરકોઈલ - ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન નં. ૧૬૩૩૬ મણિનગર ખાતે ૬.૫૦ વાગે અને અમદાવાદ ૭.૧૫ વાગે પહોંચશે. ૭.૨૫ વાગે ગાંધીધામ જવા રવાના થશે. વિશાખાપટ્ટનમ - ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન નં. ૧૮૫૦૧ અમદાવાદ ખાતે

૩.૨૦ વાગે પહોંચી ૩.૪૦ વાગે રવાના થશે. ગાંધીધામ - બેંગ્લોર એક્સપ્રેસ ટ્રેન નં. ૧૬૫૦૫ અમદાવાદ ખાતે ૧૪.૩૦ વાગે પહોંચી ૧૪.૪૦ વાગે રવાના થશે. તેમજ કામખ્યા - ગાંધીધામ એકસપ્રેસ ટ્રેન નં. ૧૫૬૬૮ અમદાવાદ સાંજે ૧૮.૧૦ વાગે પહોંચી ૧૮.૨૦ વાગે ઉપડશે.

★ **કચ્છના ધોરડો ખાતે ૧૨મા રણોત્સવનો પ્રારંભ :** કચ્છના પ્રાકૃતિક સૌંદર્ય સફેદ રણને માણવા માટે પ્રવાસન વિભાગ દ્વારા ૧૨મા રણોત્સવમાં દેશી અને વિદેશી પર્યટકોને આવકારવા તથા શ્વેત રણના નજારાને માણવા તખતો ગોઠવાઈ ગયો છે. ૧૨૦ દિવસ ચાલનારા આ રણોત્સવમાં કેટલાક નવા આકર્ષણો ભારે રંગત જમાવશે. આકર્ષક તંબુ નગરીમાં કુલ ૩૪૮ જેટલા કલાત્મક તંબુ ઊભા કરવામાં આવ્યા છે. જે મોટાભાગે વાતાનુકૂલિત છે. તેમજ રાત્રિ દરમ્યાન કચ્છી લોક સંગીતની મજા પણ માણી શકાશે. રણોત્સવના નવા નજરાણા તરીકે વિમાનાકાર થિયેટર કચ્છ દર્શન માટે બનાવવામાં આવ્યું છે. જેમાં કચ્છ વિશે ૨૦ મિનિટની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવશે.

★ **વંદે માતરમ્ - ભુજોડી : દેશના સાંસદોએ લીધેલ મુલાકાત :** દેશની સંસદની 'કેમિકલ એન્ડ ફર્ટીલાઇઝર' કમિટીએ તાજેતરમાં ભુજોડી ખાતે આશાપુરા ફાઉન્ડેશનના 'વંદે માતરમ્' મ્યુઝિયમની દેશના વિવિધ રાજ્યના સાંસદોએ મુલાકાત લીધી હતી. તેઓ કચ્છના પ્રખ્યાત સફેદ રણનો અદ્‌ભુત નજારો જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

★ **અબડાસામાં દૂધની રેલમછેલ :** ચાલુ વર્ષે ચોમાસું સારું જવાથી અબડાસા તાલુકામાં ખેતી તથા પશુપાલનનો વ્યવસાય વિકસ્યો છે. જેના કારણે તાલુકામાં જ્યાં જ્યાં નજર કરો ત્યાં ત્યાં ધરતી માતાએ લીલી ચુંદડી ઓઢી હોય તેવો નજારો નજરે પડે છે. સારા વરસાદના કારણે દૂધાળા ઢોરમાં દૂધનું પ્રમાણ વધ્યું છે અને નિભાવ ખર્ચમાં પણ ૩૦થી ૫૦ ટકા જેટલો ઘટાડો થવા પામેલ છે. સરહદ ડેરી સંલગ્ન ૭૧ દૂધ મંડળીઓ તથા માહી ડેરી સંલગ્ન ૪૩ દૂધ મંડળીઓ દ્વારા દૈનિક ૪૬,૦૦૦ લિટર દૂધ એકઠું થાય છે. અબડાસા તાલુકામાં પશુપાલન વિભાગ મુજબ ૨૦૧૨માં ૭૨,૭૫૧ ગાય, ૨૮,૬૬૨ ભેંસ તથા ૯૮,૩૬૩ બકરી અને ૫૭,૫૯૦ ઘેટા ઘેટી છે. છુટકમાં માલધારીઓને ગાયના દૂધના રૂા. ૨૫થી રૂા. ૨૮ તથા ભેંસના દૂધના રૂા. ૫૦થી રૂા. ૫૫ સારા દૂધના મળે છે.

★ **સુરખાબ (રા'લાખેજા જાનીએ) ઘરનું સરનામું બદલ્યું :** રણના શણગાર સમા 'રા'લાખેજા જાની' સુરખાબે પોતાના પરંપરાગત સુરખાબ નગરમાં ઉતરાણ કરવાને બદલે આ વખતે મોટા રણના શીરાની વાઢ ને ખડીર વિસ્તારમાં મોટી સંખ્યામાં સુરખાબ દેખાયા છે. આ રૂપકડા સુરખાબ પ્રજનન અને ખોરાક માટે વિદેશ અને ભારતભરમાંથી ઓગસ્ટ મહિનાના અંતથી જ કચ્છના રણમાં એકત્રિત થવા માંડ્યા હતા. આશરે પાંચ લાખ જેટલા મોટા અને નાના સુરખાબથી અમરાપરથી શીરાની વાઢ અને ખડીરનો વિસ્તાર ઉભરાઈ ગયો હતો. સારા વરસાદને કારણે પોતાના ખોરાક અને પ્રજનન માટે આ સ્થળે સુરખાબ આવી પહોંચ્યા હતા.


★ **બાલ પુરસ્કાર મેળવતો કચ્છી બાળક :** મૂળ તલવાણા - કચ્છનો અને હાલે મુંબઈ રહેતા સંદીપ શાહના પુત્ર જૈસલ શાહને ચેસ ઓલિમ્પિયાડ અને મેથ્સ ઓલિમ્પિયાડમાં ઈન્ટરનેશનલ રેન્ક-૧ પ્રાપ્ત થતાં, તાજેતરમાં બાલ દિનના દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે દિલ્હી ખાતે બાલ રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. અભ્યાસમાં હોંશિયાર જૈસલ શાહે સાત વર્ષની ઉંમરમાં ચેસની ૬૧ ટ્રોફીની જીત હાંસલ કરી છે.

★ **ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કચ્છ :** ૯મી ડિસેમ્બર, ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કચ્છની છ બેઠક માટે ૧૩૯ ફોર્મ ભરાયા છે. જો કે ૨૦૧૨માં ૧૪૩ જણાએ ફોર્મ ભર્યા હતા. ભુજમાં અપક્ષોનો રાફડો ફાટ્યો. કચ્છના ૧૪.૨૮ લાખ નોંધાયેલ મતદારોએ કચ્છની છ બેઠકો માટેના મુરતિયાઓને પસંદ કરવાના છે. જેમાં ભુજની બેઠક માટે ૩૨ વ્યક્તિ મેદાનમાં છે. બીજા ક્રમે અંજારમાં ૨૬ જણાએ ઝંપલાવ્યું છે. માંડવી માટેની બેઠક માટે ૨૪ જણાની દાવેદારી સાથે ત્રીજા ક્રમે છે. કચ્છના ગાંધીધામની અનામત બેઠક માટે કુલ અત્યાર સુધી ૧૫ જણાએ ફોર્મ ભરેલ છે. અબડાસાની બેઠક માટે અત્યાર સુધીનો આંક ૧૯ છે જ્યારે રાપરમાં કુલ ૧૮ મુરતિયાઓએ આજની તારીખ સુધી ફોર્મ ભર્યા છે.

કચ્છમાં સત્તાધારી પક્ષ તથા મુખ્ય વિરોધ પક્ષના નીચે પ્રમાણે દાવેદારોએ ઉમેદવારી નોંધાવેલ છે.

| શહેર | બી.જે.પી. | કોંગ્રેસ |
|---|---|---|
| ભુજ | નીમાબેન બી. આચાર્ય | આદમ બી. ચાકી |
| અંજાર | વાસણભાઈ આહીર | વેલજીભાઈ કે. હુંબલ |
| ગાંધીધામ | માલતીબેન કે. મહેશ્વરી | કિશોરભાઈ પિંગલ |
| માંડવી | વિરેન્દ્રસિંહ બી. જાડેજા | શક્તિસિંહ ગોહીલ |
| અબડાસા | છબીલદાસ એન. પટેલ | પ્રદ્યુમનસિંહ જાડેજા |
| રાપર | પંકજ અનોપચંદ મહેતા | શ્રીમતી સંતોકબેન સોરઠિયા |

★ **ચૂંટણી જંગ :** કચ્છના અડિખમ રાજકીય આગેવાન તેમજ પૂર્વ ધારાસભ્ય અને માજી નાણાંમંત્રી બાબુભાઈ મેઘજી શાહે એન.સી.પી. માંથી ફોર્મ ભરી કચ્છના રાપર માટેની બેઠક માટે ઉમેદવારી નોંધાવી છે. ■




## સરનામા ફેરફાર

- **ભરત નાનાલાલ શાહ**
  એ-૨૦૨, શાયોના તિલક-૪,
  લાઈફ લાઈન હોસ્પિટલની બાજુની ગલીમાં,
  આગમન પાર્ટી પ્લોટની સામે,
  વંદે માતરમ રોડ, ગોતા,
  અમદાવાદ-૩૮૨ ૪૮૧.

## પુત્ર જન્મ

- **બુધવાર, તા. ૧૫-૧૦-૨૦૧૭**
  **ચિ. નક્ષ શ્વેતા સમીર પ્રવીણ કુંવરજી છેડા (પુનડી - અમદાવાદ)**

## અવસાન નોંધ

- **મંગળવાર, તા. ૧૪-૧૧-૨૦૧૭**
  **સોનલબેન દિનેશ દામજી દૌલત (ધુલ્લા) (ઉં.વ.-૬૫)**
  **(સુથરી, અમદાવાદ)**

## સરસ્વતી સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સરસ્વતી સન્માનનો કાર્યક્રમ, રવિવાર તા. ૨૮-૧-૨૦૧૮ના રોજ બપોરે ૩.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

આ વર્ષના સરસ્વતી સન્માનના ફોર્મ મંગલ મંદિરના જૂન-૨૦૧૭ના અંકમાં છાપેલ હતા. જેઓને આ વર્ષના ફોર્મ હજુ સુધી ભરવાના બાકી હોય તેઓ જલ્દીથી ફોર્મ ભરી, સાથે ઉત્તીર્ણ થયાની માર્કશીટ મોકલી આપવા વિનંતી.

ધોરણ બાળવર્ગ અને તેનાથી ઉપરના બધા વિદ્યાર્થીઓને દર વર્ષની જેમ પુરસ્કાર આપી પુરસ્કૃત કરાશે.

*તારીખ : રવિવાર, તા. ૨૮-૧-૨૦૧૮*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*
*સમય : બપોરે ૩.૦૦ વાગ્યાથી*

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૨૫,૦૦૦/- નૂતન નાગરિક સહકારી બેંક લિ. - અમદાવાદ
રૂા. ૧૧,૧૧૧- શ્રીમતી મધુરીબેન હરખચંદભાઈ રામજી ગાલા (નવનીત પરિવાર) અમદાવાદ
રૂા. ૧૧,૧૧૧/- શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ (નવનીત પરિવાર) અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રીમતી કાશ્મીરા રાજેન્દ્રભાઈ સોની (જખૌ - અમદાવાદ) — વર્ષીતપ નિમિત્તે

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૫,૦૦૦/- કુ. સલોની નવીન જેઠાભાઈ લાલકા - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રીમતી કાશ્મીરા રાજેન્દ્રભાઈ સોની (જખૌ - અમદાવાદ) — વર્ષીતપ નિમિત્તે

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૫૦૦/- શ્રીમતી કાશ્મીરા રાજેન્દ્રભાઈ સોની (જખૌ - અમદાવાદ) — વર્ષીતપ નિમિત્તે

### તબીબી સહાય ખાતે

રૂા. ૫૦૦/- શ્રીમતી કાશ્મીરા રાજેન્દ્રભાઈ સોની (જખૌ - અમદાવાદ) — વર્ષીતપ નિમિત્તે

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૫૦૦/- શ્રીમતી કાશ્મીરા રાજેન્દ્રભાઈ સોની (જખૌ - અમદાવાદ) — વર્ષીતપ નિમિત્તે

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૫૦૦/- શ્રીમતી કાશ્મીરા રાજેન્દ્રભાઈ સોની (જખૌ - અમદાવાદ) — વર્ષીતપ નિમિત્તે
રૂા. ૫૦૦/- શ્રી રમેશભાઈ પાસુભાઈ ગાલા - અમદાવાદ

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૫૦૦/- શ્રીમતી કાશ્મીરા રાજેન્દ્રભાઈ સોની (જખૌ - અમદાવાદ) — વર્ષીતપ નિમિત્તે

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## વયસ્ક સમિતિ

તા. ૧૯-૧૨-૨૦૧૭ને મંગળવારે ઈસરોની મુલાકાત લેનાર સર્વે વડીલોએ ઈસરોના ગેટ ઉપર બરાબર બપોરે ૧.૦૦ વાગે એકત્રિત થવાનું રહેશે. ઈસરોની મુલાકાત ૧.૩૦ વાગ્યાથી શરૂ થશે. ત્યાર પછી આવનારને એન્ટ્રી મળવી મુશ્કેલ થશે. તો સૌ વડીલોએ સમયસર હાજર રહેવા વિનંતી છે. ***કન્વીનર, વયસ્ક સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ડાયાલિસિસ મશીનનું અનુદાન

**સ્વ. શ્રી નવીનભાઈ નાનજી શાહ (પોલડિયા)** ગામ - તલવાણા (કચ્છ), નવનીત એજ્યુકેશન લિ. - અમદાવાદના જન્મદિન તા. ૮ નવેમ્બર નિમિત્તે તેમના પરિવાર તરફથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર માટે એક ડાયાલિસિસ મશીનનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

તા. ૧૬-૧૧-૨૦૧૭ના રોજ સંસ્થાના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ સ્થિત ડાયાલિસિસ સેન્ટર ખાતે શ્રીમતી કંચનબેન નવીનભાઈ શાહના વરદ્ હસ્તે આ મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તે સમયે **નવનીત પરિવાર**ના **શ્રીમતી મધુરીબેન હરખચંદભાઈ ગાલા** તથા **શ્રીમતી સંગીતાબેન રાજુભાઈ ગાલા** ખાસ ઉપસ્થિત રહેલ હતા. તથા દાતાશ્રીના લઘુબંધુ શ્રી હરખચંદ નાનજી શાહ પરિવાર પણ હાજર રહેલ હતો. આ સમયે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, મંત્રી શ્રી કે.આર. શાહ, સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહ, સહખજાનચી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, ટ્રસ્ટી શ્રી હીરજી પાસુભાઈ શાહ, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી આણંદજી વેલજી શાહ તથા સંસ્થાના કારોબારી સભ્યોની હાજરી રહેવા પામેલ. આ પ્રસંગે શ્રી નવીનભાઈ નાનજી શાહ તથા શ્રી હરખચંદભાઈ રામજી ગાલા પરિવાર તરફથી ડાયાલિસિસ સેન્ટરને એક દિવસની તિથિ માટેનું દાન પણ જાહેર કરવામાં આવ્યું હતું.

મશીનની અર્પણ વિધિ બાદ સંસ્થાના પ્રમુખશ્રીએ દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરેલ હતો તથા જણાવેલ કે નવનીત પરિવાર આપણી સંસ્થા સાથે દરેક નાના-મોટા પ્રસંગે ઊભા રહ્યા છે અને તેમના તરફથી વગર માંગે દાનનો સહકાર મળતો જ રહ્યો છે.

ત્યારબાદ હાજર રહેલા દાતા પરિવાર તથા અન્ય વ્યક્તિઓ અલ્પાહારને માન આપી છૂટા પડેલ હતા.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**

*જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો, ફૂલની શૈયા ગણી અંગાર પર હસતો રહ્યો.*
*ઓ મુસીબત! એટલી જિંદાદિલીની દાદ દે, તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## બિઝનેસ સેમિનારનું સૌજન્ય

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા તા. ૪ અને ૫ નવેમ્બર, ૨૦૧૭ના રોજ યોજાયેલ બિઝનેસ સેમિનાર માટેનું સૌજન્ય **દીપ ઇન્ડસ્ટ્રીઝ લિ.** તરફથી સાંપડેલ. સમાજના યુવાધનના ઉત્કર્ષ માટેની આ ઉચ્ચ ભાવનાને બિરદાવવામાં આવે છે. **શ્રી પારસભાઈ શાંતિલાલ સાવલા** અને સમગ્ર દીપ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના આ સહયોગનો, સંસ્થા સાભાર સ્વિકાર કરે છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**

## Development 360° Opportunities for Youth

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા યોજાઈ ગયેલ યાદગાર સેમિનાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સમગ્ર સમાજના સામાજિક, આર્થિક, શારીરિક, બૌધ્ધિક, ધાર્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે વિકાસ માટે સતત જાગૃત અને પ્રયત્નશીલ છે. સમાજની અનેકવિધ સમિતિઓ વિભિન્ન કાર્યો વર્ષ દરમ્યાન કરતી રહે છે. એમાંની એક સમિતિ – શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિએ યુવા પેઢીમાં વ્યાપારિક કુનેહ વધારવા અને તેમને નિષ્ણાતોના જ્ઞાન અને અનુભવનો લાભ મળે એ માટે બે દિવસીય સેમિનારનું આયોજન કર્યું હતું.

**સમગ્ર ગુજરાતના કચ્છી જૈન યુવાધનને એક મંચ પર લાવી એમને વ્યવહારિક રીતે ઉપયોગી નીવડે એવું આયોજન**

સમગ્ર ગુજરાતના કચ્છી જૈન યુવાધનને એક મંચ પર લાવી એમને વ્યવહારિક રીતે ઉપયોગી નીવડે એવા આયોજનની તૈયારી રૂપે સમિતિના સૌ સભ્યોએ પોતપોતાની રીતે કામ શરૂ દીધા. મુંબઈના V-TRANS Group ના ચેરમેન શ્રી અશોકભાઈ શાહની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આ સેમિનારની રૂપરેખા તૈયાર કરાઈ. વક્તાઓ અને એમના વિષયો પસંદ કરવામાં આવ્યા. સમિતિના સભ્યોએ સમગ્ર ગુજરાતના વિવિધ શહેરોમાં યુવાનો અને વડીલોનો સંપર્ક કરી જે તે સ્થળે યુવાનોને એકઠા કરી, તેમને આ સેમિનાર અંગે જાણકારી આપી, એની ઉપયોગીતાનો લાભ લેવા સમજાવ્યું. વડોદરા, ભરૂચ, સુરત, વાપી, વલસાડ, કચ્છમાં ગાંધીધામ - ભુજ – આ બધા શહેરોમાં મુલાકાતો થઈ અને યુવાનોની નોંધણી થતી ગઈ. અને બે મહિનાની મહેનતના અંતે એ દિવસ આવી ગયો.

તા. ૪થી નવેમ્બર, ૨૦૧૭નો દિવસ. સમાજનો પાલડી ભવન ખાતેન હોલ, રાઉન્ડ ટેબલ સાથેની રંગબેરંગી બેઠક વ્યવસ્થાથી શોભી રહ્યો હતો. ૮ વાગ્યાથી અમદાવાદના અને બહારગામથી પધારેલા યુવામિત્રો નવકારશી માટે એકઠા થતા ગયા. બરાબર નવ વાગ્યાના ટકોરે હોલનું પ્રવેશદ્વાર ખોલવામાં આવ્યું. યુવામિત્રો અને સમાજના આગેવાનોએ સ્થાન ગ્રહણ કર્યું. બરાબર ૯.૩૦ વાગે સેમિનાર વિશેની ફિલ્મ ચાલુ થઈ અને રાષ્ટ્રગાન સાથે શુભારંભ થયો. સમાજના પ્રમુખ, અન્ય હોદ્દેદારો અને ટ્રસ્ટીગણ તથા સમિતિના સભ્યો અને આમંત્રિત નિષ્ણાંત વક્તાના હસ્તે મંગળ દીપક પ્રજ્વલિત કરી સેમિનારનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ફરી એકવાર સેવા સમાજ હોવાના નામને સાચા અર્થમાં સાર્થક કર્યું છે.**

શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિના કન્વીનર શ્રી એચ.કે. શાહે સૌને આવકારી, સમિતિના કાર્યોની રૂપરેખા આપી. શ્રી દેવેન છેડાએ સેમિનાર અંગે જાણકારી આપી તથા શ્રી પ્રદીપ મહેતાએ Do's અને Don'ts સેમિનાર માટેના નિયમો જણાવ્યા.

આટલી પૂર્વભૂમિકા બાદ પ્રથમ સત્ર શરૂ થયું. જેના નિષ્ણાંત હતા મુંબઈના શ્રી બસેશ ગાલા. જેઓ 39 Solutions નામક સંસ્થાના સ્થાપક અને અગ્રણી કંપનીઓના બિઝનેસ સલાહકાર છે. અનેક ઉદ્યોગ સાહસિકોના માર્ગદર્શક તરીકે ખૂબ જ સફળ રહેલા શ્રી બસેશ ગાલા આ યુવામિત્રો માટે પણ ખૂબ જ અસરકારક રહ્યા.

વર્તમાન અનિશ્ચિતતાના સમયમાં પણ વ્યાપારિક ક્ષેત્રે સફળ થવા માટે શું કરવું એ તેમણે સમજાવ્યું. જીવનમાં સફળ થવા માટેના વિધવિધ તબક્કા અંગે સમજાવવા એમણે શરૂઆત GOAL થી કરી. લક્ષ્યાંક કેવો હોવો જોઈએ એની વૈજ્ઞાનિક સમજ આપી. શ્રી ગાલાએ જીવનમાં માર્ગદર્શકનું મહત્ત્વ, સ્વ-વિકાસના ચાર પરિમાણો, સમય અને સ્ટ્રેસનું વ્યવસ્થાપન, સફળતા માટે નિયમોની સમજ આપવા સાથે, જીવનમાં માતા-પિતાની તથા પ્રાર્થનાની મહત્તા પણ સમજાવી.

લંચ બાદના સત્રમાં શ્રી બસેશ ગાલાએ યુવામિત્રોને નેટવર્કિંગની શક્તિ અંગે સમજ આપી.

સાંજના સત્રના નિષ્ણાંત તરીકે જે.બી. શાહ ગ્રુપ ઓફ કંપનીઝના શ્રી સમીરભાઈ શાહ હતા. જેઓ લગભગ સાડા ત્રણ દાયકાથી કસ્ટમને લગતી બાબતોના જાણકાર અને સલાહકાર તરીકે કામ કરી રહ્યા છે. સરકારની નીતિઓ નક્કી કરનાર પરામર્શ સમિતિના સલાહકાર તરીકે કાર્યરત શ્રી સમીરભાઈએ પોલિસી હસ્તક્ષેપથી આવતા બદલાવ અને એની દૂરોગામી અસરો અંગે સમજાવ્યું. જી.એસ.ટી. અને નોટબંધી કે ડિજિટલાઈઝેશન જેવા નિર્ણયોની દૂરોગામી હકારાત્મક અસરો વિશે તેમણે સમજાવ્યું. એક અટપટા અને જટીલ કહી શકાય એવા વિષયને ખૂબ સરળ રીતે રજૂ કર્યો. તેમણે કસ્ટમ્સ અને પોલિસી અંગેના યુવા મિત્રોના સવાલોના જવાબો પણ આપ્યા.

પ્રથમ દિવસના છેલ્લા સત્રમાં વક્તા તરીકે ઉપસ્થિત હતા E-Com Opportunities Pvt. Ltd. ના ડાયરેક્ટર અને ઉદ્યોગ સાહસિક રૂઝાન ખંભાતા. સુશ્રી રૂઝાન, એમના સામાજિક કાર્યો અને ખાસ કરીને સ્ત્રી સશક્તિકરણની એમની પહેલ માટે પણ પ્રખ્યાત છે. આપાતકાલીન સમયે સ્ત્રીઓની મદદ માટે વિકસાવાયેલા ૧૦૯૧ સેવાના તેઓ પ્રેરક છે. એમણે શરૂઆતમાં જ ગુજરાતમાં આગામી ચૂંટણીમાં વપરાશમાં આવનાર વીવીપેટ મશીનના ઉપયોગ અંગે એક ફિલ્મ દર્શાવી, સામાજિક જાગૃતિ

ફેલાવવાનું કામ કર્યું હતું. એમણે બિઝનેસના પોતાના અનુભવો વર્ણવી મૂડીરોકાણ વગર પણ વ્યાપારિક સામ્રાજ્ય કઈ રીતે વિકસાવી શકાય એ વર્ણવ્યું હતું. એમની અનઔપચારિક શૈલીથી યુવાનો હળવા થઈ ગયા હતા.

છોલે પૂરી, ગુલાબજાંબુ અને પુલાવની મજા માણી સૌ આખા દિવસની લબ્ધિ વિશે સંતુષ્ટ થઈ છૂટા પડ્યા.

**વિઝન ૩૬૦°ના વર્કશોપ દરેક શહેરોમાં કરી, વધુને વધુ કચ્છી યુવાનો સુધી એનો લાભ પહોંચાડવાની નજીકના ભવિષ્યમાં યોજના છે.**

બીજા દિવસે ૫મી નવેમ્બરે ૯.૧૫ કલાકે સત્રનો આરંભ થઈ ગયો. ખૂબ જ રસપ્રદ વિષય અંગે નિષ્ણાત પાસેથી જાણકારી લેવા યુવામિત્રો ઉત્સુક હતા. વિષય હતો આંતરરાષ્ટ્રીય વેપારમાં કેવી રીતે પ્રવેશ કરવો? વૈશ્વિક બજારમાં વેપાર, નેટવર્ક અને વ્યાપારિક જોડાણ અંગે તલસ્પર્શી માહિતી આપી હતી Global Network અને Cluster Pulse ના સ્થાપક શ્રી જગતભાઈ શાહે. આંતરરાષ્ટ્રીય ફલક પર વેપાર માટે જરૂરી નેટવર્ક ધરાવતા વિશ્વ પ્રવાસી શ્રી જગતભાઈ આંતરરાષ્ટ્રીય વેપાર અંગેના નામાંકિત માર્ગદર્શક અને સલાહકાર છે. એમણે શરૂઆત પ્રશ્નથી કરી કે યુવામિત્રો એમની પાસેથી શું જાણવા માંગે છે? શી અપેક્ષા રાખે છે? એ જાણ્યા બાદ દરેકના સવાલના જવાબો ખૂબ જ વ્યવસ્થિત અને તથ્યો સાથેના પ્રેઝન્ટેશન સાથેના આપ્યા. આંતરરાષ્ટ્રીય બજારમાં વેપાર કરવા માટે રહેલી અઢળક તકો અંગે જાણકારી આપ્યા બાદ વૈશ્વિક બજાર, શાનો વેપાર, ક્યાં - કોની સાથે કેવી રીતે કરી શકાય એ વિશે જગતભાઈએ ખૂબ ઉપયોગી માહિતી આપી હતી.

**યુવા મિત્રોના વિકાસ થકી, સફળતાને બળ આપી, એક વધુ સારા સમાજ અને ઉજ્જવળ આવતીકાલ બનાવવાનો એક નિઃસ્વાર્થ વિચાર.**

બે કલાકના પ્રેઝન્ટેશન પછી યુવા મિત્રોના પ્રશ્નોનો ધોધ શરૂ થઈ ગયો હતો. બધા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો મળતા ગયા. પણ આખરે સમયની પાબંદી નડી અને પ્રશ્નો રોકવા પડ્યા.

જગતભાઈનું પ્રેઝન્ટેશન પૂરું થતાં સમગ્ર હોલના મિત્રોએ સ્વયંભુ ઊભા થઈને, તાળીઓથી જગતભાઈને વધાવી લીધા હતા.

**આ પ્લેટફોર્મ થકી દરેક શહેરમાં કચ્છી જૈનોના અલગ અલગ જૂથો એકજુટ થઈ વધુ સશક્ત બને એવું આહ્વાન અપાયું...**

ત્યારબાદ ચા-કોફીના એક નાનકડા વિરામ બાદ ઋણ સ્વીકારનો એક નાનો કાર્યક્રમ હતો. જેના મુખ્ય અતિથિ તરીકે વિ-ટ્રાન્સ ગ્રુપના શ્રી અશોકભાઈ શાહ તથા અતિથિ વિશેષ તરીકે નવનીત પરિવારના શ્રી રાજુભાઈ ગાલા તથા દીપ ઈન્ડસ્ટ્રીઝના શ્રી પારસભાઈ સાવલા બિરાજમાન હતા. સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે સૌને આવકાર્યા અને **આ સેમિનારનો ખર્ચ દીપ ઇન્ડસ્ટ્રીઝ તરફથી ઉપાડી લેવામાં આવ્યો હોવાની જાહેરાત કરતાં પારસભાઈનો આભાર માન્યો હતો.** સમિતિના કન્વીનર શ્રી હીરેન શાહે સેમિનારના આયોજનથી માંડીને અમલીકરણ સુધીના દરેક પગલે સહકાર આપનાર સર્વેનો આભાર માન્યો હતો. શ્રી રાજુભાઈ ગાલા અન શ્રી અશોકભાઈ શાહે ટૂંકા ઉદ્‌બોધનો કર્યા હતા અને આ પ્રકારની પ્રવૃત્તિઓ માટે સહકારની ખાતરી આપી હતી.

ભોજન બાદ સેમિનારનું અંતિમ સત્ર શ્રી અશોકભાઈ શાહ (વિ-ટ્રાન્સ) એ લીધું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કચ્છીઓમાં વેપારી હોવાના રંગસુત્રો વહે છે. એટલે કચ્છી યુવાનોએ નોકરી કરવા કરતા પોતાનો ઉદ્યોગ શરૂ કરવો જોઈએ. ત્યારબાદ તેમણે વેપારને ૧૦ ગણો વધારવા અંગે અને આવનાર સમયમાં ઊભી થનારી તકો વિશે પ્રેઝન્ટેશન આપ્યું હતું. યુવા મિત્રોએ પૂછેલા પ્રશ્નોના જવાબો પણ આપ્યા હતા.

બંને દિવસ દરમ્યાન મળેલ જ્ઞાન, માહિતી અને માર્ગદર્શનનું ભાથું મેળવીને સૌ યુવા મિત્રો ખૂબ જ સંતુષ્ટ હતા એમ Feed back Forms માં અંકિત પ્રતિભાવોમાં સ્પષ્ટપણે પ્રગટ થતું હતું. શ્રી દેવેન છેડાએ હવે પછી શું કરવું એ માટે યુવાનો સાથે વાતચીત કરીને, સેમિનારનો લાભ લેનાર સૌ — ૨૦૦ જેટલા યુવામિત્રો WhatsApp ગ્રુપ કે Facebook ગ્રુપ થકી એકમેક સાથે સંપર્કમાં રહી સમસ્યા, સમાધાન, માહિતી વગેરેનું આદાનપ્રદાન કરતા રહેશે એમ જણાવ્યું. **સુરતથી આવેલ યુવા મિત્રોએ સુરતમાં આ પ્રકારના સેમિનારનું આયોજન કરવા ઇજન આપ્યું.**

યુવામિત્રોએ આ સેમિનાર અંગે તેમના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો તથા સમિતિનો આટલા સુંદર અને સફળ આયોજન બદલ આભાર માન્યો હતો. દર વર્ષે આ પ્રકારના આયોજન થાય એવો વિચાર પણ વ્યક્ત થયો હતો.

યુવા મિત્રોના વિકાસ થકી એમની સફળતાને બળ આપી, એક વધુ સારા સમાજ અને ઉજ્જવળ આવતીકાલ બનાવવાના એક નિઃસ્વાર્થ વિચારથી સમાજે આ સેમિનારના આયોજનને પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું હતું. બે દિવસમાં મોટા પ્રમાણમાં હકારાત્મક વિચારો અને ઉર્જાથી યુવામિત્રોને ચાર્જ કરી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ફરી એકવાર સેવા સમાજ હોવાના નામને સાચા અર્થમાં સાર્થક કર્યું છે. અને સર્વાંગી વિકાસ સમિતિના $360^0$ વિઝનને રજૂ કરતા, આ પ્રકારના આયોજન દરેક શહેરોમાં કરી વધુને વધુ યુવાનો સુધી એનો લાભ પહોંચાડવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. અને આ પ્લેટફોર્મ થકી દરેક શહેરમાં કચ્છી જૈનોના અલગ અલગ જૂથો એકજુટ થઈ વધુ સશક્ત બને એવું આહ્વાન આપ્યું હતું.

***કન્વીનર - શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

***(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૯૩)***

# યુવા વિકાસ સમિતિ દ્વારા નરારા (જામનગર) આઈલેન્ડની મુલાકાત

## • એક અવિસ્મરણીય અનુભવ •

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા એક દિવસીય અદ્‌ભુત અને શૈક્ષણિક પ્રવાસનું આયોજન જામનગર (નરારા આઈલેન્ડ) ખાતે તા. ૧૯-૧૧-૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું હતું. તા. ૧૮-૧૧-૨૦૧૭ના રોજ રાત્રે ૯ કલાકે પાલડી ભવનથી બે બસ સાથે પ્રસ્થાન કર્યું. સવારે ૬ વાગે નરારા પહોંચ્યા. ચા-નાસ્તો કર્યા બાદ સવારે ૭.૩૦થી ૧૦.૩૦ સુધી નીચે મુજબની સમુદ્રી જીવસૃષ્ટિ વિશેનું જ્ઞાન લીધું તેમજ દરિયાઇ સફર વિશેની જાણકારી મેળવી. લોકોએ ખૂબજ ઉત્સાહભેર ભાગ લીધો અને ખૂબ જ મોજ માણી.

**પરિચય :**

ઓઇલ અને જેટીથી ઘેરાયેલા વાડીનાર ગામ સ્થિત નરારા રીફ. દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન એ કચ્છનાં અખાતમાં ફેલાયેલી પરવાળાની હારમાળા અને ચેરના વનોનાં સંરક્ષણ અને સંવર્ધન માટે જાહેર કરાયેલો ભારતનો સૌપ્રથમ દરિયાઇ રક્ષિત વિસ્તાર છે. સને ૧૯૮૨માં અહીંની સમૃધ્ધ જૈવિક વૈવિધતાને કાયદાકીય રક્ષણ મળે તે હેતુથી આ વિસ્તારને દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કરવામાં આવ્યો. દરિયાઇ રાષ્ટ્રીય ઉદ્યાન જામનગર જિલ્લાના કિનારે આવેલા ગલ્ફ ઑફ કચ્છના ૪૨ જેટલા ટાપુઓ અને તેની ફરતે ફેલાયેલી દરિયાઇ જીવસૃષ્ટિને આવરી લે છે. નરારા તેમાંનો એક ટાપુ છે જે લગભગ ૧૭૦ કિ.મી.ની લંબાઇ તેમજ ૭૫ કિ.મી.ની પહોળાઇ ધરાવે છે. નરારા રીફ એ આવા જ અલભ્ય દરિયાઈ જીવસૃષ્ટિ ધરાવતા વિસ્તારોમાંથી એક અતિ રમણીય પર્યટન અને પ્રાકૃતિક શિક્ષણ પ્રાપ્ત કરવા માટેનું સ્થળ છે. અહીં પ્રવાસીઓની સવલત તેમજ જાણકારી માટે "પરિચય કેન્દ્ર", કેમ્પ સાઇટ તથા પ્રસાધનની સુવિધાઓ ઉપલબ્ધ છે. દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાનના અન્ય વિસ્તારોથી વિપરીત નરારા એ રોડ સાથે જોડાયેલું અને વર્ષનાં કોઈપણ સમયે મુલાકાત લઈ શકાય તેવું સ્થળ છે. અહીંની જીવસૃષ્ટિમાં ચેરનાં વનો તેમજ પરવાળા અને તેની સાથે સંલગ્ન જીવો પ્રમુખ છે. મરીન નેશનલ પાર્કમાં પ્રવેશ કરતા જૂના મીઠાના પેન વિસ્તારમાં ફ્લેમિંગો અને પેલિકનનાં ઘેટાં દરેકને આકર્ષે છે.

### અહીં શું જોશો?

**ચેરના વનો**

નરારાના કિનારે ચેર વનસ્પતિની છ જાતો જોવા મળે છે. ચેર એ સમુદ્રના ખારાશયુક્ત તેમજ કિચડિયા કિનારે ઉગી શકતી અતિ ઉપયોગી વનસ્પતિ છે. જે કિનારાનું ધોવાણ અટકાવે છે અને જલીય જીવોને નિવાસસ્થાન પૂરું પાડે છે. અહીં ચેરની જાતો જેવી કે એવીસીનિયા મરીના, રાઈઝોફોરા મ્યુક્રોનાટા અને સિરિઓપ્સ ટગલ વ્યાપક રીતે જોવા મળે છે. જ્યારે જૂજ જોવા મળતી ચેરની જાતોમાં એવીસીનિયા ઓફિસીનાલીસ, એવીસીનિયા અલ્બા તેમજ એજીસિરસ કોર્નિક્યુલેટમનો સમાવેશ થાય છે. ચેરના વૃક્ષોની સાથે સાથે ચેર સંલગ્ન વનસ્પતિઓ જેવી કે ઉટ મોડર (સુવેડા સ્પી.), સેલીકોર્નિચા અને પીલુ (સાલ્વેડોરા પર્સિકા) પણ સર્વત્ર મળી આવે છે.

**કિનારાના પક્ષીઓ :**

દરિયા કિનારાના પક્ષીઓ નિહાળવા માટે નરારા એ જામનગર જિલ્લાનું એક સુંદર સ્થાન છે. અહીં સુરખાબ, સર્પગ્રીવ, ખાલેલી, શંખલો, કાંકણસાર, ઉલટી ચાંચ, કાજીયા, રાત પગ, ગજપાવ, તુતવારી પીળી ચાંચ ઢોક, જળહળ વિવિધ જાતના બગલાઓ તથા વિવિધ જાતની વાબગલીઓ અને ઘોમડાઓ જેવા કિનારાના પક્ષીઓ તેમજ બુલબુલ, તેતર, કાબર, ચકલી, અબાબીલ, કાળો કોશી, હોલા અને કાગડા જેવા જમીન તેમજ ચેરના વનોમાં વસવાટ કરતાં પક્ષીઓ સહજ રીતે તેઓનાં પ્રાકૃતિક આવાસમાં વિચરતા જોવા મળે છે.

**પરવાળા અને સંલગ્ન જીવસૃષ્ટિ :**

નરારા રીફ પરવાળા અને સંલગ્ન જીવસૃષ્ટિથી સમૃધ્ધ છે. અહીં ભરતી ઓટનાં વિસ્તારમાં ઓટના સમયે પગે ચાલતાં અનેક રંગીન દરિયાઈ જીવો નિહાળી શકાય છે. નરારા પર સખત પરવાળાઓની ૨૬થી વધુ જાતો અને મૃદુ પરવાળાની ૨ જાતો જોવા મળે છે. પરવાળા, એ અતિ સરળ પ્રકારના પ્રાણીઓ છે. જે ક્રમિક વિકાસ દ્વારા વિશાળ કદની પરવાળાની છાજલીઓનું નિર્માણ કરે છે. સંલગ્ન જીવસૃષ્ટિમાં સમુદ્ર ફૂલ, જેલી ફિશ, વિવિધ પ્રકારના દરિયાઈ કીડાઓ (ઉ.દા. સાબેલા), ૨૦થી વધુ જાતિના કરચલાઓ, મૃદુકાય પ્રાણીઓ જેવા કે ઑક્ટોપસ, દરિયાઇ ગોકળ ગાયો, શંખલા અને છીપલા, મોતી છીપ, ખાદ્ય છીપ, તારા માછલીઓ, સાગર ગોમ્ટા, પફર ફીશ, સ્ટીંગ રે, દરિયાઇ સાપ વગેરે ધ્યાનાકર્ષક છે. વધુમાં નરારાના કિનારે શિયાળાની ઋતુમાં દરિયાઇ શેવાળની અનેક જાતો મળી આવે છે. નરારા ખાતે ૫૦થી વધુ દરિયાઇ શેવાળની જાતો નોંધાયેલી છે. મુખ્ય જોવા મળતી દરિયાઇ શેવાળોમાં સરગાસમ, આવા, પડાઈના, ગ્રાસીલારિયા, કોલરપ્પા અને કોડિયમ વગેરેનો સમાવેશ થાય છે. દરિયાઇ શેવાળ પરવાળાના નિર્વસન તંત્રમાં પ્રાથમિક ઉત્પાદકો તરીકે અતિ અગત્યનું સ્થાન ધરાવે છે, જે વિવિધ પ્રકારની તૃણાહારી માછલીની જાતો અને તૃણાહારી દરિયાઇ જીવોને આહાર ઉપલબ્ધ કરાવે છે. તે સંરક્ષિત વિસ્તાર હોવાથી પ્રવાસીઓને શેલો, પથ્થરો, મૃત કોરલ વગેરે જેવી વસ્તુઓ પસંદ

કરવાની મંજૂરી આપવામાં આવતી નથી અને કોઈપણ દરિયાઇ પ્રાણીને પકડી અથવા ખલેલ પહોંચાડી શકાતી નથી. કારણકે તે પહેલેથી જ તણાવમાં હોય છે.

ત્યારબાદ લગભગ ૧૧.૩૦ વાગે નરારાથી પ્રસ્થાન કરી આરાધના ધામ (હાલાર તીર્થ) પહોંચ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું. પછી થોડોક આરામ કર્યા બાદ લોકોએ હાઉસીની રમત રમી. ત્યારબાદ બધાએ સાથે મળીને ખો-ખો રમત રમી.

સાંજનું ભોજન લીધા બાદ કમિટીએ સમાજ અને સૌનો આભાર વ્યક્ત કર્યો અને આવતા વર્ષે ફરીથી આવવાની તૈયારી બતાવી. સાંજે દેરાસરમાં આરતીનું ઘી બોલી આરતીનો લાભ લીધો. ત્યારબાદ અમદાવાદ તરફ રવાના થયા અને રાતે ૩ વાગે પાલડી ભવન પહોંચ્યા.

આ કાર્યક્રમ એક અવિસ્મરણીય અનુભવ બની ગયો.

## યુવા વિકાસ સમિતિ દ્વારા ૩૧મી ડિસેમ્બર તથા નવા વર્ષના આગમનની ઉજવણીનું આયોજન

યુવા વિકાસ સમિતિ દ્વારા ૩૧મી ડિસેમ્બર તથા નવા વર્ષના આગમનની ઉજવણીનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ છે. જેની રૂા. ૫૦/- રજિસ્ટ્રેશન ફી નક્કી કરવામાં આવેલ છે. જે નોન રીફંડેબલ રહેશે.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રૂા. ૫૦/- ભરીને રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વહેલા તે પહેલાના ધોરણે, જગ્યાને અનુરૂપ ૨૫૦ વ્યક્તિનું બુકિંગ કરવામાં આવશે. ત્યારબાદ ક્ષમા કરશો.

આ કાર્યક્રમની થીમ રેટ્રો રાખવામાં આવેલ છે. રેટ્રો થીમ એટલે ૧૯૬૦થી ૧૯૮૦ સુધીના સમય દરમ્યાનની ફેશન અને ડ્રેસ, મેક-અપ રાખવો.

આ કાર્યક્રમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો માટે જ છે. માટે સમાજને અનુરૂપ યોગ્ય પહેરવેશનો ઉપયોગ કરવો. થીમથી અલગ, પણ સમાજને અનુલક્ષીને પહેરવેશ પહેરીને પણ ૩૧મી ડિસેમ્બરના કાર્યક્રમને માણી શકાશે.

સમય : રાતે ૯.૦૦ વાગ્યાથી.

સેલ્ફી કોર્નરનો સમય રાતના ૯થી ૧૦નો રહેશે.

અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

વિવિધ ગ્રુપના ઇનામો રાખેલ છે.

આખરી નિર્ણય યુવા વિકાસ સમિતિના કન્વીનરશ્રીનો રહેશે.

*વધુ માહિતી / પૂછપરછ માટે સંપર્ક :*

*અમી શાહ : મો. ૯૯૭૯૬ ૫૧૯૨૯*

*જયદીપ મૈશેરી : મો. ૯૦૧૬૦ ૭૬૬૨૬*

*આશિષ લોડાયા : મો. ૯૮૨૪૩ ૧૩૧૭૩*

*ડૉ. કેતન આઈ. શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા ધોરણ-૮થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ખાસ

જાન્યુઆરી-૨૦૧૮માં “એપ્ટિટ્યૂડ ટેસ્ટ” રાખેલ છે. તો જે વિદ્યાર્થીઓ ધોરણ-૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨મા ધોરણમાં ભણે છે, તેઓ પોતાનું નામ નોંધાવી શકે છે.

અત્યારના સમયમાં જ્યારે Career બનાવવા માટે ધોરણ-૧૦ કે ૧૧-૧૨ના બદલે જો બાળકો બને એટલાં વહેલાં પોતાનામાં રહેલી શક્તિને પિછાણે, પોતાને શું ગમે છે? પોતાને આગળ જતા ભવિષ્યમાં શું બનવું છે? તેમ બને એટલું વહેલું જાણી શકે તો વધુ સારી રીતે; જ્યારે ધોરણ-૧૨ પછી Science, Arts, Engg., Medical, Design, Psychology, Theatre વગેરે લાઈન નક્કી કરવાનું આવશે — ત્યારે ઘણું જ આસાન થશે. જો આપ આ વાંચી રહ્યા છો અને ધોરણ-૮, ૯, ૧૦, ૧૧, ૧૨નાં બાળકોનાં વાલીઓ છો, તો ખાસ ધ્યાન રાખીને આપનાં પાલ્યને અત્રે મોકલશો.

- **નામ નોંધાવવા માટે સંપર્ક :**
  શ્રી કચ્છી જૈન ભવન - પાલડી
  (બપોરે ૧૨.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી)
  ફોન : ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

***કન્વીનર - શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

## બાલ સમૃદ્ધિ યોજના

### રોકાણની હાલની કિંમત

ઉપરની યોજના હેઠળ જે બાળકોનું HDFC CGFમાં રોકાણ થયું છે તેઓને જો તેમના રોકાણની આ દિવાળી વખતે કેટલી કિંમત છે એ જાણવું હોય તો તેનો રસ્તો નીચે મુજબ છે. તમને ફંડ તરફથી એકાઉન્ટ સ્ટેટમેન્ટ મળેલ હશે. એમાં રોકાણ સામે કેટલા યુનિટ મળેલ છે એ જોઈ લો. એ યુનિટને તા. ૧૭-૧૦-૨૦૧૭ (ધનતેરસ)ના દિવસની ફંડની NAV રૂા. ૧૧૧.૨૨થી ગુણાકાર કરતાં તમારા રોકાણની એ દિવસની કિંમત જાણી શકાશે. દા.ત. તમને ૩૫૦ યુનિટ મળેલ હોય તો એ દિવસની કિંમત રૂા. ૩૦,૯૦૦/- થાય.

આ ફંડ બહુ જ સારી પ્રગતિ કરી રહ્યું છે. છેલ્લા ૫ વર્ષની તેમની CAGR (Compounded Annual Growth Rate) એટલે કે ચક્રવૃધ્ધિ ગણતરીએ વાર્ષિક વૃધ્ધિ દર ૧૮.૭૨% રહેલ છે. આ ગણતરીએ ૧૮ વર્ષના રોકાણ ઉપર ૧ થી ૧। લાખ વચ્ચેની રકમ મળી શકે (રૂા. ૧૦,૦૦૦/-ના રોકાણ ઉપર.)

વધુ જાણકારી માટે મગનલાલ સંઘવી (ફોન : ૨૬૮૭૧૯૨૫) તથા સમિતિના સભ્ય તેમજ મ્યુચ્યુઅલ ફંડના એજન્ટ શ્રી નિરંજન મૈશેરી (મો. ૯૮૨૫૩ ૮૨૯૪૧)નો સંપર્ક કરી શકાય.

***મગનલાલ સંઘવી, કન્વીનર - બાલ કલ્યાણ સમિતિ***

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ શરૂ કરે છે

**• વિદ્યાર્થી ઉપયોગી એક નવું કદમ •**

# કરિયર કાઉન્સેલિંગ

**કરિયર કાઉન્સેલર : પ્રોફેસર જયરાજ પંડ્યા**

**સમય : દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ • સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**જરૂરિયાત :**

આજના સમયમાં કારકિર્દીના ઘણા બધા વિકલ્પ છે, પણ એમાં કયો વિકલ્પ પસંદ કરવો તે બહુ અગત્યનો સવાલ છે. ત્યારે કોઈ પણ વાલી કે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન મળે તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત કેટલીક વખત વાલી વિદ્યાર્થી થોડી દ્વિધામાં પણ જોવા મળે છે, કે તેમને ગમતા બે વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરવો. તેવા સંજોગોમાં કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થી અને વાલીને કારકિર્દી અંગે વ્યવસ્થિત જાણકારી, યોગ્ય સમજ અને સલાહ આપવા માટે કરિયર કાઉન્સેલિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે, જે આપને વાલી તરીકે કે આપના સંતાનને કારકિર્દીમાં ઉપયોગી બની શકે એમ છે.

**મુખ્ય હેતુ :**

આ કરિયર કાઉન્સેલિંગના મિશનના મુખ્ય હેતુ આ પ્રમાણે છે :

★ વિદ્યાર્થી - વાલીને જરૂરી માહિતી આપવી.

★ અમુક ચોક્કસ પ્રકારની કારકિર્દી અંગે માર્ગદર્શન આપવું.

★ જ્યાં વાલી કે વિદ્યાર્થીને નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવાય ત્યાં જરૂરી સમજ આપવી.

★ વિદ્યાર્થી અને વાલી વચ્ચે અભિપ્રાય અને વિચારો જુદા પડે, તેવા સંજોગોમાં મદદરૂપ બનવું.

★ આ ઉપરાંત અભ્યાસ કરવાની આદત અંગે જરૂરી સમજ આપવી.

આવા વિવિધ હેતુને ધ્યાનમાં રાખી આ કારકિર્દી કાઉન્સેલિંગ કરવામાં આવશે.

**ખાસ સુચના :** આવનાર વાલી - વિદ્યાર્થીએ અગાઉથી સમય લઈને આવવાનું રહેશે અને પોતાનો સવાલ એક અઠવાડિયા પહેલા અહીં આપેલ ઈ-મેઈલ આઈ.ડી. – edc.kjss@gmail.com પર મોકલી આપવાનો રહેશે. એપોઈન્ટમેન્ટ લેવા માટેનો નંબર : ૯૮૨૫૦ ૬૧૧૬૦ અને સમય : સોમથી શનિ : સવારે ૧૧થી ૫.

(એક સિટિંગમાં ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવશે અને વિદ્યાર્થી સાથે બે વ્યક્તિ વાલી તરીકે આવે તે વધુ યોગ્ય રહેશે.)

## WHO IS A PSYCHOLOGIST?

A psychologist is an expert in the study of human behaviour. A child psychologist specialises in understanding the thought process and actions of children. They help children in dealing with learning issues, disabilities and other psychological disorders such as anxiety or depression. In addition to this, a psychologist also performs the following duties :

★ Address a student's academic, behavioural, emotional and social needs.

★ Help deal with various stressors in life. e.g. Exam stress, peer pressure, bullying etc.

★ Guidance to parents and all those related to the child to understand the child's psyche.

★ Guide students to discover and polish their competencies to excel in life.

★ Help children deal with adolescent issues.

★ Help children and adolescents dealing with family - related issues, such loss, illness or divorce.

Shri Kutchi Jain Seva Samaj, Education and Overall Development wing, bring forth a new service : Guidance and Counselling especially for children, students and parents. Starting from February 2017, Psychologist Disha Chhadva will be available at the Bhavan on every 3rd Sunday of the month from 10 a.m. to 1 p.m.

***Date*** : 2nd Sunday of every month.
***Venue*** : Shri Kutchi Jain Seva Samaj, Paldi.
***Time*** : 10 a.m. to 1 p.m.
***Contact*** : 98250 61160

***"We know what we are,***
***but we don't know what we can become!"***

## ઊડતી નજરે....

**માસ ઓક્ટોબર-૨૦૧૭ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ..........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૧૧,૨૪૩** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૪૨૫** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૬૫** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... **૧૪** | |
| | ● | સોનોગ્રાફી .......... **૧,૦૩૦** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... **૨૪** | |
| | ● | બોડી ચેક-અપ .......... **૩૬૯** | |
| | ● | અન્ય .......... **૯,૩૧૬** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૯૬૯** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૪,૪૦૩** | **૫,૩૭૨** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૨,૩૨૯** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૫,૨૧૧** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૫૧૯** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... **૮૩૮** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૪૭૬** | **૯,૩૭૩** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૨૮૬** | **૨૮૬** |
| | | માસ ઓક્ટોબર-૨૦૧૭ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૨૬,૨૭૪** |

## સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ

સંસ્થા તથા સમિતિની જાણમાં આવેલ છે કે અમુક સભ્ય પરિવારના મેડિકલ કાર્ડમાં પોતાના પરિવારના સભ્યોના નામ હોય છે તેમાંથી જે તે પરિવારના અમુક સભ્યો અમદાવાદ રહેતા હોય તથા અમુક બહારગામ (કચ્છ) રહેતા હોય. આથી જણાવવાનું કે જો કોઈ પરિવાર આવી રીતે ધ્યાનમાં આવશે તો તેમનું મેડિકલ કાર્ડ સંપૂર્ણ રીતે રદ કરી દેવામાં આવશે. આથી જે તે સભ્ય પરિવારોને જણાવવાનું કે પોતાના વાલી કે પાલ્ય જો બહારગામ રહેતા હોય અને મેડિકલ કાર્ડમાં નામ હોય તેવા નામ તેઓ જાતે જ સંસ્થા પર આવીને કમી કરાવી લેવા.

*રમણિકલાલ કુંવરજી ગોસર*
*કન્વીનર - સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા આયોજિત બે દિવસીય સેમિનારની તસવીરી ઝલક



સંસ્થાના હોદ્દેદારો તથા માનવંતા મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય



લાક્ષણિક મુદ્રામાં ડાબેથી શ્રી હસમુખભાઈ ખાંડવાલા,
શ્રી અશ્વિન સાવલા, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા સુશ્રી રૂઝાન ખંભાતા



મંચસ્થ. ડાબેથી સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ (ગૂર્જર પ્રકાશન),
અતિથિ વિશેષ શ્રી પારસ સાવલા (દીપ ઇન્ડસ્ટ્રીઝ), શ્રી રાજુભાઈ ગાલા (નવનીત પરિવાર),
મુખ્ય અતિથિ શ્રી અશોકભાઈ શાહ (વિ-ટ્રાન્સ), સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ
તથા સમિતિના કન્વીનર શ્રી હીરેન શાહ



સેમિનારમાં ઉપસ્થિત યુવાવર્ગ




પ્રાસંગિક મુદ્રામાં શ્રી જગત શાહ



યુવાવર્ગને માર્ગદર્શન આપતા શ્રી અશોકભાઈ શાહ (વિ-ટ્રાન્સ)



વિ-ટ્રાન્સના શ્રી અશોકભાઈ શાહ (મધ્યમાં) સાથે શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિની સંપૂર્ણ ટીમ




To know more about us, call us today

**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61, Dr. S.S. Rao Road
near Gandhi Hospital, Parel, Mumbai - 400012
Tel: (022) 24124595, 24168645, 24115010, 24104290
blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

